પંચશતી.

પંચશતી.

(કેવલાદ્વૈતસંબંધી પંચસો વચનોનો સંગ્રહ.)

મૂલ સંસ્કૃત તથા ભાષાંતર સાથે.

કરનાર

મણિલાલ નભુભાઈ દ્વિવેદી.

૧૮૯૫.

મુંબઈ:—પંડિત જ્યેષ્ઠારામ મુકુંદજી, કાળકાદેવી રોડ.

એન. એમ. એન્ડ કો., કાળકાદેવી રોડ.

નડીઆદ:—સુદર્શન આફીસ.

મૂલ્ય રૂ. ૨.

૬૨૭૩

મુંબઈ:
"તત્ત્વવિવેચક" છાપખાનામાં છાપ્યું.

वसिष्ठः—

युक्तियुक्तमुपादेयं वचनं बालकादपि ।
अन्यत्तृणमिव त्याज्यमप्युक्तं पद्मजन्मना ॥

योगवासिष्ठम्.

વસિષ્ટ:—

બાલક પાસેથી પણ યુક્તિયુક્ત વચનનું ગ્રહણ કરવું, યુક્તિહીન વચન પદ્મયોનિએ કહ્યું હોય તો પણ તેનો તૃણની પેઠે ત્યાગ કરવો.

યોગવાસિષ્ઠ.

વિષયાનુક્રમ.

ઉપોદ્ઘાત.

આ ગ્રંથને અંગરેજી ભાષામાં "શંકરનું અનુકરણ"* (Imitation of S'ankara) એવા નામથી પ્રસિદ્ધ કરેલો છે, એટલે તે સ્થાને જે ઉપોદ્ઘાત લખ્યો છે તેનોજ સાર અત્ર પણ આપવો ઉચિત છે.

"આખા જગત્‌માં ઉપનિષદોના મનન જેવો લાભકારક અને આત્મો-"ન્નતિએ લેઇ જનાર કોઇ અભ્યાસ નથી; મારા જીવનને એણે સુખી કર્યું છે, "મારા અવસાનેને પણ એજ શાન્તિ આપશે." પ્રખ્યાત જર્મન તત્ત્વવેત્તા (શોપનહોર) ના આ ઉદ્ગારને માત્ર ગતવર્ષેજ ઉત્તમ પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધ કીર્તિવાળા વિદ્યમાન એવા એક પંડિત અને વિદ્વાને (ડા. મેક્ષમ્યૂલરે) અનુમોદન આપ્યું હતું. ઉપનિષદોમાં સંગ્રહાયલા તત્ત્વને આવી કોઈ ભલામણની અપેક્ષા નથી. પ્લેટોથી શોપનહોરપર્યંત સર્વ તત્ત્વવેત્તાઓ વેદાન્તની આત્મોન્નતિકારક, સુખાનુભાવક અસરની સાક્ષી પૂરે છે. જડવાદાનુસારી સમયનેજ આ ઉક્તિઓનું સ્મરણ કરાવવું પડે છે.

આવી ઉક્તિઓમાં સમાયલા તત્ત્વનો મને પ્રત્યક્ષ અનુભવ થવાથી મારા હૃદયમાં એવા લોભે ચિરકાલથી નિવાસ કર્યો હતો કે આ પરમાર્થદર્શનનું પ્રધાનતત્ત્વ, એ વિષયની કઠિનતા ઉપર લક્ષ રાખતાં પણ, થઈ શકે તેટલી સરલ અને લોકરુચિને અનુસરતી રીતે દર્શાવવું. સાર્થ લોકપ્રિયતા પામેલું ટોમસ-એ-કેમ્પિસનું રચેલું "ક્રાઇસ્ટનું અનુકરણ" (Imitation of Christ) મારા મનને બહુ પ્રિય અને આકર્ષક લાગ્યું, અને તે આકારે આ યોજના કરવાના વિચારમાં, મી. બાઉડને રચેલા "બુદ્ધનું અનુકરણ" (Imitation of Buddha) એ ગ્રંથને જોવાથી કેવી પદ્ધતિ લેવી તે સૂચન થયું. ગેલિલીના કોમલ બાલકના, કપિલવસ્તુના કુમારના અને દક્ષિણ હિંદુસ્તાનના આ બ્રાહ્મણના હૃદયમાં એકનો એકજ મહાન્ આત્મા સ્ફુરી રહ્યો છે. ભૂતકાલમાં થઈ ગયેલા જે મહાત્માઓનાં "અનુકરણ" થયાં છે તેના જેટલોજ આ મહાત્માનું 'અનુકરણ' થવાનો પ્રસંગ છે; વર્તમાન

---

*ગુજરાતીમાં આ નામ ન રાખતાં "પંચશતી" નામ રાખવાનું કારણ એટલુંજ છે કે "અનુકરણ" એ નામ અંગરેજીમાં તેવાં બે અનુકરણ હોવાથી તે ભાષા જાણનારને પ્રિય લાગે, પણ ગુજરાતી વાચકને લાગે નહિ; એટલાજ માટે પાંચસો વચનોનો સંગ્રહ-પંચશતી-એવું સાદું નામ રાખ્યું છે.

સમય માં "શંકરનું અનુકરણ" થવાની ઘણામાં ઘણી આવશ્યકતા છે એમ-પણ કહી શકાય.

મારી કૃતિની ન્યૂનતાથી હું અજાણ નથી. કેમ્પિસના લેખનો પ્રસાદ મારા લેખમાં નથી. વિષયનું સ્વરૂપ એજ મારો બચાવ છે; આ ગ્રંથ જોતાં, પ્રથમ દર્શનેજ, હૃદયાઘાતપૂર્વક ગંભીર વિચાર કરવા જેવી વાર્તા હાથ આવે તો હું થોડો સંતોષ નહિ, માનું. વળી જે ઉતારા આપ્યા છે તે મૂલના સંબંધ વિના ઘણી વાર સુગમ ન હોઇ શકે એ પણ એક લક્ષમાં લેવા જેવી વાત છે. છતાં બધા ઉતારાને એક જાતનો કૃત્રિમ સંબંધ ઉપજાવી યોજી શકાય તે રીતે ગોઠવીને મેં મારાથી બને તેટલો આયાસ, આ વિક્ષેપ દૂર કરવાને, કર્યો છે. * * * * જ્યાં ટીકાઓ ઉપલબ્ધ હતી ત્યાં તેમનો સર્વથા ઉપયોગ કર્યોછે, અને સાભિપ્રાય ભાષાન્તરે આપી મૂલના તત્ત્વ સાથે ટીકાના સામર્થ્યને યોજી લેવાનો યત્ન કર્યો છે.* ટીકાઓમાં શંકરની ટીકાને સર્વદા પ્રધાન માનવામાં આવી છે. એક અન્ય પ્રકારે પણ આ ગ્રંથ કેમ્પિસ અથવા બાઉડનના ગ્રંથ કરતાં ભિન્ન છે. અત્ર જે સંગ્રહ આપ્યો છે તે કેવલ શંકરનાં વચનોનોજ નથી, પણ શંકર અને તેમના અનુયાયીઓએ જે દર્શન પ્રવર્તાવ્યું છે તેનાં ઉપકારક વચનોનો છે. વેદાન્તવિષયના ગ્રંથોમાં ઉપનિષદ્‌ની શ્રુતિઓનું વારંવાર સૂચન દીઠામાં આવે છે; આવા સૂચનમાંની અગત્યની શ્રુતિઓ આ ગ્રંથમાં સંગ્રહાઈ છે. એટલે તેવી સમગ્ર શ્રુતિ અને તેનો અર્થ અત્ર ઉપલબ્ધ થઈ શકે તે અર્થે અનુપૂર્તિમાં એક કોશ આપી આ ગ્રંથગત સર્વ વચનોની અકારાદ્યનુક્રમણિકા કરી છે. એક બીજી અનુપૂર્તિમાં અદ્વૈતપરિભાષાના મુખ્ય મુખ્ય શબ્દો અકારાદિક્રમે આપી તે તે શબ્દવિષયે આ ગ્રંથમાંથી શું ઉપલબ્ધ થાય એમ છે તે દર્શાવેલું છે. * * * *

ઉત્પત્તિનું પ્રકરણ આ પ્રકારે સમાપ્ત થયા પછી જે બાલકનો અત્ર જન્મ થાયછે તેને વધારે સામીપ્યથી વિલોકીએ. જેના ઉપરથી એ બાલકનું નામ પાડયું છે† તે પુરુષ વિષે કાંઇ જાણવાની ઘણાક વાચકોને ઇચ્છા થશે. એ જિજ્ઞાસા થોડામાંજ તૃપ્ત કરી શકાય એમ છે; કારણ કે આ પ્રકારના લેખમાં શંકર કયારે થયા એ આદિ અદ્યાપિ અનિશ્ચિત એવા વિવાદમાં ઉતરવું અનુચિત છે. શંકર એ નામધારી ઉપાધિમાં વિલસતા મહાત્મા

* અંગરેજીમાં આ પ્રમાણે કર્યું છે, આ ગ્રંથમાં તો અક્ષરશઃ ભાષાન્તરજ સમજી શકાય તેવી રીતે આપ્યું છે.

† "શંકરનું અનુકરણ."

સાથે આપણે કામ છે; જે પ્રબોધક, મોહક, ગાનમાધુર્યદ્વારા તે મહાન્ આત્મા અનન્ત યુગ અને કાલ સાથે પોતાનું ઐક્ય પ્રકટ કરેછે તેની આપણને જિજ્ઞાસા છે. શંકર ક્યારે થયા તે નિશ્ચિત નથી, કેટલાક એમને ક્રાઈસ્ટની પૂર્વે, કેટલાક ક્રાઈસ્ટની પછી થયા માનેછે. મલબારના કીનારા ઉપરના કોઈ અપ્રસિદ્ધ ગામના બ્રાહ્મણના એ પુત્ર હતા. એ શિવાવતાર હતા એમ કહેવાય છે. આઠ વર્ષનું વય હતું તેવામાંજ તેમને સ્વરૂપાનુસંધાન થઈ આવ્યું, અને વાત્સલ્યપૂર્ણ વિધવા માતૃશ્રીની અનુજ્ઞા લઈ તેમણે સંન્યાસ લીધો. સંન્યાસદ્વારા તેમણે પોતાના હૃદયને પોતાની સાદી પર્ણકુટીની સીમા પાર અનન્ત જનસમૂહ અને નિરવધિ જગત્‌ના ઉપકારમાં પરોવ્યું. એમણે જે દર્શનનો ઉપદેશ કર્યો તે દ્વારા આર્યાવર્તના એક અતિસૂક્ષ્મ અને વિકટ પ્રસંગનો તેમણે નીકાલ કરી આપ્યો; અને આર્યભૂમિના હૃદય ઉપર અતિગંભીર, સબલ, ઉંડી છાપ પાડી આપી. એમણે જે દિગ્વિજય કર્યો તેથી એમને આચાર્ય-પદ પ્રાપ્ત થયું; એમણે આ દેશના ચાર સીમાન્તોએ ચાર મઠ સ્થાપ્યા, જે અદ્યાપિ વિદ્યમાન છે. આવા મહાન્ આત્માની સ્થૂલ ઉપાધિ બત્રીશ વર્ષની બાલવયે વિશીર્ણ થઈ ગઈ.

એમણે ગદ્ય અને પદ્ય એવાં ઘણાં પુસ્તકો રચ્યો છે; ગદ્યાત્મક તે પ્રાયશઃ બધી ટીકાઓજ છે. મોહક, માદક ગાન; પ્રાસાદિક, સંસ્કારવાળી, હૃદયગ્રાહી, તુલિત વાક્યરચના; સર્વદેશી, અનાગ્રહી, નિર્ભય, અનુકંપાયુક્ત, વિવેચન;—એમની વિવિધ સાહિત્યપ્રવૃત્તિનાં આ મુખ્ય લક્ષણ છે. જે દર્શન તેઓ ઉપદેશતા તેના પોતે પૂરા માર્મિક સાનુભવ જ્ઞાતા હતા; શ્લોકાર્ધમાં તેનું રહસ્ય દર્શાવી શકતા, કે પ્રસંગે તેનાજ ઉપર સહસ્રાવધિ પત્રોના ગ્રંથ લખી શકતા. નાસ્તિક, ચાર્વાક, કર્મકાંડી, ઐન્દ્રજાલિક, યોગી, યતિ, તાંત્રિક—ગમે તેની સાથે વિવાદ કરી જય મેળવતા. જે સમયમાં તેમનો પ્રાદુર્ભાવ થયો તે સમયની છાયા તેમના લેખોમાં સમજાયછે; પણ જે ઇંદ્રજાલના મંત્રબલથી ગમે તેવા ભેદમાત્રને અભેદમાં મેળવી લેવાની શકિત આ મહાત્મામાં હતી તે સર્વત્ર અસ્ખલિત રીતે પ્રકટ થાય છે. તેમની સાહિત્યપ્રવૃત્તિના કીર્તિમંત સ્તંભ પ્રસ્થાનત્રય ઉપરનાં તેમનાં ભાષ્ય છે; અદ્યાપિપર્યંત વેદાન્તાનુસારી જનોના મુખમાં રમતાં તેમનાં અનેક સ્તોત્રાદિની તો ગણના પણ નથી. તે સમયે તથા સર્વ કાલને માટે તેમણે આર્યાવર્તને તેમજ આખા જગત્‌ને જે અદ્વૈતદર્શન કરાવ્યું તેમાંજ તેમના નામનું નિત્ય માહાત્મ્ય છે. પ્રત્યેક મહાત્માના જીવનચરિતમાં જે અદ્ભુત અને આકર્ષક વાર્તાઓનો સેળભેળ અવશ્ય કરીને થાયછેજ તે લઈ લેતાં સાદેસાદી જે વાર્તા

જગતૂના સર્વોપરિ તત્ત્વજ્ઞ એવા આ મહાત્મા સંબંધે અવશેષ રહેછે તે આટલીજ છે.

આ મહાત્માસંબંધી લેખો ઉપરથી એક વાત સ્પષ્ટ નીકળે છે. આર્યાવર્તમાં અનેક મત અને સંપ્રદાયોનો વિરોધ પેઠો હતો, લોકમાત્રના જ્ઞાતિઆદિ વિભાગ પડી ગયા હતા, અને વેદપ્રતિપાદિત જે પરમાર્થભાવના હતી તેમાંથી, શુષ્ક કર્મકાંડના ભારે કરીને તત્ત્વ નીકળી જવા લાગ્યું હતું. એ પારમાર્થિક તત્ત્વ અદ્વૈતાત્મબોધમાં હતું; ઉપનિષદોમાં જેને પરાવિદ્યા એ નામથી છેવટની દીક્ષારૂપે કહ્યું છે તે હતું. જે લોકો યથાર્થ અધિકાર પ્રાપ્ત કર્યા વિના, જ્ઞાનની ચેષ્ટામાત્ર કરવાને અર્થે આ રહસ્યમાં માથું મારવા આવતા તેમના પ્રતિ એ રહસ્યના રક્ષકો દિનપ્રતિદિન વિદ્વેષ દર્શાવવા લાગ્યા હતા. જેમને એ પ્રકાશનું દર્શન થતું તેમની દૃષ્ટિને તે સહન કરવાનું સામર્થ્ય હતું નહિ. તેવા દુર્બલ જનો એનો અર્થ સ્થૂલભાષામાં ઉતારતા, અને પરમાર્થભાવનાનો અનુભવ વામાચારના બીભત્સ પ્રયોગોમાં અનુભવતા. વેદમાર્ગનાં કર્મઉપાસનાદિથી ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરેલા સાધનસંપન્ન અધિકારીનેજ તત્ત્વ આપવું એવા સંપ્રદાયથી સુરક્ષિત જે આ રહસ્યપ્રકાશ તેનો, કપિલવસ્તુના રાજભવનમાંથી નિર્વેદ પામી ત્યાગ ગ્રહણ કરી આવેલા દયાનિધિ મહાત્મા બુદ્ધને સાક્ષાત્કાર થયો. તે કૃપાલુએ જ્ઞાતિ વર્ણ અધિકાર આદિ કશાની અપેક્ષા રાખ્યા વિના સર્વને એ બોધ આપવા માંડયો. ઉત્તમ વિશુદ્ધિ સાથે પરપ્રેમનો માર્ગ તેમણે ઉપદેશવા માંડયો. પ્રાકૃતજનોની સ્થૂલબુદ્ધિને સંતોષવા જે ધર્માચારાદિ વ્યવસ્થા જોઇએ છીએ તે આ માર્ગમાં ન હતી. "બધું ક્ષણિક છે, દુઃખમય છે, માટે સર્વત્ર અનાત્મભાવના કરી પરમદયા "અને પ્રેમસહિત ઉપરામ પામવાથી નિર્વાણ અનુભવાશે" આવું મહાત્મા બુદ્ધના ઉપદેશનું તત્ત્વ હતું. આમાં પ્રાકૃતજનસમૂહને જે ધર્મ જોઇએ તેને માટે સ્થાન ન હતું, સમસ્ત પ્રજાના ઇતિહાસને માન અપાયલું ન હતું. ઉપનિષદોમાં સમાયલી જે સર્વવેદના તત્ત્વરૂપ પરમાર્થભાવના તે તો આજ હતી; કોઈ પણ તત્ત્વદર્શનની ભાવના એ કરતાં અન્ય હોય નહિ; પણ પ્રત્યેક ભાવનાનો જય કે પરાજય જે અધિકારીને તે આપવામાં આવે તેના ઉપર રહે છે એ નિર્વિવાદ છે.

વેદ અને તદનુસારી જીવનપરંપરાએ વર્તતા પણ આ સમયે શિથિલતામાં પડેલા આર્યાવર્તના આગળ આ પરમભાવના મહાત્મા બુદ્ધે ધરી, અને જે અધિકારપ્રાપ્તિ સર્વથા આવશ્યક તેની ઉપેક્ષા કરવાનું લોકોને નિમંત્રણ કર્યું. એથી આર્યાવર્ત પરમ અનીતિને માર્ગે ઉતરે, પોતાનું સ્વતત્ત્વ અત્યંત

વીસરી જાય, ને વિનાશ પામે એવું ભય ઉપસ્થિત થયું. તત્ત્વજ્ઞ અને મૂઢ વચ્ચેનો ભેદ એટલામાંજ છે કે બાહ્યાચારે ઉભયે સ્વતંત્ર છતાં તત્ત્વજ્ઞે વ્યવહારના અનુભવમાં પણ પરમાર્થને ઘટાવી લીધો છે, ચિત્તભ્રમ થયેલાના જેવા સ્વાતંત્ર્યમાત્રમાંજ તેની કૃતાર્થતા નથી. ક્રમે ક્રમે પ્રાપ્ત થતી આત્મોન્નતિના ફલ અને પરિણામરૂપે નિર્બાધ, અવિશંકિત, સ્વતંત્ર જીવનની ભાવના પ્રાપ્ત થાય તો તે શાન્તિ અને સુખનીજ દાતા નીવડે છે: જીવનનો કાંઈ પણ અનુભવ થયો ન હોય, સાધનસંપત્તિથી અધિકાર આવ્યો ન હોય, તે પૂર્વે એવી ભાવના આપવામાંથી નાસ્તિકતા, અનાચાર, અને દંભ વિના અન્ય ફલ થતું નથી. જનસ્વભાવજ એવો છે. અત્ર અને પરત્ર એવા પદાર્થમાત્રનું યથાયોગ્ય દર્શન પામવા જેવા ઉચ્ચસ્થાને આત્મા પહોચ્યો નથી ત્યાં સુધી પારમાર્થિક ભાવના વ્યવહારના વિગ્રહમાં ગુંચવાઈ પડેછે; ભાવનાના તત્ત્વને સ્થાને શુષ્ક શબ્દોનો પ્રયોગજ હાથમાં રહી જાય છે; અને જે દોષના નિવારણને અર્થે એ ભાવના આપવામાં આવી હોય તેજ દોષ વજ્રલેપથી લેપાય છે:—અધિકાર પૂર્વે ઉપદેશ કર્યાથી આમ થઇ આવેછે: બુદ્ધધર્મની જે સ્થિતિ બુદ્ધના નિર્વાણ પછી થઈ તેમાંથી આ વાતની સારી સાક્ષી મળેછે.

આર્યાવર્તનો ભૂતકાલ, અને તેની સાથે એ અસીમ સીમામાંથી જગત્‌ના ઉપકારાર્થે વારંવાર સ્રવતી તત્ત્વસરિતા, આ પ્રકારે ઇતિહાસના પટ ઉપરથી ભૂસાઈ જવાની અણી ઉપર હતાં. આ તત્ત્વજ્ઞ અને સુધારક બ્રાહ્મણે જે તુમુલ વાગ્યુદ્ધો એક પાસા વામમાર્ગી તાંત્રિકો સાથે અને બીજી પાસા શુષ્ક કર્મકાંડના દુરાગ્રહી ભક્તો સાથે ચલાવ્યાં છે તે ઉપરથી આ અનુમાનને ટેકો મળેછે. રાજકીય સ્થિતિ પણ આશાભરી કે આશાજનક હતી નહિ. કપિલવસ્તુના ક્ષત્રિય કુમારને ગુરુ તથા અગ્રણીરૂપે પ્રાપ્ત કરી શસ્ત્ર ધારણ કરી શકે એવી વર્ણમાત્ર એક પ્રકારે આર્યાવર્તની સામે બળવો કરી ઉઠી હતી, અદેખા બ્રાહ્મણો અને તેમનો ધર્મવિષયમાં જે માની લીધેલો અધિકાર તેની વિરુદ્ધ લઢવા તત્પર થઈ હતી. મિથ: કલહ થઈ દેશમાં મહાવિપ્લવ થવાનો સંભવ હતો. ધર્મ અને વ્યવહારમાં આ કલહનો સ્પર્શ થયો એટલે રાજકીય સંસ્થાનો નિર્વાહ થવો અશક્યજ છે. ધર્મ, વ્યવહાર, રાજ્ય, એ સર્વની સ્થિતિ વિચારતાં, આ તત્ત્વદર્શી બ્રાહ્મણે પોતાના દર્શન અને દૃષ્ટાંતથી આવા વિકલ્પનું નિવારણ કરી શાન્તિદ્વારા તેનો તેજ સિદ્ધ કરી આપ્યો તે માટે ભવિષ્યનાં ઇતિહાસમાં તેને જેટલું માન આપીએ તેટલું ઓછુંછે એમ મારું માનવું છે.

ઓગણીસમી સદીનો "પ્રકાશ" આપણી ચોપાસ પ્રકટી રહ્યો છે તે સમયે પણ શંકર ભગવાનના કાલની તુલના આ વર્તમાનકાલની સ્થિતિ સાથે આપણાથી સહજેજ થઈ જાય છે. સ્થિતિ ઘણી સૂચક છે, સાદૃશ્યના અંશ બહુ ઉગ્ર રીતે આકર્ષક છે, અને એ મહાત્માના કૌશલનું સર્વથા મનન અને "અનુકરણ" કરવા જેવું છે. આખા જગત્ ઉપર અત્યારે "શંકરના અનુકરણ"ની બહુજ આવશ્યકતા છે. પ્રિયવાચક! ઉભય ચિત્ર અને તેમની વિશાલ આકર્ષક સાદૃશ્યભૂમિ તારા હૃદય આગળ રાખ; શંકર ભગવાન્ સુધારણા અને શાન્તિનો ઉપદેશ આપેછે એમ કલ્પના કર; અને કોઇ શાન્ત ગંભીર ક્ષણે સ્થિર એકાગ્ર ચિત્તથી મારા આ ભાગા તૂટા ઉદ્ગારોની યોજના કરી, એ મહાત્માના વિપુલ હૃદયહારક ગાનનો અશ્રાવ્ય ધ્વનિ શ્રવણ કરવા યત્નવાન્ થા.

શંકરના માહાત્મ્યનું મૂલ્ય ઇતિહાસના એક મહાપુરુષ જેટલુંજ છે એમ ન જાણવું. જે દર્શન એમણે શીખવ્યું અને સમજાવ્યું તે વિશિષ્ટ રીતે સર્વદેશી, સર્વકાલે સિદ્ધ છે. વિચારવ્યાપારનો એક વેગ એવો નથી, પદાર્થવિજ્ઞાનની એક પદ્ધતિ કે શોધ એવી નથી, વ્યવહારનો કોઈ પ્રદેશ એવો નથી, કે જેને તેનું પોતાનું યોગ્ય સ્થાન અવિવાદરૂપ એવા આ અદ્વૈતદર્શનના વિશાલ ભંડારમાં ન મળી શકે. મનુષ્યને આ સમયે અને સર્વદા જે સુખ અને શાન્તિની સ્પૃહા રહેછે તેનો એ તાજો ઝરો છે; પ્રત્યેક મહાકાર્યનો નિયમ અને નિર્વાહ એમાં છે; દુ:ખમાત્રનો એ ઉપાય છે. એના એક સ્પર્શમાત્રથી આખા વિશ્વનું ઐક્ય અનુભવાય છે. કર્તવ્યમાં નવો જીવ આવેછે, શબ્દોમાં નવો અર્થ આવેછે, આચારમાં નવું ચેતન આવેછે, વિચારમાં નવી વસ્તુ પ્રાપ્ત થાય છે—એવો એનો ચમત્કાર છે. અદ્વૈતદર્શન સમગ્ર વિશ્વનો વેદ છે:— દુરાગ્રહી જડવાદીઓ જેને વિશ્વ કહેછે તે વિશ્વનો નહિ, પણ જીવનમાત્ર અને પ્રેમમાત્રના એકતંત્રરૂપ જે વિશ્વ છે તેનો એ વેદ છે. દેશે દેશ, પ્રજાએ પ્રજા, નાતે નાત, વ્યક્તિએ વ્યક્તિ, જે જે વચ્ચે અલંઘ્ય સમુદ્ર આવી રહેલો જણાય છે તેના ઉપર એ દર્શન ઘણો દૃઢ સેતુ રચી આપેછે. ભેદમાત્રના ભ્રમને અભેદની પ્રભામાં એ ઓગાળી લેછે. આચાર્ય પોતે વદેછે: "નિસ્તરંગ, "સહજાનંદાવબોધ સમુદ્ર, એવી પ્રત્યગ્વસ્તુને વિષે આ વિપ્ર અને આ "ચાંડાલ એવો ભેદભ્રમ શો!" તત્ત્વજ્ઞાનની વ્યાખ્યા પ્રાચીન કાલથી પંડિતોએ "અનેકમાં એકનું દર્શન" એવી કરેલી છે, અને અનેકમાં "એકનું" દર્શન કરવા કરાવવાના ગૂઢ પ્રશ્નનું અતિ રમણીય નિરાકરણ જો કોઇએ પણ કર્યું હોય; ધર્મ, વ્યવહાર, રાજ્ય, સર્વત્ર એ "એક"ને યોજવામાં કોઈ પણ વિજયી

થયું હોય; તો તે, એ સમયનો આ એક મહાત્મા શંકરજ છે એમ મારું મત છે. વાચકે શાંકરદર્શનના આ સર્વદેશી ઉદ્દેશનું કદાપિ દુર્લક્ષ કરવું નહિ.

અનેઆવા અધ્યયનમાં આત્માને આત્મા સાથે સંલાપ કરવા દેજે; વૈખરીના વિવાદની પાર ન જઇ શકનાર એવા શબ્દમાત્રના ભ્રમથી કુતાર્કિકતાનો આશ્રય કરીશ નહિ. પગલે પગલે સ્વાનુભવ ઉપર વિશ્વાસ રાખ, અને એક શંકરાનુયાયીએ કહ્યું છે તેમ "સ્વાનુભવ, શાસ્ત્ર, અને ગુરુ, એ ત્રણની એકવાક્યતા" કરતો રહે. બાહ્ય એવા દૃશ્ય વિશ્વમાં નહિ પણ આંતર એવા દ્રષ્ટાના પ્રદેશમાં જેનો સ્પષ્ટ અર્થ ન હોય એવા શબ્દમાત્રનો આશ્રય કરવાથી તો જેનો પદાર્થવિજ્ઞાન ઉપહાસ કરે છે તે તત્ત્વદર્શનજ ઉપજી શકે છે. બીજી પાસા દૃશ્ય વિશ્વના ભૌતિક અર્થમાત્રનેજ વળગી રહેવાથી જ્ઞાનના પારમાર્થિક અને અસીમ પ્રદેશને એવી કૃત્રિમ સીમા બંધાઇ જાય છે કે તેમાંથી તત્ત્વદર્શન જેનો તિરસ્કારપૂર્વક અનાદર કરેછે એવો જડવાદજ ફલિત થાયછે. આ ઉભય અંતની મધ્યે સત્યનો સંભવ છે. બાહ્ય અર્થ અને આંતરભાવના એ ઉભયનાં સમાધાનની ભૂમિકા ઉપર જ્ઞાનમાત્રનો પ્રાદુર્ભાવ છે, ભાષામાત્રની પ્રવૃત્તિ છે; એ બેમાંથી એકને વળગી પડવાનું પરિણામ દુરાગ્રહી સર્વજ્ઞ જડવાદ કે કુતર્કમય શબ્દરચના વિના અન્ય આવે નહિ. સાદૃશ્યનો નિયમ પદાર્થવિજ્ઞાનમાં તેમ ભાષાશાસ્ત્રમાં પણ પ્રવર્તેછે. ભાષા તો ભાવના અથવા વિચારની એક સંજ્ઞામાત્ર છે; જે આત્મા શબ્દોદ્ગારદ્વારા બાહ્યત્વ પામી પુનઃ સ્વરૂપનું અનુસંધાન પામેછે તેની એક સંજ્ઞામાત્ર છે. પ્રત્યેક શબ્દ, પ્રત્યેક વચન, તેના અર્થનું સાદૃશ્ય વિશ્વની ભૂમિકામાત્ર ઉપર—પારમાર્થિક ભૂમિકાપર્યંત—હોય છે. ચેતનનું વ્યાખ્યાન તમે જડભાષાથી કરી શકનાર નથી. જડભૂમિકાની ભાષાથી અંતઃકરણની ભૂમિકાના કોઈ પદાર્થનું વિવેચન પણ દૂરનાં સાદૃશ્યથી અને અસ્પષ્ટ ઉપમાઓથી કરવું પડે છે, તો સાદૃશ્યરહિત, અનુપમેય, એવા સર્વમય ચૈતન્યાત્મનું વિવેચન શા પ્રકારે જડભૂમિકાની ભાષાથી કરી શકાય? આ ભૂમા, આ અવિકૃત અનવચ્છિન્ન બ્રહ્મ, તેનું વર્ણન કરવાની જે ભાષા તે વ્યાઘાતવાળીજ હોઈ શકે છેઃ એ છે અને નથી; એ સર્વત્ર છે કહીં નથી; એ સર્વ છે કશું નથી; એ સત્ છે અસત્ છે. 'સત્ નહિ તે અસત્ અને અસત્ નહિ તે સત્' એવા વ્યાઘાતનિયમથી એને સદસદ્વિલક્ષણ કહી શકાશે નહિ એમ ન ધારવું; કારણ કે એ તો નિયમોનો નિયમ છે, શાસ્ત્રોનું શાસ્ત્ર છે, ન્યાયોનો ન્યાય છે. વસ્તુનું જે તત્ત્વ તે સર્વદા 'મનો વાગગોચર' છે, અને યાજ્ઞવલ્કયે, વારંવાર પ્રશ્ન કરતા એક શિષ્યને બ્રહ્મસ્વરૂપ સમજાવ્યું હતું તેમ

મૌનમાત્રથીજ કહી શકાય એમ છે. આ પ્રકારે વાચકને ભાષાના ઉપયોગ કે દુરુપયોગ વિષે સાવધાન કરવો એ અત્ર આવશ્યક છે.

રાજ્ય, વ્યવહાર, કે ધર્મમાં, વર્તમાન સમયે કે કોઇ વાર પણ, જેમને ચાલુ કરતાં ઉચ્ચતર સ્થિતિની અપેક્ષા હોય તેમને શંકરે પોતાના સમયના સર્વ પ્રશ્નોને જે રીતે સ્વોપદિષ્ટ દર્શન લાગુ કર્યું તે રીતિમાંથી બહુ શીખવાનું છે. સત્ય બહુ સાદુ છે, પણ સાદુ છે માટેજ તેના ઉપર લક્ષ રહેતું નથી. જ્યારે કોઈ પ્રામાણિક સમર્થ મહાત્મા પોતાનો કર ઉંચો કરી સત્યનો નિર્દેશ કરે છે ત્યારે તેના મહિમા ઉપર દૃષ્ટિ આકર્ષાય છે. શંકરે એમ જણાવ્યું કે વ્યાવહારિક ઐકય સિદ્ધ કરવાનો ઉદ્દેશ રાખવામાં, જ્ઞાતિ અને ધર્મના બાહ્યભેદ ભાંગી નાખવામાં તો વાસ્તવિક એવી સુધારણાના ક્રમનો આરંભ અવળે માર્ગે થાય છે. સુધારણામાત્ર કેન્દ્રથી પ્રવર્તવી જોઇએ, અંદરથી બહાર પ્રસરવી જોઇએ. રાજ્ય, ધર્મ, વ્યવહાર, નીતિ, એમાંના કોઈનું પણ સામ્રાજ્ય સ્થૂલને આધારે, શરીરબલને આધારે, બાહ્ય કાયામાત્ર ઉપર, કદાપિ સ્થાપિત થઈ ટકી શકે નહિ. જે ઐકયનો અર્થ બલ અને સામર્થ્ય થાય છે તે ઐકયનાં બીજ તો આ કરતાં વધારે ઉંડાં રહે છે. ફલમાં સહભાગિતા કે ઉદ્દેશની સમાનતા તેને લેઈ મનુષ્યોનો સમૂહ થાય, અને ક્ષણ વાર સ્વાર્થના સંકુચિત પ્રદેશની પાર તેમની વૃત્તિને ઉપાડી જાય, પણ એવી ઉચ્ચતા નિત્ય રહે તે માટે તો એ ફલ અને એ ઉદ્દેશનું સ્થાન તદ્‌માત્રથી વધારે ઉંડુ હોવું જોઇએ. આમ ન થાય ત્યાં સુધી સુધારણા અને શુભયોજનાના યત્નમાત્રનું પરિણામ સમાધાન અને પ્રતારણા વિના બીજું આવશે નહિ; ગમે તેવાં વ્યામોહક નામ આપતાં પણ સમાધાન તે સમાધાન અને પ્રતારણા તે પ્રતારણાજ રહેશે. આમ છે માટે બાહ્યભેદનો પ્રવિલાપ આંતર અભેદમાં કરવો જોઇએ. પણ આંતર જે બુદ્ધિ (અંતઃકરણ) તે પોતે એવી અવિશ્વાસયોગ્ય, ઘાતક, મૂર્ખ, મૂઢ, નાયક થઈ પડે છે કે ઊર્મિ, કામ, વાસના, રાગ, દ્વેષ, આદિની પાછળ લોભાઈ તે કયાં જતી રહેશે તેનો નિશ્ચય થતો નથી. વર્તમાન સમયમાં બુદ્ધિએ બુદ્ધિના આલાપ સંલાપનાં તો ખોટ કે છેડો નથી; પરિણામ બહુ ભયંકર નહિ તો અતિ નિર્માલ્ય આવેલાં છે. મનુષ્યજાતિએ અવશ્ય કરીને આથી પણ ઉંડા ઉતરવું જોઇએ અને બુદ્ધિનો પણ જેમાં પ્રવિલાપ થાય છે તેનો સ્પર્શ કરવો જોઇએ.

એજ પરમાર્થ, એજ અભેદ, એજ બ્રહ્મ, એજ આત્મા, એજ ચેતન, એજ પરમભાવના, એમ શંકરાચાર્ય કહેછે. કવિઓ અને તત્ત્વજ્ઞો, પ્રતિભાપુત્ર અને જ્ઞાનીઓ, મહાત્માઓ અને ધર્માચાર્યો, કલ્પનાની પાંખે ચઢી જ્યારે

સ્થૂલ અને સૂક્ષ્મની પાર ઉડેછે ત્યારે તેમને આ અભેદતત્ત્વની જે ઝાંખી થાયછે તેથીજ તેમનામાં અલૌકિક શક્તિ અને સામર્થ્ય આવી જાયછે. રોમના સામ્રાજ્યની ભૌતિક અવદશા થઈ ગઈ, નિર્માલ્યબુદ્ધિને રુચિકર થાય તેવા પ્રાકૃત ધર્મમાર્ગ પ્રવર્ત્યા, તે સમયે એવો કોઈ અવ્યવસ્થિત ગુંચવાડો ઉપજી આવ્યો કે તત્કાલના જે મહાત્માને આ અભેદતત્ત્વની ઝાંખી થઈ હતી તેના મંત્રના બલે તેમાંથી વ્યવસ્થા અને સુસ્થાપના સિદ્ધ થઈ: ક્રીશ્ચીઅન ધર્મના આવા ઐકયબલથી જે ઉન્નતિ થઇ છે તે અદ્યાપિ પણ સર્વને પ્રત્યક્ષ છે. એમજ વેદમાર્ગને અસ્તવ્યસ્ત ન થવા દેતાં તેની સુશ્લિષ્ટતા સાચવવાનું મહત્કાર્ય શંકરને ભાગ આવ્યું હતું. શુષ્ક તર્કના પ્રલાપોથી એ માર્ગ છેક નિર્માલ્યવત્ થઈ ગયો હતો, અને શંકરની પૂર્વના સમયમાં થયેલા પ્રબુદ્ધ મહાત્માના બોધના કિરણોથી તે છેકજ ઓગળીને વિલય થવા લાગ્યો હતો. શંકરે બુદ્ધના ઉપદેશમાંનું તત્ત્વ તુરત જોઈ લીધું, એટલે સુધી સ્વીકાર્યું કે પોતાના ઉપર "પ્રચ્છન્ન બૌદ્ધ"–નો અપવાદ આવ્યો તેની પણ તેમણે ઉપેક્ષા કરી. પરંતુ એમણે કર્યું એ કે બુદ્ધિ અને બુદ્ધિનાં; અંતઃકરણ અને અંતઃકરણનાં જે તારતમ્યોથી અધિકાર ઘડાય છે તેને લક્ષમાં આણ્યાં; અને એમ અભેદમાં ભેદને માટે આવશ્યક એવો અવકાશ કરી આપ્યો. મહાત્મા બુદ્ધની જે ભાવના હતી તેમાંની ન્યૂનતા આમ એમણે પૂરી પાડી, અને પંથ તથા મત, જાત તથા ધર્મ, એવા ભેદમાત્ર જે જે અધિકારના તે સૂચક હોય તે પ્રમાણે વિશ્વવ્યવસ્થામાં સર્વથા આવશ્યક અને ઉપયોગી છે એમ બતાવી પારમાર્થિક અભેદજ્ઞાન અને વ્યાવહારિક ભેદજ્ઞાન તેની વચ્ચે સમાધાન સાધ્યું. આર્યાવર્તના મૃતપ્રાય ઇતિહાસને આ રીતે તેમણે નવીન જીવન આપ્યું, મરણની સામા થવાનું સામર્થ્ય આપ્યું, અને આખા જગત્માં ઉત્તમોત્તમ તથા સર્વદેશી એવી જે અતિ પ્રાચીન તત્ત્વભાવના છે તેને તેમણે પુનઃ દૃઢ આધાર ઉપર સ્થાપી. યુગ અને કલ્પના ક્રમમાં ઇતિહાસની પુનરાવૃત્તિ થયાં જાય છે એ વાત ખરી હોય તો મનુષ્યવર્ગે આ સમયમાં, બુદ્ધિવિલાસની રમતો અને ભૌતિક અનર્થો ઉપર પોતાનાં શ્રદ્ધા અને વિશ્વાસ વ્યર્થ નાખી દેવા કરતાં, ઇતિહાસમાંથીજ જે શીખવાનું છે તે શીખવું જોઇએ. મન અને શરીરની પાર એવા અભેદમાં થઇને વિજય અને શાન્તિનો માર્ગ નીકળેછે; જીવન અને સત્તામાત્રનો પરમ પુરુષાર્થ અભેદમાંજ છે; વ્યવહારમાત્રનો નિયમ અભેદમાંથીજ ઉદ્ભવેછે. વ્યક્તિવ્યક્તિના ભેદ, પરસ્પર રાગદ્વેષના કલહ, ઊર્મિ અને કામનાનાં ભૂતમાત્ર, જે સર્વ, અતિમહાન્ કર્તવ્યતાને પણ એક તૃણવત્ માની વ્યર્થ કરી નાખે છે, ભવિષ્યકાલમાં

પાકનારાં ભવ્ય રત્નોને ધૂળધાણી કરી નાખેછે, તેમને કદાપિ પણ નિશ્ચયપૂર્વક શાન્ત કરવાનું ત્યાં સુધી બનનાર નથી કે જ્યાં સુધી માણસ જાત આ પરમાર્થદર્શની આ પરમભાવનાને સમજી અને અનુભવમાં લાવશે નહિ.

શંકરની વિજયી કલાનું રહસ્ય સમજવાનો ક્ષણભર પ્રયાસ કરીએ. પ્રબુદ્ધ મહાત્મા શ્રીબુદ્ધે જગત્ આગળ ધરેલા પ્રકાશથી નિર્બલ ચક્ષુને દૃષ્ટિ-સામર્થ્ય આવવાને સ્થાને દૃષ્ટિનો વિલોપ થવા લાગ્યો. આ પ્રકારે આપવામાં આવેલો પ્રબોધ તે વેદ અને તેના ગુહ્યાગારમાં બહુ કાળજીથી છુપાવી રાખેલા પ્રકાશ કરતાં ભિન્ન ન હતો; ભેદ તો તેની દીક્ષાના પ્રકારમાત્રમાંજ હતો. ઉપનિષદોમાં એટલે વેદાન્તમાં અર્થાત્ વેદના અંતરૂપે ગણાયલા તત્ત્વમાં જે પારમાર્થિક દર્શન હતું તે તો ગૌડપાદ અને વ્યાસ જેવા મહાત્માઓએ ચિરકાલથી જાણ્યું અને જણાવ્યું હતું, રામાયણ અને મહાભારત જેવાં કાવ્યોદ્વારા ભેદમાં અભેદનો, પ્રવૃત્તિમાં નિવૃત્તિનો માર્ગ સર્વને સમજાવવામાં આવ્યો હતો. શંકરે તો આ પ્રકારે સંપ્રદાયથી ચાલી આવેલા તત્ત્વનો વિસ્તારથી ઉપયોગ કર્યો; પરંતુ જે પ્રકારે આ દર્શનને તેમણે પોતાના સમયના મહા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં પ્રયોજ્યું તે પ્રકાર જોતાં ભવિષ્યદર્શી એવી પ્રતિભામય દૃષ્ટિ, સર્વદેશી બુદ્ધિ, પ્રેમમય હૃદય, અને પરમવિજયી કલા એ ગુણોના જે સમૂહે આ મહાત્માના અંતર્માં નિવાસ કરી આખા દેશને ઉંધે મસ્તકે રાજકીય અવ્યવસ્થા, નાસ્તિકતા, અને આત્મઘાતના ખાડામાં પડવામાંથી ઉગારી લીધો તે ગુણસમૂહનાં આપણે જેટલાં ઓવારણાં લેઇએ તેટલાં ઓછાં છે. એમાંજ એ મહાત્માની અમર કીર્તિ છે. શંકરને તુરતજ સમજાયું કે વ્યાવહારિક જીવન અને વિચારના ભેદમાત્રનો, પ્રત્યેક પ્રકારના નાનાત્વ અને મતનો, અભેદદર્શનના વિશાલ પ્રદેશમાં સહજે સમાસ થઈ શકે તેમ છે, એમ થવાથી સર્વમય ભૂમાના ઐક્યમાં કશો બાધ આવતો નથી. આ પ્રકારે તેમણે પ્રાકૃત-જનોના પ્રાકૃત અધિકારને યોગ્ય જે ધર્મવ્યવસ્થા જોઇએ તેનો અવકાશ સાધ્યો; અને અદ્વૈતાત્મદર્શનનો અનધિકારીજનો દુરુપયોગ કરી પ્રતારણા અને પાપનો વિસ્તાર કરે ને તેથી તે દર્શન ઉપર અરુચિ ઉપજે ને દેશમાંથી તેનો વિનાશ થાય, કે અર્વાચીન યુરોપમાં થયું છે તેમ, જગત્ અને જગત્‌ના ડહાપણ આગળ તેની ઉપહાસપૂર્વક અવગણના થાય, એ અનિષ્ટ પરિણામ તેમણે આ પ્રકારે અટકાવ્યું. સમગ્ર દેશની પ્રજાને માથે આવી પડેલા વિકટ ગુંચવાડાનું સર્વપ્રકારે નિરાકરણ કરી આપવામાં અદ્વૈતાત્મદર્શન વિજયી થયાનો દાખલો તત્ત્વજ્ઞાનના આખા ઇતિહાસમાં આ પહેલો અને એકનો એકજ છે. અને એટલા ઉપરથીજ, મારા નમ્રમત પ્રમાણે, શંકરને જગત્‌નો મહો-

ટામાં મ્હોટો તત્ત્વવેત્તા કહેવાનું કારણ છે. અદ્વૈતાત્મદર્શનના વિજયનો જે પૂરાવો ઇતિહાસ આ પ્રકારે આપે છે તેમાંથીજ તેના ભાવિવિજયની પણ આશા ઉપજે છે. આર્યાવર્ત અને સમગ્ર જગત્ વર્તમાન સમયે જે વિટંબનાઓથી પીડાય છે તેમાંથી શાન્તિ અને મુક્તિનો માર્ગ આ દર્શનનો પુનઃ આદર કરવામાંથીજ પ્રાપ્ત કરી શકાશે. એ આદર આ એકવારજ નહિ, પણ સર્વકાલને માટે સર્વદા પુનઃ પુનઃ કરવો આવશ્યક છે. રહસ્યની જે કુંચી શંકરે આપણને આપી ઉપકૃત કર્યા છે તે આ છે.

તત્ત્વદર્શન અને જે વ્યવહારાનુભવથી તત્ત્વજ્ઞાન ઉપર જવાનો માર્ગ રચાય છે તેનો ભેદ તો જગત્ જેટલોજ અનાદિ છે; એ ઉભયમાંથી એકનેજ એકાંતતઃ વળગી પડવામાંથી બુદ્ધિના પ્રદેશમાં શુષ્ક રેતીનાં રણ જેવા કુતર્કોની જાલ વિસ્તરે છે. બુદ્ધનો પ્રયત્ન આવા કોઈ એકાંત વલન જેવો હતો; તત્ત્વદર્શનને તેમણે વ્યવહારથી ભિન્ન માન્યું, અને તેનું પરિણામ કેવું આવ્યું એ તો એ મહાત્માના નિર્વાણ પછી એમના ધર્મની જે સ્થિતિ આર્યાવર્તમાં થઈ તે ઉપરથી સુસ્પષ્ટ છે.* પરમાર્થ (તત્ત્વદર્શન) અને વ્યવહારનો આ સંબંધ શંકરના લક્ષ બહાર ન હતો, એટલે ઉપનિષદોમા પરા- અને અપરા- વિદ્યા એ નામથી જે બે વિભાગ કરેલા છે તેનું ગ્રહણ કરી એમણે પરમાર્થ અને વ્યવહાર, બુદ્ધિ અને ઊર્મિ, નીતિ અને આચાર, વર્ણ અને વર્ણ, સંસાર અને મોક્ષ, તેનું સમાધાન સાધી લીધું. વેદધર્મમ, આવો પરાપર વિદ્યાનો ભેદ નથી એવું કેટલાક પાશ્ચાત્ય સંસ્કૃતજ્ઞોનું મત છે તે મારા જાણવામાં છે.† પરંતુ એવો ભેદ તો પરા- અને અપરા- વિદ્યા,

---

* બુદ્ધના અનુયાયીઓની શંકરે કતલ કરાવી એ પ્રવાદને સ્વીકારવાનો કાંઈ પણ પૂરાવો નથી એમ હું માનું છું. શંકરાચાર્યે બ્રાહ્મણધર્મનો જે ઉદ્ધાર કર્યો તે ઉપર અરુચિવાળા કોઈ જનોએ ઉપજાવેલી આ એક કપોલકલ્પના હોય એવું લાગે છે. બુદ્ધધર્મ આ દેશમાંથી નિર્મૂલ થવાનાં કારણો તે ધર્મની બહાર શોધવા કરતાં તેની અંદરજ છે એમ મેં બતાવ્યું છે.

† પ્રો૰ મેક્ષમૂલર પોતાનાં વેદાન્ત વિષેનો ભાષણોમાં, તથા સાઇકાલોજીકલ રીલીજીઅન નામના ગ્રંથમાં એમ કહે છે. આપણા દેશના કેટલાક સુધારાવાળા એમ માને છે કે વેદધર્મમાં સુધારો કરવા માટે વેદથી કાંઈક જુદા પડીને વેદાન્ત ઉદ્ભવ્યો હતો; એમ છતાં વેદાન્ત જ્યારે વેદધર્મમાં મનાય છે ત્યારે વર્તમાન સમયે બ્રહ્મો, પ્રાર્થના ઇત્યાદિ સમાજ જેવા અમારા યત્નો પણ વેદાનુસારી મનાવાજ જોઈએ. આ અનુમાનમાં જે એમ સ્વીકારી લીધું છે કે વેદાન્ત એ વેદધર્મથી કાંઈક જુદો અને તે ધર્મને સુધારવાનો યત્ન હતો તેજ ખોટું છે. એ પ્રકારે વેદબાહ્ય યત્ન જૈન અને બૌદ્ધ વિના અન્ય થયાજ નથી. વલ્લભ રામાનુજાદિના યત્નો પણ તેવા નથી. એકે પ્રેમદ્વારા અદ્વૈત ઉપદેશ્યો અને જ્ઞાનને સ્થાને ભક્તિનો અવકાશ કર્યો; બીજાએ વિશિષ્ટાદ્વૈત માની ભક્તિ સાથે પ્રાકૃત અર્ચા આદિનો અવકાશ કર્યો. સર્વથા એવા યત્નો વેદવિરુદ્ધ હોવા કરતાં તે તે સમયના અધિકારીઓ માટે યોજાયલા માર્ગમાત્રજ છે એમ માનવું યોગ્ય છે.

પર— અને અપર— બ્રહ્મ એ શબ્દોથી ઉપનિષદોમાં સ્પષ્ટ રીતે સ્વીકારેલો છે. આવો ભેદ માન્યા વિના શાંકરદર્શન કે તત્ત્વદર્શનમાત્રને ઉભા રહેવાનું સ્થાન પણ મળે નહિ. વ્યવહારને અનુભવની શાલારૂપે અને વ્યવહાર પાર જે તત્ત્વદર્શન તેને તે શાલામાં અભ્યાસ કરી પ્રાપ્ત કરવાના પરમ અધિકારરૂપે સ્વીકારાય નહિ તો તત્ત્વની વાત કરવી તેમાં કાંઈજ અર્થ નથી, પરમાર્થ એ શબ્દજ નિરર્થક છે. ત્યારે શંકરે પરાપરનો આ જે ભેદ તે ઉપર સ્પષ્ટ ભાર મૂકી વ્યવહારનો પણ ઉપયોગ સમજાવ્યો, કર્મકાંડ અને મૂર્ત્યાદિપૂજન-પ્રકારોનો મર્મ સ્પષ્ટ કર્યો, અભેદમાં ભેદની આવશ્યકતા જણાવી, અને અનેકમાં એકની સત્યતા સિદ્ધ કરી આપી. અદ્વૈતાત્મદર્શનના ભવ્ય અને અસીમ ઉદ્દેશને હાનિ લગાડયા વિનાજ એમણે આર્યાવર્તના હૃદયમાં પ્રાચીન ભાવનાને નવા સામર્થ્ય સાથે સુસ્થિત કરી, વ્યવહારમાં સતે પરમાર્થના સુખનો માર્ગ બાતાવ્યો, અને તત્ત્વ, નીતિ, ધર્મ અને અનુભવના પરમ અભેદનું ઉત્તમોત્તમ અસ્ખલિત પ્રકાશવાળું દર્શન જગત્‌ને શીખવ્યું.

અપરાવિદ્યા અથવા વ્યવહારને અને વ્યાવહારિક અધિકારાનુસાર પ્રવર્તતા માર્ગોને બહુ વળગી રહેવાથી દુરાગ્રહી કર્મઠતા આવી જાયછે, મીઠી મધુરી દુનીયાં અને તેના આડા અવળા સપાટાનો દુર્ગંધ જીવનમાં ભરાઈ જાયછે. પરાવિદ્યા અથવા વ્યવહારની પારના તત્ત્વમાત્રનેજ વળગી રહેવાથી પ્રતા-રણારૂપ વાચિકવેદાંતમાં અથવા નિકૃષ્ટ તાંત્રિક પ્રયોગો કે એથી પણ નિકૃષ્ટ-તર એવા માંત્રિક ઉપાસનાપ્રકારોમાં પડી જવાય છે. જ્યારે જીવન અને વ્યવહાર, ધર્મ અને શાસ્ત્ર, તેમનાં અપરરૂપમાત્રને પરાવિદ્યાદ્વારાએ જોવાય અને અનુભવાય; જ્યારે વ્યવહારના નાનાત્વમાત્ર (એટલે કે મનુષ્યપ્રવૃત્તિના પ્રદેશમાત્ર)ને જે પરમ તત્ત્વ નિરંતર સ્વરૂપથી સ્વરૂપને વિસ્તારી નામરૂપ-માત્રમાં સ્વરૂપાનુસંધાન પામતુંજ રહેછે તેના ક્રમનાં પગથીયાંરૂપે, તે સ્વરૂપાનુસંધાને પહોચવાની કેળવણીરૂપે અનુભવાય; ત્યારે પરમાર્થના અવાચ્ય અભેદમાં પરાપર સર્વનો વિલય થઈ મૌન આનંદ અનુભવાય છે. 'રાજયોગ' એ નામના મારા એક ગ્રંથને બાર વર્ષ ઉપર 'વેદાન્તનું વ્યાવ-હારિક તત્ત્વ' એવું વ્યાઘાતરૂપ ઉપનામ મેં આપ્યું હતું. તે સમયે જે અનુ-ભવથી આવું વચન કહેવાયલું તે યથાર્થ હતો અને છે એમ ત્યાર પછીના અભ્યાસથી સુદૃઢ થયું છે. અભેદદર્શનની ભાવનાનો આપણે જે વિચાર કરીએ છીએ તેમાં તત્ત્વ અને શાસ્ત્રનો, નીતિ અને ધર્મનો, આત્મા અને અનાત્માનો, ચેતન અને જડનો, બુદ્ધિ અને ઉર્મિનો, ભેદ કરી શકાતો નથી. શિક્ષણ, કલા, રાજ્યતંત્ર, વ્યવહાર, ગૃહ,—મનુષ્યને ઉપયોગી કે રસ આપનારી

જે જે પ્રવૃત્તિ છે તે સર્વનો વિચાર અભેદભાવનાથી તેમને જુદાં પાડીને કદાપિ કરી શકાય નહિ; એ સર્વેમાં એ ભાવનાનું નિગ્રંથન અને નિર્વચન હોવુંજ જોઇએ, એ સર્વેએ એ ભાવનાને પામી અને અનુભવવી જોઇએ,. એ સર્વેએ એ ભાવનાને અનુભવી અનુભવાવવી જોઇએ. મૂલભાવનારૂપ જે સર્વદેશી વ્યાપ્તિરૂપ, સમષ્ટિ તેને સારી રીતે ગૃહો અને ત્યાંથી 'પરામર્શદ્વારા ગમે તે વ્યષ્ટિરૂપ પ્રતિજ્ઞાને' સિદ્ધ કરો. 'આ દર્શન તો સમષ્ટિદર્શન છે. એકદેશી વ્યષ્ટિમાત્રની પ્રતિજ્ઞાથી આરંભ કરી બીજી એકદેશી વ્યષ્ટિ ઉપર જવું અને કાંઈ પણ સત્ય પ્રાપ્ત કર્યા વિના ગુંચવાઇને ઉભા રહેવું એ માર્ગ અત્ર છેજ નહિ; અત્ર તો સર્વદેશી સમષ્ટિ ઉપરથી ગમે તેવી ઇષ્ટ વ્યષ્ટિ ઉપર જવું એ તર્કપદ્ધતિનોજ આદર છે.

આ પ્રકારે વિચારતાં પરમાણુએ પરમાણુ પણ પોતપોતાની એક એક સમષ્ટિ છે. જે સમષ્ટિને તે સંગ્રહતું હશે અને અનુસરતું હશે તે ઉપરથી તેના વ્યષ્ટિસ્વરૂપની પ્રતિજ્ઞા જાણી શકાશે. કોઈ કર્મ, કોઈ એક તર્ક, શ્વાસોચ્છ્‌વાસનું એક ગતાગત પણ અત્ર નિષ્પ્રયોજન કે નિષ્ફલ નથી, વિશ્વવ્યવસ્થાં અકસ્માત્ અને અદૃષ્ટને આધીન નથી, કોઇ પણ સર્વદા સ્થિતિ પામી રહેતું નથી તેમ સર્વદા અસ્થિતિમાંજ રઝળ્યાં કરતું નથી. સ્થિતિ અને ગતિનો અસ્ખલિત નિયમ તેજ કર્મના મહાનિયમરૂપે એક ક્ષણમાત્રમાં, કલ્પનાના એક વિલાસમાત્રમાં, એક જીવનમાં કે અનેક જીવનમાં, પ્રત્યેકને ભાસતા અન્યાયનો ન્યાય કરી આપે છે, ગમે તે ભૂમિકા ઉપર કેવલ નિષ્પ્રયોજન ચેષ્ટારૂપે પ્રયોજેલી ગમે તે પ્રકારની શકિતનો પણ સંગ્રહ કરી રાખી ઉપયોગ લાવી આપેછે. આમ જોતાં પ્રત્યેક વ્યકિતને જે વ્યષ્ટિરૂપે તે રહેછે તેમાં અને તેદ્વારાજ પોતાની સમષ્ટિનો અનુભવ આવેછે; જે જીવન અને જીવનાનુબદ્ધ વ્યવહાર તે ગાળેછે તેમાં અને તેદ્વારાજ તેને જીવનપારની ભાવના અનુગત થાયછે. એકાન્ત કોટડીમાં પેશીને કે જાહેર મંદિરમાં જઇને તમે તમારાં પાપનો પરિતાપ કરો કે પશ્ચાત્તાપનો પોકાર કોઈ દયાલુ ઈશ્વરને કાને પહોચાડો એવું છેજ નહિ. પરમાણુએ પરમાણુ પોતપોતાની કોટડી અને પોતપોતાનું મંદિર પોતપોતામાંજ લેઇને ફરેછે,—જે સમષ્ટિભાવના તેનામાં સંગૃહાઇછે તેમાં, જે વ્યષ્ટિરૂપે તે છે તેમાં, લેઇને ફરેછે; ક્ષણે ક્ષણે તેને આ સમષ્ટિનું પોતાના વ્યષ્ટિસ્વરૂપદ્વારા જે ભાન હોય છે કે થાય છે તેમાં લેઇને ફરેછે. વ્યષ્ટિસ્વરૂપ તેને સર્વદા સમષ્ટિભાવનાથી વિદૂર તાણી જાયછે, સમષ્ટિભાવના તેને સ્વરૂપ ભણી આકર્ષેછે; આવું નિત્ય, કલાકે કલાકે, ક્ષણે ક્ષણે, થાયછે. જે વ્યક્તિ જેવા ઇશ્વરને ભજેછે તેવું ફલ તેને કાલક્રમે કરીને આવી મળેછે.

"સમષ્ટિભાવનામાં અને સમષ્ટિભાવનાદ્વારા જીવનને અનુભવો, અનન્તપરમાર્થની વ્યક્તિરૂપ, વ્યષ્ટિમયતામાં ભરાઇ ન પડો," આવો આ દર્શનની નીતિનો ઉદ્‌ઘોષ છે. હિતોપદેશમાં બાલકોને કહ્યું છે કે 'ભૂતમાત્રને આત્મવત્ અનુભવો.' પ્રવૃત્તિમય, ચંચલ, અને વ્યામોહક એવા જીવનવ્યાપારમાં શાન્તિનો જે આ મધ્યમાર્ગ સ્થાપ્યો છે, તે આત્મબલના વેગનું સંરક્ષણ કરી આપવાના નિયમનું રૂપાન્તરજ છે. પ્રવૃત્તિ કર, અને પ્રવૃત્તિથી કે તેના ફલથી સંબંધ કરીશ નહિ; સ્વાત્માનો ઉપયોગ કર પણ ઉપયોગનો ઘસારો લાગવા દેઈશ નહિ;—એ ઉપદેશ આ ભાવના અનુભવ્યાથી સિદ્ધ થાય છે. આ દર્શનના નીતિમાર્ગની કે ધર્મમાર્ગની કૃતાર્થતા વૈરાગ્યમાં નથી. આ તો કર્મયોગ, કાર્ય કર્મને અનાસક્તિથી કરવાનો માર્ગ, નિઃસ્વાર્થ પરપ્રેમનો અનુભવ છે. જે પ્રેમ આ અભેદદર્શનનો ઈશ્વર છે તે એ ન જાણવો કે જે કોઈ બે વ્યક્તિ એક એકની વિદ્યમાનતાના સુગંધમાં મસ્ત થઈ અમર્યાદ ગાંડાઈ અનુભવે છે ત્યાં જણાય છે. સમષ્ટિભાવનાનું પરિપૂર્ણ દર્શન પ્રત્યેક અને ગમે તે વ્યષ્ટિમાત્રમાં આવિર્ભૂત એવી સમષ્ટિ સાથે અભેદાનુભવ તે છે; અથવા જે સ્વાનુરક્ત સતે સ્વાતિરિક્ત, શાન્ત સતે સર્વદેશી, એવી તૃપ્તિરૂપે મનુષ્યમાત્ર પોતે પોતા ઉપર પ્રેમ દર્શાવે છે તે છે; આ અભેદદર્શનના વેદમંત્રરૂપ જે પ્રેમને આપણે માનીએ છીયે તે એ રૂપે કહી શકાય. ગમે તે નામરૂપધારી એવી પણ આ સમષ્ટિભાવના સાથેનો જે અભેદ તેને ત્યજવો નહિ, અને જે ભૂમિકા ઉપર આપણે પ્રવર્તતા હોઇએ તે ભૂમિકા ઉપર જે સ્વધર્મ મનાતો હોય તે કર્યા જવો, એટલે પરમાર્થતાના અસ્ખલિત નિયમે કરી કૈવલ્ય અથવા મોક્ષના મૌન આનંદમાં કદાપિ વિક્ષેપ આવતો નથી. સમષ્ટિભાવનારૂપ જે આત્મા તે તો સર્વદા વિમુક્તજ છે. ભાવનાનાં મિથ્યા નામરૂપ તેને સ્વરૂપથી વિદૂર ન આકર્ષી જાય તો મોક્ષનો અનુભવ તુરતજ થાય છે, સ્વરૂપ સ્વરૂપનું ઓળખાણ પામી લે છે, અને સ્વરૂપાનુસંધાનનો ક્રમ સમાપ્ત થાય છે. "કર્મફલનો આશ્રય કર્યા વિના કાર્ય કર્મ કર" એટલોજ તાત્ત્વિક બોધ શ્રીકૃષ્ણે પોતાના પ્રિયશિષ્ય અને મિત્ર અર્જુનને કરેલો છે. શંકર અને તેમના અનુયાયીઓએ જે દર્શન ઉપદેશ્યું છે તે પણ એજ બોધને અર્થે છે.

સ્વપ્નમાં આપેલા એક વચનને પાલવા માટે હરિશ્ચન્દ્રે સમૃદ્ધ એવા રાજ્યનો પરિત્યાગ કરી પોતાનાં સ્ત્રીપુત્ર અને છેવટ પોતાની જાતને વેચી, તે આવી ભાવનાના બલથીજ. રામે પોતાની નિર્દોષ પત્નીને હૃદયેથી ચીરી વિદૂર કરી કે પોતાના કુલને અને રાજ્યને એમ ન કરવાથી રખે કોઈ કલંક લાગે તે પણ આવી ભાવનાના બલથીજ. કુરુક્ષેત્રાના રણમાં પોતાના હજારો સંબંધી

અને મિત્રોનો અર્જુને સ્વધર્માચરણ કરતાં સંહાર કર્યો; અનેક ખટપટોમાં સર્વદા રમતા એવા શ્રીકૃષ્ણ પરમયોગેશ્વર મનાય છે અને આખા આર્યાવર્તમાં ઈશ્વરરૂપે પૂજાય છે; એ પણ આવી ભાવનાનુંજ સામર્થ્ય. પ્રતાપ અને શિવાજી કે હજી પહેલી પચીશીની પાર નહિ ઉતરેલી એવી ઝાંસીની રાણી જેવી વીરનારીઓએ આર્યત્વના અભિમાનમાં પ્રાણાર્પણ કર્યું; સમગ્ર રજપૂતપ્રજાએ સ્વધર્મ અને સ્વદેશને અર્થે તૃણવત્ પ્રાણાર્પણ ક્ષણવારમાં કર્યું;–એ બધો આવી ભાવનાનોજ પ્રતાપ. જીવનમાત્ર, આર્યાવર્તમાં જ્યાં જુઓ ત્યાં, આ સમષ્ટિભાવનાના મોવણથી અભિવ્યાપ્ત છે. હાલના 'સુધરેલા જમાના'માં આપણે તે જીવનને અવળે છેડેથી વિલોકીએ છીએ એટલે બધું ઉંધું જણાય છે. સમષ્ટિભાવનાનું ગ્રહણ કરી તે ઉપરથી વ્યષ્ટિનો પરામર્શ કરી લેવાને બદલે આપણે વ્યષ્ટિથીજ આરંભ કરીએ છીએ અને અવ્યવસ્થા, દુઃસ્થિતિ અને અનાચાર વિના કાંઈ દેખતાજ નથી!

અને આ અદ્વૈતાત્મદર્શનનો સિદ્ધાન્ત પણ વારંવાર અસમજથી ધારવામાં આવેછે તેવો અગમ્ય કે વિરોધવાળો નથી. તેમ એ દર્શન થોડાક પંડિતોને માટેજ છે, એકાન્ત અભ્યાસને અર્થેજ છે એમ પણ નથી. ક્ષુદ્રમાં ક્ષુદ્ર બુદ્ધિમાં પણ તે ઉરી શકે એવું છે, ગમે તેવા સમાજમાં પણ એનાથી આનંદવૃદ્ધિ થાય તેમ છે. એટલુંજ આવશ્યક છે કે પ્રત્યેક કાર્ય, પ્રત્યેક શબ્દ, પ્રત્યેક વિચાર, પ્રત્યેક વસ્તુ, પ્રત્યેક અનુભવ તેમાં એ દર્શનની ભાવનાને જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થવી જોઈએ. એવું છે નહિ કે આપણને એથી કોઈ નવું રસાયન પ્રાપ્ત થઈ જશે, કે પદાર્થમાત્રને સુવર્ણ કરી દે તેવો રસ હાથમાં આવી જઈ કીમીયાગરોના તરંગની પ્રત્યક્ષતા થઈ રહેશે. એવા રસાયન કરતાં કોઈ અલૌકિક રસાયન, કોઈ અલૌકિક શાસ્ત્રનું દર્શન થાય તેવી દૃષ્ટિ પ્રાપ્ત થાયછે. પછી સ્પર્શમણિ અને અમરકૂપો તમારા હાથમાંજ છે, કેમકે તમને સમષ્ટિની સુશ્લિષ્ટતાનું અગાધત્વ અનુભવાયછે, અનન્ત જ્ઞાનના મૌનઆશ્ચર્યનો આલ્હાદ થાયછે, જીવન અને પ્રેમનું અભેદમય અદ્વૈત અપરોક્ષ સમજાયછે.

અહંપ્રત્યયના વિષે તો કોઈને પણ સંશય નથીજ; અને એ અહંપ્રત્યયવિષય જે 'હું' તેના પ્રતિના પ્રેમ વિષે તથા તેના પ્રતિના પોતપોતાના કર્તવ્ય વિષે પણ કોઈને સંશય હોઈ શકે નહિં. આ દર્શન એટલુંજ કહેછે કે આવો જે પ્રેમ અને આવું જે કર્તવ્ય તે જેમ એક અહંપ્રત્યય પ્રતિ પ્રવર્તેછે તેમ સર્વ અહંપ્રત્યયો પ્રતિ પ્રવર્તવા દો; આત્મામાત્રની પરમાત્મામાં એકતા અનુભવો. આર્યાવર્તમાં હળ ખેડતો વનવાસી પણ આ વાતને જાણેછે, વિનીત

શાસ્ત્રસંસ્કારવાળા પણ એનું મૂલ્ય સમજે છે, અને વયોવૃદ્ધ એવાં સ્રીપુરુષમાત્ર જીવનનો પાછલો પહોર એ ભાવનાના શ્રવણ, મનન, નિદિધ્યાસનમાં ગળાય તો કૃતાર્થતા માનેછે. આવો જે આ સિદ્ધાન્ત તેને થોડાકમાં વધારે સ્પષ્ટ કરવા યત્ન કરીએ. શંકર પોતાનો અદ્વૈતાત્મવાદ જે અહંપ્રત્યયની અતિનિઃશંક, નિશ્ચિત પ્રતીતિ સર્વને છે તેના ઉપરથી ઉપજાવેછે. એક અહંપ્રત્યયમાં જે ચેતન સ્ફુરેછે તે આખા વિશ્વના અહંપ્રત્યયમાત્રમાં તેનું તેજ સ્ફુરેછે; જે ભેદ અને નાનાત્વ છે તે તો નામરૂપમાત્રથીજ છે, એકરસ એવા આંતર ચેતનના આવિર્ભાવની ઉપાધિકૃત છે. આવું જે એકરસ, વિશુદ્ધ, પ્રત્યગ્ચેતન તેને સત્, બ્રહ્મ, આત્મા, ભૂમા, ઇત્યાદિ નામોથી કહેવાય છે; વાસ્તવિક રીતે તો તે અવાચ્ય, અનિર્વચનીય છે, સર્વ નામરૂપનો નિષેધ કરતાં પણ અવશેષ રહેછે તે છે. આવું જે નિરાકાર, એકરસ, ચેતન તેજ વ્યવહારના કલ્પિત એવા નાનાત્વમાત્રનું અકલ્પિત, સત્ય, વસ્તુ છે; જે કાંઈ અસ્તિપ્રત્યયવેદ્ય છે તેમાંથી એક ભાવાધિગમરૂપ છે; અથવા વધારે સ્પષ્ટ રીતે કહીએ તો અનન્ત એવા બ્રહ્માંડમાં જેટલી જેટલી વ્યષ્ટિ છે કે હોઈ શકે તે સર્વનો સરવાળો દર્શાવવાનું એ એક નામમાત્ર છે. એ જે ચિદ્ભાવના તેનોજ આવિર્ભાવ તે વ્યવહાર અને વ્યવહારનું નાનાત્વ છે; સ્વરૂપથી વિવર્ત પામી સ્વરૂપમાં વિલય પામવા પર્યંતના કલ્પિત વ્યાપારને વ્યવહાર એવું નામ અપાયછે; ચિત્ પોતે સર્વદા, સર્વત્ર સ્વરૂપાનુસંધાન પામ્યાં કરેછે તેનો એ ક્રમ છે. આવા વિવર્ત પામવા અને સ્વરૂપાનુસંધાન પામવું એ ચિત્નો સ્વભાવ છે, અને જે અસીમ સમતાની શાન્તિને મોક્ષ કૈવલ્યાદિ નામોથી કહેવાયછે તે, ચિત્ના વિવર્ત અને અનુસંધાનની મધ્યના પ્રસંગોમાં સર્વદા વિદ્યમાન છે; પ્રત્યેક વ્યષ્ટિ અને પ્રત્યેક કાર્યમાં તે પ્રતિક્ષણ અનુભવાય છે. "ગમે તે લાભ કે હાનિ થાય પણ જે અવિકૃત સ્થિર રહેછે તેજ બ્રહ્મજ્ઞ છે." પ્રવૃત્તિ અને નિવૃત્તિની મધ્યે, જીવન અને મરણની મધ્યે, ભાવ અને અભાવની મધ્યે, કૈવલ્યાનુભવની જે શાન્તિ રહેલી છે તે કેવલ અવાચ્ય, અનિર્વચનીય છે. એ આધાર ને પ્રાપ્ત કરો, એટલે આ પૃથ્વીનો મહાગોલ પણ ઉછાળી નાખી દેવાય તેવું જે મહા ઉચ્ચાલન આર્કિમિડિઝને પ્રાપ્ત થયું હતું તે તમને પ્રાપ્ત થશે.*

---

* સાઈરેક્યુઝમાં આર્કિમિડિઝનો નામનો ગણિતવેત્તા, તત્ત્વજ્ઞ, અને યંત્રશાસ્ત્રનો શોધક એક પંડિત હતો. તે એમ કહેતો કે ઉચ્ચાલન (Lever–લીવર) નામની યાંત્રિક શક્તિમાં એટલું બધું સામર્થ્ય છે કે તેને ટેકાવી શકાય એવો આધાર મને બતાવો તો હું પૃથ્વીના મહાગોલને પણ ખશેડી આપું.

આ ભાવનાને સમજી ત્યારેજ કહેવાય કે જ્યારે એનો અનુભવ થાય; એટલાજ માટે એને વારંવાર સ્વસંવેદ્ય કહે છે, અને એ આનંદને પણ સ્વસંવેદ્ય જણાવવામાં આવે છે. જ્ઞાન અને અનુભવ, સત્તા અને ચિત્, તેનો અભેદજ છે. જે પરમાભેદની મૌન એજ ભાષા છે તેમાં તેમનો સર્વથા અવ્યતિરેક છે. ચિદ્ભાવનાના આ સ્વરૂપ ઉપરથી એટલું સ્પષ્ટ છે કે વિવર્તમાત્ર માયા છે; માયા એટલા માટે કે વિવર્તથી કરીને આત્મા આવરણ પામી સમષ્ટિભાવનાથી વિદૂર વિક્ષિપ્ત થાય છે; પણ તે માયા અભેદથી ભિન્ન એટલા માટે નથી કે વિવર્ત રૂપે પણ સ્વરૂપાનુસંધાનના ક્રમમાં વિલસે છે તો એનું એજ ચેતન. આ રીતે જોતાં પ્રત્યેક વ્યષ્ટિચેતનને (આત્માને) પોત પોતાનું જગત્ હોય છે, તે તેને ગમે તેવું રચી કે ભાંગી શકે છે, એમ કહેવું યોગ્ય છે. એ વાત તો નિત્ય અનુભવમાં પ્રત્યક્ષ છે. જેને આપણે જગત્રૂપે કહીએ છીએ તેમાં જેટલી વ્યષ્ટિઓ છે તેટલાં જગત્ અને જગત્માં પણ જગત્ રહેલાં છે. ભાષાના કોઇ પણ પ્રયાસથી, કલ્પનાના કોઇ પણ વિસ્તારથી, જે સમગ્ર જગત્ છે તેનું લક્ષણ કરી શકાય એમ નથી. પ્રત્યેક વ્યક્તિનું જગત્ વિશાલ અથવા સંકુચિત, સમૃદ્ધ અથવા દરિદ્રી, સુખમય કે દુ:ખમય, પ્રકાશમય કે તિમિરમય, જેવું તે કરે તેવું હોય છે. અને કર્તવ્ય, નીતિ, શિષ્ટાચાર, કીર્તિ, પ્રતિષ્ઠા, વિદ્યા, ઇત્યાદિ નામોથી જે જે ભાવ સૂચિત થાય છે તેમના વિષે પણ આવા કલ્પિત જગત્માં એની એજ વાત સિદ્ધ છે. જેને સમષ્ટિભાવનાનું દર્શન થયું છે તે તો આ બધાને એક નીસરણીરૂપે માને છે, એના ઉપર આત્મા "શનૈ: શનૈ:" સ્વરૂપાનુસંધાને પહોચવા ચઢતો જાય છે, પ્રત્યેક આંટે વધારે વિશાલ દૃષ્ટિમર્યાદા પ્રાપ્ત કરતો જાય છે, પ્રત્યેક પગથિયું ચઢતાં સ્વરૂપની પાસે જતો જાય છે, અને જ્યાં ચક્કર આવી ટકવું પણ કઠિન એવી ટોચે પહોચતાં સ્વાત્માને સર્વ-આત્મામાં અનુભવવાનો મૌન આનંદ ચાખે છે. આ રીતે સમગ્ર જગત્ અત્યંત માયામય છે.

ચેતન આ પ્રકારે વિવર્ત પામે તેમાં વિવર્તસામગ્રી જે પરિચ્છેદ તે તો અર્થાત્ હોયજ. દેશ, કાલ, વસ્તુ એ ત્રણ પરિચ્છેદ થવા એજ વિવર્તનું તત્ત્વ છે, અને ચેતનને વિવર્તતું માનવાની સાથેજ એ ત્રણે પરિચ્છેદ મનાઈજ રહે છે. જે ચેતન તે તો પરિચ્છેદાતીત, અપરિચ્છિન્નજ છે. જગત્માત્ર આ પરિચ્છેદની માયાજાલ છે, એટલે એ પ્રદેશમાં જે કાંઈ તે કાર્યકારણના અર્થાત્ કર્મના નિયમને આધીન છે, પરંતુ કાલાતીત, દેશરહિત, અકારણ એવો જે ચિદ્ભાવ તેતો સર્વદા માયા રહિત હોઇ વિમુક્તજ છે. તે પોતાનું વિશ્વ સૃજવા કે સંહરવા સમર્થ અને સ્વતંત્ર છે, સ્વરૂપાનુસંધાન પામવા કે સ્વરૂપાનુસંધાને લઈ

જનાર વ્યવહારરૂપી નીસરણીના કોઈ પગથીયા ઉપર ઘડી વાર વિરમવા, વિહરવા સ્વતંત્ર છે.

સુખ અથવા આનંદ તે પણ સ્વરૂપાનુસંધાનમાંજ છે, વ્યક્તિમાત્ર પોતાનુંજ પ્રતિબિંબ પ્રાપ્ત કરીને કે ન પ્રાપ્ત કરીને સુખી અથવા દુઃખી થાય છે. તેના પોતાનામાં જે હોય તેનેંજ તે ઇચ્છે છે, તેના પોતાનામાં પ્રેમ હોય તેવો પ્રેમ અન્યત્ર કરે છે, અને જ્યાં તેને આનંદ આવે છે ત્યાં પોતાની ભાવનાનું, પોતાના આત્માનું, પ્રતિબિંબ જોઈ તે આનંદ પામે છે. પોતાના સ્વ-રૂપ-(આત્મા)ની ભાવનાને અવાચ્ય સમષ્ટિભાવના પર્યંત વિસ્તારવાને પ્રત્યેક વ્યક્તિ સમર્થ અને સ્વતંત્ર છે. દુઃખ, કલેષ, ભય, શંકા, કાર્પણ્ય, ઇત્યાદિનો જન્મ તેની પોતાની કલ્પનામાંથીજ થાય છે, વ્યક્તિના સ્વાત્માનો પરમાત્મા સાથે, સમષ્ટિ સાથે, ચેતનમય અભેદ અનુભવવો એજ જીવનનાં હેતુ અને ફલ છે. એમ ન થાય ત્યાં સુધી પ્રકૃતિના જે બંધથી ચેતન ભિન્નવત્ ભાસે છે. અને રાગદ્વેષ, મત, વિચાર, આદિ જે જે કલેષો જગતૂનાં સુખ અને શાન્તિમાં વિક્ષેપ પાડે છે, તે બંધના અધ્યાસમાં તો કશી શાન્તિનો અવકાશ નથી. પરમપુરુષાર્થ તે સ્વરૂપાનુસંધાન છે, અને વ્યવહાર—માયારૂપ એવો મિથ્યા-વ્યવહાર—પણ તે સ્વરૂપાનુસંધાનના ક્રમની આવશ્યક કેળવણીરૂપ છે. તમારા આત્માને કલ્પિત એવા ધર્મ અને ઉપાધિમાત્રથી શુદ્ધ કરો, પરિચ્છેદમાત્રની પાર તેને ઉપાડી લો, સંબંધમાત્રની પાર મૂકો,—આમ વ્યવહારના અનુભવો-માંથીજ તે કેળવણી પામો કે જેથી સ્વરૂપાનુસંધાન થઇ રહે. પછી તમારા રક્તાશયનો વેગ વિશ્વના રક્તાશયના વેગને અનુરૂપ થઈ જશે, વિશ્વના હૃદય સાથે તમારા હૃદયની એકતા થશે, અને "સર્વ ભૂત મારામાં અને હું સર્વ ભૂતમાં*" એ અનુભવ તમને આવશે; "પછી તે સર્વ લોકને પામી શકે છે, તે સમ્રાટ્ છે.†" ઉદ્દાલકે વ્યાવહારિક જ્ઞાનપ્રાપ્તિથી ઉદ્ધત થઈ ગયેલા પોતાના પુત્રને તેજ સત્ય શીખવ્યું છે કે જેથી એકજ્ઞાને સર્વજ્ઞાન અનુભવાય. સમષ્ટિભાવનાનો સર્વરૂપે અનુભવ થયો કે વ્યષ્ટિમાત્ર સ્વરૂપમાં સમાયલી અનુભવાય છે. વ્યવહારમાં ઈર્ષ્યા અને દ્વેષનો જે કાંટો છે તે નીકળી જાય છે. બૃહદારણ્યકમાં કહ્યું છે તેમ આત્મા સૈન્ધવખિલ્યની પેઠે અભેદસમુદ્રમાં એવો ઓગળી જાય છે કે પુનઃ તેનું ઓળખાણ પણ પડતું નથી. પ્રત્યેક સત્તા અને વસ્તુ, પ્રત્યેક વિચાર અને કર્મ, સર્વમાં અભેદાનુભવ પામવાની દૃષ્ટિ સાથે જે આનંદ ઉદ્ભવે છે તે કેવલ અવર્ણ્ય છે, અમાપ છે, અનન્ત છે. હાથચાલાકી જેવા

---

* ભગવદ્ગીતા. † બૃહદારણ્યક.

સામાન્ય જાદુના પ્રયોગો જોતાં પણ આપણને સાશ્ચર્ય વિનોદના કોઈ વિલક્ષણ આભાસનો ક્ષણવાર અનુભવ થાય છે, તો જે જાદુથી માયાનો વિલય ભૂમાના અવર્ણ્ય પરમાભેદમાં થઇ જાય તેના આનંદની મર્યાદા કેવા ગભીર મૌનમાં વિરમવી જોઇએ.

આવા સ્વરૂપાનુસંધાનનું સાધન વિચાર વિના અન્ય નથીજ. કર્મકાંડ ઉપાસના આદિની વ્યવસ્થા, યોગને નામે ચાલતા શરીરની કસરતોના પ્રકાર, એ સર્વ તો આ ભાવનાનું અવધારણ કરવાને અસમર્થ એવા જિજ્ઞાસુને જ્ઞાન અને વિચારનો માર્ગ કરી આપે છે. સાધનચતુષ્ટયસંપન્ન થઈ, શ્રવણ મનન નિદિધ્યાસનૢ ક્રમે, વિચાર કરતાં તત્ત્વનું દર્શન એક સૂચનમાત્રથી થઈ જાય છે, કોઈ શબ્દમાત્રથી ધ્વનિત થાય છે, આકસ્મિક વચનમાત્રથી વ્યાપી રહેછે, કોઈ ગ્રંથ કે ગુરુના પ્રેમપ્રબોધથી આવી જાયછે, तत्त्वमसि એવા શબ્દબોધારૂઢ વૃત્તિમાં ઝટ સ્ફુરી જાયછે. યાજ્ઞવલ્કય કહેછે "જેવો ક્રતુ* કરે તેવો પુરુષ થાયછે." સ્વચ્છ અંતઃકરણની પ્રેમભૂમિકામાં ભૂમાનું પ્રતિબિંબ પડેછે, અને પ્રબુદ્ધ જ્ઞાનીને સ્વરૂપાનુસંધાન પામ્યાનું પણ પછી સ્મરણ રહેતું નથી. તેની પ્રવૃત્તિમાત્ર કર્તા કરણના અનુસંધાન વિના સાહજિક થઈ રહેછે, તે નિઃશંક, નિર્ભ્રાન્ત, અભય થઈ જાયછે; "ભૂત ભાવિ કશાનો વિચાર ન કરતા હસતે વદને વર્તમાનનો તે નિર્વાહ કરેછે" એમ વસિષ્ઠે પોતાના પ્રિય શિષ્ય રામને બોધ કર્યો છે. શંકા અને ભય એજ તત્ત્વદર્શનમાત્રનું મરણ છે, ઉચ્ચ ભાવના, નિઃસ્વાર્થ કર્તવ્ય તેનો ધ્વંસ છે. જે ભવ્ય પ્રાસાદોને તેણે ધૂલ ભેગા કર્યા છે તેને સ્થાને એક કણ પણ અદ્યાપિ શંકા અને અશ્રદ્ધાએ ઉપજાવ્યાં નથી. "અજ્ઞ, અશ્રદ્ધાવાન્ અને સંશયાત્મા અવશ્ય વિનાશ પામેછે" એમ શ્રીકૃષ્ણ વદેછે; અને બ્રહ્મદર્શનના ગુહ્યાગારમાં પહોચ્યાની પરમપ્રસાદી એજ છે કે બુદ્ધિજન્ય એવાં શંકા અને ભયમાત્રનો અત્યંત અસ્ત થઈ જવો.

જનસમૂહ માટે ઉદ્દિષ્ટ એવા આ ગ્રંથના વિષયને સમજવાને અર્થે શાંકર દર્શનના આટલા સામાન્ય વિવેચન કરતાં વધારેની અપેક્ષા નથી. અધિક જાણવાની જિજ્ઞાસાવાળાને અન્યત્ર તે મળી શકશે. આ વિષયનું શાસ્ત્ર પરિભાષા અને સંપ્રદાયાનુસારરૂપ બદલી નાખવા મેં યત્ન કર્યો છે, અને કેટલાક પંડિતંમન્ય વેદાન્તીઓ એવી છૂટને સહન નહિ કરી શકે તથાપિ મારું નમ્રમત એવું છે કે અર્વાચીન જ્ઞાનસામગ્રીના પ્રકાશમાં ધરી શકાય કે

---

* ક્રતુ એટલે ભાવના.

સમજી શકાય તેવું કરવા માટે અદ્વૈતને તેનો ખાસ વેષ ધારણ કરાવવાની આવશ્યકતા રહે તો તે મહાદુર્ભાગ્ય ગણાય. એમ થવાથી એની સર્વમયતા અને તે દ્વારા એનો આપણા અને જગતના હૃદયમાં પ્રવેશ પામવાનો જે હક તેનો ભંગજ થાય. આવા પંડિતો જે શ્રીશંકર ભગવાન્ કહેછે તેમ "બ્રહ્મવાર્તામાં કુશલ હોઈ વૃત્તિહીન અને સુરાગી હોય છે" તેમણે—અદ્વૈતાત્મદર્શનનાં ઉપર, પ્રેમ, મૃદુતા, દયા, સમતા, સર્વમયતા, આદિ ભાવથી રહિત થઈ તેમના શુષ્ક અંતઃકરણમાંથી નીકળી આવતા શબ્દોનો ભાર ભરી એ દર્શનને અપ્રિય કરી નાખ્યું છે. શંકરે અભેદપ્રેમ, પ્રવૃત્તિમય સરલ જીવન, અને સમષ્ટિભાવનાની મૌન શાન્તિમાં નિત્ય વિરામ, એજ ઉપદેશેલું છે.

આ દર્શન અને જે પ્રકારે શંકરે તેને પોતાના સમયના પ્રશ્નો ઉપર લાગુ કર્યું તે ઉભય આર્યાવર્તનાં તારનાર ઠરેલાં છે. આખા વિશ્વને પણ તેજ તારશે. સહૃદય વાચકે આ લઘુ સંક્ષેપમાંથી, હવે પછીનાં પત્રોમાં આવતા વિષયનું ગ્રહણ, ચર્વણ, અને પાચન કરવા જેટલું પ્રાપ્ત કર્યું હશે તો મને વિશ્વાસ છે કે તે આ સંગ્રહને કદાપિ મૂકશે નહિ એટલુંજ નહિ પણ પ્રતિદિવસ પ્રાતર્ કે સાયાન્હ નો એકાદ શાન્ત કલાક એના ગંભીર મનનમાંજ અવશ્ય ગાળશે. મેં પોતે એમ કરેલું છે, અને એમ કરવાથી મને જે અગાધ લાભ થયોછે તેને લીધેજ હું મારા બન્ધુઓને આ આત્મોન્નતિકારક અધ્યયન ઉપર લક્ષ કરવા આતુરતાથી આગ્રહ કરું છું.

મ. ન. દ્વિવેદી.

પંચશતી.

(કેવલાદ્વૈત સંબંધી પાંચ સો વચનોનો સંગ્રહ.)

૧.–ઉપોદ્ઘાત.

૧.

જેથી વૃત્તિમાત્ર ઉદ્ભવેછે, અને જેથી શમેછે, તેવા નિત્યજ્ઞાનરૂપ અને બુદ્ધિસાક્ષી આત્માને નમસ્કાર.*

ઉપદેશસાહસ્રી.

૨.

શિષ્યના વિત્તને હરણ કરનારા અનેક ગુરુ છે; શિષ્યના સંતાપને હરનારા એક શંકરને વંદન કરૂંછું.†

પ્રાસ્તાવિક.

---

* येनात्मना विलीयन्त उद्भवन्ति च वृत्तयः ।
नित्यावगतये तस्मै नमो धीप्रत्ययात्मने ॥

उपदेशसाहस्री.

† गुरवो बहवः सन्ति शिष्यवित्तापहारिणः ।
तमेकं शङ्करं वन्दे शिष्यसन्तापहारिणम् ॥

प्रास्ताविकः

૩.

કોટિ ગ્રંથોમાં કહ્યુંછે તે શ્લોકાર્ધમાં કહું કે બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે, જીવ બ્રહ્મજ છે અન્ય નથી.*

પ્રાસ્તાવિક.

૪—૮

કર્મથી દેહયોગ થાયછે, દેહયોગથી પ્રિયાપ્રિય થાયછે, ને તેથી રાગદ્વેષ થતાં પુનઃ કર્મ પ્રવર્તે છે; તેથી ધર્મ અધર્મ ઉત્પન્ન થાયછે, ને અજ્ઞાનીને પુનઃ દેહયોગ પ્રાપ્ત થાયછે;—એમ નિત્યપ્રવૃત્ત ચક્રવત્ સંસાર વિસ્તરેછે. એનું મૂલ અજ્ઞાન છે માટે તેનો નાશ ઇષ્ટ છે, ને તે અર્થે બ્રહ્મવિદ્યાનો આરંભ છે, તેથીજ નિઃશ્રેયસ છે. વિદ્યાજ અજ્ઞાનનાશ કરી શકેછે, અજ્ઞાનનો એક ભાગ જે કર્મ તે નથી કરી શકતું. અજ્ઞાનના નાશ વિના રાગદ્વેષનો ક્ષય થતો નથી; માટે અજ્ઞાનનાશાર્થે, સંસારનિવૃત્તિને અર્થે, અને બ્રહ્મવિદ્યા કથવાને અર્થે, આ ઉપનિષદ્નો આરંભ છે.†

ઉપદેશસાહસ્રી.

---

* श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ॥

प्रास्ताविकः

† कर्माणि देहयोगार्थं देहयोगे प्रियाप्रिये ।
ध्रुवे स्यातां ततो रागो द्वेषश्चैव ततः क्रियाः ॥
धर्माधर्मौ ततोऽज्ञस्य देहयोगस्तथा पुनः ।
एवं नित्यप्रवृत्तोऽयं संसारश्चक्रवद्भृशं ॥
अज्ञानं तस्य मूलं स्यादिति तध्धानमिष्यते ।
ब्रह्मविद्यात आरब्धा ततो निश्रेयसं भवेत् ॥
विद्यैवाज्ञानहानाय न कर्माप्रतिकूलतः ।
नाज्ञानस्याप्रहाणे हि रागद्वेषक्षयो भवेत् ॥
तस्मादज्ञानहानाय संसारविनिवृत्तये ।
ब्रह्मविद्याविधानाय प्रारब्धोपनिषत्त्वियं ॥

उपदेशसाहस्री.

૯—૧૨.

ઇંદ્રિયો પોતપોતાના શબ્દાદિ વિષય પ્રાપ્ત કરે તેથી કાંઈ સુખ ઉપજતું નથી, માત્ર મનના ઔત્સુક્યની ક્ષણ વાર નિવૃત્તિ થાયછે. અર્થાત્ વિષયોમાંથી મનુષ્યને સુખ થનાર નથી, ભ્રાંતિ પામેલા લોકો માત્ર દુઃખને વિષે સુખ કલ્પી લેછે. મનુષ્યને જન્મ, મરણ, અને અલ્પતા એવા જે દોષો પ્રાપ્ત થાય છે તે વિષયજન્યછે, એટલે જેનું એવું ફલ છે તેવા વિષયોને વિષે ધીમાન્‌ને સુખબુદ્ધિ કેમ થાય? ત્યારે કોઈ પણ સ્થાને, કોઈ પણ પ્રકારે, કોઈ પણ સુખનો સંભવ નથી ;—અહો! સત્, ચિત્, આનંદ એવા આત્મરૂપ હું શા પ્રકારે થાઉં ? *

આત્મપુરાણ.

૧૩.

દેવનું જ્ઞાન થયાથી સર્વ પાશની હાનિ થાયછે, ક્લેશમાત્ર ક્ષીણ થતાં જન્મ મૃત્યુ નિવૃત્ત થાયછે.†

શ્વેતાશ્વતરોપનિષત્.

---

* एवं शब्दादिलाभेऽपि सुखं नैव प्रजायते ।
किन्तु स्वात्मन औत्सुक्यनिवृत्तिः स्यात्क्षणं नृणाम् ॥
ततो न जायते किञ्चित्सुखं विषयतो नृणाम् ।
किन्तु दुःखेषु सुखधीः क्रियते भ्रान्तबुद्धिभिः ॥
जनिनाशाल्पताद्याश्च दोषा विषयजा नृणाम् ।
फले तस्मिन् कथं नाम सुखधीर्धीमतो भवेत् ॥
ततो न जायते किञ्चित् सुखं क्वापि कथञ्चन ।
आनन्दात्मा ततोऽहं स्यां सत्प्रकाशैकरूपवान् ॥

आत्मपुराणम्.

† ज्ञात्वा देवं सर्वपाशापहानिः । क्षीणैः क्लेशैर्जन्ममृत्युप्रहाणिः ॥

श्वेताश्वतरोपनिषत्.

૧૪.

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, અગ્નિ, રવિ, ચંદ્ર, ઈંદ્ર, વાયુ, યમ, ઇત્યાદિ પરિકલ્પનાથી, એક સત્ ને, બુદ્ધિના ભેદે કરીને, અનેક પ્રકારે કહે છે, તે, સંસારરૂપી-અંધકારના નાશ કરનાર હરિને સર્વ રીતે નમુંછું.*

હરિમીડેસ્તોત્ર.

૨.—બ્રહ્મ.

૧૫—૧૬.

જેના લાભથી અન્ય લાભ નથી, જેના સુખથી અન્ય સુખ નથી, જેના જ્ઞાનથી અન્ય જ્ઞાન નથી, તે બ્રહ્મ છે એમ જાણવું. જેના દર્શન પછી અન્ય દર્શન નથી, જે થયા પછી પુનઃ થવાનું નથી, જે જાણ્યા પછી અન્ય જાણવાનું નથી, તે બ્રહ્મ છે એમ જાણવું.†

આત્મબોધ.

---

* ब्रह्मा विष्णू रुद्रहुताशौ रविर्चंद्रा
विंद्रो वायुर्यश इतीत्थं परिकल्प्य ।
एकं संतं यं बहुधाहुर्मतिभेदा
त्तं संसारध्वान्तविनाशं हरिमीडे ॥

हरिमीडेस्तोत्रम्.

† यल्लाभान्नापरो लाभो यत्सुखान्नापरं सुखं ।
यज्ज्ञानान्नापरं ज्ञानं तद्ब्रह्मेत्यवधारयेत् ॥
यद्दृश्यान्नापरं दृश्यं यद्भूत्वा न पुनर्भवः ।
यज्ज्ञात्वा न परं ज्ञेयं तद्ब्रह्मेत्यवधारयेत् ॥

आत्मबोधः

૧૭.

આ પૂર્ણ છે, પેલું પૂર્ણ છે;—પૂર્ણથી પૂર્ણ થાય છે, પૂર્ણનું પૂર્ણ લેઈ લેવાથી પૂર્ણજ રહેછે.*

ઈશોપનિષત્.

૧૮.

નિત્યમાં નિત્ય છે, ચેતનમાં ચેતન છે, બહુમાં એક હોઈ સર્વ કામનો ઉપજાવનાર છે; સાંખ્ય અથવા યોગથી અધિગત થવા યોગ્ય તે કારણરૂપ દેવના જ્ઞાનથી સર્વપાશથી મુકત થવાયછે.†

શ્વેતાશ્વતરોપનિષત્.

૧૯.

જે પૂર્વથી બ્રહ્માને કરેછે ને તેને વેદ આપેછે તેવા આત્મબુદ્ધિપ્રકાશ દેવને હું મુમુક્ષુ શરણે જાઉં છું.‡

શ્વેતાશ્વતરોપનિષત્.

---

* पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

ईशोपनिषत्.

† नित्यो नित्यानां चेतनश्चेतताना
मेको बहूनां योविदधाति कामान् ।
तत्कारणं साङ्ख्ययोगाधिगम्यं
ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥

श्वेताश्वतरोपनिषत्.

‡ यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।
तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणं प्रपद्ये ॥

श्वेताश्वतरोपनिषत्.

૨૦.

સર્વથા પ્રભારૂપ એવા સૂર્યમાં દિવસ નથી કે રાત્રી નથી, તેમ સર્વથા બોધરૂપ આત્મામાં જ્ઞાન નથી કે અજ્ઞાન નથી.*

ઉપદેશસાહસ્રી.

૨૧.

જે અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અવ્યય, અરસ, અગન્ધ, નિત્ય, અનાદિ, અનંત, મહતૂથી પણુપર, ધ્રુવ, છે તેના જ્ઞાને કરીને મૃત્યુમુખથી મુક્ત થવાય છે.†

કઠોપનિષત્.

૨૨—૨૩.

ત્યાં ચક્ષુની ગતિ નથી, વાણીની ગતિ નથી, મનની ગતિ નથી, અમે તેને જાણુતા નથી, તેમ શી રીતે તે જણુવાય તે પણ જાણુતા નથી, વિદિતથી તે અન્ય છે તેમ અવિદિતથી અધિક છે;—જેમણે અમને પૂર્વે એ સમજાવ્યું તેમની પાસેથી અમે આવું સાંભળ્યું છે.‡

કેનોપનિષત્.

---

* नाहोरात्रे यथा सूर्ये प्रभारूपाविशेषतः ।
बोधरूपाविशेषान्न बोधाबोधौ तथात्मनि ॥

उपदेशसाहस्री.

† अशब्दमस्पर्शमरूपमव्ययं तथारसन्नित्यमगन्धवच्च यत् ।
अनाद्यनन्तम्महतः परन्ध्रुवं निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ॥

कठोपनिषत्.

‡ न तत्र चक्षुर्गच्छति नवाग्गच्छति नामनो ।
न विद्मो न विजानीमोयथैतदनुशिष्यात् ॥
अन्यदेव तद्विदितादथोविदितादधि ।
इति शुश्रुम पूर्वेषां ये नस्तद्व्याचचक्षिरे ॥

केनोपनिषत्.

૨૪.

જેનાથી આ ભૂતમાત્ર જન્મે છે, જન્મ્યા પછી જીવેછે, જેમાં પ્રવેશ પામી વિલીન થાયછે, તેની જિજ્ઞાસા કર;—તેજ બ્રહ્મ.*

તૈત્તિરીયોપનિષત્.

૨૫—૨૬.

જનક રાજાને યાજ્ઞવલ્કયે કહ્યું :—જ્યાં અન્ય જેવું હોય ત્યાં અન્ય અન્યને દેખે, અન્ય અન્યને સુંઘે, અન્ય અન્યને ચાખે, અન્ય અન્યને વદે, અન્ય અન્યને સુણે, અન્ય અન્યને મનમાં આણે, અન્ય અન્યને સ્પૃશે, અન્ય અન્યને જાણે. પણ જે દ્રષ્ટા તે સ્થિર જલ (ની પેઠે) એકાકાર એક અદ્વૈત છે; એજ બ્રહ્મલોક છે, સમ્રાટ્ છે, એજ પરમ ગતિ છે, એજ પરમ સમ્પત્ છે, એજ પરમલોક છે, એજ પરમ આનંદ છે, એ આનંદની એક માત્રાથીજ ભૂતમાત્રં આનંદ માણેછે.†

બૃહદારણ્યકોપનિષત્.

---

* यतोवा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति तद्विजिज्ञासस्व । तद्ब्रह्म ॥

तैत्तिरीयोपनिषत्.

† यत्रवाऽन्यदिव स्यात्तत्राऽन्योऽन्यत्पश्येदन्योऽन्यज्जिघ्रेदन्योऽन्यद्रसयेदन्योऽन्यद्वदेदन्योऽन्यच्छृणुयादन्योऽन्यन्मन्वीतान्योऽन्यत्स्पृशेदन्योऽन्यद्विजानीयात् ॥

सलिलएकोद्रष्टाद्वैतोभवत्येष ब्रह्मलोकः सम्राडितिहैनमनुशशास याज्ञवल्क्य एषास्य परमागतिरेषास्यपरमा सम्पदेषोऽस्य परमोलोक एषोऽस्यपरमआनन्द एतस्यैवानन्दस्यान्यानिभूतानि मात्रामुपजीवन्ति ॥

बृहदारण्यकोपनिषत्.

૨૭—૨૮.

અત્ર પિતા અપિતા છે, માતા અમાતા છે, લોક અલોક છે, દેવ અદેવ છે, વેદ અવેદ છે, સ્તેન અસ્તેન છે, ભ્રૂણહા અભ્રૂણહા છે, ચાંડાલ અચાંડાલ છે, પૌલ્કસ અપૌલ્કસ છે, શ્રમણ અશ્રમણ છે, તાપસ અતાપસ છે;—પુણ્ય કે પાપ કશાનો ત્યાં સ્પર્શ નથી; ત્યાં હૃદયના સર્વ કામથી તરી જવાય છે. એ નથી જોતું એમ નથી, જોતાં પણ નથી જોતું; દ્રષ્ટાની દૃષ્ટિનો વિપરિલોપ થતો નથી, કેમકે અવિનાશી છે; પોતાથી અન્ય કાંઈ છેજ નહિ, કે જેને પોતાથી ભિન્ન જુવે.*

બૃહદારણ્યકોપનિષત્.

૨૯.

એ ઉપરથી એવોજ આદેશ છે કે "આ તે નથી", "આ તે નથી" ઈત્યાદિ.†

બૃહદારણ્યકોપનિષત્.

૩૦.

જે ભૂમા તેજ સુખ; અલ્પમાં સુખ નથી, ભૂમાજ સુખછે; આ ભૂમાની જિજ્ઞાસા કરવી.‡

છાન્દોગ્યોપનિષત્.

---

* अत्र पितापिताभवति मातामाता लोकाअलोका देवाअदेवा वेदाअवेदा अत्र स्तेनोऽस्तेनोभवति भ्रूणहाभ्रूणहा चाण्डालोऽचाण्डालः पौल्कसोऽपौल्कसः श्रमणोऽश्रमण स्तापसोऽतापसोऽनन्वागतं पुण्येनानन्वागतं पापेन तीर्णो हि तदासर्वाञ्छोकान् हृदयस्य भवति ॥

यद्वै तन्नपश्यति पश्यन्वैतन्नपश्यति । न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपोविद्यतेऽविनाशित्वान्नतुतद्द्वितीयमस्ति ततोऽन्यद्विभक्तंयत्पश्येत् ॥

बृहदारण्यकोपनिषत्.

† अथात आदेशो नेतिनेतीति ॥

बृहदारण्यकोपनिषत्.

‡ यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखं भूमा त्वेव विजिज्ञासितव्यः ॥

छान्दोग्योपनिषत्.

૩૧.

જ્યાં અન્યનું દર્શન નથી, અન્યનું શ્રવણ નથી, અન્યનું જ્ઞાન નથી, તે ભૂમા; જ્યાં અન્યનું દર્શન છે, અન્યનું શ્રવણ છે, અન્યનું જ્ઞાન છે, તે અલ્પ. ભૂમા તેજ અમૃત, અલ્પ તે મર્ત્ય. તે (ભૂમા) ની પ્રતિષ્ઠા, હે ભગવન્! શાને વિષે છે? સ્વમહિમામાં, અથવા તેમાં પણ નહિ.*

છાન્દોગ્યોપનિષત્.

૩૨.

અત્રથી આત્માદેશ છે. આત્મા નીચે છે, આત્મા ઉપર છે, આત્મા પશ્ચિમે છે, આત્મા પૂર્વે છે, આત્મા દક્ષિણે છે, આત્મા ઉત્તરે છે, આ સર્વ આત્માજ છે. આ જે એમ દેખે છે, એમ માને છે, એમ જાણે છે, તે આત્મરતિ થાય છે, આત્મક્રીડ† થાય છે, આત્મમિથુન થાય છે, આત્માનંદ થાય છે; તે સ્વરાટ્ થાય છે, સર્વ લોકને વિષે તેનો કામચાર થાય છે. જે આ કરતાં અન્ય રીતે જાણે છે તે અન્યરાજા (ને સ્વીકારે) છે, ક્ષયશીલ લોક (ને ઉપાસે) છે, તેમનો સર્વ લોકને વિષે કામચાર થતો નથી.‡

છાન્દોગ્યોપનિષત્.

---

* यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा अथ यत्रान्यत्पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पं यो वै भूमा तदमृतमथ यदल्पं तन्मर्त्यं स भगवः कस्मिन् प्रतिष्ठित इति स्वे महिम्नि यदि वा न महिम्नीति ॥

छान्दोग्योपनिषत्.

† આત્માનીજ સાથે ક્રીડા કરનાર, ક્રીડાવિષય અને ક્રીડા તે પણ આત્માને આત્માજ. આત્મમિથુન એટલે પણ આત્મા એજ જેને મિથુન નામ અન્ય એવું, જે જોઈએ તે છે, એવો.

‡ अथात आत्मादेश एवात्मैवाधस्तादात्मोपरिष्टादात्मा पश्चादात्मा पुरस्तादात्मा दक्षिणत आत्मोत्तरत आत्मैवेदं सर्वमिति स वा एष एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरतिरात्मक्रीड आत्ममिथुन आत्मानन्दः स स्वराड्भवति तस्य सर्वेषु लोकेषु कामचारो भवति अथ येऽन्यथाऽतोविदुरन्यराजानस्ते क्षय्यलोका भवन्ति तेषां सर्वेषु लोकेष्वकामचारो भवति ॥

छान्दोग्योपनिषत्.

૩૩—૩૫.

જે પુરુષ* સુપ્તમાં જાગ્રત્ છે, અને વિવિધ કામનું નિર્માણ કર્યાં જાય છે, તેજ શુદ્ધ બ્રહ્મ છે, તેજ અમૃત કહેવાય છે, લોકમાત્ર તેમાંજ આશ્રિત છે, તેનાથી પાર કશું નથી. એજ તે. એક અગ્નિ સર્વભુવનમાં પ્રવેશ કરી રૂપે રૂપે તે રૂપાનુસાર થાય છે, તેમ એક એવો સર્વભૂતાન્તરાત્મા રૂપે રૂપે રૂપાનુસાર થાય છે, છતાં તેથી બાહ્ય છે. સર્વ લોકનો ચક્ષુ સૂર્ય ચાક્ષુષ એવા બાહ્ય દોષથી લેપાતો નથી, તેમ એક એવો સર્વભૂતાન્તરાત્મા (સર્વથી) બાહ્ય (છે, ને) લોકદુઃખથી લેપાતો નથી.†

કઠોપનિષત્.

૩૬—૩૮.

કર્તા, ક્રિયા, અને પરસ્પરથી ભિન્ન એવા વિષયો, સર્વને, એક યત્નથીજ સ્ફુરિત કરી લે છે તેજ અત્ર ચિન્મય સાક્ષી છે. જોઉં છું, શ્રવણ કરૂં છું, ગંધ લેઉં છું, સ્વાદ લેઉં છું, સ્પર્શ કરૂં છું, એમ સર્વને,' તે, નૃત્યશાલાસ્થિત-દીપની પેઠે, ભાસે છે. નૃત્યશાલાસ્થિતદીપ પ્રભુ, સભ્ય, નર્તકી, સર્વને સમાન રીતે દીપાવે છે, ને તેમના અભાવેપણ દીપ્યાંજ કરે છે.‡

પંચદશી.

---

* પુરુષશબ્દ આત્મવાચક જાણવો. સાંખ્યપરિભાષાનુસાર પ્રયોગ સમજવો.

† य एष सुप्तेषु जागर्ति कामं कामं पुरुषो निर्मिमाणः ।
तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते ।
तस्मिँल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन ॥ एतद्वै तत् ॥
अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥
सूर्यो यथा सर्वलोकस्य चक्षुर्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।
एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः ॥

कठोपनिषत्.

‡ कर्तारं च क्रियां तद्वद् व्यावृत्तविषयानपि ।
स्फोरयेदेकयत्नेन योऽसौ साक्ष्यत्र चिद्वपुः ॥

૩૯.

દૃષ્ટિના દ્રષ્ટાને દેખનાર નથી, શ્રવણના શ્રવણ કરનારનું શ્રવણ કરનાર નથી, મનના માનનારને માનનાર* નથી, વિજ્ઞાનના જાણનારને જાણનાર નથી, એજ તારો આત્મા છે, જે સર્વના અંતરમાં છે. એથી અન્ય મિથ્યા છે.†

બૃહદારણ્યકોપનિષત્.

૪૦.

દર્પણમાં જોયા વિના તદન્તસ્થનું દર્શન થતું નથી, તેમ સચ્ચિદાનંદને માન્યા વિના નામરૂપબુદ્ધિ થવાનો સંભવ નથી.‡

પંચદશી.

ईक्षे शृणोमि जिघ्रामि स्वादयामि स्पृशाम्यहम् ।
इति भासयते सर्वं नृत्यशालास्थदीपवत् ॥
नृत्यशालास्थितो दीपः प्रभुं सभ्यांश्च नर्तकीम् ।
दीपयेदविशेषेण तदभावेऽपि दीप्यते ॥

पञ्चदशी.

* માનવું એટલે સમજવું એ અર્થે અત્ર આ શબ્દ વાપર્યો નથી. માનવું એટલે મનોવ્યાપાર કરવો, મનથી જાણવું. એજ અર્થ ૪૪–૪૮ માં પણ જાણવો.

† न दृष्टेर्द्रष्टारं पश्येर्न श्रुतेः श्रोतारं शृणुया न मतेर्मन्तारं मन्वीथा न विज्ञातेर्विज्ञातारं विजानीथा एष त आत्मा सर्वान्तरोऽतोऽन्यदार्तम् ॥

बृहदारण्यकोपनिषत्.

‡ अदृष्ट्वा दर्पणं नैव तदन्तस्थेक्षणं तथा ।
अमत्वा सच्चिदानंदं नामरूपमतिः कुतः ॥

पञ्चदशी.

૪૧—૪૩.

જે પૃથ્વીમાં સતે પૃથ્વીથી અન્તર છે; જેને પૃથ્વી જાણતી નથી; જેનું પૃથ્વી શરીર છે, જે પૃથ્વીને અન્તર હોઈ નિયમે છે;—તે તારો આત્મા આ અમર અન્તર્યામી છે. જે જલમાં સતે જલથી અન્તર છે; જેને જલ જાણતું નથી, જેનું જલ શરીર છે, જે જલને અન્તર હોઈ નિયમે છે;—તે તારો આત્મા આ અમર અન્તર્યામી છે. * * * * ** એ અદૃષ્ટ દ્રષ્ટા છે, અશ્રુત શ્રોતા છે, અમત મંતા છે, અવિજ્ઞાત વિજ્ઞાતા છે; એ કરતાં અન્ય દ્રષ્ટા નથી, એ કરતાં અન્ય શ્રોતા નથી, એ કરતાં અન્ય મંતા નથી, એ કરતાં અન્ય વિજ્ઞાતા નથી, એ અમર અન્તર્યામી તારો આત્મા છે; એથી અન્ય મિથ્યા છે.†

બૃહદારણ્યકોપનિષત્.

૪૪—૪૮.

જે વાચાથી અભ્યુદિત નથી પણ જેનાથી વાચા અભ્યુદિત છે, તેજ તું બ્રહ્મ જાણ, (લોક) આ જેને ઉપાસે છે તે નહિ. જે મનથી માનતું નથી પણ જેનાથી મન મનાય છે, તેજ તું બ્રહ્મ જાણ, (લોક) આ જેને ઉપાસે છે તે નહિ. જે ચક્ષુથી જોતું નથી પણ જેનાથી ચક્ષુ જુવે છે, તેજ તું બ્રહ્મ જાણ, (લોક) આ જેને ઉપાસે છે તે નહિ. જે શ્રોત્રથી શ્રવણ કરતું નથી પણ જેનાથી શ્રોત્ર શ્રવણ કરે છે, તેનેજ તું બ્રહ્મ જાણ, (લોક) આ જેને

---

* આ પ્રકારે અગ્નિ, વાયુ, આકાશ, સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર, તારક, તેજ, તિમિર, દિક્, ચર્મ, વાક્, ચક્ષુ, શ્રોત્ર, મન, પ્રાણ, ઈત્યાદિ સર્વ માટે કહ્યું છે.

† यःपृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरोयं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयत्येष त आत्मान्तर्याम्यमृतः ॥

योऽप्सु तिष्ठन्नपोऽन्तरोयमापोन विदुर्यस्यापः शरीरं योऽपोन्तरो यमयत्येष त आत्मान्तर्याम्यमृतः ॥

अदृष्टोद्रष्टाश्रुतः श्रोतामतो मन्ताविज्ञातो विज्ञाता नान्योऽतोऽस्ति द्रष्टा नान्योऽतोऽस्ति श्रोता नान्योऽतोऽस्ति मन्ता नान्योऽतोऽस्ति विज्ञातैष त आत्मान्तर्याम्यमृतोऽतोऽन्यदार्तम् ॥

बृहदारण्यकोपनिषत्.

ઉપાસે છે તે નહિ. જે પ્રાણથી પ્રાણવ્યાપાર કરતું નથી પણ જેનાથી પ્રાણ પ્રાણવ્યાપાર કરે છે, તેજ તું બ્રહ્મ જાણ, (લોક) આ જેને ઉપાસે છે તે નહિ.*

કેનોપનિષત્.

૪૯.

આ બધું અમર બ્રહ્મ છે; પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, બધું બ્રહ્મ છે; ઉપર નીચે સર્વત્ર બ્રહ્મ છે, આ વિશાલ વિશ્વ બ્રહ્મ છે.†

મુંડકોપનિષત્.

૫૦.

હે સૌમ્ય! અગ્રે આ એકજ અદ્વિતીય હતું.‡

છાન્દોગ્યોપનિષત્.

---

* यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥
यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥
यच्चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥
यच्छ्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदं श्रुतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥
यत्प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥

केनोपनिषत्.

† ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण ।
अधश्चोर्ध्वञ्च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ॥

मुण्डकोपनिषत्.

‡ सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ।

छान्दोग्योपनिषत्.

૫૧.

આ બ્રહ્મા, આ ઇન્દ્ર, આ પ્રજાપતિ, સર્વ દેવ, આ પંચમહાભૂત, જે કાંઈ પ્રાણિરૂપ છે, કે જંગમ છે, કે ઉડતું છે, કે સ્થાવર છે, તે સર્વ પ્રજ્ઞાનેત્ર છે, પ્રજ્ઞાનને વિષે પ્રતિષ્ઠિત છે, પ્રજ્ઞાન બ્રહ્મ છે.*

ઐતરેયોપનિષત્.

૫૨

તે આ આત્મા જે બ્રહ્મ તે વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય, ચક્ષુર્મય, શ્રોત્રમય, પૃથ્વીમય, જલમય, વાયુમય, આકાશમય, તેજોમય, કામમય, અકામમય, ક્રોધમય, અક્રોધમય, ધર્મમય, અધર્મમય, સર્વમય છે. 'આ'-રૂપ છે, 'તે'-રૂપ છે.†

બૃહદારણ્યકોપનિષત્.

૫૩.

આ બ્રહ્મ અપૂર્વ, અનપર, અનન્તર, અબાહ્ય, છે;—સર્વાનુભવરૂપ આ આત્મા તે બ્રહ્મ છે.‡

બૃહદારણ્યકોપનિષત્.

---

* एष ब्रह्मैष इन्द्र एष प्रजापतिरेते सर्वे देवा इमानि च पञ्च महाभूतानि * * * यत्किञ्चेदं प्राणिजङ्गमं च पतत्रि च यच्च स्थावरं सर्वं तत्प्रज्ञानेत्रं प्रज्ञाने प्रतिष्ठितं प्रज्ञा प्रतिष्ठा प्रज्ञानं ब्रह्म ॥

ऐतरेयोपनिषत्.

† स वा अयमात्मा ब्रह्म विज्ञानमयो मनोमयः प्राणमयश्चक्षुर्मयः श्रोत्रमयः पृथ्वीमय आपोमयो वायुमय आकाशमयस्तेजोमयोऽतेजोमयः काममयोऽकाममयः क्रोधमयोऽक्रोधमयोधर्ममयोऽधर्ममयः सर्वमयस्तद्यदेतदिदम्मयोऽदोमय इति ॥

बृहदारण्यकोपनिषत्.

‡ तदेतद्ब्रह्मापूर्वमनपरमनन्तरमबाह्यमयमात्मा ब्रह्म सर्वानुभूः ॥

बृहदारण्यकोपनिषत्.

૫૪.

હે ગાર્ગિ ! આ અક્ષર અદૃષ્ટ દ્રષ્ટૃ છે, અશ્રુત શ્રોતૃ છે, અમત મંતૃ છે, અવિજ્ઞાત વિજ્ઞાતૃ છે, એથી અન્ય દ્રષ્ટૃ નથી, એથી અન્ય શ્રોતૃ નથી, એથી અન્ય મંતૃ નથી, એથી અન્ય વિજ્ઞાતૃ નથી; એ અક્ષરને વિષે હે ગાર્ગિ ! આકાશ ઓતપ્રોત છે.*

બૃહદારણ્યકોપનિષત્.

૫૫.

યાજ્ઞવલ્કયે કહ્યું ગાર્ગિ ! એ અક્ષરને બ્રાહ્મણો (આમ) અભિવદે છે :— તે અસ્થૂલ, અનણુ, અ-હ્રસ્વ, અદીર્ઘ અલોહિત, અસ્નેહ, અચ્છાય, અતમસ્, અવાયુ, અનાકાશ, અસંગ, અરસ, અગન્ધ, અચક્ષુ, અશ્રોત્ર, અવાક્, અતેજસ્, અપ્રાણ, અમુખ, અરૂપ, અનન્તર, અબાહ્ય, છે, તે કશાનું અશન કરતું નથી, તેનું કોઇ અશન કરતું નથી.†

બૃહદારણ્યકોપનિષત્.

૫૬—૬૦.

જેના જ્ઞાનથી અમૃત ભોગવાય તે જ્ઞેય હું તને કહુંછું; તે અનાદિ પરબ્રહ્મ છે, તે સત્ કહેવાતું નથી તેમ અસત્ કહેવાતું નથી; તે સર્વત્ર હસ્ત-પાદવાળું છે, સર્વત્ર ચક્ષુમુખમસ્તકાદિવાળું છે, સર્વત્ર શ્રોત્રવાળું છે, સર્વને

---

* तद्वा एतदक्षरं गार्ग्य दृष्टं द्रष्टृश्रुतं श्रोत्रमतं मन्त्रविज्ञातं विज्ञातृ नान्यदतोऽस्ति द्रष्टृ नाऽन्यदतोऽस्ति श्रोतृ नाऽन्यदतोऽस्ति मन्तृ नाऽन्यदतोऽस्ति विज्ञात्रेतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्चप्रोतश्चेति ॥

बृहदारण्यकोपनिषत्.

† स होवाचैतद्वैतदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनण्वह्रस्वमदीर्घमलोहितमस्नेहमच्छायमतमोऽवाय्वनाकाशमसङ्गमरसमगन्धमचक्षुष्कमश्रोत्रमवागमनोऽतेजस्कमप्राणममुखममात्रमनन्तरमबाह्यं न तदश्नाति किञ्चन न तदश्नाति कश्चन ॥

बृहदारण्यकोपनिषत्.

આવરીને રહેલું છે; સર્વ ઇન્દ્રિયગુણનો આભાસ કરનાર છે, સર્વેન્દ્રિયરહિત છે, અસક્ત સતે સર્વભર્તૃ છે, નિર્ગુણ સતે ગુણભોક્તૃ છે; ભૂતોને બાહ્ય તેમ અંતર્ છે, અચર છે ચર છે, સૂક્ષ્મત્વને લીધે અવિજ્ઞેય છે, દૂર છે, સમીપ છે; અવિભક્ત સતે ભૂતોમાં વિભક્ત હોય એમ ભાસે છે;—તેને ભૂતભર્તૃ, ગ્રસન કરનાર, પ્રભુતા કરનાર, જાણવું.*

ભગવદ્ગીતા.

૬૧—૬૨.

ઇન્દ્રિયથી અર્થો પર છે, અર્થથી મન પર છે, મનથી બુદ્ધિ પર છે, ને બુદ્ધિથી મહત્ પર છે, મહત્થી અવ્યક્ત પર છે, અવ્યક્તથી પુરુષ પર છે, પુરુષથી કોઇ પર નથી, એજ પરમ સીમા છે, એજ પરમગતિ છે.†

કઠોપનિષત્.

---

* ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥
सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥
सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥
बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥
अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥

भगवद्गीता.

† इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।
मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान्परः ॥
महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः ।
पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः ॥

कठोपनिषत्.

૬૩.

પાણિ અને પાદ વિના પણ શીઘ્ર ગ્રહીતા છે, અચક્ષુ સતે દેખે છે, અકર્ણ સતે સાંભળે છે, વેદ્યને જાણે છે, પણ તેનો કોઈ વેત્તા નથી, તેજ અગ્ર્ય મહાપુરુષ છે.*

શ્વેતાશ્વતરોપનિષત્.

૬૪—૬૬.

વિપશ્ચિત્ જન્મતો નથી, મરતો નથી, એ કશામાંથી થતો નથી, એમાંથી કાંઈ થતું નથી; આ અજ છે, નિત્ય છે, શાશ્વત છે, પુરાણ છે,—શરીર હણાતાં પણ હણાતો નથી. હન્તા હણવા જેવો જાણે, કે હણાયો હણાયો જાણે, તો તે ઉભયે જાણતા નથી, આ તો હણતો નથી કે હણાતો નથી. અણુથી અણુ છે, મહાન્થી મહાન્ છે, જન્તુનો આત્મા ગુહામાં નિહિત છે;—આત્માના તે મહિમાને, ધાતુનો પ્રસાદ થતાં જે અક્રતુ થયો છે તે દેખે છે, તેજ શોકમાત્રની પાર જાય છે.†

કઠોપનિષત્.

૬૭—૬૯.

આને શસ્ત્ર છેદતાં નથી, એને પાવક પ્રજાળતો નથી, જલ પલાળતું નથી, વાયુ શોષતો નથી; એ અચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય, અશોષ્ય, જ છે;

---

* अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्याऽस्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम्

श्वेताश्वतरोपनिषत्.

† न जायते म्रियते वा विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित् ।
अजोनित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
हन्ता चेन्मन्यते हन्तुं हतश्चेन्मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥
अणोरणीयान्महतो महीयानात्मास्य जन्तोर्निहितो गुहायाम् ।
तमक्रतुः पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमात्मनः ॥

कठोपनिषत्.

નિત્ય છે, સર્વગત છે, સ્થાણુ છે, અચલ છે, સનાતન છે; એ અવ્યકત, અચિંત્ય, અવિકાર્ય, કહેવાય છે—માટે એને એ પ્રકારે જાણી તારે શોચ કરવો ઉચિત નથી.*

ભગવદ્ગીતા.

૭૦—૭૧.

સત્યજ જય પામે છે, અનૃત નહિ, સત્યથીજ દેવયાનમાર્ગ વિસ્તાર પામી રહ્યો છે, ઇચ્છામાત્ર પૂર્ણ થઈ ગયેલી એવા ઋષિઓ એ(માર્ગ)ના ઉપર થઇનેજ પાર ઉતરે છે, (તે પાર) તે સત્યનું પરમ નિધાન છે. તે બૃહત્, દિવ્ય, અચિન્ત્યરૂપવાળું, સૂક્ષ્મથી સૂક્ષ્મ, દૂરથી અતિ દૂર છતાં સમીપ વિભાસે છે; દર્શનમાત્રમાં અત્ર વિદ્યમાન સતે ગુહામાં નિહિત છે.†

મુંડકોપનિષત્.

---

* नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥
अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥

भगवद्गीता.

† सत्यमेव जयते नानृतं
सत्येन पन्था विततो देवयानः ।
येनाक्रमन्त्यृषयो ह्याप्तकामा
यत्र तत्सत्यस्य परमं निधानम् ॥
बृहच्चतद्दिव्यमचिन्त्यरूपं
सूक्ष्माच्चतत्सूक्ष्मतरं विभाति ।
दूरात्सुदूरे तदिहान्तिके च
पश्यत्स्विहैव निहितं गुहायाम् ॥

मुण्डकोपनिषत्.

૭૨.

આ શરીરથી સમ્યક્ ઉત્થાન પામી પરજ્યોતિ થઈ સ્વરૂપે વિલસે તે સંપ્રસન્ન થયો કહેવાય. એજ આત્મા. એ અમૃત છે, અભય છે, એ બ્રહ્મ. બ્રહ્મનુંજ નામ સત્ય છે.*

છાન્દોગ્યોપનિષત્.

૭૩—૭૫.

દ્રષ્ટા દર્શન દ્રશ્ય ઈત્યાદિ ભાવથી શૂન્ય એવી એક વસ્તુ જે નિર્વિકાર, નિરાકાર, નિર્વિશેષ, તેમાં ભેદ હોય ક્યાંથી? કલ્પાન્તમહાજલની પેઠે પરિપૂર્ણ એવી એક વસ્તુ જે નિર્વિકાર, નિરાકાર, નિર્વિશેષ, તેમાં ભેદ હોય ક્યાંથી? તેજમાં તિમિરની પેઠે જેમાં ભ્રાન્તિનું કારણ પ્રલીન થઈ ગયું, તે નિર્વિશેષ અદ્વિતીય પર તત્ત્વને વિષે ભેદ હોય ક્યાંથી?†

વિવેકચૂડામણિ.

---

* अथ य एष सम्प्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति तस्य ह वा एतस्य ब्रह्मणो नाम सत्यमिति ॥

छान्दोग्योपनिषत्.

† द्रष्टृदर्शनदृश्यादिभावशून्यैकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥
कल्पार्णव इवात्यन्तपरिपूर्णैकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥
तेजसीव तमो यत्र प्रलीनं भ्रान्तिकारणम् ।
अद्वितीये परे तत्त्वे निर्विशेषे भिदा कुतः ॥

विवेकचूडामणिः

૭૬—૭૭.

દ્રષ્ટા દૃશ્ય ઈત્યાદિ ક્રમ જ્યાં વિદ્યમાન સતે પણ અસ્ત થયેલો છે, જે અનાકાશ આકાશ છે, તે પરમાત્માનું રૂપ છે. અશૂન્ય જેવું જે શૂન્ય છે, જેના વિષે જગત્ શૂન્યરૂપે રહ્યું છે, સર્ગના ઓઘ સતે જે શૂન્ય છે, તે પરમાત્માનું રૂપ છે.*

યોગવાસિષ્ઠ.

૭૮.

જગત્માત્ર આત્માજ છે, દેહાદિ કલ્પના ક્યાંથી હોય? બ્રહ્મજ સત્ આનંદરૂપ છે, જે કાંઈ જુવે છે તે ચિત્ છે.†

યોગવાસિષ્ઠ.

૭૯.

સૂર્યનો પ્રકાશ, જલની શીતલતા, અગ્નિની ઉષ્ણતા, એ જેમ સ્વાભાવિક છે તેમ આત્માનો પણ નિત્ય નિર્મલ સચ્ચિદાનંદ સ્વભાવ છે.‡

આત્મબોધ.

૮૦—૮૧.

પ્રપંચનું ઉપાદાન બ્રહ્મ વિના અન્ય નથી, માટે સર્વ પ્રપંચ બ્રહ્મજ છે, અન્ય નથી, વ્યાપ્ય અને વ્યાપક એ સંબંધમાત્ર મિથ્યા છે, કેમકે "સર્વ

---

* द्रष्टृदृश्यक्रमो यत्र स्थितोऽप्यस्तमयं गतः ।
यदनाकाशमाकाशं तद्रूपं परमात्मनः ॥
अशून्यमिव यच्छून्यं यस्मिन्छून्यं जगत्स्थितम् ।
सर्गौघे सति यच्छून्यं तद्रूपं परमात्मनः ॥

योगवासिष्ठम्.

† आत्मैवेदं जगत्सर्वं कुतो देहादिकल्पना ।
ब्रह्मैवानन्दरूपं सद्यत्पश्यसि तदेव चित् ॥

योगवासिष्ठम्.

‡ प्रकाशोऽर्कस्य तोयस्य शैत्यमग्नेर्यथोष्णता ॥
स्वभावः सच्चिदानंदनित्यनिर्मलतात्मनः ॥

आत्मबोधः

આત્મા છે" એવી શ્રુતિ છે—આ પ્રકારે પરતત્ત્વ જાણ્યા પછી ભેદનો અવકાશજ ક્યાં છે ?*

અપરોક્ષાનુભૂતિ.

૮૨.

જે આત્મા છે તે સેતુ છે, આ લોકમાત્રનો આધાર છે, નહિ તો તેમનો ભંગ થઈ જાત.†

છાન્દોગ્યોપનિષત્.

૮૩.

એ રસ છે; રસને પ્રાપ્ત કરી એ આનંદી થાય છે.‡

તૈત્તિરીયોપનિષત્.

૮૪.

* * આનન્દની આ મીમાંસા§ છે.‖

તૈત્તિરીયોપનિષત્.

---

* उपादानं प्रपञ्चस्य ब्रह्मणोन्यन्न विद्यते ।
तस्मात्सर्वप्रपञ्चोऽयं ब्रह्मैवास्ति न चेतरत् ॥
व्याप्यव्यापकता मिथ्या सर्वमात्मेतिशासनात् ।
इति ज्ञाते परे तत्त्वे भेदस्यावसरः कुतः ॥

अपरोक्षानुभूतिः

† अथ य आत्मा स सेतुर्विधृतिरेषां लोकानामसम्भेदाय ॥

छान्दोग्योपनिषत्.

‡ रसो वै सः । रसं ह्येवायं लब्ध्वानन्दी भवति ॥

तैत्तिरीयोपनिषत्.

§ જેનાથી આનંદનું માપ લેઈ શકાય તેવી વસ્તુ બ્રહ્મ છે; એ આનંદનું પરાકાષ્ઠાનું સ્વરૂપ છે, એટલે એનાથી બધા આનંદ નીચે છે, ને તેથીજ તે સર્વનું માપ છે; આનંદમાત્ર તેના આનંદનો છાંટો છે.

‖ * * सैषानन्दस्य मीमांसा भवति

तैत्तिरीयोपनिषत्.

૮૫.

એક દેવ* ભૂતમાત્રમાં ગૂઢ છે, સર્વવ્યાપી, સર્વભૂતનો અન્તરાત્મા છે, કર્મનો અધ્યક્ષ છે, સર્વભૂતનો અધિવાસ છે, સાક્ષી છે, ચિન્મય છે, કેવલ છે, નિર્ગુણ છે.†

શ્વેતાશ્વતરોપનિષત્.

૮૬.

તેને કાર્ય‡ કે કરણ નથી, તે સમ નથી, અધિક નથી, એની પરાશક્તિ વિવિધ સંભળાય છે, જ્ઞાનબલક્રિયા સ્વાભાવિકી ગવાય છે.§

શ્વેતાશ્વતરોપનિષત્.

૮૭.

તેને સૂર્ય, ચંદ્ર, કે અગ્નિ પ્રકાશી શકતાં નથી, ત્યાં જઇને આવર્તન થતું નથી—એજ મારૂં પરમ ધામ છે.‖

ભગવદ્ગીતા.

---

* દેવ એટલે તેજોમય એવો ભાષ્યમાં અર્થ કર્યો છે.

† एको देवः सर्वभूतेषु गूढः
सर्वव्यापी सर्व भूतान्तरात्मा ।
कर्माऽध्यक्षः सर्वभूताधिवासः
साक्षी चेता केवलो निर्गुणश्च ॥

श्वेताश्वतरोपनिषत्.

‡ આકાર એવો અર્થ ભાષ્યમાં કર્યો છે.

§ न तस्य कार्यं करणं च विद्यते ।
न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ॥
परास्य शक्तिर्विविधैव श्रूयते ।
स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥

श्वेताश्वतरोपानिषत्.

‖ न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ॥
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥

भगवद्गीता.

૮૮.

પ્રભુ, લોકનાં કર્તૃત્વ કે કર્મ સૃજતો નથી, કર્મ અને ફલનો સંયોગ પણ ઉપજાવતો નથી,—સ્વભાવજ પ્રવર્તે છે.*

ભગવદ્ગીતા.

૮૯.

તે, અજ, અનિદ્ર, અસ્વપ્ન, અનામ, અરૂપ, એક ચિન્મય, સર્વજ્ઞ, છે,—એમાં કશી લક્ષણા નથી.†

ગૌડપાદાચાર્ય.

૯૦.

હે સત્યકામ! આ પર અને અપર બ્રહ્મ.‡

પ્રશ્નોપનિષત્.

૯૧—૯૨.

જે નીચે તે ઉપર, જે ઉપર તે નીચે,—જે અત્ર નાનાત્વ જેવું પણ દેખે છે તે મૃત્યુથી મૃત્યુ પામ્યાં જાય છે. મનથીજ આને પ્રાપ્ત કરવું, એમાં

---

* न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ॥
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥

भगवद्गीता.

† अजमनिद्रमस्वप्नमनामकमरूपकम् ।
सकृद्विभातं सर्वज्ञं नोपचारः कथञ्चन ॥

गौडपादाचार्याः

‡ एतद्वै सत्यकाम परञ्चापरञ्च ब्रह्म ॥

प्रश्नोपनिषत्.

કશું નાનાત્વ નથી,—જે અત્ર નાનાત્વ જેવું પણ દેખે છે તે મૃત્યુથી મૃત્યુ પામ્યાં જાય છે.*

કઠોપનિષત્ । બૃહદારણ્યકોપનિષત્.

૯૩.

શ્યેન કે ગરુડ આકાશમાં ઉડી, શ્રમ પામી, પક્ષ વિસ્તારી પોતાના માળામાં આવી ઠરે છે, તેમજ આત્મા (પ્રપંચનો અનુભવ કરી), એજ માટે સ્વરૂપમાં વિરમે છે, ને ત્યાં સુપ્ત સતે કોઈ કામની કામના કરતો નથી, કોઈ સ્વપ્ન જોતો નથી.†

બૃહદારણ્યકોપનિષત્.

૯૪.

ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, નથી ચંદ્ર, કે નથી તારા, તેમ આ વિદ્યુત્ પણ નથી, તો આ અગ્નિ તો ક્યાંથીજ પ્રકાશે? તેના પ્રકાશવામાંજ સર્વ પ્રકાશે છે, તેના પ્રકાશમાંથી આ બધું પ્રકાશે છે.‡

કઠોપનિષત્ । મુંડકોપનિષત્.

---

* यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ।
मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ॥
मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किञ्चन ॥
मृत्योः स मृत्युं गच्छाति य इह नानेव पश्यति ॥

कठोपनिषत्. । बृहदारण्यकोपनिषत्.

† तद्यथाऽस्मिन्नाकाशे श्येनो वा सुपर्णो वा विपरिपत्य श्रान्तः संहत्य पक्षौ सल्लयायैव ध्रियत एवमेवाऽयं पुरुष एतस्मा अन्ताय धावति यत्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं पश्यति ॥

बृहदारण्यकोपनिषत्.

‡ न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं
तस्य भासा सर्वमिदं विभाति ॥

कठोपनिषत्. । मुण्डकोपनिषत्.

૩.—તત્ત્વમસિ.

૯૫.

જેના આનંદલેશથી વિશ્વ સંપૂર્ણ આનંદવાળું છે, જેના સત્ત્વાભાસમાં સર્વનો ભાસ છે, જેના આલોચન પછી અન્ય સમસ્ત હેય છે, તેજ નિત્ય પરબ્રહ્મ હું છું.*

વિજ્ઞાનનૌકા.

૯૬.

રવિ, શશિ, અગ્નિ, વાણી, એમનો પ્રકાશ કેવલ શાન્ત થતાં, ઈંદ્રિયમાત્ર શાન્ત પડતાં, અન્તરાત્મા, સંગરહિત, સ્વયંપ્રકાશ, વાસનામય અર્થને પ્રકટતો, ચિન્મય છે, એમ શ્રુતિઓ કહે છે.†

સ્વારાજ્યસિદ્ધિ.

---

* यदानन्दलेशैः समानन्दि विश्वं
यदाभाति सत्त्वे तदाभाति सर्वम् ।
यदालोचने हेयमन्यत्समस्तं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥

विज्ञाननौका.

† संशान्ते रविशशिवह्निवाक्प्रकाशे
निर्वाणे करणगणे निरस्तसङ्गः ।
स्वज्योतिः प्रकटितवासनामयार्थ-
श्चिद्धातुः श्रुतिभिरुदीरितोऽन्तरात्मा ॥

स्वाराज्यसिद्धिः

૯૭.

હું નિર્ગુણ, નિષ્ક્રિય, નિત્ય, નિર્વિકલ્પ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર, નિત્યમુક્ત, નિર્મલ, છું.*

આત્મબોધ.

૯૮.

એ પ્રકારેના તેનું હું શી રીતે ગ્રહણ કરૂં? ગ્રહણ ન કરીશ; સર્વ ગ્રહણની પરમશાન્તિ થતાં પોતેજ રહી જશે.†

પંચદશી.

૯૯.

'હું છું' એ પ્રતીતિને વિષે કોયા પુરુષને સંશય હોય? છતાં તેને વિષે જો સંશય હોય, તો જે સંશય કરનાર છે તેજ તું છે એમ સિદ્ધ છે.‡

સ્વાત્મનિરૂપણ.

---

* निर्गुणो निष्क्रियो नित्यो निर्विकल्पो निरंजनः ।
निर्विकारो निराकारो नित्यमुक्तोऽस्मि निर्मलः ॥

आत्मबोधः

† कथं तादृङ्मया ग्राह्य इति चेन्मैव गृह्यताम् ।
सर्वग्रहोपसंशान्तौ स्वयमेवावशिष्यते ॥

पञ्चदशी.

‡ अस्ति स्वयमित्यस्मिन्नर्थे कस्याऽस्ति संशयः पुंसः ।
तत्रापि संशयश्चेत्संशयिता यः स एव भवसि त्वम् ॥

स्वात्मनिरूपणम्.

૧૦૦.

સ્વબોધને વિષે અન્ય બોધની અપેક્ષા નથી, આત્મા બોધરૂપ છે; દીપને પોતાના પ્રકાશને અર્થે અન્ય દીપની અપેક્ષા નથી.*

આત્મબોધ.

૧૦૧.

લોકમાં જેને જેને વિષે બોધ કહેવાય છે તે સર્વની ઉપેક્ષા કરતાં બોધમાત્ર એવું જે કાંઈ રહે છે તેજ બ્રહ્મ છે એવી જે બુદ્ધિ તે બ્રહ્મનિશ્ચય કહેવાય.†

પંચદશી.

૧૦૨.

તે શ્રોત્રનું શ્રોત્ર છે, મનનું મન છે, વાણીની વાણી છે, પ્રાણનો પ્રાણ છે, ચક્ષુનું ચક્ષુ છે;—ધીર પુરુષો શ્રોત્રાદિની પાર જઈ, લોકથી પ્રયાણ કરી, અમૃત થાય છે.‡

કેનોપનિષત્.

૧૦૩—૧૦૪.

આ આત્મા મારા હૃદયમાં ડાંગરના કણથી કે યવના કણથી કે સર્ષપના કણથી કે સામાના કણથી, કે તે કણના કણથી, નાનો છે; આ આત્મા મારા હૃદયમાં પૃથ્વી કરતાં વિશાલ છે, અન્તરિક્ષ કરતાં અધિક છે,

---

* स्वबोधे नान्यबोधेच्छा बोधरूपतयात्मनः ॥
न दीपस्यान्यदीपेच्छा यथा स्वात्मप्रकाशने ॥

आत्मबोधः

† यस्मिन्यस्मिन्नस्ति लोके बोधस्तत्तदुपेक्षणे ।
यद्बोधमात्रं तद्ब्रह्मेत्येवं धीर्ब्रह्मनिश्चयः ॥

पञ्चदशी.

‡ श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद्वाचो ह वाचं स उ प्राणस्य प्राणश्चक्षुषश्चक्षुरतिमुच्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥

केनोपनिषत्.

આકાશ કરતાં પાર છે, આ લોક કરતાં મ્હોટો છે; આ મારા હૃદયમાંનો આત્મા સર્વકર્મ, સર્વકામ, સર્વગંધ, સર્વરસ, સર્વમય, અવાક્, અનાદર, છે; એજ બ્રહ્મ. અત્રથી ગયા પછી એ બ્રહ્મ થનાર છું એવી જેને શ્રદ્ધા છે, કાંઈ શંકા નથી, તે બ્રહ્મ થાય છે.*

છાન્દોગ્યોપનિષત્.

૧૦૫.

આ સર્વ બ્રહ્મ છે, આ આત્મા બ્રહ્મ છે.†

માણ્ડુક્યોપનિષત્.

૧૦૬.

ઘનછન્નદૃષ્ટિવાળો અતિમૂઢ ઘનછન્ન સૂર્યને નિષ્પ્રભ માને છે, મૂઢદૃષ્ટિને લીધે જે બદ્ધવત્ ભાસે છે, તે નિત્યજ્ઞાનસ્વરૂપ આત્મા હું છું.‡

હસ્તામલકસ્તોત્ર.

---

* एष म आत्माऽन्तर्हृदयेऽणीयान् व्रीहेर्वा यवाद्वा सर्षपाद्वा श्यामाकाद्वा श्यामाकतण्डुलाद्वा एष म आत्मान्तर्हृदये ज्यायान् पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान्दिवो ज्यायानेभ्यो लोकेभ्यः ॥

सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वामिदमभ्यात्तोऽवाक्यनादर एष म आत्मान्तर्हृदय एतद्ब्रह्मैतमितः प्रेत्याभिसम्भविताऽस्मीति यस्य स्यादद्धा न विचिकित्सास्ति ॥

छान्दोग्योपनिषत्.

† सर्वं ह्येतद् ब्रह्मायमात्मा ब्रह्म ॥

माण्डुक्योपनिषत्.

‡ घनच्छन्नदृष्टिर्घनच्छन्नमर्कं
यथा मन्यते निष्प्रभं चातिमूढः ।
तथा बद्धवद्भाति यो मूढदृष्टेः
स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥

हस्तामलकस्तोत्रम्.

૧૦૭.

જે એક સમસ્ત વસ્તુમાં અભિવ્યાપ્ત છે, પણ જેને સમસ્ત વસ્તુ સ્પર્શી શકતી નથી, જે આકાશની પેઠે સર્વદા શુદ્ધ સ્વચ્છ સ્વરૂપવાળો છે, તે નિત્યજ્ઞાનસ્વરૂપ આત્મા હું છું.*

હસ્તામલકસ્તોત્ર.

૧૦૮.

મન ચક્ષુ આદિથી જે વિયુકત છે, છતાં મન ચક્ષુ આદિનું જે મન ચક્ષુ આદિ છે, જેનું સ્વરૂપ મન ચક્ષુ આદિને અગમ્ય છે, તે નિત્યજ્ઞાનસ્વરૂપ આત્મા હું છું.†

હસ્તામલકસ્તોત્ર.

---

* समस्तेषु वस्तुष्वनुस्यूतमेकं
समस्तानि वस्तूनि यन्न स्पृशन्ति ।
वियद्वत्सदा शुद्धमच्छस्वरूपं
स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥

हस्तामलकस्तोत्रम्.

† मनश्चक्षुरादेर्वियुक्तः स्वयं यो
मनश्चक्षुरादेर्मनश्चक्षुरादिः ।
मनश्चक्षुरादेरगम्यस्वरूपः
स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥

हस्तामलकस्तोत्रम्.

૧૦૯.

જે આનંદરૂપ, પ્રકાશસ્વરૂપ, પ્રપંચરહિત, પરિચ્છેદશૂન્ય, 'અહંબ્રહ્મ' એ વૃત્તિથી ગમ્ય, તુરીય, પરબ્રહ્મ, તેજ હું છું.*

વિજ્ઞાનનૌકા.

૧૧૦.

તે આ અણુ છે, આ સર્વ તેજ છે, તે સત્ય છે, તે આત્મા છે;—હે શ્વેતકેતુ! તે તું છે.†

છાન્દોગ્યોપનિષત્.

૧૧૧.

જલને વિષે ઓગળી ગયેલા લવણના ગાંગડાને આંખે જોવાતો નથી, તેમ હૃદયમાં પ્રકાશતા એવા જેને ઇંદ્રિયોથી ગ્રહાતો નથી, કેવલ ગુરુવચનના રસમાં એકરસ થવાથી જે ગૃહાય છે, તે સદ્રૂપ બ્રહ્મ તું છે, આ દૃશ્ય તું નથી.‡

સ્વારાજ્યસિદ્ધિ.

---

* यदानंदरूपं प्रकाशस्वरूपं
निरस्तप्रपञ्चं परिच्छेदशून्यम् ।
अहंब्रह्मवृत्त्यैकगम्यं तुरीयं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥

विज्ञाननौका.

† स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो ॥

छान्दोग्योपनिषत्.

‡ अप्सु प्रलीनमिव सैन्धवखिल्यमक्ष्णा
पश्यन्ति यन्न करणैरपि हृद्विभातम् ।
विन्दन्ति यद्रसनयेव रसं गुरूक्त्या
सद्ब्रह्म तत्त्वमसि दृश्यमिदं तु न त्वम् ॥

स्वाराज्यसिद्धिः

૧૧૨.

જલધરોથી શોષાઈને, સમુદ્ર, જેમ નદી આદિ ભાવને પામતાં સમુદ્રબુદ્ધિને વીસરી જાય છે, એમજ તું ઉપાધિથી તને પોતાને વીસરી ગયો છે, પણ તું તે સદ્રૂપ બ્રહ્મ છે, પૂર્ણભાવને ઠીક કરી સંભાર.*

સ્વારાજ્યસિદ્ધિ.

૧૧૩.

જ્યાં દ્વૈત જેવું હોય ત્યાં અન્ય અન્યને જુએ, અન્ય અન્યને સુંઘે, અન્ય અન્યને સાંભળે, અન્ય અન્યને વદે, અન્ય અન્યને માને, અન્ય અન્યને જાણે; પણ જ્યાં એને આ સર્વ આત્માજ થયું ત્યાં શાથી શાને સુંઘે, શાથી શાને જુએ, શાથી શાને સાંભળે, શાથી શાને વદે, શાથી શાને માને, શાથી શાને જાણે? જેનાથી આ સર્વ જાણે છે તેને શાથી જાણે? અરે જાણનારને શાથકી જાણી શકાય? †

બૃહદારણ્યકોપનિષત્.

---

* अब्धिर्यथा जलधैरपनीयनीतो
नद्यादिभावमुदधित्वमतिं जहौ स्वाम् ।
एवं भवानुपधिभिः खलु विस्मृतः स्वं
सद्ब्रह्म तत्त्वमसि संस्मर पूर्णभावम् ॥

स्वाराज्यसिद्धिः

† यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति तदितर इतरं जिघ्रति तदितर इतरं शृणोति तदितर इतरमभिवदति तदितर इतरं मनुते तदितर इतरं विजानाति यत्र वा अस्य सर्वमात्मात्मैवाऽभूत्तत्केन कं जिघ्रेत्तत्केन कं पश्येत्तत्केन कं शृणुयात्तत्केन कमभिवदेत्तत्केन कं मन्वीत तत्केन कं विजानीयाद्येनेदं सर्वं विजानाति तं केन विजानीयाद्विज्ञातारमरे केन विजानीयात् ॥

बृहदारण्यकोपनिषत्.

૧૧૪.

બહુ શ્રવણુથી પણ જે લભ્ય નથી, જેને શ્રવણ કરતાં પણુ ઘણાં એ જાણુતાં નથી, એનો વક્તા આશ્ચર્યરૂપ છે, લબ્ધા કુશલ છે, કુશલોપદિષ્ટ જ્ઞાતા આશ્ચર્યમય છે.*

કઠોપનિષત્.

૧૧૫.

કોઈક એને આશ્ચર્યવત્ જુવે છે, તેમજ કોઈ એને આશ્ચર્યવત્ વદે છે, કોઈ એને આશ્ચર્યવત્ સાંભળે છે, કોઈ એને સાંભળ્યા છતાં પણુ જાણુતો નથી.†

ભગવદ્ગીતા.

૪.—સાધન.

૧૧૬—૧૧૭.

અભ્યાસયોગથી કરીને જ્યાં સુધી તારી ભેદબુદ્ધિ શાન્ત થઈ નથી, ત્યાં સુધી અતદ્રૂપબુદ્ધિ બ્રહ્મદર્શન કરી શકનાર નથી. મોક્ષદ્વારે ચાર દ્વારપાળ છેઃ

---

* श्रवणायाऽपि बहुभिर्यो न लभ्यः
शृण्वन्तोऽपि बहवो यन्न विद्युः ।
आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा-
श्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ॥

कठोपनिषत्.

† आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥

भगवद्गीता.

(૧) શમ, (૨) વિચાર, (૩) સંતોષ, (૪) સાધુસંગમ.*

યોગવાસિષ્ઠ.

૧૧૮.

જે (પુરુષાર્થરૂપ) ઉદાર ચમત્કારવાળો છે, સદાચારવિહારવાળો છે, તે, પંજરમાંથી મૃગેન્દ્ર છૂટી જાય તેમ જગન્મોહથી છૂટે છે.†

યોગવાસિષ્ઠ.

૧૧૯—૧૨૦.

વૃક્ષો પણ જીવે છે, મૃગપક્ષી આદિ પણ જીવે છે, પણ તેજ જીવે છે કે જેનું મન મનનથી જીવતું નથી. અવિવેકીને શાસ્ત્ર ભાર છે, રાગવાળાને જ્ઞાન ભાર છે, અશાન્તને મન ભાર છે, અનાત્મજ્ઞને શરીર ભાર છે.‡

યોગવાસિષ્ઠ.

---

* यावदभ्यासयोगेन न शान्ता भेदधीस्तव ।
नूनं तावदतद्रूपा न ब्रह्म परिपश्यसि ॥
मोक्षद्वारे द्वारपालाश्चत्वारः परिकीर्तिताः ।
शमो विचारः सन्तोषश्चतुर्थः साधुसङ्गमः ॥

योगवासिष्ठम्.

† यस्तूदारचमत्कारः सदाचारविहारवान् ।
स निर्याति जगन्मोहान्मृगेन्द्रः पञ्जरादिव ॥

योगवासिष्ठम्.

‡ तरवोऽपि हि जीवन्ति जीवन्ति मृगपक्षिणः ।
स जीवति मनो यस्य मननेन न जीवति ॥
भारोऽविवेकिनः शास्त्रं भारो ज्ञानं च रागिणः ।
अशान्तस्य मनो भारो भारोऽनात्मविदो वपुः ॥

योगवासिष्ठम्.

૧૨૧.

પ્રામાણિક, તત્ત્વજ્ઞ, અને પૃચ્છા કરતાં યત્નથી કથન કરનાર એવાના વાકયનું જે અનુવર્તન ન કરે તેના કરતાં અધમ નર બીજો નથી.*

યોગવાસિષ્ઠ.

૧૨૨—૧૨૩.

અત્ર ઇચ્છામાત્ર અવિદ્યા છે, તેનો નાશ તે મોક્ષ છે; એ (મોક્ષ) અસંકલ્પમાત્રથી, હે રાઘવ! સિદ્ધ થાય છે. 'હું બ્રહ્મ નથી' એવા સુદૃઢ સંકલ્પથી મનને બંધ થાય છે, 'હું બ્રહ્મ છું' એવા સુદૃઢ સંકલ્પથી મોક્ષ થાય છે.†

યોગવાસિષ્ઠ.

---

૧. તર્ક.

૧૨૪.

સ્વાનુભવ, શાસ્ત્ર અને ગુરુ એ ત્રણેની એકવાક્યતા જેને અભ્યાસથી કરીને થાય છે તે સતત આત્માને અવલોકે છે.‡

યોગવાસિષ્ઠ.

---

* प्रामाणिकस्य तज्ज्ञस्य वक्तुः पृष्टस्य यत्नतः ।
नानुतिष्ठति यो वाक्यं नान्यस्तस्मान्नराधमः ॥

योगवासिष्ठम्.

† इच्छामात्रमविद्येह तन्नाशो मोक्ष उच्यते ।
सचासङ्कल्पमात्रेण सिद्धो भवति राघव ॥
माहं ब्रह्मेतिसङ्कल्पात्सुदृढाद्बध्यते मनः ।
अहं ब्रह्मेति सङ्कल्पात्सुदृढान्मुच्यते मनः ॥

योगवासिष्ठम्.

‡ स्वानुभूतेश्च शास्त्रस्य गुरोश्चैवैकवाक्यता ।
यस्याभ्यासेन तेनात्मा संततेनावलोक्यते ॥

योगवासिष्ठम्.

૧૨૫.

અનુભવનો પણ અપલાપ થઈ જાય ત્યાં સુધીની અપવિત્ર કુકલ્પનાઓનો આશ્રય કરી, કુતાર્કિક થઈ, જ્ઞાનના પ્રબોધનો નાશ ન કરવો.*

યોગવાસિષ્ઠ.

૧૨૬—૧૨૭.

સ્વાનુભવ ઉપર અવિશ્વાસ છે, તર્કનો છેડો નથી, તો જે તાર્કિકંમન્ય છે તે તત્ત્વનિશ્ચય શી રીતે પ્રાપ્ત કરશે? બુદ્ધિના આરોહને અર્થે તર્ક હોય તો સ્વાનુભવને અનુસરી તર્ક કરો, કુતર્ક ન કરો.†

પંચદશી.

૧૨૮.

આ મતિ તર્કથી આવતી નથી, કોઈ અન્યજ તે ઉચ્ચારે ત્યારે તે સુજ્ઞાન ઉપજાવે છે; એજ તેં પ્રાપ્ત કરી છે, તું સત્યધૃતિ છે, હે નચિકેતસ્! તારા જેવો પ્રષ્ટા થનાર નથી.‡

કઠોપનિષત્.

---

* न कुतार्किकतामेत्य नाशनीया प्रबुद्धता ।
अनुभूत्यपलापान्तैरपवित्रैः कुकल्पनैः ॥

योगवासिष्ठम्.

† स्वानुभूतावविश्वासे तर्कस्याप्यनवस्थितेः ।
कथं वा तार्किकंमन्यस्तत्त्वनिश्चयमाप्नुयात् ।
बुद्ध्यारोहाय तर्कश्चेदपेक्षेत तथा सति ।
स्वानुभूत्यनुसारेण तर्क्यतां मा कुतर्क्यताम् ॥

पञ्चदशी.

‡ नैषा तर्केण मतिरापनेया
प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ ।
यान्त्वमापः सत्यधृतिर्बतासि
त्वादृङ्नो भूयान्नचिकेतः प्रष्टा ॥

कठोपनिषत्.

૨. પાંડિત્ય.

૧૨૯—૧૩૧.

આ આત્મા પ્રવચનથી લભ્ય નથી, નથી બુદ્ધિથી કે બહુ શ્રુતથી, એ જેને વરે છે તેનાથીજ તે લભ્ય છે, તેનેજ આત્મા પોતાનું તત્ત્વ ઉઘાડું કરી દે છે. દુશ્ચરિતથી અવિરત, અશાન્ત, અસમાહિત, અશાન્ત મનવાળો, એને, જ્ઞાનવૈભવથી પ્રાપ્ત કરી શકતો નથી. એ પ્રમાણે જે સજ્જ નથી તે એને,—બ્રહ્મ ક્ષત્રિયાદિ જેનાં ભોજન છે, મૃત્યુ જેનું ઉપસેચન છે તેને—ક્યાંથી જાણી શકે ?*

કઠોપનિષત્ । મુંડકોપનિષત્.

૧૩૨.

બોધ્યા સતે પણ જેને કોઈ પ્રકારે અનુભવ થતો નથી તેવા નરાકૃતિ માટોડાને શાસ્ત્ર શી રીતે બોધ કરે ?†

નૈષ્કર્મ્યસિદ્ધિ.

---

* नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य-
स्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥

कठोपनिषत् । मुण्डकोपनिषत्.

नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः ।
नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ॥
यस्य ब्रह्म च क्षत्रञ्च उभे भवत ओदनम्
मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः ॥

कठोपनिषत्.

† बोधेऽप्यनुभवो यस्य न कथञ्चन जायते ।
तं कथं बोधयेच्छास्त्रं लोष्ठं नरसमाकृतिम् ॥

नैष्कर्म्यसिद्धिः.

૧૩૩.

સદા તત્ત્વનિષ્ઠને જાણી અમે મોદ પામીએ છીએ, અન્યની અનુકંપા આણીએ છીએ, ભ્રાન્તની સાથે વિવાદ કરતા નથી.*

પંચદશી.

૧૩૪.

શાસ્ત્રોને વદો, દેવને પૂજો, કર્મ કરો, દેવતાને ભજો, પરંતુ આત્મૈક્યબોધ-વિના, શતકલ્પે પણ, મુક્તિ સિદ્ધ થનાર નથી.†

વિવેકચૂડામણિ.

૧૩૫.

જે વિદ્યા અને અવિદ્યાને સાથેજ જાણે છે, તે અવિદ્યાથી મૃત્યુને તરી જઈ, વિદ્યાથી અમૃત ભોગવે છે.‡

ઈશોપનિષત્.

---

* ज्ञात्वा सदा तत्त्वनिष्ठाननुमोदामहे वयम् ।
अनुशोचाम एवान्यान्न भ्रान्तैर्विवदामहे ॥

पञ्चदशी.

† वदन्तु शास्त्राणि यजन्तु देवा-
न्कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ।
आत्मैक्यबोधेन विनापि मुक्ति-
र्न सिद्ध्यति ब्रह्मशतान्तरेऽपि ॥

विवेकचूडामणिः.

‡ विद्याञ्चाविद्याञ्च यस्तद्वेदोभयं सह ।
अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥

ईशोपनिषत.

૧૩૬.

શ્રેય એક છે, પ્રેય એક છે; પુરુષને તે ઉભયે નાનાર્થને વિષે જણાઈ બંધ ઉપજાવે છે; એમાંથી શ્રેયને લેનારનું સારું થાય છે, જે પ્રેયને વરે છે તે (પુરુષ-)અર્થથી હીન થાય છે.*

કઠોપનિષત્.

૧૩૭—૧૩૮.

આ (શ્રેય અને પ્રેય) પરસ્પરવિરુદ્ધ, વિરુદ્ધમાર્ગગામી, વિદ્યા અને અવિદ્યા છે એમ તું જાણે છે. હે નચિકેતસ્! તને બહુ બહુ કામનાઓ પ્રલોભી શકતી નથી, તું વિદ્યાનો ઇચ્છનાર છે. અવિદ્યાને વિષે વર્તમાન સતે પોતાને ધીર અને પંડિત માનનારા, મૂઢ, અંધે દોરેલા અંધ જેવા, આમ તેમ અથડાયાં કરે છે.†

કઠોપનિષત—મુંડકોપનિષત્.

૧૩૯—૧૪૧.

વીણાનું રૂપસૌંદર્ય, તેમ વાદનની મધુરતા, તે પ્રજારંજનમાત્રજ સાધી શકે, એથી સામ્રાજ્ય થાય નહિ; વાગ્વૈખરી, શબ્દઝરી, શાસ્ત્રવ્યાખ્યાનનું

---

* अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेयस्ते उभे नानार्थे पुरुषं सिनीतः । तयोः श्रेय आददानस्य साधु भवति हीयतेऽर्थाद्य उ प्रेयो वृणीते ॥

कठोपनिषत्.

† दूरमेते विपरीते विषूची अविद्या या च विद्येति ज्ञाता ।
विद्याऽभीप्सिनन्नचिकेतसं मन्ये न त्वा कामा बहवो लोलुपन्ते ॥
अविद्यायामन्तरे वर्तमानाः स्वयन्धीराः पण्डितम्मन्यमानाः ।
दन्द्रम्य माणा परियान्ति मूढा अन्धेनैव नीयमाना यथाऽन्धाः ॥

कठोपनिषत् । मुण्डकोपनिषत्.

કૌશલ,—વિદ્વાનોનું વૈદુષ્યમાત્ર, ભુક્તિને અર્થે છે, મુક્તિને અર્થે નથી. પરતત્ત્વ જાણ્યા વિના શાસ્ત્રાધ્યયન નિષ્ફલ છે, પરતત્ત્વ જાણ્યા પછી પણ શાસ્ત્રાધ્યયન નિષ્ફલ છે.*

વિવેકચૂડામણિ.

૧૪૨—૧૪૩.

પાન વિના ઔષધના શબ્દમાત્રથી વ્યાધિ જતો નથી; અપરોક્ષાનુભવ વિના બ્રહ્મશબ્દમાત્રથી મુક્તિ થતી નથી. દૃશ્યનો વિલય સાધ્યા વિના, આત્માનું તત્ત્વ જાણ્યા વિના, બ્રહ્મશબ્દથી મુક્તિ ક્યાંથી થાય?—ઉચ્ચારનો આયાસમાત્ર એજ ફલ મળે.†

વિવેકચૂડામણિ.

---

* वीणाया रूपसौन्दर्य्यं तन्त्रीवादनसौष्ठवम् ।
प्रजारञ्जनमात्रं तन्न साम्राज्याय कल्पते ॥
वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्यं विदुषां तद्वद्भुक्तये न तु मुक्तये ॥
अविज्ञाते परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ।
विज्ञातेऽपि परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ॥

विवेकचूडामणिः.

† न गच्छति विना पानं व्याधिरौषधशब्दतः ।
विना परोक्षानुभवं ब्रह्मशब्दैर्न मुच्यते ॥
अकृत्वा दृश्यविलयमज्ञात्वा तत्त्वमात्मनः ।
ब्रह्मशब्दैः कुतो मुक्तिरुक्तिमात्रफलैर्नृणाम् ॥

विवेकचूडामणिः.

૩ શિષ્ય.

૧૪૪—૧૪૫.

ઉહાપોહને વિષે વિચક્ષણ, બુદ્ધિમાન્, અને ઉક્તલક્ષણયુક્ત, વિદ્વાન્ પુરુષ, આત્મવિદ્યાનો અધિકારી છે. વિવેકી, વિરક્ત, શમાદિગુણયુક્ત, મુમુક્ષુ, એવાનેજ બ્રહ્મજિજ્ઞાસાની યોગ્યતા કહી છે.*

વિવેકચૂડામણિ.

૧૪૬—૧૪૮.

(આત્મ) બલહીનથી આ આત્મા લભ્ય નથી, પ્રમાદથી કે ત્યાગરહિત તપથી લભ્ય નથી; એ ઉપાયથી જે વિદ્વાન્ યજે છે, તેનો આત્મ, બ્રહ્મધામમાં પેસે છે. એને પ્રાપ્ત કરીને જ્ઞાનતૃપ્ત થયેલા, કૃતાત્મા, વીતરાગા પ્રશાન્ત, ધીર ઋષિઓ સર્વમય એવા એને સર્વત્ર પ્રાપ્ત કરી યોગયુક્ત થઈ સર્વને વિષે પ્રવેશ કરે છે. વેદાન્તજ્ઞાનને વિષે નિશ્ચિતાર્થ, સંન્યાસયોગથી શુદ્ધસત્ત્વ, એવા સર્વે યતિઓ, અમૃતરૂપ થઈ, પરાન્તકાલે, બ્રહ્મલોકને વિષે સર્વથા મુક્ત થાય છે. †

મુંડકોપનિષત્.

---

* मेधावी पुरुषो विद्वानूहापोहविचक्षणः।
अधिकार्यात्मविद्यायामुक्तलक्षणलक्षितः॥
विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः।
मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासायोग्यता मता॥

विवेकचूडामणिः.

† नायमात्मा बलहीनेन लभ्यो न च प्रमादात्तपसो वाप्यलिङ्गात्।
एतैरुपायैर्यजते यस्तु विद्वांस्तस्यैष आत्मा विशते ब्रह्मधाम॥
संप्राप्यैनमृषयो ज्ञानतृप्ताः
कृतात्मानो वीतरागाः प्रशान्ताः।
ते सर्वगं सर्वतः प्राप्य धीरा
युक्तात्मानः सर्वमेवाविशन्ति॥
वेदान्तविज्ञानसुनिश्चितार्थाः
सन्यासयोगाद्यतयः शुद्धसत्त्वाः।
ते ब्रह्मलोकेषु परान्तकाले
परामृताः परिमुच्यन्ति सर्वे॥

मण्डकोपनिषत्.

૧૪૯.

આકાશમાં પક્ષીનાં, કે જલમાં જલચરોનાં, પગલાં જણાતાં નથી, તેમ જ્ઞાનીઓની ગતિ જણાતી નથી.*

શંકરાચાર્ય.

૧૫૦.

ચક્ષુ શબ્દને જોઈ શકતું નથી કેમકે સમાનસ્વભાવ નથી; એમજ ભૌતિક દૃષ્ટિ આત્માને જોઈ શકતી નથી.†

નૈષ્કર્મ્યસિદ્ધિ.

૧૫૧.

જેમ વિશુધ્ધ આદર્શમાં સ્પષ્ટ રીતે મુખ દેખાય છે, તેમ અધિકારીના શરીરમાં બુધ્ધિને વિષે આત્મા દેખાય છે.‡

આત્મપુરાણ.

---

* शकुनीनामिवाकाशे जले वारिचरस्य च ।
पदं यथा न दृश्येत तथा ज्ञानविदां गतिः ॥

शङ्कराचार्याः

† चक्षुर्न वीक्षते शब्दमतदात्मत्वकारणात् ।
यथैवं भौतिकी दृष्टिर्नात्मानं परिपश्यति ॥

नैष्कर्म्यसिद्धिः

‡ यथा विशुद्ध आदर्शे विस्पष्टं दृश्यते मुखम् ।
अधिकारिशरीरस्मिन्बुद्धावात्मा तथैव हि ॥

आत्मपुराणम्.

૧૫૨.

ઋચા ભાખે છે; ક્રિયાવાન્, શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, પોતે એકર્ષિને વિષે હોમ કરનારા, શ્રદ્ધાવાળા, અને જેમણે વિધિવત્ શિરોવ્રત પાળ્યું છે, તેમનેજ આ બ્રહ્મવિદ્યા કહેવી.*

મુંડકોપનિષત્.

૧૫૩.

આચાર્યવાન્ પુરુષ જાણે છે; (પછી) જ્યાં સુધી તેની (શરીરથી) મુક્તિ નથી થઈ ત્યાં સુધીજ તેને વાર છે; તદનંતર તો તે સ્વરૂપને પામે છે.†

છાન્દોગ્યોપનિષત્.

૧૫૪.

અનુત્તમ જન્મ પ્રાપ્ત કરી, અવિકલ ઇંદ્રિયો પામી, જે આત્મહિત જાણતો નથી, તે આત્મઘાતક છે.‡

મહાભારત.

---

* तदेतदृचाभ्युक्तं क्रियावन्तः श्रोत्रिया ब्रह्मनिष्ठाः ।
स्वयं जुह्वते एकर्षिं श्रद्धयन्तस्तेषामेवैतां ब्रह्मविद्यां
वदेत शिरोव्रतं विधिवद्यैस्तु चीर्णम् ॥

मुण्डकोपनिषत्.

† आचार्यवान्पुरुषो वेद तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ सम्पत्स्य इति ॥

छान्दोग्योपनिषत्.

‡ प्राप्य चानुत्तमं जन्म लब्ध्वा चेन्द्रियसौष्ठवम् ।
न वेत्त्यात्महितं यस्तु स भवेदात्मघातकः ॥

महाभारतम्.

૧૫૫.

મહાપુણ્યરૂપી ધન આપીને તેં આ કાયારૂપી નાવ, આ દુઃખોદધિની પાર જવા, આણ્યું છે;—એ ભાંગી ન જાય ત્યાં સુધીમાં તરી લે.*

પ્રાસ્તાવિક.

૧૫૬.

જે આત્મઘાતી જનો છે તે, મરણપછી, ઘોર અંધકારથી વ્યાપ્ત એવા અસૂર્ય નામના લોકમાં જાય છે.†

ઈશોપનિષત્. । બૃહદારણ્યકોપનિષત્.

૧૫૭.

અજ્ઞાની, અશ્રદ્ધાવાન્, અને સંશયાત્મા, એમનો વિનાશ થાય છે; આ લોક કે પરલોક એકે તેનો નથી, સંશયાત્માને સુખ નથી.‡

ભગવદ્ગીતા.

---

* महता पुण्यपण्येन क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं तर यावन्न भिद्यते ॥

प्रास्ताविकः

† असूर्या नाम ते लोका अन्धेन तमसा वृताः ।
तांस्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥

ईशोपनिषत्। बृहदारण्यकोपनिषत्.

‡ अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ॥
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥

भगवद्गीता.

૪ ગુરુ.

૧૫૮—૧૫૯.

જ્યાં સુધી તારૂં મન વ્યુત્પન્ન થયું નથી, તત્પદનું તને જ્ઞાન થયું નથી, ત્યાં સુધી ગુરુ, શાસ્ત્ર અને પ્રમાણુ તેનાથી જે નિર્ણય મળે તે પ્રમાણે આચાર કરઃ પછી કષાયનો પરિપાક થઈ જતાં, વસ્તુવિજ્ઞાન પ્રાપ્ત થતાં, એ સર્વ વાસનાજાલને, (વૃત્તિ-) નિરોધ સાધવાને અર્થે, શુભ સતે પણ, તારે ત્યજી દેવી.*

યોગવાસિષ્ઠ.

૧૬૦—૧૬૧.

પ્રામાણિક દૃષ્ટિવાળા વીતરાગોએ વસ્તુગતિસંબંધે જે નિર્ણય કર્યાછે તે શાસ્ત્ર કહેવાય છે. મહાસત્વગુણુયુક્ત, સમદૃષ્ટિ, કાંઈ અવર્ણ્ય કળવાળા, જે ધીર પુરુષો છે તે સાધુ કહેવાય છે.†

યોગવાસિષ્ઠ.

---

* अव्युत्पन्नमना यावद्भवानज्ञाततत्पदः ।
गुरुशास्त्रप्रमाणैस्तु निर्णीतं तावदाचर ॥
ततः पक्वकषायेण नूनं विज्ञातवस्तुना ।
शुभोऽप्यसौ त्वया त्याज्यो वासनौघो निरोधिना ॥

योगवासिष्ठम्.

† अविसंवादिनार्थे यद्यत्प्रामाणिकदृष्टिभिः ।
वीतरागैर्विनिर्णीतं तच्छास्त्रमिति कथ्यते ॥
महासत्त्वगुणोपेता ये धीराः समदृष्टयः ।
अनिर्देश्यकलोपेताः साधवस्त उदाहृताः ॥

योगवासिष्ठम्.

૧૬૨.

આવો પણ હું હે ભગવન્! મન્ત્રવિત્જ છું, આત્મવિત્ નથી; આપ જેવા પાસેથીજ મેં સાંભળ્યું છે કે આત્મવિત્ શોકને તરી જાય છે; તો ભગવન્! મને શોચ થાય છે, મને આપ શોકને પેલે પાર ઉતારો.*

છાન્દોગ્યોપનિષત્.

૧૬૩.

આ બ્રહ્મ પિતાએ પોતાના જ્યેષ્ઠ પુત્રને કહેવું, કે ગુરુએ સ્વરસાનુકૂલ શિષ્યને કહેવું, અન્યને નહિ.†

છાન્દોગ્યોપનિષત્.

૧૬૪.

હે રામ! જ્ઞાનાનુભવનું કારણ શિષ્યનીજ પ્રજ્ઞા છે, અન્ય નથી.‡

યોગવાસિષ્ઠ.

૧૬૫.

આત્માને આત્માથી ઉદ્ધારવો, નાશ ન પમાડવો; આત્માજ આત્માનો બંધુ છે, ને આત્માજ આત્માનો રિપુ છે.§

ભગવદ્ગીતા.

---

* सोऽहं भगवो मन्त्रविदेवास्मि नात्मविच्छ्रुतं ह्येव मे भगवद्दृशेभ्यस्तरति शोकमात्मविदिति सोऽहं भगवः शोचामि तं मा भगवाञ्छोकस्य पारं तारयतु ।

छान्दोग्योपनिषत्.

† इदं वाव तं ज्येष्ठाय पुत्राय पिता ब्रह्म प्रब्रूयात् प्राणाय्याय वान्तेवासिने नान्यस्मै कस्मै ।

छान्दोग्योपनिषत्.

‡ ज्ञप्तेस्तु कारणं राम शिष्यप्रज्ञैव केवलम् ॥

योगवासिष्ठम्.

§ उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥

भगवद्गीता.

૧૬૬—૧૬૭.

એક (માર્ગ) એવો છે કે ગુરુએ બતાવેલે પ્રકારે અનુષ્ઠાન કરતાં ધીમે ધીમે, એક જન્મે કે અનેક જન્મે, સિદ્ધિ આપે છે. બીજો (માર્ગે), કાંઈક વ્યુત્પત્તિ પામેલા ચિત્તવાળા આત્માથીજ, આકાશથી ફલપાતની પેઠે, સત્વર જ્ઞાનપ્રાપ્તિ થઈ જાય છે.*

યોગવાસિષ્ઠ.

૧૬૮.

વિચારથી પોતાની મેળે આત્માએ આત્માને અવલંબી સંસારમોહસમુદ્રથી પોતાના મનરૂપી મૃગને તારી લેવો.†

યોગવાસિષ્ઠ.

૧૬૯.

ધર્મથી અન્યત્ર, અધર્મથી અન્યત્ર, આ કાર્યોથી અન્યત્ર, કારણોથી અન્યત્ર, ભૂતથી અન્યત્ર, ભવિષ્યત્‌થી અન્યત્ર, એવું જે દેખતા હો તે મને કહો.‡

કઠોપનિષત્.

---

* एकस्तावद्गुरुप्रोक्तादनुष्ठानाच्छनैः शनैः ।
जन्मना जन्मभिर्वापि सिद्धिदः समुदाहृतः ॥
द्वितीयस्त्वात्मनैवाशु किंचिद्व्युत्पन्नचेतसा ।
भवति ज्ञानसम्प्राप्तिराकाशफलपातवत् ॥

योगवासिष्ठम्.

† स्वयमेवात्मनात्मानमवष्टभ्य विचारतः ।
संसारमोहजलधेस्तारयेत्स्वमनोमृगम् ॥

योगवासिष्ठम्.

‡ अन्यत्र धर्मादन्यत्राधर्मा-
दन्यत्रास्मात्कृताकृतात् ।
अन्यत्र भूताच्च भव्याच्च
यत्तत्पश्यसि तद्वद ॥

कठोपनिषत्.

૧૭૦.

શૌનક ગૃહસ્થ અંગિરસ પાસે વિધિપૂર્વક ગયો અને પૂછવા લાગ્યો હે ભગવન્! શાના જ્ઞાનથી આ સર્વનું જ્ઞાન થાય છે? તેમણે કહ્યું બે વિદ્યા જાણવાની છે, બ્રહ્મજ્ઞો કહે છે કે તે પરા અને અપરા એવી છે.*

મુંડકોપનિષત્.

૧૭૧—૧૭૩.

સર્વે વેદ જે પદને પ્રમાણે છે, સર્વે તપ જેને વદે છે, જેની ઇચ્છાથી બ્રહ્મચર્ય ચરે છે, તે પદ હું તને સંક્ષેપથી કહું—તે ઑંકાર છે. એ અક્ષર બ્રહ્મ છે, એજ પર અક્ષર છે, એ અક્ષરને જાણ્યા પછી, જેને જે ઇચ્છા હોય તે તે થાય છે. એજ શ્રેષ્ઠ આલંબન છે, એજ પર આલંબન છે, એ આલંબનને જાણી, બ્રહ્મલોકમાં માહાત્મ્ય થાય છે.†

કઠોપનિષત્.

---

* शौनको ह वै महाशालोऽङ्गिरसं विधिवदुपसन्नः पप्रच्छ कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवतीति। तस्मै स होवाच। द्वे विद्ये वेदितव्य इति ह स्म यद्ब्रह्मविदो वदन्ति परा चैवापरा च ॥

मुण्डकोपनिषत्.

† सर्वे वेदा यत्पदमामनन्ति
तपांसि सर्वाणि च यद्वदन्ति।
यदिच्छन्तो ब्रह्मचर्यञ्चरति
तत्ते पदं सङ्ग्रहेण ब्रवीम्योम् ॥
एतध्द्येवाक्षरं ब्रह्म एतदेवाक्षरम्परम्।
एतदेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ॥
एतदालम्बनं श्रेष्ठमेतदालम्बनं परम्।
एतदालाम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥

कठोपनिषत्.

૧૭૪.

બ્રહ્મવિત્ પરને પ્રાપ્ત કરે છે; એ ઉપરજ આ (ઋચા) કહેલી છે: 'સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ છે. પરમવ્યોમને વિષે તથા (હૃદય-) ગુહાને વિષે રહેલા આને જે જાણે છે તે સર્વદર્શી બ્રહ્મ સાથે સર્વકામને ભોગવે છે.*

તૈત્તિરીયોપનિષત્.

૧૭૫.

આ વિશ્વ પુરુષજ છે, કર્મ, તપ, બ્રહ્મ, પર અમૃત, તે છે. એને, (હૃદય-) ગુહામાં રહેલાને, જે જાણે છે તે અવિદ્યાગ્રન્થિને, હે સૌમ્ય! ઉરાડી દે છે.†

મુંડકોપનિષત્.

૧૭૬.

અધ્યાત્મયોગાધિગમથી, દુર્દર્શ, ગૂઢ, અનુપ્રવિષ્ટ, (હૃદય-) ગુહાહિત, (બુદ્ધિ-) ગહ્વરસ્થ, પુરાણુ, એવા દેવને અનુભવી, ધીર હર્ષશોકને ત્યજે છે.‡

કઠોપનિષત્.

---

* ब्रह्मविदाप्नोति परम् । तदेषाभ्युक्ता । सत्यं ज्ञानमनन्तं ब्रह्म । यो वेद निहितं गुहायां परमे व्योमन् सोऽश्नुते सर्वान्कामान् सह ब्रह्मणा विपश्चितेति ॥

तैत्तिरीयोपनिषत्.

† पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम् । एतद्यो वेद निहितं गुहायां सोऽविद्याग्रन्थिं विकिरतीह सौम्य ॥

मुण्डकोपनिषत्.

‡ तन्दुर्दर्शगूढमनुप्रविष्टं
गुहाहितं गह्वरेष्ठम्पुराणम् ।
अध्यात्मयोगाधिगमेन देवं
मत्वा धीरो हर्षशोकौ जहाति ॥

कठोपनिषत्.

૧૭૭.

સર્વભૂતને વિષે આત્માને, અને આત્માને વિષે સર્વભૂતને સમાન રીતે જોતો આત્મયાજી સ્વારાજ્યને પામેછે.*

મનુ.

૧૭૮.

જેનાથી સ્વપ્નાન્ત અને જાગરિતાન્ત ઉભયે અનુભવાયછે તે મહાન્ વિભુ આત્માને જાણી, ધીર શોચ કરતો નથી.†

કઠોપનિષત્.

૧૭૯—૧૮૦.

જેમ દુર્ગને વિષે વર્ષેલું જલ પર્વતને વિષે દોડેછે, એમજ ધર્મને (બ્રહ્મથી) પૃથક્ જોનાર તેરૂપ (=ભેદરૂપ) થાયછે. જેમ શુદ્ધ સ્થલ ઉપર પડેલું જલ તેવુંજ શુદ્ધ રહેછે તેમ હે ગૌતમ! જાણનાર મુનિનો આત્મા રહેછે.‡

કઠોપનિષત્.

---

* सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि ।
समं पश्यन्नात्मयाजी स्वाराज्यमधिगच्छति ॥

मनु.

† स्वप्नान्तं जागरितान्तं चोभौ येनानुपश्यति ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥

कठोपनिषत्.

‡ यथोदकन्दुर्गे वृष्टम्पर्वतेषु विधावति ।
एवं धर्मान् पृथक् पश्यंस्तानेवानुविधावति ॥
यथोदकं शुद्धे शुद्धमासिक्तन्तादृगेव भवति ।
एवम्मुनेर्विजानत आत्मा भवति गौतम ॥

कठोपनिषत्.

૧૮૧.

એકાદશ દ્વારવાળું,* અવક્ર ચેતસ્ જે અજ તેનું પુર છે, એને જાણીને શોચ પામતો નથી, વિમુક્ત સતે વિમુક્ત† થાયછે.‡

કઠોપનિષત્.

૧૮૨—૧૮૩.

જેમ આ વહેતી નદીઓ સમુદ્રપ્રતિ જાયછે ને સમુદ્રને પ્રાપ્ત કરી અસ્ત પામેછે, નામરૂપને પણ ખુવેછે, ને સમુદ્ર એટલુંજ કહેવાયછે, એમજ આ દ્રષ્ટાની ષોડશ કલા પુરુષપ્રતિ જાયછે અને પુરુષને પ્રાપ્ત કરી અસ્ત પામેછે, નામરૂપને પણ ખુવેછે, ને પુરુષ એટલુંજ કહેવાયછે, તેજ આ એ અકલ અમૃત છે. એ ઉપર શ્લોક કે રથની નાભિમાં આરાની પેઠે જેને વિષે કલામાત્ર પ્રતિષ્ઠિત છે તે વેદ્ય પુરુષને જાણ કે જેથી તને મૃત્યુ વ્યથા ન કરે.§

પ્રશ્નોપનિષત્.

---

* મસ્તકમાંનાં સાત દ્વાર, અધોભાગનાં બે દ્વાર, નાભિ, અને બ્રહ્મરંધ્ર એ અગીઆર.

† એટલે જીવન્મુક્ત હોઈ વિદેહમુક્ત થાયછે.

‡ पुरमेकादशद्वारमजस्यावक्रचेतसः ।
अनुष्ठाय न शोचति विमुक्तश्च विमुच्यते ॥

कठोपनिषत्.

§ यथेमा नद्यः स्यन्दमानाः समुद्रायणाः समुद्रं प्राप्यास्तं गच्छन्ति भिद्येते तासां नामरूपे समुद्रइत्येवं प्रोच्यते । एवमेवास्य परिद्रष्टुरिमाः षोडशकलाः पुरुषायणाः पुरुषं प्राप्यास्तं गच्छन्ति भिद्येते तासां नामरूपे पुरुषइत्येवं प्रोच्यते स एषोऽकलोऽमृतो भवति तदेष श्लोकः

अराइव रथनाभौ कला यस्मिन्प्रतिष्ठिताः ।
तं वेद्यं पुरुषं वेद यथा मा वो मृत्युः परिव्यथाः ॥

प्रश्नोपनिषत्.

૧૮૪.

જેને વિષે આકાશ, પૃથિવી, અન્તરિક્ષ, મન, સર્વપ્રાણુસમેત, ઓત-પ્રોત છે, તે એકજ આત્માને જાણુ, અન્ય વાચા મૂકી દે, એ અમૃતનો સેતુ છે.*

મુંડકોપનિષત્.

૧૮૫.

જે આત્મા કરતાં અન્યને બ્રાહ્મણ જાણે તેને બ્રાહ્મણ પરો કરેછે, જે આત્મા કરતાં અન્યને ક્ષત્રિય જાણે તેને ક્ષત્રિય પરો કરેછે, જે આત્મા કરતાં અન્યને લોક જાણે તેને લોક પરો કરેછે, જે આત્મા કરતાં અન્યને દેવ જાણે તેને દેવ પરો કરેછે, જે આત્મા કરતાં અન્યને ભૂત જાણે તેને ભૂત પરો કરેછે, જે આત્મા કરતાં અન્યને સર્વ (કાંઈ) જાણે તેને સર્વ પરું કરેછે, આ બ્રાહ્મણ, આ ક્ષત્રિય, આ લોક, આ દેવ, આ સર્વ ભૂત, આ સર્વ, જે છે, તે આ આત્માજ છે.†

બૃહદારણ્યકોપનિષત્.

---

* यस्मिन् द्यौः पृथिवी चान्तरिक्षमोतं मनः सह प्राणैश्च सर्वैः ।
तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथ अमृतस्यैष सेतुः ॥

मुण्डकोपनिषत्.

† ब्रह्म तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद क्षत्रं तं परादाद्योऽन्यत्रात्मनः क्षत्रं वेद लोकास्तं परादुर्योऽन्यत्रात्मनो लोकान्वेद देवास्तं परादुर्योऽन्यत्रात्मनो देवान्वेद भूतानि तं परादुर्योऽन्यत्रात्मनो भूतानि वेद सर्वं तं परादाद्योऽन्यत्रात्मनः सर्वं वेदेदं ब्रह्मेदं क्षत्रमिमे लोका इमे देवा इमानि भूतानीदं सर्वं यदयमात्मा ॥

बृहदारण्यकोपनिषत्.

૧૮૬.

જે આત્મા પાપરહિત, વિજર, વિમૃત્યુ, વિશોક, ક્ષુધાતૃષારહિત, સત્યકામ, સત્યસંકલ્પ, છે તેની અન્વેષણા કરવી, તેની વિજિજ્ઞાસા કરવી, તે સર્વ લોકને પ્રાપ્ત કરેછે, સર્વ કામને પૂર્ણ કરેછે, જે આ આત્માને જાણી અનુભવેછે.*

છાન્દોગ્યોપનિષત્.

૧૮૭.

યાજ્ઞવલ્કયે જનકને કહ્યું:—ઋચામાં પણ એજ કહ્યું છે, બ્રાહ્મણનો આ નિત્ય મહિમા છે. કર્મથી તે વૃદ્ધિ પામતો નથી, કે ઓછો થતો નથી. જે એ પદને જાણેછે તે એ જાણેછે. તેને જાણી કર્મમાત્ર જે પાપરૂપ છે તેથી તે લેપાતો નથી, આવું જાણનાર શાન્ત, દાન્ત, ઉપરત, તિતિક્ષુ, સમાહિત, થઈ આત્માને વિષે આત્માને દેખેછે, સર્વને આત્મા દેખેછે; તે વિપાપ, વિરજ, અશંક, બ્રાહ્મણ થાયછે. આ બ્રહ્મલોક છે.†

બૃહદારણ્યકોપનિષત્.

---

* य आत्मापहतपाप्मा विजरो विमृत्युर्विशोकोऽविजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसङ्कल्पः सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः स सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामान्यस्तमात्मानमनुविद्य विजानातीति ॥

छान्दोग्योपनिषत्.

† तदेतदृचाभ्युक्तमेष नित्यो महिमा ब्राह्मणस्य न वर्द्धते कर्मणा नो कनीयान् तस्यैव स्यात्पदवित्तं विदित्वा न लिप्यते कर्मणा पापकेनेति तस्मादेवंविच्छान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वात्मन्येवात्मानं पश्यति सर्वमात्मानं पश्यति विपापो विरजोऽविचिकित्सो ब्राह्मणो भवत्येष ब्रह्मलोकः सम्राडिति होवाच याज्ञवल्क्यः ॥

बृहदारण्यकोपनिषत्.

૧૮૮.

સ્વનુષ્ઠિત એવા પરધર્મ કરતાં વિગુણ એવો પણ સ્વધર્મ શ્રેયસ્કર છે; સ્વધર્મમાં મૃત્યુ થાય તે શ્રેયસ્કર છે, પણ પરધર્મ ભયાવહ છે.*

ભગવદ્ગીતા.

૧૮૯.

આ પુરુષને હું મહાન્, આદિત્યવર્ણ, તમસ્થી પાર, જાણું છું; તેનેજ જાણીને મૃત્યુનો પણ અતિક્રમ થઈ શકેછે, જવાનો અન્ય માર્ગ નથી.†

શ્વેતાશ્વતરોપનિષત્.

૧૯૦.

સશરીર એવા સત્‌ને પ્રિયાપ્રિયનો નાશ થતો નથી, જે અશરીર છે તેને પ્રિયાપ્રિય સ્પર્શતાં નથી.‡

છાન્દોગ્યોપનિષત્.

---

* श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

भगवद्गीता.

† वेदाहमेतं पुरुषं महान्त-
मादित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वातिमृत्युमेति
नान्यः पन्था विद्यतेऽयनाय ॥

श्वेताश्वतरोपनिषत्.

‡ न वै सशरीरस्य सतः प्रियाप्रिययोरपहतिरस्त्यशरीरं वा वसन्तं न प्रियाप्रिये स्पृशतः ॥

छान्दोग्योपनिषत्.

૧૯૧.

તિલને વિષે તેલ, દધિને વિષે ઘી, સ્રોતને વિષે જલ, અરણીને વિષે અગ્નિ, તેમ જે સત્ય તથા તપથી એને જુવેછે તેને આત્માને વિષે આત્મા ગૃહાયછે.*

શ્વેતાશ્વતરોપનિષત્.

૧૯૨.

એની વિવિદિષાવાળા બ્રાહ્મણો વેદાનુવચનથી એને જાણેછે, યજ્ઞથી, દાનથી, અકામ તપથી, જાણેછે; તેનેજ જાણીને તે મુનિ થાયછે.†

બૃહદારણ્યકોપનિષત.

૧૯૩.

આચાર્ય અન્તેવાસિને વેદ સમજાવી અનુશાસન કરેછે: સત્ય વદ, ધર્મ આચર, સ્વાધ્યાયનો પ્રમાદ મા કર, આચાર્યને પ્રિય ધન આપી પ્રજાતંતુનો ઉચ્છેદ મા કર.‡

તૈત્તિરીયોપનિષત્.

---

* तिलेषु तैलं दधनीव सर्पि-
राप: स्रोत:स्वरणीषु चाग्नि: ।
एवमात्मात्मनि गृह्यतेऽसौ-
सत्येनैनं तपसा योऽनुपश्यति ॥

श्वेताश्वतरोपनिषत्.

† तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसानाशकेने-तमेव विदित्वा मुनिर्भवति ॥

बृहदारण्यकोपनिषत्.

‡ वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति । सत्यं वद । धर्मञ्चर । स्वाध्यायान्मा प्रमद: । आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सी: ॥

तैत्तिरीयोपनिषत्.

૧૯૪.

ધર્મસ્કન્ધ ત્રણછે: યજ્ઞ, અધ્યયન, દાન.*

છાન્દોગ્યોપનિષત્.

૧૯૫.

જે આને (ઓંકારને) આ પ્રકારે જાણેછે, ને જે આ પ્રકારે નથી જાણતા, તે ઉભયે એનાથીજ (કર્મ) કરેછે. વિદ્યા અને અવિદ્યા નાના પ્રકારની છે, જે વિદ્યાથી કરેછે, શ્રધ્ધાથી, ને પૂર્ણભાવથી કરેછે તેજ અધિક વીર્યવાળું થાયછે.†

છાન્દોગ્યોપનિષત્.

૧૯૬—૧૯૮.

સુંદર પાંખવાળાં, સંયુક્ત, સખારૂપ, બે (પક્ષી), એકજ વૃક્ષ ઉપર બેસેછે; તેમાંનું એક સ્વાદિષ્ટ એવા પિપ્પલને ખાયછે, ને બીજું ખાધા વિના જોયાં કરેછે. એકજ વૃક્ષને વિષે નિમગ્ન પુરુષ અનીશતાએ કરીને મોહ પામી શોચ કરેછે, પણ જ્યારે સર્વથી ઇષ્ટ એવા અન્ય ઈશને જોઈ તેના મહિમાને અનુભવે છે ત્યારે શોકથી મુક્ત થાયછે. જ્યારે જોનાર, કર્તા, ઈશ,

---

* त्रयो धर्मस्कन्धा यज्ञोऽध्ययनं दानमिति ।

छान्दोग्योपनिषत्.

† तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद । नाना तु विद्या चाविद्या च यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवतीति ॥

छान्दोग्योपनिषत्.

પુરુષ, બ્રહ્મયોનિ, સુવર્ણવર્ણવાળા, ને દેખેછે ત્યારે એમ જાણનાર પુણ્યપાપને કાઢી નાખી, નિરંજન થઈ, પરમ સમતાને પામેછે.*

મુંડકોપનિષત્.

૧૯૯.

રથની નાભિને વિષે આરાની પેઠે જેને વિષે નાડીઓ સંહત છે, તે (સર્વત્ર) અન્તરને વિષે ચરનાર છે, બહુધા થાયછે. આત્માનું ઓમ્ એ રૂપે ધ્યાન કર, તમસથી પરાત્ પર પ્રતિ તને સ્વસ્તિ હો.†

મુંડકોપનિષત્.

૨૦૦—૨૦૧.

લોક કર્મચિત‡ છે એમ પરીક્ષા કરી બ્રાહ્મણ નિર્વેદ પામે કે કર્મથી અકૃત એવું કાંઈ નથી એટલે મારે તે (અકૃત) ના વિજ્ઞાનને અર્થે સમિત્પાણિ થઈ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એવા ગુરુ પાસે જવું. સમ્યક્ પ્રશાન્ત ચિત્તવાળા,

---

* द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति ॥
समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥
यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् ।
तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति ॥

मुण्डकोपनिषत्.

† अरा इव रथनाभौ संहता यत्र नाड्यः ।
स एषोऽन्तश्चरते बहुधा जायमानः ।
ओमित्येवं ध्यायथ आत्मानं स्वस्ति वः पराय तमसः परस्तात् ॥

मुण्डकोपनिषत्.

‡ કર્મથી નિર્વાહ પામનારા

શમયુક્ત, એવા તે આવેલાને, તે વિદ્વાન્, જેનાથી અક્ષર પુરુષજ સત્ય સમજાય તે બ્રહ્મવિદ્યા તત્ત્વથી વદેછે.*

મુંડકોપનિષત્.

૨૦૨—૨૦૩.

સ્વાત્મદર્શનને વિષે મુખ્ય તો પુરુષયત્નજન્ય વિચાર છે, (ગુરુ) પ્રસાદાદિ હેતુ ગૌણુ છે; માટે મુખ્યહેતુપરાયણુ થા; અજ્ઞને પણુ, પોતાના પૌરુષ વિનાજ, ગુરુ ઉધ્ધારી શકે, તો ઉંટને કે નાથેલા બળદને તે શા. માટે ઉધ્ધારતો નથી?†

યોગવાસિષ્ઠ.

૫. જગત્.

૨૦૪—૨૦૫.

નિરીહ, નિરંશ, નિરહંકાર, સત્, કે અસત્ એવા તેં કર્તાપણું સ્વીકાર્યું છે. હણેછે, પાલેછે, આપેછે, પ્રકાશેછે, બોલેછે, તું અનહંકૃતિરૂપ સતે આવું બધું કરેછે,—તારી માયિતા વિચિત્ર છે!‡

યોગવાસિષ્ઠ.

---

* परीक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायान्नास्त्यकृतः कृतेन । तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥

तस्मै स विद्वानुपसन्नाय सम्यक् प्रशान्तचित्ताय शमान्विताय ।
येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम् ॥

मुण्डकोपनिषत्.

† मुख्यः पुरुषयत्नोत्थो विचारः स्वात्मदर्शने ।
गौणो वरादिको हेतुर्मुख्यहेतुपरो भव ॥
गुरुश्चेदुद्धरत्यज्ञमात्मीयात्पौरुषादृते ।
उष्ट्रं दान्तं बलीवर्दं तत्कस्मान्नोद्धरत्यसौ ॥

योगवासिष्ठम्.

‡ निरीहेण निरंशेन निरहङ्कृतिना त्वया ।
सता वाप्यसता वापि कर्तृत्वमुररीकृतम् ॥
हंसि पासि ददासि त्वमवस्फूर्जसि वल्गसि ।
अनहंकृतिरूपोऽपि चित्रेयं तव मायिता ॥

योगवासिष्ठम्.

૨૦૬.

તેને કામના થઈ, બહુ થાઊં, ઉપજાું; તેણે તપ તપ્યું; તપ તપીને તેણે આ સર્વ સર્જ્યું; આ જે કાંઈ છે તે સર્જ્યું. સર્જીને તેમાંજ તેણે અનુપ્રવેશ કર્યો. અનુપ્રવેશ કરીને તે સત્ તેમ અસત્ થયું,......વિજ્ઞાન તેમ અવિજ્ઞાન થયું, સત્ય તેમ અનૃત થયું.*

તૈત્તિરીયોપનિષત્.

૨૦૭.

આ તે સમયે અવ્યાકૃત હતું, તે, આનું આ નામ, આ રૂપ, એમ વ્યાકૃત થયું, અદ્યાપિ પણ નામરૂપથી આ વ્યાકૃત થાયછે: આનું આ નામ છે, આ રૂપ છે. તેનો અનુપ્રવેશ તે અત્ર આવોછે.†

બૃહદારણ્યકોપનિષત્.

૨૦૮.

આ તે મધુ‡ જે દધ્યંગાથર્વણે અશ્વિનીકુમારોને કહ્યું. ઋષિ તે જોતા સતા બોલ્યા: રૂપે રૂપે તે પ્રતિરૂપ થયુંછે, પોતાના સ્વરૂપને અનુભવવા ઇંદ્ર માયાથી બહુરૂપ થાયછે.§

બૃહદારણ્યકોપનિષત.

---

* सोऽकामयत बहुस्यां प्रजायेयेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वेदं सर्वमसृजत । यदिदं किञ्च । तत्सृष्ट्वा तदेवानुप्राविशत् । तदनुप्रविश्य सच्च त्यच्चाभवत् । ...... । विज्ञानञ्चाविज्ञानञ्च । सत्यञ्चानृतञ्च ॥

तैत्तिरीयोपनिषत्.

† तद्धेदं तर्ह्यव्याकृतमासीत्तन्नामरूपाभ्यामेव व्याक्रियतासौनामायमिदंरूप इति तदिदमप्येतर्हि नामरूपाभ्यामेव व्याक्रियतेऽसौनामायमिदंरूप इति स एष इह प्रविष्टः ॥

बृहदारण्यकोपनिषत्.

‡ આ આખા અધ્યાયમાં બ્રહ્મને મધપુડાના મધ સાથે સરખાવી સર્વમય સતે પ્રતિમક્ષિકા ભોગવી શકેછે એ સાદૃશ્યાંશ ઉપર સ્પષ્ટતા બતાવીછે.

§ इदं वै तन्मधु दध्यङ्ङाथर्वणोऽश्विभ्यामुवाच तदेतदृषिः पश्यन्नवोचद्रूपं रूपं प्रतिरूपो बभूव तदस्य रूपं प्रतिचक्षणाय इन्द्रो मायाभिः पुरुरूप ईयते ॥

बृहदारण्यकोपनिषत्.

૨૦૯.

ઉચ્ચાવચ એવાં નાના પ્રકારનાં રૂપને લેતો સતો દેવ સ્વપ્નને વિષે બહુરૂપ થાયછે, જાણે સ્ત્રીયો સાથે મોદ કરેછે, જાણે હસેછે, જાણે ભયને દેખેછે.*

બૃહદારણ્યકોપનિષત્.

૨૧૦.

ત્યાં (સ્વપ્નમાં) રથ નથી, રથ વહેનાર નથી, પણ રથ, વહેનાર, માર્ગ, ઉપજાવેછે; ત્યાં આનંદ, મોદ, પ્રમોદ, નથી, પણ આનંદ, મોદ, પ્રમોદ, ઉપજાવેછે; ત્યાં તળાવ, સરોવર, નદીઓ, નથી, પણ તળાવ, સરરોવર, નદીઓ ઉપજાવેછે;—એજ કર્તા.†

બૃહદારણ્યકોપનિષત્.

૨૧૧—૨૧૩.

ત્યારે આ સત્ય છે: જેમ પ્રદીપ્ત પાવકથી સરૂપ એવા સહસ્રાવધિ સ્ફુલિંગ નીકળેછે, તેમ હે સૌમ્ય! અક્ષરથી વિવિધ ભાવ નીકળેછે, ને તેમાંજ પાછા જાયછે. દિવ્ય, અમૂર્ત, બાહ્ય તેમ આભ્યન્તર, અજ,

---

* स्वप्नान्त उच्चावचमीयमानो ।
रूपाणि देवः कुरुते बहूनि ॥
उतेव स्त्रीभिः सह मोदमानो ।
जक्षदुतेवापि भयानि पश्यन् ॥

बृहदारण्यकोपनिषत्.

† न तत्र रथा न रथयोगा न पन्थानो भवन्त्यथ रथान् रथयोगान् पथः सृजते न तत्रानन्दा मुदः प्रमुदो भवन्त्यथानन्दान्मुदः प्रमुदः सृजते न तत्र वेशान्ताः पुष्करिण्यः स्रवन्त्यो भवन्त्यथ वेशान्ताः पुष्करिण्यः स्रवन्त्यः सृजते स हि कर्त्ता ॥

बृहदारण्यकोपनिषत्.

પુરુષ, અપ્રાણ, અમન, શુભ્ર, અક્ષરથી પરાત્પર છે. એથી પ્રાણ, મન, સર્વેન્દ્રિયો, આકાશ, વાયુ, તેજસ્ જલ, અને વિશ્વને ધારણ કરનાર પૃથિવી થાયછે.*

મુંડકોપનિષત્.

૨૧૪—૨૧૫.

યત્રતત્ર સ્થિત સતે પણ કર્પૂરાદિનો સુગંધ જેમ ઉદય પામ્યા વિના રહેતો નથી, તેમ ચિધ્ધાતુના ઉદરને વિષે દૃશ્ય જગત્ જાણવું. જેમ સુવર્ણમાં કટકત્વ છે, મૃગનદીમાં જલ છે, સ્વપ્નનગરને કોટ છે, તેમ દ્રષ્ટાને વિષે દૃશ્યબુદ્ધિ છે.†

યોગવાસિષ્ટ.

૨૧૬.

જે (સામાન્યરીતે) સર્વજ્ઞ છે, તે (વિશેષ રીતે) સર્વવિત્ છે, આ જ્ઞાનમયતા તે તેનું તપ છે; તેથકી આ બ્રહ્મ (એટલે હિરણ્યગર્ભ) નામ, રૂપ, અન્ન, થાયછે.‡

મુંડકોપનિષત્.

---

* तदेतत्सत्यम् । यथा सुदीप्तात् पावकाद्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः । तथाक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते तत्र चैवापि यन्ति ॥

दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः ।
अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः ॥
एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ।
खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥

मुण्डकोपनिषत्.

† यत्र तत्र स्थितस्यापि कर्पूरादेः सुगंधिता ।
यथोदेति तथा दृश्यं चिध्धातोरुदरे जगत् ॥
अङ्गदत्वं यथा हेम्नि मृगनद्यां यथा जलम् ।
भित्तिर्यथा स्वप्नपुरे तथा द्रष्टरि दृश्यधीः ॥

योगवासिष्ठम्.

‡ यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमयं तपः ।
तस्मादेतद्ब्रह्म नामरूपमन्नं च जायते ॥

मुण्डकोपनिषत्.

૨૧૭.

સ્તંભની અંદર જેમ પૂતળી છે, ને તેનાં અંગે અંગે પાછી પૂતળી છે, ને તે પૂતળીને અંગે અંગે પણ પાછી પૂતળી છે, એમ આ ત્રૈલોક્ય-પૂતળી માટે પણ જાણવું.*

યોગવાસિષ્ઠ.

૨૧૮—૨૧૯.

જે અદૃશ્ય, અગ્રાહ્ય, અગોત્ર, અવર્ણ, અચક્ષુ, અશ્રોત્ર, અપાણિ, અપાદ, નિત્ય, વિભુ, સર્વગત, સુસૂક્ષ્મ, અવ્યય, ભૂતયોનિ, છે તેને ધીર સર્વ પ્રકારે વિલોકે છે. જેમ ઉર્ણનાભિ સૃજે છે, ને ખેંચી લેછે, જેમ પૃથિવીમાંથી ઓષધિઓ થાયછે, જેમ સદ્રૂપ પુરુષથી કેશલોમાદિ થાયછે, તેમ અક્ષ-રથી આ વિશ્વ થાયછે.†

મુંડકોપનિષત્.

૨૨૦—૨૨૨.

ઉર્ધ્વમૂલવાળો, અધઃશાખાવાળો, આ સનાતન અશ્વત્થ છે, તેજ શુદ્ધ છે, તેજ બ્રહ્મ છે, તેજ અમૃત કહેવાયછે; લોકમાત્ર તેમાં આશ્રિત છે, તેથી

---

* यथा स्तंभे पुत्रिकान्तस्तस्याः स्वाङ्गेषु पुत्रिका ।
तस्याश्च पुत्रिकास्त्यङ्गे तथा त्रैलोक्यपुत्रिका ॥

योगवासिष्ठम्.

† यत्तदद्रश्यमग्राह्यमगोत्रमवर्ण-
मचक्षुःश्रोत्रं तदपाणिपादम् ।
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं
तदव्ययं यद्भूतयोनिं परिपश्यन्ति धीराः ।
यथोर्णनाभिः सृजते गृह्णते च
यथा पृथिव्यामोषधयः सम्भवन्ति ।
यथा सतः पुरुषात् केशलोमानि
तथाक्षरात् सम्भवतीह विश्वम् ॥

मुण्डकोपनिषत्.

અતિરિક્ત કાંઇ નથી; એજ તે. એના ભયથી અગ્નિ તપે છે, એના ભયથી સૂર્ય તપે છે, એના ભયથી ઇંદ્ર તથા વાયુ અને પાંચમું મૃત્યુ એ દોડે છે.*

કઠોપનિષત્, બૃહદારણ્યકોપનિષત્, તૈત્તિરીયોપનિષત્.

શરીરનો ધ્વંસ થતા પૂર્વે બોધ પામવા અશક્ત થશે, તો અનંત સર્ગમાં લોકની વિષે શરીર ધારણ કરશે.

કઠોપનિષત્.

૨૨૩.

ચિત્ જેમ પોતાના ભાનના નિર્વાહ માટે સમર્થ છે, ભેદ જેમ ભેદના નિર્વાહ માટે સમર્થ છે, તેમ પોતાના અને પરના નિર્વાહને માટે સમર્થ એવી, સંભાવનાથી પણ પારની ઘટના ઉપજાવવામાં કુશલ, માયા, વિભ્રમથકી, મોહ ઉપજાવેછે.†

સ્વારાજ્યસિદ્ધિ.

---

* ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः ।
तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते ।
तस्मिल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन ॥ एतद्वै तत् ॥
भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः ।
भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः ॥

कठोपनिषत् । बृहदारण्यकोपनिषत् । तैत्तिरीयोपनिषत् .

इह चेदशकद्बोद्धुं प्राक् शरीरस्य विस्रसः ।
ततः सर्गेषु लोकेषु शरीरत्वाय कल्पते ॥

कठोपनिषत् .

† चिद्भाने चितिरिव या भिदेव भेदे ।
निर्वाहे निजपरयोः स्वतः समर्था ॥
सम्भाव्येतरघटनापटीयसी सा ।
सम्मोहं जनयति विभ्रमेण माया ॥

स्वाराज्यसिद्धिः

૨૨૪—૨૨૫.

વિધાતાએ ઇંદ્રિયોને પરાક્દર્શી કરી શાપ દીધો. તેથીજ તે પરાગ્દર્શન પામેછે, અંતરાત્મા ભણી વળતી નથી; કોઇ ધીર અમૃતને ઇચ્છતો સતો ચક્ષુને અંતર્ ભણી વાળી પ્રત્યગાત્માને જુવેછે. બાળકો પરાક્ એવા કામને અનુસરેછે; ને વિતત એવા મૃત્યુના પાશમાં પડેછે; પણ ધીર અમૃતને સમજી અત્ર અધ્રુવને વિષે ધ્રુવની પ્રાર્થના કરતા નથી.*

કઠોપનિષત્.

૨૨૬—૨૩૨.

લોકને વિષે સુકૃતના ઋતને પીતા, પરમ પરાર્ધને વિષે (હૃદય-) ગુહામાં પ્રવિષ્ટ, એવા આ બે (જીવ અને બ્રહ્મ)ને બ્રહ્મવેત્તાઓ છાયા અને આતપરૂપે વદેછે, પંચાગ્નિ (ગૃહસ્થો) તથા ત્રિણાચિકેત યજનારા પણ એમજ વદેછે. યજમાનને પાર ઉતરવાનો સેતુ, અક્ષર, પર, બ્રહ્મ, અભય, તે આ નાચિકેત (—અગ્નિ) છે એમ અમે જાણ્યુંછે. આત્માને રથી જાણ, શરીરને રથ જાણ, બુદ્ધિને સારથિ જાણ, મનને પ્રગ્રહ† જાણ; ઇંદ્રિયોને અશ્વ કહેછે, અને વિષયોને તેમનો માર્ગ કહેવાયછે. ઇંદ્રિય અને મન સહિત આત્માને જ્ઞાનીઓ ભોકતા કહેછે. જે અવિજ્ઞાનવાન્ છે, સદા અયુકતમનવાળો છે, તેને, સારથિને દુષ્ટ અશ્વો વશ ન રહે, તેમ ઇંદ્રિયો

---

* पराञ्चि खानि व्यतृणत्स्वयम्भू-
स्तस्मात्पराङ् पश्यति नान्तरात्मन् ।
कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्ष-
दावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥
पराचः कामाननुयन्तिबाला-
स्ते मृत्योर्यन्ति विततस्य पाशम् ।
अथ धीरा अमृतत्वं विदित्वा
ध्रुवमध्रुवेष्विह न प्रार्थयन्ते ॥

कठोपनिषत्.

† લગામ.

વશ રહેતી નથી. જેને વિજ્ઞાન(બુદ્ધિ)સારથિ છે, મન પ્રગ્રહરૂપ છે, તે માર્ગની પાર પહોચેછે, એજ વિષ્ણુનું પરમપદ છે. સર્વ ભૂતને વિષે નિગૂઢ એવો આ આત્મા પ્રકાશ થતો નથી, સૂક્ષ્મદર્શીઓથી સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિએ કરીને જણાયછે.*

કઠોપનિષત્.

૨૩૩—૨૩૪.

ત્રિગુણ સતે પણ સમસ્ત જગત્‌ની હેતુ છે, હરિહરાદિ પણ, દોષને લીધે, અપાર એવી તને જાણી શકતા નથી, સર્વની આશ્રય છે, આ અખિલ જગત્ તારા અંશરૂપ છે, તું જ અવ્યાકૃત એવી આદ્ય, પરમ પ્રકૃતિ છે. હે

---

* ऋतं पिबन्तौ सुकृतस्य लोके
गुहाम्प्रविष्टौ परमे परार्धे ।
छायातपौ ब्रह्मविदो वदन्ति
पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥
यः सेतुरीजानानामक्षरम्ब्रह्म यत्परम् ।
अभयं तितीर्षताम्पारं नाचिकेतं शकेमहि ॥
आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।
बुद्धिन्तु सारथिम्विद्धि मनः प्रग्रहमेव च ॥
इन्द्रियाणि हयानाहुर्विषयाँस्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥
यस्त्वविज्ञानवान् भवत्ययुक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥
विज्ञानसारथिर्यस्तु मनःप्रग्रहवान्नरः ।
सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम् ॥
एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते ।
दृश्यते त्वग्र्यया बुध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥

कठोपनिषत्.

દેવિ! જે મહાવ્રતવાળી, મુક્તિ આપનારી, પરમ વિદ્યાને, ઇન્દ્રિયોને સુનિયત કરી સમસ્ત દોષથી નિર્મુક્ત મુનિઓ અભ્યસેછે, તે તું ભગવતીજ છે.*

સપ્તશતી.

૨૩૫.

અવિદ્યારૂપી જે તિમિર અંતરમાં વ્યાપેછે તેનો નાશ કરનાર સૂર્યને પ્રકાશ આપનારી તું છે; ચૈતન્યસ્તબકના મકરન્દને જડના કણમાત્રપર્યંત પહોચાડનાર શિરા તું છે; દરિદ્રોને અનંત ચિંતામણિ તું છે; જન્મરૂપી સમુદ્રમાં નિમગ્નને મુરરિપુવરાહની દંષ્ટ્રા તું છે.†

આનન્દલહરી.

૨૩૬.

એ દેવી ભગવતી મહામાયા જ્ઞાનીના પણ ચિત્તને બલાત્કારે આકર્ષણ કરી મહામોહમાં નાખેછે.‡

સપ્તશતી.

---

* हेतुः समस्तजगतां त्रिगुणापि दोषै-
र्नज्ञायसे हरिहरादिभिरप्यपारा ।
सर्वाश्रयाखिलमिदं जगदंशभूत-
मव्याकृता हि परमा प्रकृतिस्त्वमाद्या ॥
या मुक्तिहेतुरविचिन्त्यमहाव्रता त्व-
मभ्यस्यसे सुनियतेन्द्रियतत्त्वसारैः ।
मोक्षार्थिभिर्मुनिभिरस्तसमस्तदोषै-
र्विद्यासि सा भगवती परमा हि देवि ॥

सप्तशती.

† अविद्यानामन्तस्तिमिरमिहिरोद्दीपनकरी
जडानां चैतन्यस्तबकमकरन्दस्रुतिशिरा ।
दरिद्राणां चिन्तामणिगुणनिका जन्मजलधौ
निमग्नानां दंष्ट्रा मुररिपुवराहस्य भवती ॥

आनन्दलहरी.

‡ ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा ।
बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ॥

सप्तशती.

૨૩૭.

શરીર પોષણને ઇચ્છીને સતે જે આત્માની દિદૃક્ષા કરે તે લાકડાને ભરોસે મ્હોટા મગર ઉપર બેશી નદીની પાર જવા ઇચ્છે છે.*

વિવેકચૂડામણિ.

૨૩૮—૨૩૯.

વિદ્વાન્‌ને પણ વિષયાભિમુખ જોતાંજ, વિસ્મૃતિ, બુધ્ધિદોષદ્વારા, જારિણી સ્ત્રી જેમ પોતાના પ્રિયને તાણી જાય, તેમ વિક્ષેપ પમાડે છે. દૂર કરેલો શેવાલ જેમ ક્ષણમાત્ર પણ રહેતો નથી, તેમ માયા, પ્રાજ્ઞ સતે પણ જે પરાઙ્‌મુખ છે તેને આવરણ કરી દે છે.†

વિવેકચૂડામણિ.

૨૪૦.

ભાર્યા, સ્નુષા, નણંદ, ભાભી, માતા, એમ અનેક પ્રકારે, સ્ત્રીના ભેદ, પ્રતિયોગિભાવને લઇને પડે છે, સ્વરૂપભેદને લઇને પડતા નથી.‡

પંચદશી.

---

* शरीरपोषणार्थी सन् य आत्मानं दिदृक्षति ।
ग्राहं दारुधिया धृत्वा नदीं तर्तुं स गच्छति ॥

विवेकचूडामणिः.

† विषयाभिमुखं दृष्ट्वा विद्वांसमपि विस्मृतिः ।
विक्षेपयति धीदोषैर्योषा जारमिव प्रियम् ॥
यथापकृष्टं शैवालं क्षणमात्रं न तिष्ठति ।
आवृणोति तथा माया प्राज्ञं वापि पराङ्मुखम् ॥

विवेकचूडामणिः.

‡ भार्या स्नुषा ननान्दा च याता मातेत्यनेकधा ।
प्रतियोगिधिया योषिद्भिद्यते न स्वरूपतः ॥

पञ्चदशी.

२४१.

મૃત્તિકા, લોહ, વિસ્ફુલિંગ, આદિ પ્રકારે અન્યથા અન્યથા સૃષ્ટિ કહી છે, તે બધા બુદ્ધિના આરોહ માટેના ઉપાય છે, વાસ્તવિક ભેદ કોઈ પ્રકારે નથી.*

ગૌડપાદાચાર્ય.

२४२.

અનંત, અપ્રમેય, એવા આત્માને જેણે ઇયત્તા કલ્પી તેણે સ્વાત્માને પોતાની મેળેજ પરવશ કર્યો. †

યોગવાસિષ્ઠ.

२४३.

જે આદિએ નથી, અંતે નથી, તે વર્તમાનમાં પણ નથી, મિથ્યા સતે (પદાર્થો) સત્ય જેવા ભાસે છે.‡

ગૌડપાદાચાર્ય.

---

* मृल्लोहविस्फुलिङ्गाद्यैः सृष्टिर्या चोदितान्यथा ।
उपायः सोऽवताराय नास्ति भेदः कथञ्चन ॥

गौडपादाचार्याः.

† अनंतस्याप्रमेयस्य येनेयत्ता प्रकल्पिता ।
आत्मनस्तस्य तेनात्मा स्वात्मनैव वशीकृतः ॥

योगवासिष्ठम्.

‡ आदावन्ते च यन्नास्ति वर्त्तमानेऽपि तत्तथा ।
वितथैः सदृशाः सन्तोऽवितथा इव लक्षिताः ॥

गौडपादाचार्याः.

૨૪૪.

મારી આ ગુણમયી દૈવી માયા દુરત્યય છે, મનેજ જે પ્રપન્ન થાયછે તે એ માયાને તરે છે.*

ભગવદ્ગીતા.

૨૪૫.

સર્ગને સર્ગ શબ્દના અર્થરૂપે જાણતાં અધોગતિ થાયછે, તેને બ્રહ્મશબ્દના અર્થરૂપે સમજતાં તે પૂર્ણશ્રેયસ્કર નીવડે છે.†

યોગવાસિષ્ઠ.

૨૪૬.

ઈશથી વિમુખ એવાને, ઈશની માયાથી વિપર્યય અને વિસ્મૃતિ થતાં, દ્વિતીયાભિનિવશને લીધે, ભય ઉપજે છે, માટે બુધજને ગુરુદૈવતાત્મ થઇ એકભક્તિથી ઈશને સર્વથા ભજવો.‡

ભાગવત.

---

* दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेवानुप्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

भगवद्गीता.

† सर्गस्तु सर्गशब्दार्थतया बुद्धो नयत्यधः ।
स ब्रह्मशब्दार्थतया बुद्धः श्रेयोभवत्यलम् ॥

योगवासिष्ठम्.

‡ भयं द्वितीयाभिनिवेशतः स्या-
दीशादपेतस्य विपर्ययोऽस्मृतिः ।
तन्माययातो बुध आभजेत्तं
भक्त्यैकयेशं गुरुदेवतात्मा ॥

भागवतम्.

૨૪૭.

તું ને તું જ અનન્તાનન્ત એવી વસ્તુવૈચિત્ર્યની બનેલી ભાવાભાવમય વિલાસિની સાથે, જાણે તે નિત્યજ હોય તેમ, અનેક વિલાસ રમે છે.*

યોગવાસિષ્ઠ.

૨૪૮.

નિશ્ચય ન થવાને લીધે રજ્જુને જેમ સર્પ, ધારા, ઈત્યાદિ રૂપે, અંધકારમાં, કલ્પાય છે, તેમ આત્મા પણ કલ્પાયો છે.†

ગૌડપાદાચાર્ય.

૨૪૯.

રાગદ્વેષાદિથી પૂર્ણ એવો સંસાર સ્વપ્નતુલ્ય છે;—પોતાના કાલને વિષે સત્ય જેવો લાગે છે, બોધ થતાં અસત્ય થઈ જાય છે.‡

આત્મબોધ.

---

* त्वमेवानन्तयानन्तवस्तुवैचित्र्यरूपया ।
भावाभावविलासिन्या नित्ययैव विजृम्भसे ॥

योगवासिष्ठम्.

† अनिश्चिता यथा रज्जुरन्धकारे विकल्पिता ।
सर्पधारादिभिर्भावैस्तद्वदात्मा विकल्पितः ॥

गौडपादाचार्याः.

‡ संसारः स्वप्नतुल्यो हि रागद्वेषादिसङ्कुलः ।
स्वकाले सत्यवद्भाति प्रबोधे सत्यसद्भवेत् ॥

आत्मबोधः

૬.—કર્મ.

૨૫૦.

ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય, અક્રોધ એ દશ ધર્મલક્ષણ છે.*

મનુ.

૨૫૧—૨૫૨.

માંકડી જેમ તૃણને છેડે પહોચી, બીજા આધારનો આશ્રય કરી, નેં પોતાની જાતને ઉપાડે છે, તેમ આ આત્મા આ શરીરને ત્યજી, અવિદ્યામાં પેસારી, અન્ય આધારનો આશ્રય કરી ને પોતાને ઉઠાવે છે; જેમ સુવર્ણકર સુવર્ણની માત્રા માત્રા લેઇને અન્ય અને પ્રથમ કરતાં નવીન તથા કલ્યાણવાળું રૂપ ઘડે છે, તેમ આ આત્મા આ શરીરને ત્યજી, અવિદ્યામાં પેસારી, અન્ય, નવીન, અને કલ્યાણવાળું રૂપ ધરે છે—પિતૃનું, ગાંધર્વનું, દેવનું, પ્રજાપતિનું, બ્રહ્માનું, કે અન્ય ગમે તે જાતનું. †

બૃહદારણ્યકોપનિષત.

૨૫૩—૨૫૪.

અષ્ટાદશોક્ત‡ એવું અધમ કર્મ જેને વિષે થાય છે તે યજ્ઞરૂપ નાવ તો કેવલ અદૃઢ છે, જે મૂઢો એને શ્રેય ગણી અભિનંદે છે, તે પુનઃ પુનઃ જરા

---

* धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥

मनुः.

† तद्यथा तृणजलायुका तृणस्यान्तं गत्वान्यमाक्रममाक्रम्यात्मानमुपसंहरत्येवमेवायमात्मेदं शरीरं निहत्याविद्यां गमयित्वान्यमाक्रममाक्रम्यात्मानमुपसंहरति ॥

तद्यथा पेशस्कारी पेशसो मात्रामुपादायान्यन्नवतरं कल्याणतरं रूपं तनुत एवमेवायमात्मेदं शरीरं निहत्याविद्यां गमयित्वान्यन्नवतरं कल्याणतरं रूपं कुरुते पित्र्यं वा गान्धर्वं वा दैवं वा प्राजापत्यं वा ब्राह्मं वान्येषां वा भूतानाम् ॥

बृहदारण्यकोपनिषत्.

‡ સોળ ઋત્વિજો યજમાન અને યજમાન પત્ની તે અષ્ટાદશ.

અને મૃત્યુને પામે છે. જે અતિમૂઢ જનો ઇષ્ટ અને પૂર્તનેજ ઉત્તમોત્તમ માને છે અને અન્ય શ્રેય જાણતાજ નથી, તે સુકૃતને સ્વર્ગમાં ભોગવી આ લોકમાં કે એથી પણ હીણા લોકમાં પેસે છે.*

મુંડકોપનિષત્.

૨૫૫.

વેદનો વિષય ત્રણ ગુણ છે તે છે, હે અર્જુન! તું ત્રિગુણરહિત થા, દ્વંદ્વરહિત થા, નિત્ય સત્ત્વસ્થ થા, યોગક્ષેમ રહિત થા, આત્મવાન્ થા.†

ભગવદ્ગીતા.

૨૫૬.

તેથી જેમ અત્ર કર્મજિત લોક ક્ષીણ થાય છે એમજ પરત્ર પુણ્યજિત લોક ક્ષીણ થાય છે.‡

છાન્દોગ્યોપનિષત્.

---

* प्लवा ह्येते अदृढा यज्ञरूपा अष्टादशोक्तमवरं येषु कर्म ।
एतच्छ्रेयो येऽभिनन्दन्ति मूढा जरामृत्युं ते पुनरेवापि यन्ति ॥
इष्टापूर्तं मन्यमाना वरिष्ठं नान्यच्छ्रेयो वेदयन्ते प्रमूढाः ।
नाकस्य पृष्ठे ते सुकृतेऽनुभूत्वेमं लोकं हीनतरञ्चाविशन्ति ॥

मुण्डकोपनिषत्.

† त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥

भगवद्गीता.

‡ तद्यथेह कर्म्मजितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यजितो लोकः क्षीयते ॥

छान्दोग्योपनिषत्.

૨૫૭.

કર્મથી જંતુ બંધમાં પડેછે, વિદ્યાથી મુક્ત થાય છે.*

મહાભારત.

૨૫૮.

કર્મ છે તે ચિત્તની શુદ્ધિને અર્થે છે, વસ્તુની પ્રાપ્તિને અર્થે નથી; વસ્તુસિદ્ધિ તો વિચારથી થાય છે, કોટિકર્મથી લેશ પણ થતી નથી. †

વિવેકચૂડામણિ.

૨૫૯.

ઉપજાવવું, આણવું, સંસ્કાર કરવો, કે વિકૃતિ કરવી, એટલાં ક્રિયાનાં ફલ છે; પણ મુક્તિ એ આવા એકે પ્રકારમાં નથી, એટલે કર્મ તેનું કારણ નથી.‡

નૈષ્કર્મ્યસિદ્ધિ.

---

* कर्मणा बद्ध्यते जन्तुर्विद्यया च विमुच्यते ॥

महाभारतम्.

† चित्तस्य शुद्धये कर्म्म न तु वस्तूपलब्धये ।
वस्तुसिद्धिर्विचारेण न किञ्चित् कर्म्मकोटिभिः ॥

विवेकचूडामणिः.

‡ उत्पाद्यमाप्यं संस्कार्यं विकार्यं च क्रियाफलम् ।
नैवं मुक्तिर्यतस्तस्मात्कर्म तस्या न साधनम् ॥

नैष्कर्म्यसिद्धिः.

૨૬૦.

અવિદ્યાનું અવિરોધી હોવાથી કર્મ અવિદ્યાને નિવારતું નથી; તેજ જેમ તિમિરના સંઘને હણે છે તેમ વિદ્યાજ અવિદ્યાને હણે છે.*

આત્મબોધ.

૨૬૧.

હે ધનંજય! સંગ ત્યજી, યોગસ્થ રહી, કર્મ કર; સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન રહે; સમત્વ તેજ યોગ છે.†

ભગવદ્ગીતા.

૨૬૨.

સુખ કે દુઃખનો કોઈ દાતા નથી; કોઈક તે ઉપજાવે છે એ તો કુબુદ્ધિ છે; હું કરું છું એ અભિમાન મિથ્યા છે; લોકમાત્ર પોતાના કર્મના સૂત્રથી ગુંથાયલો છે.‡

પ્રાસ્તાવિક.

---

* अविरोधितया कर्म नाविद्यां विनिवर्तयेत् ।
विद्याविद्यां निहन्त्येव तेजस्तिमिरसंघवत् ॥

आत्मबोधः.

† योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ॥
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥

भगवद्गीता.

‡ सुखस्य दुःखस्य न कोऽपि दाता
परो ददातीति कुबुद्धिरेषा ।
अहङ्करोमीति मुधाभिमानः
स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥

प्रास्ताविकः.

૨૬૩.

માટે અસક્ત રહી નિત્યે કાર્ય એવાં કર્મને સારી રીતે કર, કેમ કે અસક્ત રહી કર્મ કરનાર પુરુષ પરમ(પદ)ને પામે છે.*

ભગવદ્ગીતા.

૨૬૪.

કર્મને વિષે જે અકર્મ દેખે છે, જે અકર્મને વિષે કર્મ દેખે છે, તેજ મનુષ્યોને વિષે બુદ્ધિમાન્ છે, યોગયુક્ત છે, તેજ સર્વ કર્મ કરનાર છે.†

ભગવદ્ગીતા.

૨૬૫.

૭. ઉપાસના.

આ સર્વ બ્રહ્મ છે: તેથી, તેમાં, તેનાથી, છે; શાન્ત હોઇ તેની ઉપાસના કરવી. પુરુષ ક્રતુમય‡ છે, આ લોકને વિષે પુરુષ જેવા ક્રતુમય હોય છે તેવો અહીંથી ગયા પછી થાય છે; માટે તેણે ક્રતુ કરવો.§

છાન્દોગ્યોપનિષત્.

---

* तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥

भगवद्गीता.

† कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥

भगवद्गीता.

‡ ક્રતુ એટલે ભાવના એમ ભાષ્યકાર કહે છે.

§ सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत ॥
अथ खलु क्रतुमयः पुरुषो यथा क्रतुरस्मिँल्लोके पुरुषो
भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत ॥

छान्दोग्योपनिषत्.

૨૬૬.

અથવા જે જે ભાવને સ્મરતે સતે અન્તે કલેવરને ત્યજે છે, તેનેજ, હે કૌન્તેય! તેના ભાવની ભાવનાવાળો હોઈ તે પામે છે.*

ભગવદ્ગીતા.

૨૬૭.

જલમય તીર્થો કે મૃત્તિકા અને શિલામય દેવો પાવન કરે તો પણ બહુકાલે કરે છે, સાધુઓ દર્શનમાત્રથીજ પાવન કરે છે.†

ભાગવત.

૨૬૮.

તે પદ ગુરુ પાસેથી, શાસ્ત્રાર્થથી, કે પુણ્યથી પ્રાપ્ત થતું નથી કે જે સાધુ-સમાગમથી ઉદ્ભવેલા વિચારે કરી વિશદ થયેલા હૃદયથી પ્રાપ્ત થતા છે.‡

યોગવાસિષ્ઠ.

---

* यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥

भगवद्गीता.

† न ह्यम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः ।
ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः ॥

भागवतम्.

‡ न तद्गुरोर्न शास्त्रार्थान्न पुण्यात्प्राप्यते पदम् ।
यत्साधुसङ्गाभ्युदिताद्विचारविशदाद्धृदः ॥

योगवासिष्ठम्.

૨૬૯—૨૭૦.

ગાયના શરીરમાં રહેલું ઘી તેના અંગનું પોષણ કરતું નથી, પણ તેનું તેજ કર્મદ્વારે બહાર કાઢતાં તેનેજ ઔષધ થઈ પડેછે. એમ સર્વ શરીરને વિષે ધૃતની પેઠે સ્થિત એવા જે પરમેશ્વર તે દેવ ઉપાસનાં વિના નરોનું હિત કરતા નથી.*

યોગવાસિષ્ઠ.

૨૭૧—૨૭૨.

જ્ઞાન અને ઉપાસનાનો વિશેષ શોછે? એમ પૂછો તો સાંભળો; જ્ઞાન વસ્તુ-તન્ત્ર છે, ઉપાસના કર્તૃતન્ત્ર છે. વિચારથી જ્ઞાન થાય છે, અનિચ્છા તેને નિવૃત્ત કરી શકતી નથી, ઉત્પન્ન થતાની સાથેજ તે સંસારની સમગ્ર સત્યતાને પ્રજાળી નાખે છે.†

પંચદશી.

૨૭૩.

કાશીક્ષેત્ર શરીર છે, ત્રિભુવનના ઉદરમાં જ્ઞાનગંગા વ્યાપી રહેલી છે, ભક્તિ અને શ્રધ્ધા તે ગયા છે, નિજગુરુચરણધ્યાનયોગ તે પ્રયાગ છે, સકલ

---

* गवां सर्पिः शरीरस्थं न करोत्यङ्गपोषणम् ।
तदेव कर्मरचितं पुनस्तस्यैव भेषजम् ॥
एवं सर्वशरीरस्थः सर्पिर्वत्परमेश्वरः ।
विना चोपासनां देवो न करोति हितं नृषु ॥

योगवासिष्ठम्.

† बोधोपास्त्योर्विशेषः क इति चेदुच्यते शृणु ।
वस्तुतन्त्रो भवेद्बोधः कर्तृतन्त्रमुपासनम् ॥
विचाराज्जायते बोधोऽनिच्छा यं न निवर्तयेत् ।
स्वोत्पत्तिमात्रात्संसारे दहत्यखिल सत्यताम् ॥

पञ्चदशी.

જનનાં મનનો સાક્ષીભૂત જે તુરીય અંતરાત્મા તે વિશ્વેશ્વર છે,—સર્વ તીર્થ મારા દેહમાં વસે છે, તો અન્ય તીર્થ કીયું છે? *

કાશીપંચક.

૨૭૪.

શિવતત્ત્વથી અજ્ઞાતને માટે આકારાદિ અર્ચન કરેલું છે; યોજનથી માર્ગે જવાને અશક્તને માટે કોશથી માર્ગ કલ્પ્યો છે.†

યોગવાસિષ્ઠ.

૨૭૫.

હું સર્વભૂતને વિષે સમ છું, મને કોઈ દ્વેષ્ય નથી કે પ્રિય નથી, મને ભક્તિથી જે ભજે છે તે મારામાં છે ને હું તેમનામાં છું.‡

ભગવદ્ગીતા.

---

* काशीक्षेत्रं शरीरं त्रिभुवनजठरे व्यापिनी ज्ञानगंगा
भक्तिः श्रद्धा गयेयं निजगुरुचरणध्यानयोगः प्रयागः ।
विश्वेशोऽयं तुरीयः सकलजनमनःसाक्षिभूतोऽन्तरात्मा
देहे सर्वं मदीये यदि वसति पुनस्तीर्थमन्यत्किमस्ति ॥

काशीपञ्चकम्.

† अज्ञातशिवतत्त्वानामाकाराद्यर्चनं कृतम् ।
योजनाध्वन्यशक्तस्य क्रोशाध्वा परिकल्पते ॥

योगवासिष्ठम्.

‡ समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

भगवद्गीता.

૨૭૬.

પ્રજાપતિ એ કહ્યું: 'ભય શાનાથી થાય છે' એમ કહેતાંજ ભય જતું રહ્યું; 'મને ભય શાથી થતું હતું' એમ વિચારતાની સાથેજ ભય જતું રહ્યું; કારણ કે દ્વૈતથીજ ભય થાય છે.*

બૃહદારણ્યકોપનિષત્.

૨૭૭.

ક્ષુધાની પેઠે પ્રત્યક્ષ પીડા કરનારી જે વિપરીત ભાવના તે કોઈ પણ ઉપાયે કરીને ટાળવી, એમાં અનુષ્ઠાનનો કોઈ ક્રમ નથી.†

પંચદશી.

૨૭૮.

સાંભળો જ્ઞાનસર્વસ્વ કહું છું; સાંભળીને અવધારણ કરો;—ભોગેચ્છામાત્ર તે બંધ, અને તેનો ત્યાગ તે મોક્ષ.‡

યોગવાસિષ્ઠ.

---

* कस्मान्न बिभेमीति तत एवास्य भयं वीयाय
कस्माद्ध्यभेष्यद् द्वितीयाद्वै भयम्भवति ॥

बृहदारण्यकोपनिषत्.

† क्षुधेव दृष्टबाधाकृद्विपरीता च भावना ।
जेया केनाप्युपायेन नास्त्यत्रानुष्ठितेः क्रमः ॥

पञ्चदशी.

‡ श्रूयतां ज्ञानसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् ।
भोगेच्छामात्रको बन्धस्तत्त्यागो मोक्ष उच्यते ॥

योगवासिष्ठम्.

૨૭૯.

યોગિમાત્રને અભયપ્રાપ્તિ થવી તે મનના નિગ્રહ ઉપર આધાર રાખે છે, તેમજ દુઃખક્ષય, પ્રબોધ, અક્ષય શાન્તિ, તે પણ તે ઉપરજ આધાર રાખે છે.*

ગૌડપાદાચાર્ય.

૨૮૦.

સત્ અને અસત્નું મધ્ય, ચૈતન્ય અને જડનું મધ્ય, તેજ હે રામ! મન કહેવાય છે, જે ઉભયની વચ્ચે હીંદોળા ખાધાં કરે છે.†

યોગવાસિષ્ઠ.

૨૮૧.

ચિત્ત એજ અર્થમાત્રનું કારણ છે,—ચિત્ત સતે ત્રણે જગત્ છે, ચિત્ત ક્ષીણ થયું કે જગત્ ક્ષીણ થયું, માટે એની પ્રયત્ને કરીને પણ ચિકિત્સા કરવી.‡

યોગવાસિષ્ઠ.

---

* मनसो निग्रहायत्तमभयं सर्वयोगिनाम् ।
दुःखक्षयः प्रबोधश्चाप्यक्षया शान्तिरेव च ॥

श्रीगौडपादाचार्याः.

† यत्तत्सदसतोर्मध्यं यन्मध्यं चित्त्वजाड्ययोः ।
तन्मनः प्रोच्यते राम द्वयोर्दोलायिताकृति ॥

योगवासिष्ठम्.

‡ चित्तं कारणमर्थानां तस्मिन्सति जगत्त्रयम् ।
तस्मिन्क्षीणे जगत्क्षीणं तच्चिकित्स्यं प्रयत्नतः ॥

योगवासिष्ठम्.

૨૮૨.

આ જે વિકલ્પો તે ચિત્તથી થાય છે, ચિત્તાભાવ હોય તો કોઈ નથી; માટે પ્રત્યગ્રૂપ પરમાત્માને વિષે ચિત્તનું સમાધાન કર.*

વિવેકચૂડામણિ.

૨૮૩.

જેનાથી અસમ્યગ્દર્શન થાય છે, અનાત્મને વિષે આત્મભાવના થાય છે, અવસ્તુને વિષે વસ્તુ ભાસે છે, તેનેજ, હે રાઘવ! ચિત્ત જાણ.†

યોગવાસિષ્ઠ.

૨૮૪.

ભોગૌઘની વાસના ત્યજી, દેહવાસનાને પણ ત્યજ; પછી ભાવ અને અભાવ ઉભયને ત્યજી નિર્વિકલ્પ થઈ સુખી થા.‡

યોગવાસિષ્ઠ.

---

* चित्तमूलो विकल्पोऽयं चित्ताभावे न कश्चन ।
अतश्चित्तं समाधेहि प्रत्यग्रूपे परात्मनि ॥

विवेकचूडामणिः.

† असम्यग्दर्शनं यस्मादनात्मन्यात्मभावनम् ।
यदवस्तुनि वस्तुत्वं तच्चित्तं विद्धि राघव ॥

योगवासिष्ठम्.

‡ भोगौघवासनां त्यक्त्वा त्यज त्वं देहवासनाम् ।
भावाभावौ ततस्त्यक्त्वा निर्विकल्पः सुखी भव ॥

योगवासिष्ठम्.

૨૮૫.

પૂર્વાપરનો વિચાર કર્યા વિના દૃઢભાવનાથી જે પદાર્થોનું ગ્રહણ તે વાસના કહેવાય છે.*

યોગવાસિષ્ઠ.

૨૮૬.

મારું મન અન્યત્ર હતું તેથી મેં દીઠું નહિ, મારું મન અન્યત્ર હતું તેથી મેં સાંભળ્યું નહિ; અર્થાત્ મનથીજ દેખે છે, મનથીજ સાંભળે છે: કામ, સંકલ્પ, શંકા, શ્રધ્ધા, અશ્રધ્ધા, ધૃતિ, અધૃતિ, લજ્જા, બુદ્ધિ, ભય, એ સર્વ મનજ છે.†

બૃહદારણ્યકોપનિષત્.

૨૮૭.

મનુષ્યોને મન એજ બંધ અને મોક્ષનું કારણ છે: વિષયાસક્ત મન તે બંધ, અને નિર્વિષય મન તે મોક્ષ.‡

પંચદશી.

---

* दृढभावनया त्यक्तपूर्वापरविचारणम् ।
यदादानं पदार्थस्य वासना सा प्रकीर्तिता ॥

योगवासिष्ठम्.

† अन्यत्रमना अभूवंनादर्शमन्यत्रमना अभूवं नाश्रौषमिति मनसा ह्येव पश्यति मनसा शृणोति कामः सङ्कल्पो विचिकित्सा श्रद्धाश्रद्धा धृतिरधृतिर्ह्रीर्धीर्भीरित्येतत्सर्वं मन एव ॥

बृहदारण्यकोपनिषत्.

‡ मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ॥

पञ्चदशी.

૨૮૮.

લોકવાસનાથી, તેમ શાસ્ત્રવાસનાથી, તથા દેહવાસનાથી, જંતુને યથાર્થ જ્ઞાન થતું નથીજ.*

સ્મૃતિ.

૨૮૯—૨૯૦.

પુત્ર દૂર દેશમાં ગયો હોય અને જીવતો હોય છતાં અત્ર તેનો પિતા, કોઈ ધૂર્તના વચનથી, તેને મુવો જાણી રુવે છે; અને મરી ગયો હોય છત વાત ન જાણી હોય ત્યાં સુધી રોતો નથી;—અર્થાત્ જીવમાત્રને બંધ ઉપજાવનારી જે સૃષ્ટિ તે તેના પોતાના મનની કલ્પેલી સૃષ્ટિ છે તેજ છે.†

પંચદશી.

૨૯૧.

સમુદ્રનુંપાન કરવાથી, મેરુને ઉખેડી નાખવાથી, કે વહ્નિનું પ્રાશન કરવાથી, પણ હે સાધો! ચિત્તનો નિગ્રહ ઘણો વિષમ છે.‡

પંચદશી.

---

* लोकवासनया जन्तोः शास्त्रवासनयापि च ।
देहवासनया ज्ञानं यथावन्नैव जायते ॥

स्मृतिः.

† दूरदेशं गते पुत्रे जीवत्येवात्र तत्पिता ।
विप्रलम्भकवाक्येन मृतं मत्वा प्ररोदिति ॥
मृतेऽपि तस्मिन्वार्तायां न श्रुतायां न रोदिति ।
अतः सर्वस्य जीवस्य बन्धकृन्मानसं जगत् ॥

पञ्चदशी.

‡ अप्यब्धिपानान्महतः सुमेरून्मूलनादपि ।
अपि वह्न्यशनात्साधो विषमश्चित्तनिग्रहः ॥

पञ्चदशी.

૨૯૨.

જેમ ઇંધન વિનાનો અગ્નિ પોતાના સ્થાનમાંજ શમી જાય છે, તેમજ વૃત્તિ-ક્ષય થવાથી ચિત્ત પોતાના અધિષ્ઠાનમાં શમે છે.*

જીવન્મુક્તિવિવેકમાં.

૨૯૩—૨૯૬.

વારંવાર એ ઉપર લક્ષ કરી પ્રયત્ન કરતાં પણ ચિત્તજ્ઞ, કોઈ શુદ્ધ યુક્તિવિના મનનો જય કરી શકતો નથી; દુષ્ટ હાથીને અંકુશ વિના વશ કરાતો નથી. અધ્યાત્મવિદ્યાનું જ્ઞાન, સાધુસંગમ, વાસનાનો અત્યંત ત્યાગ, પ્રાણગતિનો રોધ, એવી અતિ પુષ્ટિકરી યુક્તિઓ ચિત્તજયને માટે પ્રસિદ્ધ છે, છતાં પણ જે લોકો હઠથી કરીને ચિત્તને નિયમવા મથે છે તે દીપને પડ્યો મૂકી અંધકારને અંજન ચોપડી દૂર કરવા ઇચ્છે છે.†

યોગવાસિષ્ઠ.

---

* यथा निरिन्धनो वन्हिः स्वयोनावुपशाम्यति ।
तथा वृत्तिक्षयाच्चित्तं स्वयोनावुपशाम्यति ॥

जीवन्मुक्तिविवेकः

† उपविश्योपविश्यैव चित्तज्ञेन मुहुर्मुहुः ।
न शक्यते मनो जेतुं विना युक्तिमनिन्दिताम् ॥
अङ्कुशेन विना मत्तो यथा दुष्टमतङ्गजः ।
अध्यात्मविद्याधिगमः साधुसङ्गम एव च ॥
वासनासम्परित्यागः प्राणस्पन्दनिरोधनम् ।
एतास्ता युक्तयः पुष्टाः सन्ति चित्तजये किल ॥
सतीष्वेतासु युक्तिषु हठान्नियमयन्ति ये ।
चेतस्ते दीपमुत्सृज्य विनिघ्नन्ति तमोऽञ्जनैः ॥

योगवासिष्ठम्.

૨૯૭.

લોકને અનુસરવાની વૃત્તિ ત્યજ, દેહાનુવર્તન ત્યજ, શાસ્ત્રાનુવર્તન ત્યજ, અને એમ સ્વરૂપ ઉપર જે અધ્યાસ ચઢયોછે તેને દૂર કર.*

વિવેકચૂડામણિ.

૨૯૮.

પ્રતિવાદીનો પરાજય કરવા ઇચ્છનાર જેમ કાવ્ય નાટક તર્કાદિને નિરંતર અભ્યસે છે તેમ મુમુક્ષુએ સ્વરૂપ વિચારવું.†

પંચદશી.

૨૯૯.

દ્વિજાતિનો દેવ અગ્નિ છે, મુનિઓનો દેવ હૃદયમાં છે, અલ્પબુધ્ધિ-વાળાંનો દેવ પ્રતિમામાં છે, અને સમદર્શીનો દેવ સર્વત્ર છે.‡

ઉત્તરગીતા.

---

* लोकानुवर्त्तनं त्यक्त्वा त्यक्त्वा देहानुवर्त्तनम् ।
शास्त्रानुवर्तनं त्यक्त्वा स्वाध्यासापनयं कुरु ॥

विवेकचूडामणिः.

† काव्यनाटकतर्कादीनभ्यस्यति निरन्तरम् ।
विजिगीषुर्यथा तद्वन्मुमुक्षुः स्वं विचारयेत् ॥

पञ्चदशी.

‡ अग्निर्देवो द्विजातीनां मुनीनां हृदि दैवतम् ।
प्रतिमास्वल्पबुद्धीनां सर्वत्र समदर्शिनाम् ॥

उत्तरगीता.

૮.–પુરુષાર્થ.

૩૦૦—૩૦૧.

મન કોઈક આ પ્રકારે પ્રેરણા કરેછે એવાં અનર્થ અને કુકલ્પનાનો આશ્રય કરી અદૃષ્ટને આધારે જે પડયો છે તે અધમનો દૂરથીજ ત્યાગ કરવો. ઈશ્વર જેમ કરશે તેમ સ્વર્ગમાં કે નરકમાં જઈશ (એમ માનનાર). સર્વદા પરાધીન હોઈ પશુ છે એમાં સંશય નથી.*

યોગવાસિષ્ઠ.

૩૦૨.

શરીર પણ પ્રપંચનુંજ હોવાથી પ્રારબ્ધનો અવકાશ કયાં? શ્રુતિ જે પ્રારબ્ધ કહે છે તે તો અજ્ઞાનીઓને બોધ કરવાને અર્થે કહે છે.†

અપરોક્ષાનુભૂતિ.

૩૦૩.

હે રઘુનંદન! આ સંસારમાં સર્વે વસ્તુ યોગ્ય રીતે પ્રયોજેલા પૌરુષથીજ સર્વદા સર્વે સિદ્ધ કરી શકે છે.‡

યોગવાસિષ્ઠ.

---

* कश्चिन्मां प्रेरयत्येवमित्यनर्थकुकल्पने ।
यः स्थितोऽदृष्टमुत्सृज्य त्याज्योऽसौ दूरतोऽधमः ॥
ईश्वरप्रेरितो गच्छेत्स्वर्गं नरकमेव वा ।
स सदैव पराधीनः पशुरेव न संशयः ॥

योगवासिष्ठम्.

† देहस्यापि प्रपञ्चत्वात्प्रारब्धावस्थितिः कुतः ।
अज्ञानिजनबोधार्थं प्रारब्धं वक्ति वै श्रुतिः ॥

अपरोक्षानुभूतिः.

‡ सर्वमेवेह हि सदा संसारे रघुनन्दन ।
सम्यक्प्रयुक्तात्सर्वेण पौरुषात्समवाप्यते ॥

योगवासिष्ठम्.

૩૦૪.

પૌરુષનું ગ્રહણ કરવું, અને યુક્તિબોધક હોય તો તેટલા શાસ્ત્રનું ગ્રહણ કરવું, એ વિનાનું જે કાંઇ તે ગમે તેટલું આર્ષ હોય તો પણ તેનો ત્યાગ કરવો, અને ન્યાયમાત્રની સેવા રાખવી.*

યોગવાસિષ્ટ.

૩૦૫.

બુદ્ધિમાને નિયતિનો આશ્રય કરી, પૌરુષનો ત્યાગ કરવો નહિ, કેમકે નિયતિ પણ પૌરુષરૂપેજ નિયામક થાય છે.†

યોગવાસિષ્ઠ.

૩૦૬.

મનરૂપ જે મહાબંધનનો પાશ છે તેને મનથીજ છેદી નાખી જેણે પોતાના આત્માને મુક્ત ન કર્યો, તેને અન્ય કોઈ મુક્ત કરી શકનાર નથી.‡

યોગવાસિષ્ટ.

---

* अपि पौरुषमादेयं शास्त्रं चेद्युक्तिबोधकम् ।
अन्यत्त्वार्षमपि त्याज्यं भाव्यं न्याय्यैकसेविना ॥

योगवासिष्ठम्.

† पौरुषं न परित्याज्यमेतामाश्रित्य धीमता ।
पौरुषेणैव रूपेण नियतिर्हि नियामिका ॥

योगवासिष्ठम्.

‡ मनसैव मनश्छित्त्वा पाशं परमबन्धनम् ।
उन्मोचितो न येनात्मा नासावन्येन मोक्ष्यते ॥

योगवासिष्ठम्.

૯.-જ્ઞાન

૩૦૭.

અન્ય સાધનો કરતાં, જ્ઞાન છે તે મોક્ષનું એક સાક્ષાત્ કારણ છે; અગ્નિ વિના પાકની પેઠે, જ્ઞાન વિના મોક્ષ થતો નથી.*

આત્મબોધ.

૩૦૮.

અર્થનિશ્ચય હિતોક્તિ જન્ય વિચારથી થાય છે; નહિ સ્નાનથી, દાનથી, કે પ્રાણાયામશતથી પણ.†

વિવેકચૂડામણિ.

૩૦૯.

તેમનોજ આ બ્રહ્મલોક છે કે જેમનામાં તપ, બ્રહ્મચર્ય, અને સત્ય પ્રતિષ્ઠિત છે; તેમનોજ આ વિરજ બ્રહ્મલોક છે જેમનામાં ગલીકૂચી, અસત્ય, કે માયા નથી.‡

પ્રશ્નોપનિષત્.

---

* बोधोऽन्यसाधनेभ्यो हि साक्षान्मोक्षैकसाधनम् ।
पाकस्य वन्हिवज्ज्ञानं विना मोक्षो न सिध्यति ॥

आत्मबोधः.

† अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।
न स्नानेन न दानेन प्राणायामशतेन वा ॥

विवेकचूडामणिः.

‡ तेषामेवैष ब्रह्मलोको येषां तपो ब्रह्मचर्यं येषु सत्यं प्रतिष्ठितम् ।
तेषामसौ विरजो ब्रह्मलोको न येषु जिह्ममनृतं न माया चेति ॥

प्रश्नोपनिषत्.

૩૧૦—૩૧૧.

હૃદયાશ્રિત જે જે કામના છે તે બધી મુક્ત થાય ત્યારે મર્ત્ય અમર થાય છે, અને અત્ર બ્રહ્મ ભોગવે છે; હૃદયના ગ્રન્થિમાત્ર અત્ર ભેદાઈ જાય છે, ત્યારે મર્ત્ય અમર થાય છે;—એજ વેદાન્તમાત્રનો નિષ્કર્ષ છે.*

કઠોપનિષત્.

૩૧૨.

વિચાર વિના કોઈ અન્ય સાધનથી જ્ઞાન ઉત્પન્ન થતું નથી; પદાર્થજ્ઞાન પ્રકાશ વિના કદાપિ થતું નથી.†

અપરોક્ષાનુભૂતિ.

૩૧૩—૩૧૫.

હું કોણ છું? આ બધું શી રીતે થયું? કર્તા કોણ? ઉપાદાન કારણ શું? જે વિચાર કર્યો તે આ પ્રકારનો છે. ભૂતનો સંઘાત જે દેહ તે હું નથી, ઇંદ્રિયોનો સમૂહ પણ હું નથી, એ સર્વથી વિલક્ષણ કોઈક તે હું છું, એવું

---

* यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः ।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥
यदा सर्वे प्रभिद्यन्ते हृदयस्येह ग्रन्थयः ।
अथ मर्त्योऽमृतो भवत्येतावदनुशासनम् ॥

कठोपनिषत्.

† नोत्पद्यते विना ज्ञानं विचारेणान्यसाधनैः ।
यथा पदार्थभानं हि प्रकाशेन विना क्वचित् ॥

अपरोक्षानुभूतिः.

વિચારનું સ્વરૂપ છે. અજ્ઞાનથી સર્વની ઉત્પત્તિ છે, જ્ઞાનથી સર્વનો વિલય છે, વિવિધ સંકલ્પ તે કર્તા છે, એ આ વિચારનું સ્વરૂપ છે.*

અપરોક્ષાનુભૂતિ.

૩૧૬.

તેનો વિચાર સફલ થયો જાણવો કે જે સન્મતિવાળાની ભોગલાલસા દિન-પ્રતિદિન ઓછી થતી જાય.†

યોગવાસિષ્ઠ.

૩૧૭.

સમુદ્રના જેવું ગાંભીર્ય, મેરુના જેવું ધૈર્ય, અને ચંદ્રના જેવી અંતઃશીતલા એટલાં વિચારસિધ્ધનામાં ઉદ્ભવે છે.‡

યોગવાસિષ્ઠ.

---

* कोऽहं कथमिदं जातं को वै कर्त्तास्य विद्यते ।
उपादानं किमस्तीह विचारः सोऽयमीदृशः ॥
नाहं भूतगणो देहो नाहं चाक्षगणस्तथा ।
एतद्विलक्षणः कश्चिद्विचारः सोऽयमीदृशः ॥
अज्ञानप्रभवं सर्वं ज्ञानेन प्रविलीयते ।
संकल्पो विविधः कर्त्ता विचारः सोऽयमीदृशः ॥

अपरोक्षानुभूतिः.

† विचारः सफलस्तस्य विज्ञेयो यस्य सन्मतेः ।
दिनानुदिनमायाति तानवं भोगगृध्नुता ॥

योगवासिष्ठम्.

‡ समुद्रस्येवगाम्भीर्यं धैर्यं मेरोरिव स्थितम् ।
अन्तः शीतलता चेन्दोरिवोदेति विचारिणः ॥

योगवासिष्ठम्.

૧૦—સાધન.

૩૧૮.

સ્વવર્ણાશ્રમધર્મથી, તપથી, હરિને સંતોષવાથી, વૈરાગ્યાદિસાધનચતુષ્ટયની પુરુષને પ્રાપ્તિ થાયછે.*

અપરોક્ષાનુભૂતિ.

૩૧૯.

દમન કરો, દાન આપો, દયા રાખો;—એ ત્રણજ શીખવાં: દમ, દાન, દયા.†

બૃહદારણ્યકોપનિષત.

૩૨૦.

હે મન! અહં અને મમ એવા અનર્થને તું ઇચ્છે છે, પણ મહાત્માઓ તારી પ્રવૃત્તિ પરમાર્થમાં વળે એમ ઇચ્છે છે; તને (એકલાને) અર્થબોધ થવાનો નથી, મને (એકલાને) અર્થસ્થિતિજ જણાવાની નથી; માટે (આપણે સાથે છીએ તો) તારે શમ પામવો એજ યુક્ત છે.‡

ઉપદેશસાહસ્રી.

---

* स्ववर्णाश्रमधर्मेण तपसा हरितोषणात् ।
साधनं प्रभवेत्पुंसां वैराग्यादिचतुष्टयम् ॥

अपरोक्षानुभूतिः.

† दाम्यत दत्त दयध्वमिति तदेतत्त्रयं शिक्षेद्दमन्दानन्दयामिति ।

बृहदारण्यकोपनिषत्.

‡ अहं ममेति त्वमनर्थमीहसे परार्थमिच्छन्ति तवान्य ईहितम् ।
न तेऽर्थबोधो न हि मेऽस्ति चार्थिता अतश्च युक्तः शम एव ते मनः ॥

उपदेशसाहस्री.

૩૨૧—૩૨૪.

સદૈવ વાસનાનો ત્યાગ તે શમ શબ્દે કહેવાયછે; બાહ્ય વૃત્તિનો નિગ્રહ તે દમ કહેવાયછે. વિષયોથી પરાવૃત્ત થવું તે ઉપરતિ છે; સર્વ દુઃખનું સહન તે શુભ તિતિક્ષા મનાય છે. નિગમ અને આચાર્યનાં વાક્ય ઉપર ભક્તિ તે શ્રધ્ધા; સતરૂપી જે લક્ષ્ય તેને વિષે ચિત્તની એકાગ્રતા તે સમાધાન. હે વિધિ! સંસારબંધથી મારી મુક્તિ શી રીતે થાય, એવી જે સારી રીતે દૃઢ બુદ્ધિ તે મુમુક્ષુતા કહેવાય.*

અપરોક્ષનુભૂતિ.

૩૨૫.

જ્યાં વિરાગ અને મુમુક્ષુતાની મંદતા હોય ત્યાં, મરુભૂમિમાં જલના ભાસની પેઠે, શમાદિકની ભાનમાત્રતાજ જાણવી.†

વિવેકચૂડામણિ.

---

* सदैव वासनात्यागः शमोऽयमिति शब्दितः ।
निग्रहो बाह्यवृत्तीनां दम इत्यभिधीयते ॥
विषयेभ्यः परावृत्तिः परमोपरतिर्हि सा ।
सहनं सर्वदुःखानां तितिक्षा सा शुभा मता ॥
निगमाचार्यवाक्येषु भक्तिः श्रद्धेति विश्रुता ।
चित्तैकाग्र्यं तु सल्लक्ष्ये समाधानमिति स्मृतम् ॥
संसारबन्धनिर्मुक्तिः कथं मे स्यात्कदा विधे ।
इति या सुदृढा बुद्धिर्वक्तव्या सा मुमुक्षुता ॥

अपरोक्षानुभूतिः.

† एतयोर्मन्दता यत्र विरक्तत्वमुमुक्षयोः ।
मरौ सलिलवत्तत्र शमादेर्भानमात्रता ॥

विवेकचूडामणिः.

૩૨૬.

કુરંગ, માતંગ, પતંગ, મીન, ભૃંગ, એ પાંચ (પ્રત્યેક પાંચ ઇન્દ્રિયોના) પાંચ (વિષય)થી હણાય છે. એક અને પ્રમાદી એવો (માણસ) પાંચ (ઇંદ્રિયો)થી પાંચે (વિષયો) ને સેવતો કેમ ન હણાય?*

ભાગવત.

૩૨૭.

હે ભારત! ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલાં દ્વન્દ્વથી ઉપજતા મોહે કરીને ભૂતમાત્ર, હે પરંતપ! સર્ગને વિષે પૂર્ણ મોહ પામી જાય છે.†

ભગવદ્ગીતા.

૩૨૮.

તૃષ્ણારૂપી ઉન્મત્ત ઘોડી પાસેથી દૂર દૂર જાય છે, વળી દોડતી દોડતી પાછી આવે છે, ને એમ દિગન્તોપર્યંત ત્વરાથી ભમ્યાંજ કરે છે.‡

યોગવાસિષ્ઠ.

---

* कुरङ्गमातङ्गपतङ्गमीन-
भृङ्गा हताः पञ्चभिरेव पञ्च ।
एकः प्रमादी स कथं न हन्यते
यः सेवते पञ्चभिरेव पञ्च ॥

भागवतम्.

† इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ।
सर्वभूतानि सम्मोहं सर्गे यान्ति परन्तप ॥

भगवद्गीता.

‡ दूरं दूरमितो गत्वा समेत्य च पुनःपुनः ।
भ्रमत्याशु दिगन्तेषु तृष्णोन्मत्ता तुरङ्गमी ॥

योगवासिष्ठम्.

૩૨૯.

પરદારા ઉપર માતા જેવી, પરદ્રવ્ય ઉપર મૃત્તિકા જેવી, ને સર્વભૂત ઉપર પોતા જેવી, દૃષ્ટિથી જે જુવેછે તેજ જુવેછે.*

સ્મૃતિ.

૩૩૦—૩૩૧.

જન્મરૂપી તળાવમાં પડેલાં, અને ચિત્તરૂપી કાદવમાં રઝળતાં, મનુષ્યરૂપી મત્સ્યોને (પકડવાની) દુર્વાસના એજ દોરી છે, અને નારી એ તેણે બાંધેલો માંસપિંડવાળો ગલ છે. જેને સ્ત્રી છે તેને ભોગની ઇચ્છા છે, સ્ત્રી નથી તેને ભોગની ભૂમિકાજ કયાં? સ્ત્રીનો ત્યાગ કરતાં જગતનો ત્યાગ થયો, જગત્નો ત્યાગ થતાં સુખમાત્ર પ્રાપ્ત થયું.†

યોગવાસિષ્ઠ.

૩૩૨.

માતા, બહેન, પુત્રી, કોઈની સાથે એક શય્યા કે એક આસન રાખવું નહિ; ઈન્દ્રિયગ્રામ એવો બલવાન્ છે કે વિદ્વાનને પણ તાણી જાય.‡

સ્મૃતિ.

---

* मातृवत्परदारेषु परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पश्यति ॥

स्मृतिः.

† जन्मपल्वलमत्स्यानां चित्तकर्दमचारिणाम् ।
पुंसां दुर्वासनारज्जुर्नारी बडिशपिण्डिका ॥
यस्य स्त्री तस्य भोगेच्छा निःस्त्रीकस्य क्व भोगभूः ।
स्त्रियं त्यक्त्वा जगत्त्यक्तं जगत्त्यक्त्वा सुखी भवेत् ॥

योगवासिष्ठम्.

‡ मात्रा स्वस्रा दुहित्रा वा नैकशय्यासनो भवेत् ।
बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ॥

स्मृतिः.

૩૩૩—૩૩૪.

મનોવૃત્તિને મોહ પમાડે છે, ગુણાવલિનું ખંડન કરે છે, નિરંતર વિયોગ પાડવા તત્પર એવી લક્ષ્મી, મહાદુ:ખજાલમાં ઉતારે છે. માણસ પોતાનાં કે પારકાંના પ્રતિ શીતલ મૃદુસ્પર્શવાળો ત્યાં સુધીજ રહે છે કે જ્યાં સુધી મહાવાતથી હિમની પેઠે લક્ષ્મીથી કઠિન થયો નથી.*

યોગવાસિષ્ઠ.

૩૩૫.

અર્થને પ્રાપ્ત કરવામાં દુ:ખ; પ્રાપ્ત કરેલાના રક્ષણમાં દુ:ખ; આવતે દુ:ખ, જતે દુ:ખ;—કષ્ટમાત્રનાજ આશ્રયરૂપ અર્થને ધિક્કાર છે.†

પંચતંત્ર.

૩૩૬.

વિત્તથી અમૃતત્વની આશા નથી.‡

બૃહદારણ્યકોપનિષત્.

---

* मोहयन्ति मनोवृत्तिं खण्डयन्ति गुणावलिम् ।
दु:खजालं प्रयच्छन्ति विप्रलम्भपरा: श्रिय: ॥
तावच्छीतमृदुस्पर्श: परे स्वे च जने जन: ।
वात्ययेव हिमं यावच्छ्रिया न परुषीकृत: ॥

योगवासिष्ठम्.

† अर्थानामर्जने दु:खमर्जितानां च रक्षणे ।
आये दु:खं व्यये दु:खं धिगर्थान् कष्टसंश्रयान् ॥

पञ्चतन्त्रम्.

‡ अमृतत्वस्य तु नाशास्ति वित्तेनेति ॥

बृहदारण्यकोपनिषत्.

૩૩૭.

વૃદ્ધિને અંતે ક્ષય, ઉન્નતિને અંતે પતન, સંયોગને અંતે વિયોગ, એમજ સંસારમાર્ગમાં સર્વની વ્યવસ્થા છે.*

યોગવાસિષ્ઠ.

૩૩૮.

હે યાજ્ઞવલ્ક્ય! જે ક્ષુધા તૃષાથી મુક્ત, શોક મોહ જરામૃત્યુની પાર, સર્વાન્તર છે તે કીયો? તે આ આત્મા, જેને જાણી બ્રાહ્મણો પુત્રૈષણા, વિત્તૈષણા, લોકૈષણાનો ત્યાગ કરી ભિક્ષા ચરે છે.†

બૃહદારણ્યકોપનિષદ્.

૩૩૯.

વિષયો છે તે ચિરકાલ રહેશે તો પણ અવશ્ય જનારા છેજ; ત્યારે જવામાં શો ફેર પડવાનો છે કે માણસો એમને પોતે થઇનેજ ત્યજતા નથી? જો વિષયો પોતે સ્વતંત્ર રીતે જશે તો મનને અતુલ પરિતાપ આપતા જશે, તમે પોતે તેમને ત્યજશો તો અનન્ત શમસુખ આપતા જશે.‡

વૈરાગ્યશતક.

---

* सर्वे क्षयान्ता निचयाः प्रतनान्ताः समुच्छ्रयाः ।
संयोगा विप्रयोगान्ताः सर्वे संसारवर्त्मनि ॥

योगवासिष्ठम्.

† कतमो याज्ञवल्क्य सर्वान्तरो योऽशनायापिपासे शोकं मोहं जरां मृत्युमत्येत्येतं वैतमात्मानं विदित्वा ब्राह्मणाः पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति ॥

बृहदारण्यकोपनिषत्.

‡ अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ।
व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनसः
स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधति ॥

भर्तृहरिः.

૩૪૦.

શરીરીની પ્રકૃતિ તો મરણુજ છે, જે વિકૃતિ છે તેને બુધલોક જીવિત કહે છે.*

પ્રાસ્તાવિક.

૩૪૧.

તું અશોચ્યનો શોચ કરે છે, અને પંડિતોના વાદ વદે છે, પંડિતો તો ગતાસુ કે અગતાસુ કોઈનો અનુશોચતા નથી.†

ભગવદ્ગીતા.

૩૪૨.

દેહીને આને આ દેહમાંજ જેમ કુમારાવસ્થા, યુવાવસ્થા, ને જરા, પ્રાપ્ત થાય છે, તેમ અન્ય દેહો પ્રાપ્ત થાય, એમાં ધીર મોહ પામતો નથી.‡

ભગવદ્ગીતા.

---

* मरणं प्रकृतिः शरीरिणां ।
विकृतिर्जीवितमुच्यते बुधैः ॥

प्रास्ताविकः.

† अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥

भगवद्गीता.

‡ देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥

भगवद्गीता.

૩૪૩.

જે જ્ઞાની છે તેને પોતાના શરીરરૂપી જે મહાનગરી છે તે એક ઉપવનની પેઠે ભોગ અને મોક્ષને અર્થે હોઈ, સુખને અર્થે છે, દુઃખને અર્થે નથી.*

યોગવાસિષ્ઠ.

૩૪૪.

હે ભારત! ભૂતમાત્રનો આદિ અવ્યક્ત છે, અંત અવ્યક્ત છે, મધ્યે માત્ર તે વ્યક્ત છે, તો તેમાં શોક શાનો?†

ભગવદ્ગીતા.

૩૪૫.

જે ચિત્તને અર્ધજ વિવેક પ્રાપ્ત થયો છે, અમલ પદ પ્રાપ્ત થયું નથી, તેને ભોગનો ત્યાગ કરતાં બહુ પરિતાપ થાય.‡

યોગવાસિષ્ઠ.

---

* तस्येयं भोगमोक्षार्थं तज्ज्ञस्योपवनोपमा ।
सुखायैव न दुःखाय स्वशरीरमहापुरी ॥

योगवासिष्ठम्.

† अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥

भगवद्गीता.

‡ अर्धप्राप्तविवेकस्य न प्राप्तस्यामलं पदम् ।
चेतसस्त्यजतो भोगान् परितापो भृशं भवेत् ॥

योगवासिष्ठम्.

૩૪૬.

જંતુ જેટલા જેટલા સંબંધ પોતાના મનને પ્રિય માને છે, તેટલા તેટલા શોકના ખીલા તેના હૃદયમાં ઠોકાતા જાય છે.*

મહાભારત.

૩૪૭-૩૪૮.

વિષયોનું ધ્યાન કરવામાંથી પુરુષને તેમનો સંગ ઉપજે છે, સંગથી કામ થાય છે, કામથી ક્રોધ થાય છે. ક્રોધથી સંપૂર્ણ મોહનો ઉદય થાય છે, ને મોહથી સ્મૃતિનો વિભ્રમ થઈ જાય છે. સ્મૃતિભ્રંશ થતાં બુદ્ધિનાશ થાય છે, ને બુદ્ધિનાશથી વિનાશ થાય છે.†

ભગવદ્ગીતા.

૩૪૯-૩૫૧.

મનોરથના જલવાળી, તૃષ્ણા તરંગથી આકુલ, રાગરૂપી ગ્રાહવાળી, વિતર્ક વિહગોસહિત, ધૈર્યદ્રુમનો ધ્વંસ કરનારી, મોહના આવર્તથી અતિશય દુસ્તર, અતિ ઉંચા એવા ચિંતાતટ વચ્ચે દોડતી, આશા નામે નદી અતિ ગહન છે; તેની પાર ગયેલા વિશુધ્ધમનવાળા યોગીશ્વરો આનંદ અનુભવે છે.‡

વૈરાગ્યશતક.

---

* यावन्तः कुरुते जन्तुः सम्बन्धान् मनसः प्रियान् ।
तावन्तोऽस्य निखन्यन्ते हृदये शोकशङ्कवः ॥

महाभारतम्.

† ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

भगवद्गीता.

‡ आशानामनदी मनोरथजला तृष्णातरङ्गाकुला
रागग्राहवती वितर्कविहगा धैर्यद्रुमध्वंसिनी ।
मोहावर्तसुदुस्तरातिगहना प्रोत्तुङ्गचिन्तातटी
तस्याः पारगता विशुद्धमनसो नन्दन्तु योगीश्वराः ॥

भर्तृहरिः.

આશામાં પરમ દુઃખછે, નૈરાસ્ય પરમ સુખ છે.*

જેટલું જેટલું સ્વવશ તેટલું સુખ, જેટલું પરવશ તે બધું દુઃખ.†

મનુ.

૩૫૨.

અમને આ વલ્કલથી પરમસંતોષ છે, તમને લક્ષ્મીથી તેવોજ સંતોષ છે; સંતોષ તો ઉભયને સમાન છે, જે વિશેષ છે તે વિશેષવિનાનો છે. દરિદ્રીતો તે કહેવાય કે જેને અતિવિશાલ તૃષ્ણા હોય; મન પરિતુષ્ટ થયા પછી દરિદ્રી કોણ? ને ધનવાન્ કોણ?‡

વૈરાગ્યશતક.

૩૫૩.

દિવસે દિવસે પારકાના ચિત્તનું આરાધન કરવામાં ક્લેશના કાદવમાં અરે હૃદય! તું શામાટે ઉતરે છે? શો પ્રસાદ તારે પ્રાપ્ત કરવો છે? તુ પોતેજ અંતઃ પ્રસન્ન થશે અને તારામાં ચિંતામણિના જેવો ગુણ સ્વતઃ ઉદય થશે તો તારો કીયો સંકલ્પ ઉઠતાની સાથે કેઈ વાંછા પુષ્ટ થયા વિના રહેશે.§

વૈરાગ્યશતક.

---

* आशायां परमं दुःखं नैराश्यं परमं सुखम् ।

† सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ॥

मनुः.

‡ वयमिह परितुष्टा वल्कलैस्त्वं च लक्ष्म्या
सम इह परितोषो निर्विशेषो विशेषः ।
स तु भवतु दरिद्री यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्री ॥

भर्तृहरिः.

§ परेषां चेतांसि प्रतिदिवसमाराध्य बहु हा
प्रसादं किं नेतुं विशसि हृदय क्लेशकलिलम् ।
प्रसन्ने त्वय्यन्तः स्वयमुदितचिन्तामणिगुणे
विमुक्तः संकल्पः किमभिलषितं पुष्यति न ते ॥

भर्तृहरिः.

૩૫૪.

પરિવાર સમેત વર્ચસ માત્રને દોષરૂપે જેમણે અવધારણ કર્યું છે તેમને વિષે પણ દોષ કહેનારનું મોઢું ઝલાતું નથી.*

નૈષ્કર્મ્યસિધ્ધિ.

૩૫૫.

એવો કોઈ ઉપાય જાણવામાં નથી કે જે સર્વ લોકને સંતોષ આપી શકે; સર્વથા સ્વહિત કરવું, બહુ લવારો કરનારા 'લોક' શું કરી શકનાર છે!†

જીવન્મુક્તિવિવેકમાં.

૩૫૬—૩૫૭.

મારી નિન્દા કરવાથી કોઇને સંતોષ થતો હોય, તો મારા ઉપર એ મ્હોટો અનુગ્રહ છે, ને વળી તે સિધ્ધ કરવામાં મારે કશો પ્રયત્ન કરવો પડતો નથી; જે પુરુષો શ્રેયને ઇચ્છે છે તે પારકાને સંતોષ પમાડવાને અર્થે તો, દુઃખે કરીને પ્રાપ્ત કરેલા એવા ધનનો પણ ત્યાગ કરે છે. નિરંતર જ્યાં દૈન્ય અતિ સુલભ છે, એવા સુખહીન સંસારમાં કોઇને મારી નિંદા કરવામાં પ્રીતિ

---

* सपरिकरे वर्चस्के दोषतश्चावधारिते ।
यदि दोषं वदेत्तस्मै किं तत्रोच्चरितुर्भवेत् ॥

नैष्कर्म्यसिद्धिः.

† विद्यते न खलु कश्चिदुपायः सर्वलोकपरितोषकरो यः ।
सर्वथा स्वहितमाचरणीयं किं करिष्यति जनो बहुजल्पः ॥

जीवन्मुक्तिविवेके.

આવતી હોય, તો તેણે, મારી સમક્ષ કે મારી પરોક્ષે, યથેષ્ટ નિંદા કરવી, કેમ કે બહુદુ:ખરૂપ જગત્‌માં પ્રીતિનો લાભ થઈ આવવો એજ દુર્લભ છે.*

જ્ઞાનાંકુશ.

૩૫૮.

જેમ ડાહ્યા લોક પરદોષ જોવામાં તત્પર રહે છે તેમ પોતાનાજ જોવામાં રહેતા હોય તો બન્ધનથી કોણ મુક્ત ન થાય?†

સ્મૃતિ.

૩૫૯.

અપકાર કરનાર ઉપર જો કોપ થતો હોય તો ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચારે પુરુષાર્થના બલવાન્ શત્રુરૂપ કોપ ઉપર કોપ કેમ થતો નથી?‡

જીવન્મુક્તિવિવેકમાં.

---

* मन्निन्दया यदि जनः परितोषमेति
नन्वप्रयत्नजनितोऽयमनुग्रहो मे ।
श्रेयोऽर्थिनो हि पुरुषाः परतुष्टिहेतो-
र्दुःखार्जितान्यपि धनानि परित्यजन्ति ॥
सततसुलभदैन्ये निःसुखे जीवलोके
यदि मम परिवादात्प्रीतिमाप्नोति कश्चित् ।
परिवदतु यथेष्टं मत्समक्षं तिरो वा
जगति हि बहुदुःखे दुर्लभः प्रीतियोगः ॥

ज्ञानाङ्कुशः.

† यथा सुनिपुणः सम्यक्परदोषेक्षणेरतः ।
तथा चेन्निपुणः स्वेषु को न मुच्येत बन्धनात् ॥

स्मृतिः.

‡ अपकारिणि कोपश्चेत्कोपे कोपः कथं न ते ।
धर्मार्थकाममोक्षाणां प्रसह्य परिपन्थिनि ॥

जीवन्मुक्तिविवेके.

૩૬૦.

રિપુ, બંધુ, કે પોતાનો દેહ સર્વત્ર એકાત્મભાવ અનુભવતા વિવેકીને, પોતાના શરીરના અવયવો ઉપર કોપ નથી થતો, તેમ કોપ થવાનો સંભવજ નથી.*

વાર્તિક.

૩૬૧—૩૬૨.

પોતાને જેમ પ્રાણ અતિ ઇષ્ટ છે તેમ ભૂતમાત્રને છે એમ સમજી પોતા ઉપરથી પ્રમાણ લેઈ માણસે સર્વત્ર દયા રાખવી.†

સ્મૃતિ.

અત્ર સર્વે સુખી થાઓ, સર્વે નીરોગી રહો, સર્વને ભદ્ર પ્રાપ્ત થાઓ, કોઇને દુઃખ થશો નહિ.‡

જીવન્મુક્તિવિવેકમાં.

---

* रिपौ बन्धौ स्वदेहे च समैकात्म्यं प्रपश्यतः ।
विवेकिनः कुतः कोपः स्वदेहावयवेष्विव ॥

वार्तिकम्.

† प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि ते तथा ।
आत्मौपम्येन भूतानां दयां कुर्वीत मानवः ॥

स्मृतिः.

‡ सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखमाप्नुयात् ॥

जीवन्मुक्तिविवेके.

૩૬૩.

ત્રણ વેદ, સાંખ્ય, યોગ, પાશુપત, વૈષ્ણવ, એમ પ્રસ્થાનો ભિન્ન ભિન્ન છે, અને માણસો પોતપોતાની રુચિના વૈચિત્ર્યને લીધે આ ઋજુ માર્ગ છે, આ કુટિલ માર્ગ છે, એમ નાના પ્રકારના માર્ગ ઉપર પ્રેમ ધરે છે,—છતાં સર્વેનો, જલમાત્રને ગમ્ય સમુદ્રની પેઠે, ગમ્ય તું એકજ છે.*

પુષ્પદન્તાચાર્ય.

૩૬૪.

ચંદનના ભારને વહેતો ખર ભારમાત્રનેજ જાણેછે ચંદનને નહિ, તેમ બહુ શાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી પણ સારને ન જાણનારો ખરની પેઠે ભારમાત્રજ ઉચકીને ફરેછે.†

ઉત્તરગીતા.

૩૬૫.

જે મને જેવી રીતે પ્રપન્ન થાયછે, તેને તેવી રીતે હું ભજું છું, હે પાર્થ! સર્વથા મનુષ્યમાત્ર મારા માર્ગનેજ અનુસરેછે.‡

ભગવદ્‌ગીતા.

---

* त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥

पुष्पदन्ताचार्याः.

† यथा खरश्चन्दनभारवाही
भारस्य वेत्ता न तु चन्दनस्य ।
तथैव शास्त्राणि बहून्यधीत्य
सारन्न जानन्खरवद्वहेत्सः ॥

उत्तरगीता.

‡ ये यथा मां प्रपद्यन्तेतांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥

भगवद्गीता.

૩૬૬.

આકાશમાંથી પડેલું જલ જેમ સાગરમાં જાયછે, તેમ ગમે તે દેવને કરેલો નમસ્કાર કેશવને પહોચેછે.*

ભાગવત.

૩૬૭.

જે ભાવિ નથી તે થવાનું નથી, જે ભાવિ છે તે મટવાનું નથી, એવું ચિંતારૂપી વિષને હણનાર ઓશડ કેમ પીતો નથી?†

વૈરાગ્યશતક.

૬૬૮.

વય ગયા પછી કામવિકાર શો? જલ સૂકાઈ ગયા પછી સરોવર શું? વિત્ત ક્ષીણ થયા પછી પરિવાર શો? તત્વજ્ઞાન થયા પછી સંસાર શો? ‡

ચર્પટપંજરિકા.

---

* आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥

भागवतम्.

† यदभावि न तद्भावि भावि चेन्न तदन्यथा ।
इति चिन्ताविषघ्नोऽयमगदः किं न पीयते ॥

भर्तृहरिः.

‡ वयसि गते कः कामविकारः
शुष्के नीरे कः कासारः ।
क्षीणे वित्ते कः परिवारो
ज्ञाते तत्त्वे कः संसारः ॥

चर्पटपञ्जरिका.

૩૬૯.

જટાધારી, મુંડી, કેશ તાણી નાખનાર, એવા કાષાયાંબર વડે બહુ બહુ વેષકરનારા ઉદરનિમિત્તે બહુ શોક ઉઠાવેછે; લોક દેખતે સતે દેખતા નથી.*

ચર્પટપંજરિકા.

૩૭૦.

દિન-રજની, સાયં-પ્રાતર્, શિશિર-વસંત,-એમ ક્રમ આવેછે ને જાયછે; કાલ એ રીતે ક્રીડા કરેછે, આયુષ્ ક્ષીણ થાયછે, છતાં આશાનો વાયુ સજાતો નથી.†

ચર્પટપંજરિકા.

૩૭૧.

મહાસમુદ્રમાં કાષ્ઠે કાષ્ઠ મળેછે, મળીને વળી જુદાં થઇ જાય છે, ભૂતસમાગમને પણ એજ પ્રકારે સમજવો.‡

મહાભારત.

---

* जटिलो मुण्डी लुञ्चितकेशः
काषायाम्बरबहुधृतवेषः ।
पश्यन्नपि न च पश्यति लोक
उदरनिमित्तं बहुकृतशोकः ॥

चर्पटपञ्जरिका.

† दिनमपि रजनी सायं प्रातः
शिशिरवसन्तौ पुनरायातः ।
कालः क्रीडति गच्छत्यायु-
स्तदपि न मुञ्चत्याशावायुः ॥

चर्पटपञ्जरिका.

‡ यथा काष्ठं च काष्ठं च समेयातां महोदधौ ।
समेत्य च व्यपेयातां तद्वद् भूतसमागमः ॥

महाभारतम्.

૧૧—યોગ.

૩૭૨.

મોક્ષ આકાશના પૃષ્ઠ ઉપર નથી, પાતાલમાં નથી, પૃથ્વી ઉપર નથી, સમ્યક્જ્ઞાનથી પ્રબુદ્ધ ચિત્ત તેજ મોક્ષ છે.*

યોગવાસિષ્ઠ.

૩૭૩.

વિવેકી, વિરકત, શમાદિગુણસંપન્ન, મુમુક્ષુ, તેનેજ બ્રહ્મજિજ્ઞાસાની યોગ્યતા કહીછે.†

વિવેકચૂડામણિ.

૩૭૪.

શાસ્ત્ર બહુ વિચાર્યું, પરસ્પરને તેનો બોધ પણ સારી પેઠે કર્યો કરાવ્યો, પણ વાસનાથી અત્યંત મુકત એવા મૌન વિના ઉત્તમપદ કહીં નથી.‡

યોગવાસિષ્ઠ.

---

* न मोक्षो नभसः पृष्ठे न पाताले न भूतले ।
मोक्षो हि चेतो विमलं सम्यग्ज्ञानविबोधितम् ॥

योगवासिष्ठम्.

† विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः ।
मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासायोग्यता मता ॥

अपरोक्षानुभूतिः.

‡ विचारितमलं शास्त्रं चिरमुद्ग्राहितं मिथः ।
संत्यक्तवासनान्मौनादृते नास्त्युत्तमं पदम् ॥

योगवासिष्ठम्.

૩૭૫—૩૭૬.

જ્યાં મનસમેત પાંચે ઇન્દ્રિયો સ્થિર રહેછે, બુદ્ધિ કશી ચેષ્ટા કરતી નથી, તેનેજ પરમગતિ કહેછે. એવી જે સ્થિર ઇન્દ્રિયધારણા તે યોગ મનાયછે, તે સમયેં અપ્રમત્ત થવાયછે; યોગ છે તે પ્રભવ અને અપ્યયમાંજ રહેલોછે.*

કઠોપનિષત્.

૩૭૭.

એક તત્ત્વનો ઘનાભ્યાસ, પ્રાણનો વિલય, અને મનોનિગ્રહ, એ મોક્ષશબ્દના અર્થનો સંગ્રહ જાણવો.†

યોગવાસિષ્ઠ.

૩૭૮.

ચિત્તનાશના બે ક્રમ છે. હે રાઘવ! જ્ઞાન અને યોગ—યોગ એટલે વૃત્તિનિરોધ અને જ્ઞાન એટલે સમ્યક્‌દર્શન.‡

યોગવાસિષ્ઠ.

---

* यदा पञ्चावतिष्ठन्ते ज्ञानानि मनसा सह ।
बुद्धिश्च न विचेष्टेत तामाहुः परमाङ्गतिम् ॥
तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियधारणाम् ।
अप्रमत्तस्तदा भवति योगो हि प्रभवाप्ययौ ॥

कठोपनिषत्.

† एकतत्त्वघनाभ्यासः प्राणानां विलयस्तथा ।
मनोविनिग्रहश्चेति मोक्षशब्दार्थसङ्ग्रहः ॥

योगवासिष्ठम्.

‡ द्वौ क्रमौ चित्तनाशस्य योगो ज्ञानं च राघव ।
योगस्तद्वृत्तिरोधो हि ज्ञानं सम्यगवेक्षणम् ॥

योगवासिष्ठम्.

૩૭૯.

યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ.*

પાતંજલસૂત્ર.

૩૮૦.

પોતાની મેળેજ વિચારથી આત્માને આત્માએ વિચારી જ્ઞેયનો અધિગમ થયો નથી ત્યાં સુધી થવાનો નથી.†

યોગવાસિષ્ઠ.

૩૮૧.

વાણીનો નિરોધ, અપરિગ્રહ, નિરાશા, નિરીચ્છા, નિત્ય એકાન્તશીલતા, એ યોગનું પ્રથમદ્વાર છે.‡

વિવેકચૂડામણિ.

---

* योगश्चित्तवृत्तिनिरोधः ॥

पातञ्जलसूत्रम्.

† स्वयमेव विचारेण विचार्यात्मानमात्मना ।
यावन्नाधिगतं ज्ञेयं न तावदधिगम्यते ॥

योगवासिष्ठम्.

‡ योगस्य प्रथमं द्वारं वाङ्निरोधोऽपरिग्रहः ।
निराशा च निरीहा च नित्यमेकान्तशीलता ॥

विवेकचूडामणिः.

૩૮૨—૩૮૪.

અભ્યાસ અને વૈરાગ્યથી તેનો (ચિત્તનો) નિરોધ થાયછે.*

પાતંજલસૂત્ર.

વિષયોનું ધ્યાન કરનારને, પદાર્થ અવિદ્યમાન સતે પણ, સ્વપ્નમાં જેમ અનર્થ એવો વિસ્તાર નીપજે છે તેમ, સંસૃતિ મટતી નથી. માટેજ અસન્માર્ગને વિષે આસક્ત થયેલા ચિત્તને તીવ્ર ભક્તિયોગથી અને વિરાગથી વશ કરવું.†

ભાગવત.

૩૮૫.

તત્ત્વજ્ઞાન, મનોનાશ, વાસનાક્ષય, એ ત્રણ પરસ્પરનાં કારણકાર્ય છે, ને તેથીજ અતિ દુઃસાધ્ય છે.‡

યોગવાસિષ્ઠ.

૩૮૬—૩૮૭.

અતિ આહાર કરનારથી તેમ કેવલ ન આહાર કરનારથી યોગ થતો નથી, અતિ નિદ્રાલુથી તેમ અત્યંત જાગનારથી યોગ થતો નથી; યુક્ત

---

* अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ॥

पातञ्जलसूत्रम्.

† अर्थे ह्यविद्यमानेऽपि संसृतिर्न निवर्तते ।
ध्यायतो विषयानस्य स्वप्नेऽनर्थागमो यथा ॥
अत एव शनैश्चित्तं प्रसक्तमसतां पथि ।
भक्तियोगेन तीव्रेण विरक्त्या च नयेद्वशम् ॥

भागवतम्.

‡ तत्त्वज्ञानं मनोनाशो वासनाक्षय एव च ।
मिथः कारणतां गत्वा दुःसाध्यानि स्थितान्यतः ॥

योगवासिष्ठम्.

આહાર, યુક્ત વિહાર, કર્મમાત્રમાં યુક્ત ચેષ્ટા, અને યુક્ત નિદ્રા, યુક્ત જાગ્રત્, એમ સાચવનારથી દુ:ખનાશ કરનાર યોગ સિદ્ધ થઇ શકેછે.*

ભગવદ્ગીતા.

૩૮૮.

ચિત્તજ ચિત્તથી અદૂર છે, છતે પોતાના શરીરને, યુક્તિને ત્યાગ કરી, જે લોકો સાધવા મથે છે તે હઠવાળા કહેવાયછે.†

યોગવાસિષ્ઠ.

૩૮૯—૩૯૧.

વિશુદ્ધબુદ્ધિથી યુક્ત, આત્માને ધૈર્યથી નિયમનાર, શબ્દાદિ વિષયોને ત્યાગ કરી રાગદ્વેષથી વિમુક્ત, વિવિક્ત સેવનાર, લઘુ આહાર કરનાર, વાણી, કાયા અને મનને સંયમ રાખનાર, નિત્યે ધ્યાનયોગપરાયણ, વૈરાગ્યને

---

* नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥
युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

भगवद्गीता.

† चित्तं चित्तस्य वादूरं संस्थितं स्वशरीरकम् ।
साधयन्ति समुत्सृज्य युक्तिं ये तान् हठान्विदुः ॥

योगवासिष्ठम्.

સારો આશ્રય કરનાર. અહંકાર બલ દર્પ કામ ક્રોધ અને પરિગ્રહ ને મૂકી નિર્ભય, શાન્ત, એવો જે તે બ્રહ્મ થાયછે.*

ભગવદ્ગીતા.

૩૯૨.

લોકમાં જે કાંઈ જણાય છે, જે કાંઈ આકાશમાં કે સ્વર્ગમાં સમજાય છે, તે સર્વે, હે રામ! રાગદ્વેષનો પરિપૂર્ણ ક્ષય થતાં સિદ્ધ થાયછે.†

યોગવાસિષ્ઠ.

૩૯૩.

પ્રયત્નથી યત્ન કરનાર યોગી, અનેક જન્મના અનુભવોથી કિલ્વિષમાત્ર શુદ્ધ થઈ જતાં, પરગતિને પામેછે.‡

ભગવદ્ગીતા.

---

* बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥
अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥

भगवद्गीता.

† यत्किञ्चिदुदितं लोके यन्नभस्यथवा दिवि ।
तत्सर्वं प्राप्यते राम रागद्वेषपरिक्षयात् ॥

योगवासिष्ठम्.

‡ प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥

भगवद्गीता.

૩૯૪.

યોગયુક્ત, વિશુદ્ધમનવાળો, મન ઉપર સંયમ રાખનાર, જિતેંદ્રિય, સર્વભૂતના આત્મારૂપે આત્માને સમજનાર, કરતો સતો લેપાતો નથી.*

ભગવદ્ગીતા.

૩૯૫.

યુક્ત છે તે કર્મફલનો ત્યાગ કરવાથી નૈષ્ઠિક શાન્તિને પામેછે, ને અયુક્ત છે તે કામનાથી કરીને ફલાસક્તિ બાંધી બંધમાં પડેછે.†

ભગવદ્ગીતા.

૩૯૬.

હે રાઘવ! પોતે પોતાને ઉપજાવી, તેમજ વારંવાર પોતે પોતાને મોહ પમાડી, અંતે, સંવિત્ પોતે પોતાને (સ્વરૂપાનુસંધાનરૂપ) મોક્ષે પહોચાડે છે.‡

યોગવાસિષ્ટ.

---

* योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥

भगवद्गीता.

† युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबद्धयते ॥

भगवद्गीता.

‡ जनयित्वात्मनात्मानं मोहयित्वा पुनः पुनः ।
स्वयं मोक्षं नयत्यन्तःसंवित्स्वं विद्धि राघव ॥

योगवासिष्ठम्.

૩૯૭.

યોગવડે કરીને કર્મનો જેણે સંન્યાસ કર્યો છે, જ્ઞાનથી જેણે સંશય ટાળી નાખ્યોછે, એવા આત્મવાનૂને, હે ધનંજય! કોઈ કર્મ બંધન કરી શકતાં નથી.*

ભગવદ્ગીતા.

૩૯૮.

સંકલ્પનો સંન્યાસ કર્યા વિના કોઈ યોગી થતું નથી.†

ભગવદ્ગીતા.

૩૯૯.

વૈરાગ્યથી, કારણાભ્યાસથી, યુકિતથી, વ્યસનનો ક્ષય થવાથી, પરમાર્થ-જ્ઞાનથી, પ્રાણવાયુનો રોધ થઈ શકેછે.‡

યોગવાસિષ્ટ.

૪૦૦.

નિવાતસ્થાનમાં રહેલો દીપ હાલતો નથી, એ ઉપમા, આત્માનો યોગ યોજતા યોગીના નિયતચિત્તને લાગેછે.§

ભગવદ્ગીતા.

---

* योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनञ्जय ॥

भगवद्गीता.

† न ह्यसंन्यस्तसङ्कल्पो योगी भवति कश्चन ॥

भगवद्गीता.

‡ वैराग्यात्कारणाभ्यासाद्युक्तितो व्यसनक्षयात् ।
परमार्थावबोधाच्च रोध्यन्ते प्राणवायवः ॥

योगवासिष्ठम्.

§ यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ॥

भगवद्गीता.

15

૪૦૧—૪૦૨.

સર્વભૂતસ્થિત એવા મને જે એકત્વની આસ્થા કરી ભજેછે, તે યોગી સર્વથા વર્તતો સતો પણ મારામાં વર્તેછે. હે અર્જુન! આત્માના ઉપમાનથી જે સુખદુઃખાદિને સર્વત્ર સમતાથી જુવેછે તે પરમ યોગી છે.*

ભગવદ્ગીતા.

૪૦૩.

સ્વાદ્ય અને સ્વાદક ઉભયથી રહિત અને સ્વાદ્ય તથા સ્વાદકની મધ્યે જે કેવલ સ્વાદન રહેછે તેનું ધ્યાન કરતો નિત્ય આત્મમય થા.†

યોગવાસિષ્ટ.

૪૦૪.

કર્મફલનો આશ્રય કર્યા વિના કાર્ય એવા કર્મને જે કરેછે તે સંન્યાસી છે, તે યોગી છે; અગ્નિનો ત્યાગ કરનાર કે અક્રિય થઇ જનાર સંન્યાસી કે યોગી નથી.‡

ભગવદ્ગીતા.

---

* सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।
सर्वथा वर्त्तमानोऽपि स योगी मयि वर्तते ॥
आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥

भगवद्गीता.

† स्वाद्यस्वादकसन्त्यक्तं स्वाद्यस्वादकमध्यगम् ।
स्वादनं केवलं ध्यायन्नित्यमात्ममयो भव ॥

योगवासिष्ठम्.

‡ अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स सन्न्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥

भगवद्गीता.

૪૦૫.

દેહધારીથી અશેષ કર્મનો ત્યાગ થવો શક્ય નથી, જે કર્મફલત્યાગી છે તેજ ત્યાગી કહેવાયછે.*

ભગવદ્ગીતા.

૪૦૬.

મન પૂર્ણ થયું એટલે જગત્માત્ર અમૃતરસથી પૂર્ણ થયું; પગે જોડા પહેરનારને આખી પૃથ્વી ચર્માસ્તૃત થઇ.†

યોગવાસિષ્ઠ.

૪૦૭.

કામ્યકર્મના ન્યાસને જ્ઞાનીઓ સંન્યાસ જાણેછે, સર્વકર્મના ફલના ત્યાગને વિચક્ષણો ત્યાગ કહેછે.‡

ભગવદ્ગીતા.

---

* न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥

भगवद्गीता.

† पूर्णे मनसि सम्पूर्णं जगत्सर्वं सुधाद्रवैः ।
उपानद्गूढपादस्य ननु चर्मास्तृतैव भूः ॥

योगवासिष्ठम्.

‡ काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥

भगवद्गीता.

૪૦૮.

રાજયોગને ન જાણતા અને કેવલ હઠકર્મ કરનારા એવા અભ્યાસીઓને હું તેમના પ્રયાસના ફલથી રહિત માનું છું.*

હઠપ્રદીપિકા.

૪૦૯—૪૧૦.

ધીરજથી બુદ્ધિને આધાર આપી ધીમે ધીમે ઉપરમ પામવો, મનને આત્મ સંસ્થ કરી કશાનું પણ ચિંતન કરવું નહિ. ચંચલ અને અસ્થિર એવું મન જ્યાંથી જ્યાંથી બહાર નીકળી જાય ત્યાંથી ત્યાંથી પાછું નિયમમાં લાવી તેને આત્માને વશ કરવું.†

ભગવદ્ગીતા.

૪૧૧.

કર્તૃત્વ અને ભોક્તૃત્વ શાન્ત થયાં એટલે શાન્તિજ અવશેષ રહી, એજ જ્યારે પ્રૌઢ થાય ત્યારે તેને બુધજનો મુક્તિ કહે છે.‡

યોગવાસિષ્ઠ.

---

* राजयोगमजानन्तः केवलं हठकर्मिणः ।
एतानभ्यासिनो मन्ये प्रयासफलवर्जितान् ॥

हठप्रदीपिका.

† शनैःशनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥
यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥

भगवद्गीता.

‡ शान्ते कर्तृत्वभोक्तृत्वे शान्तिरेवेह शिष्यते ।
प्रौढिमभ्यागता सैव मुक्तिरित्युच्यते बुधैः ॥

योगवासिष्ठम्.

.૪૧૨.

ખેતી, દર્ભ, ઇત્યાદિ જેમ કાલે કરીને પરિપાક પામેછે, તેમ આત્મવિચાર પણ ધીમેથી કાલે કરીને પકવ થાયછે.*

પંચદશી.

૪૧૩.

કર્માસક્તિનો આશ્રય ન કર, તેમ મૂઢતાનો આશ્રય ન કર, તથા નૈષ્કર્મ્યને પણ આશ્રય ન કર;—યથાસ્થિત સમાન રહે.†

યોગવાસિષ્ઠ.

૪૧૪.

કુશાગ્રે એક એક બિંદુ લેઇ સમુદ્રને ઉલેચવાનુ જે પ્રકારે થાય તે પ્રકારની ખેદ પામ્યા વિનાની ધીરજથી મનનો નિગ્રહ થઇ શકે.‡

ગૌડપાદાચાર્ય.

---

* कालेन परिपच्यन्ते कृषिदर्भादयो यथा ।
तद्वदात्मविचारोऽपि शनैः कालेन पच्यते ॥

पञ्चदशी.

† कर्मासक्तिमनाश्रित्य तथानाश्रित्य मूढताम् ।
नैष्कर्म्यमप्यनाश्रित्य समस्तिष्ठ यथास्थितम् ॥

योगवासिष्ठम्.

‡ उत्सेक उदधेर्यद्वत्कुशाग्रेणैकबिन्दुना ।
मनसो निग्रहस्तद्वद्भवेदपरिखेदतः ॥

गौडपादाचार्याः.

૪૧૫.

અન્તરાત્મા અંગુષ્ઠમાત્ર પુરુષ જનોના હૃદયમાં સર્વદા સંનિવિષ્ટ છે, તેને મુંજમાંથી જેમ ઇષિકાને કાઢીએ, તેમ ધીરજથી, શરીરથી જુદો કરવો.*

કઠોપનિષત્.

૪૧૬.

સર્વ ધર્મનો પરિત્યાગ કરી મને, એકને, શરણ જા; હું તને સર્વ પાપથી મુક્ત કરીશ, શોચ મા કર.†

ભગવદ્ગીતા.

૪૧૭-૪૧૮.

વશી, એક, સર્વભૂતાન્તરાત્મા, જે એક રૂપને બહુધા કરેછે, તે આત્મસ્થને જે ધીરપુરુષો જુવેછે તેમને શાશ્વત સુખ થાયછે, અન્યને નહિ. નિત્યમાં નિત્ય, ચેતનમાં ચેતન, એક સતે જે બહુને કામના ઉપજાવેછે, તે આત્મસ્થને જે ધીરપુરુષો જુવેછે તેમને શાશ્વતી શાન્તિ થાયછે, અન્યને નહિ.‡

કઠોપનિષત્.

---

* अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये सन्निविष्टः ।
तं स्वाच्छरीरात्प्रवृहेन्मुञ्जादिवेषीकां धैर्येण ॥

कठोपनिषत्.

† सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

भगवद्गीता.

‡ एको वशी सर्वभूतान्तरात्मा एकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥
नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान् ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥

कठोपनिषत्.

૪૧૯.

યત્ન કરતા યોગીઓ એને આત્માવસ્થિત દેખેછે, યત્ન કરતે સતે પણ જે અકૃતાત્મ છે અને અજ્ઞ છે તે એને જોઇ શકતા નથી.*

ભગવદ્ગીતા.

૪૨૦.

એક અર્થથી બીજા અર્થ ઉપર ચિત્ત જાય ત્યારે મધ્યમાં જે મનનરહિત સ્થિતિ આવે છે તેજ સ્વરૂપસ્થિતિ કહેવાયછે.†

યોગવાસિષ્ઠ.

૪૨૧.

ચોપાસથી જલ વડે પૂરાતે સતે પણ અચલમર્યાદામાં રહેતા સમુદ્રમાં જેમ જલમાત્ર પડેછે તેમ જેને વિષે કામમાત્ર પ્રવેશે તે શાન્તિ પામે છે; કામકામી શાન્તિ પામતો નથી.‡

ભગવદ્ગીતા.

---

* यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥

भगवद्गीता.

† अर्थादर्थान्तरं चित्ते याति मध्ये हि या स्थितिः ।
निरस्तमनना यासौ स्वरूपस्थितिरुच्यते ॥

योगवासिष्ठम्.

‡ आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत् कामा यं प्रविशन्ति सर्वे
स शान्तिमाप्नोति न कामकामी ॥

भगवद्गीता.

૪૨૨.

ચિત્તને વૈધુર્ય ઉપજાવનાર અને અશુદ્ધ એવા અનેકત્વપિશાચની જેના ઉપર દૃષ્ટિ પડી ન હોય તત્પરાયણ મનને કરવું.*

યોગવાસિષ્ઠ.

૪૨૩.

આત્માનો નાશ કરનાર એવાં નરકનાં દ્વાર આ ત્રણ છે; કામ, ક્રોધ, લોભ; માટે એ ત્રણને ત્યજવાં.†

ભગવદ્ગીતા.

૪૨૪-૪૨૬.

અભય, સત્વસંશુદ્ધિ, જ્ઞાનયોગવ્યવસ્થા, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સીધાપણું, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાન્તિ, ઈર્ષ્યાનો અભાવ, ભૂતદયા, લલુતાનો અભાવ, મૃદુતા, લજ્જા, અનૌદ્ધત્ય, તેજ, ક્ષમા, ધૃતિ, શૌચ, અદ્રોહ, અતિમાનિતાનો અભાવ;—હે ભારત! દૈવીસંપત્તિને અભિજાતનામાં આટલાં હોયછે.‡

ભગવદ્ગીતા.

---

* यद्दृष्टमशुद्धेन चित्तवैधुर्यदायिना ।
अनेकत्वपिशाचेन तत्परं कारयेन्मनः ॥

योगवासिष्ठम्.

† त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

भगवद्गीता.

‡ अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥
अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत ॥

भगवद्गीता.

૪૨૭.

દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, પારુષ્ય, અજ્ઞાન, એટલાં હે પાર્થ! આસુરીસંપતૂને વિષે અભિજાતનામાં હોયછે.*

ભગવદ્ગીતા.

૪૨૮.

જેવું કરે છે, જેવું આચરેછે, તેવો થાયછે.†

બૃહદારણ્યકોપનિષત્.

૪૨૯–૪૩૧.

કોઇ પણ મર્ત્ય, પ્રાણથી કે અપાનથી જીવતુ નથી, પણ જેમાં પ્રાણાપાન ઉભયે આશ્રિત છે તેવા અન્યથી જીવેછે. હે ગૌતમ! હું તને ગુહ્ય, સનાતન, બ્રહ્મનું પ્રવચન કરું છું; મરણ પછી આત્માનું જે થાયછે તે કહું છું. જેવું કર્મ, જેવું શ્રુત-તે પ્રમાણે કેટલાક જીવ, શરીરગ્રહણાર્થે, યોનિને પ્રપન્ન થાયછે, કેટલાક સ્થાણુત્વને પામેછે.‡

કઠોપનિષત્.

---

* दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ सम्पदमासुरीम् ॥

भगवद्गीता.

† यथाकारी यथाचारी तथा भवति ॥

बृहदारण्यकोपनिषत्.

‡ न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन ।
इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ ॥
हन्त त इदम्प्रवक्ष्यामि गुह्यम्ब्रह्मसनातनम् ।
यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम ॥
योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः ।
स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम् ॥

कठोपनिषत्.

૪૩૨.

અયુક્તને બુદ્ધિ હોતી નથી, તેમ ભાવના પણ હોતી નથી; જેને ભાવના નથી તેને શાન્તિ કયાંથી! શાન્તિ નથી તેને સુખ કયાંથી!*

ભગવદ્ગીતા.

૪૩૩-૪૩૪.

વાણીથી, મનથી કે ચક્ષુથી પણ એને પ્રાપ્ત કરવો શકય નથી; 'અસ્તિ' એટલું કહેવાથી અન્યત્ર તે કયાં ઉપલબ્ધ થાય? (સગુણ નિર્ગુણ) ઉભયનો તત્ત્વભાવ સમજી 'અસ્તિ' એમજ એ ઉપલબ્ધ થાયછે; ને એમ ઉપલબ્ધિ પામનારને, પછી તત્ત્વભાવ પણ રહેતો નથી.†

કઠોપનિષત્.

૪૩૫.

દ્રષ્ટા દૃશ્યથી અનુરકત થાયછે, દૃશ્ય દ્રષ્ટાથી અનુરકત થાયછે, અહંવૃત્તિથી ઉભયે રંજિત થાયછે, માટે અહંવૃત્તિનો નાશ થતાં આત્માની અદ્વૈતતા અનુભવાયછે.‡

નૈષ્કર્મ્યસિધ્ધિ.

---

* नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥

भगवद्गीता.

† नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा ।
अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते ॥
अस्तीत्येवोपलब्धव्यस्तत्त्वभावेन चोभयोः ।
अस्तीत्येवोपलब्धस्य तत्त्वभावः प्रसीदति ॥

कठोपनिषत्.

‡ दृश्यानुरक्तं तद्द्रष्टृ दृश्यं द्रष्ट्रनुरञ्जितम् ।
अहंवृत्त्योभयं रक्तं तन्नाशेऽद्वैततात्मनः ॥

नैष्कर्म्यसिद्धिः.

૪૩૬.

(શ્લોક-) લજ્જા આદિ અખિલ યંત્રણાપંજર જ્યાં સુધી ભાગ્યું નથી, કાંઈ પણ શેષ ન રહે તેવી રીતે ભાગ્યું નથી, ત્યાં સુધી અહંકાર સ્પષ્ટ રીતે છેજ.*

યોગવાસિષ્ઠ.

૪૩૭.

અસ્તિ, ભાતિ, પ્રિય, રૂપ, નામ, એ પાંચ અંશ (વસ્તુમાત્રમાં) છે તેમાંના પ્રથમ ત્રણ તે બ્રહ્મરૂપ છે, જે બીજા બે તે જગદ્રૂપ છે.†

દૃગ્દૃશ્યવિવેક.

૪૩૮.

સદાનન્દાત્મરૂપ અને જ્યોતિના પણ ભાસક એવાનું એ પ્રકારે અગ્રહણ તેજ કોઇને તેના ગ્રહણરૂપ થાયછે.‡

આત્મપુરાણ.

---

* यन्त्रणापञ्जरं यावद्भग्नं लज्जादि नाखिलम् ।
अकिञ्चनत्वशेषेण स्फुटा तावदहङ्कृतिः ॥

योगवासिष्ठम्.

† अस्ति भाति प्रियं रूपं नाम चेत्यंशपञ्चकम् ।
आद्यं त्रयं ब्रह्मरूपं जगद्रूपं ततो द्वयम् ॥

दृग्दृश्यविवेकः.

‡ सदानन्दात्मरूपस्य ज्योतिषां भासकस्य च ।
एवमग्रहणेनैव ग्रहणं कस्यचिद्भवेत् ॥

आत्मपुराणम्.

૪૩૯.

યાજ્ઞવલ્કયે કહ્યું: અરે, પતિને અર્થે પતિ પ્રિય લાગતો નથી, સ્વને અર્થે પ્રિય લાગેછે; પત્નીને અર્થે પત્ની પ્રિય લાગતી નથી, સ્વને અર્થે પ્રિય લાગેછે;......સર્વે સર્વને અર્થે પ્રિય લાગતું નથી, સ્વને અર્થે પ્રિય લાગેછે; અરે, એ સ્વ જે આત્મા તેનુંજ દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન, કરવું; અરે મૈત્રેયિ! આત્માના દર્શન, શ્રવણ, મનન, વિજ્ઞાનથી સર્વનું જ્ઞાન થાયછે.*

બૃહદારણ્યકોપનિષત્.

૪૪૦—૪૪૧.

યાજ્ઞવલ્કયે કહ્યું દૃષ્ટાન્ત બતાવું છું. સર્વે જલનું એક અયન સમુદ્ર છે, સર્વે સ્પર્શનું એક અયન ત્વચા છે, સર્વે રસનું એક અયન જીહ્વા છે, સર્વે ગંધનું એક અયન નાસિકા છે, સર્વે રૂપનું એક અયન ચક્ષુ છે; સર્વે શબ્દનું એક અયન શ્રોત્ર છે, સર્વે સંકલ્પનું એકાયન મન છે, સર્વે વિદ્યાનું એકાયન હૃદય છે......સર્વે વેદનું એક અયન વાચ્ છે. સિન્ધવના કટકાને જલમાં નાખતાં તે જલ થઇ જાયછે, પછી તેનું ગ્રહણ સરખું પણ થતું નથી, જ્યાંથી જ્યાંથી લઇએ ત્યાં ત્યાં લવણને લવણુજ અનુભવાયછે. એમજ અરે! આ મહદ્ભૂત, અનંત, અપાર, વિજ્ઞાનઘન જાણ; ભૂતમાત્ર તેમાંથી સમુત્થાન પામી તેમાંજ વિનાશ પામેછે; વિનાશ પામી ઓળખાતાં પણ નથી.†

બૃહદારણ્યકોપનિષત્.

---

* स होवाच न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवत्यात्मनस्तु कामाय पतिः प्रियो भवति। न वा अरे जायायै कामाय जाया प्रिया भवत्यात्मनस्तु कामाय जाया प्रिया भवति। ...... न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवत्यात्मा वारे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम्।

बृहदारण्यकोपनिषत्.

† स यथा सर्वासामपां समुद्र एकायनमेवं सर्वेषां स्पर्शानां त्वगेकायनमेवं सर्वेषां रसानां जिह्वैकायनमेवं सर्वेषां गन्धानां नासिकैकायनमेवं सर्वेषां रूपाणां चक्षुरेकायनमेवं सर्वेषां शब्दानां श्रोत्रमेकायनमेवं सर्वेषां सङ्कल्पानां मन एकायनमेवं सर्वासां विद्यानां हृदयमेकायनं ......एवं सर्वेषां वेदानां वागेकायनम्।

स यथा सैन्धवखिल्य उदके प्रास्त उदकमेवानुविलीयेत नाहास्योद्ग्रहणायेव स्याद्यतो यतस्त्वाददीत लवणमेवैवं वा अर इदं महद्भूतमनन्तमपारं विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्तीत्यरे ब्रवीमीति होवाच याज्ञवल्क्यः।

बृहदारण्यकोपनिषत्.

૪૪૨—૪૪૫.

દૃષ્ટાન્ત આ પ્રમાણે છેઃ દુંદુભિ વાગતું હોય ત્યારે બહારથી શબ્દનું ગ્રહણ થઇ શકતું નથી, દુંદુભિનું ગ્રહણ થતાં દુંદુભિના આઘાતનો શબ્દ ગૃહાય છે; શંખ ફુંકાતો હોય ત્યારે બહારથી શબ્દનું ગ્રહણ થતું નથી; શંખનું ગ્રહણ થતાં શંખ ફુંકનારના શબ્દનું ગ્રહણ થાયછે; વીણા વાગતી હોય ત્યારે બહારથી સ્વરનું ગ્રહણ થતું નથી, વીણાનું ગ્રહણ થતાં વીણાના રાગનું ગ્રહણ થાયછે. અગ્નિ ઉપર આર્દ્ર ઇંધન મૂકતાં ધૂમ વિસ્ફુલિંગાદિ નીકળેછે એમજ આ મહાભૂતનું નિઃશ્વસિત તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ છે, ઇતિહાસ, પુરાણું, વિદ્યા, ઉપનિષત્, શ્લોક, સૂત્ર, અનુવ્યાખ્યાન, વ્યાખ્યાન સર્વ એનાંજ નિઃશ્વસિત છે.*

બૃહદારણ્યકોપનિષત્.

૪૪૬—૪૪૮.

હે સૌમ્ય! એક મૃત્તિકાપિંડથી જેમ મૃત્તિકાના વિકારમાત્ર વિજ્ઞાત થાયછે, વાચારંભણ, નામમાત્ર છે, મૃત્તિકા એજ સત્યછે, એમ સમજાયછે; હે સૌમ્ય! એક સુવર્ણથી જેમ સુવર્ણના વિકારમાત્ર વિજ્ઞાત થાયછે, વાચારંભણ, નામમાત્ર છે, સુવર્ણ એજ સત્ય છે, એમ સમજાયછે; હે સૌમ્ય! એક

---

* स यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्याञ्छब्दाञ्छक्नुयाद्ग्रहणाय दुन्दुभेस्तु ग्रहणेन दुन्दुभ्याघातस्य वा शब्दो गृहीतः।

स यथा शङ्खस्य ध्मायमानस्य न बाह्याञ्छब्दाञ्छक्नुयाद्ग्रहणाय शङ्खस्य तु ग्रहणेन शङ्खध्मस्य वा शब्दो गृहीतः।

स यथा वीणायै वाद्यमानायै न बाह्याञ्छब्दाञ्छक्नुयाद्ग्रहणाय वीणायै तु ग्रहणेन वीणावादस्य वा शब्दो गृहीतः॥

स यथार्द्रेन्धाग्नेरभ्याहितात्पृथग्धूमा विनिश्चरन्त्येवं वा अरेऽस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राण्यनुव्याख्यानानि व्याख्यानान्यस्यैवैतानि सर्वाणि निश्वसितानि॥

बृहदारण्यकोपनिषत्.

નખનિતિકૃંતનથી જેમ લોહના વિકારમાત્ર વિજ્ઞાત થયછે, વાચારંભણુ, નામમાત્ર છે, લોહ એજ સત્ય છે એમ સમજાય છે; તેમ હે સૌમ્ય! આ આદેશ (તું તે છે) પણ થાયછે.*

છાન્દોગ્યોપનિષત્.

૪૪૯.

હે ભારત! સર્વને પોતાના સત્ત્વને અનુરૂપ શ્રધ્ધા થાયછે; આ પુરુષ શ્રદ્ધામયછે; જેવી શ્રદ્ધા તેવોજ તે થાયછે†

ભગવદ્ગીતા.

૪૫૦.

બ્રહ્મ અસત્ છે એમ જે જાણે તે અસત્ થાયછે, બ્રહ્મ સત્ છે એમ જે જાણે છે તેને સત્ રૂપે (સર્વ) જાણેછે.‡

તૈત્તિરીયોપનિષત્.

---

* यथा सौम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ॥ १ ॥

यथा सौम्यैकेन लोहमणिना सर्वं लोहमयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं लोहमित्येव सत्यम् ॥ २ ॥

यथा सौम्यैकेन नखनिकृन्तनेन सर्वं कार्ष्णायसं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं कृष्णायसमित्येव सत्यमेवं सौम्य स आदेशो भवतीति ॥ ३ ॥

छान्दोग्योपनिषत्.

† सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥

भगवद्गीता.

‡ असन्नेव स भवति असद्ब्रह्मेति वेद चेत् ।
अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः ॥

तैत्तिरीयोपनिषत्.

૪૫૧.

સકલ જગત્ આત્માજ છે, અવિદ્યા કહીં પણ નથી, એવી દૃષ્ટિનો આશ્રય કરી સમ્યગ્રૂપે સ્થિર થા.*

યોગવાસિષ્ઠ.

૪૫૨.

સતને આસક્ત જે નર તે એકનિષ્ઠાએ કરી સદ્ભાવને પામેછે: ભ્રમરના ધ્યાનમાં પડેલો કીટ ભ્રમર થાયછે.†

અપરોક્ષાનુભૂતિ.

૪૫૩.

જે પરિણામે હિત, સત્ય, અનપાયિ, ભ્રમરહિત, દુષ્ટ ઇચ્છાની દૃષ્ટિથી મુક્ત, હોય તેના ઉપર મનને સ્થિર કર.‡

યોગવાસિષ્ઠ.

---

* जगदात्मैव सकलमविद्या नास्ति कुत्रचित् ।
इति दृष्टिमवष्टभ्य सम्यग्रूपः स्थिरो भव ॥

योगवासिष्ठम्.

† सति सक्तो नरो याति सद्भावं ह्येकनिष्ठया ।
कीटको भ्रमरं ध्यायन् भ्रमरत्वाय कल्पते ॥

विवेकचूडामणिः.

‡ यदुदर्कहितं सत्यमनपायि गतभ्रमम् ।
दुरीहितदृशोन्मुक्तं तत्परं कारयेन्मनः ॥

योगवासिष्ठम्.

૪૫૪.

ભાવવૃત્તિથી ભાવત્વ, શૂન્યવૃત્તિથી શૂન્યત્વ, બ્રહ્મવૃત્તિથી પૂર્ણત્વ; માટે પૂર્ણત્વનો અભ્યાસ કરવો.*

અપરોક્ષાનુભૂતિ.

૪૫૫.

બન્ધમોક્ષદશાથી રહિત, દ્વિત્વથી કે એકત્વથી અત્યંતવર્જિત, એવી બ્રહ્મ સત્તાજ સર્વ છે,—એ પરમાર્થતા.†

યોગવાસિષ્ટ.

૪૫૬.

બુદ્ધિમાને વાચાને મનમાં શમાવવી, મનને વિજ્ઞાનાત્મા (બુદ્ધિ) માં શમાવવું, વિજ્ઞાનાત્માને મહદાત્મા (મહત્)માં શમાવવો, અને તેને પણ પુનઃ શાન્ત આત્મામાં પ્રવિલાપ પમાડવો.‡

કઠોપનિષત્.

---

* भाववृत्त्या हि भावत्वं शून्यवृत्त्या हि शून्यता ।
ब्रह्मवृत्त्या हि पूर्णत्वं तथा पूर्णत्वमभ्यसेत् ॥

अपरोक्षानुभूतिः

† बन्धमोक्षदशाहीना द्वित्वैकत्वविवर्जिता ।
सर्वैव ब्रह्मसत्तेयमित्येषा परमार्थता ॥

योगवासिष्ठम्.

‡ यच्छेद्वाङ्मनसि प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि ।
ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥

कठोपनिषत्.

૪૫૭.

ઇંદ્રિયથી ઇંદ્રિયને છેદી, મનથી મનને છેદી, અહંકૃતિથી અહંકૃતિને છેદી, શેષ એવો હું વિલસું છું.*

યોગવાસિષ્ઠ.

૪૫૮.

પ્રણવધનુષ ઉપર આત્મારૂપી શરનું અનુસંધાન કરી લક્ષ્ય જે બ્રહ્મ તેને એવા અપ્રમાદથી વેધવું કે તન્મય થઇ જવાય.†

મુંડકોપનિષત્.

૪૫૯—૪૬૧.

દૃષ્ટિને જ્ઞાનમયી કરી જગત્માત્રને બ્રહ્મમય જોવું, એનુંજ નામ પરમોદાર (યોગ-) દૃષ્ટિ, નાસાગ્રે ઠરાવેલી તે નહિ. અથવા દૃષ્ટિ, દર્શન, દૃશ્ય, સર્વનો જ્યાં વિરામ હોય ત્યાં દૃષ્ટિ રાખવી, નાસાગ્રે નહિ. ચિત્તાદિ ભાવમાત્રને વિષે, બ્રહ્મત્વભાવના થતાં, સર્વવૃત્તિનો જે નિરોધ, તેજ પ્રાણાયામ જાણવો.‡

અપરોક્ષાનુભૂતિ.

---

* इन्द्रियेणेन्द्रियं छित्त्वा छित्त्वा च मनसा मनः ।
अहंकृतिमहंकृत्या छित्त्वा शेषो जयाम्यहम् ॥

योगवासिष्ठम्.

† प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥

मुण्डकोपनिषत्.

‡ दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येद्ब्रह्ममयं जगत् ।
सा दृष्टिः परमोदारा न नासाग्रावलोकिनी ॥
दृष्टिदर्शनदृश्यानां विरामो यत्र वा भवेत् ।
दृष्टिस्तत्रैव कर्तव्या न नासाग्रावलोकिनी ॥
चित्तादिसर्वभावेषु ब्रह्मत्वेनैव भावनात् ।
निरोधः सर्ववृत्तीनां प्राणायामः स उच्यते ॥

अपरोक्षानुभूतिः.

४६२—४६३.

પ્રપંચનો જે નિષેધ તે રેચક, अहं ब्रह्मास्मि એવી જે વૃત્તિ તે પૂરક, ને પછી તે વૃત્તિમાં નિશ્ચલ થવું તે કુંભક, એ પ્રકારે પ્રબુધ્ધોનો પ્રાણાયામ છે, અજ્ઞાનીઓનો પ્રાણાયામ નાકને ચીંબોળવામાં છે.*

અપરોક્ષાનુભૂતિ.

४६४—४६६.

દોષરૂપી મુકતાફલ જેના ઉપર પરોવ્યાંછે એવી વાસના તેની માલા જેને હૃદયે ગુંથેલી નથી તેને મૃત્યુ હણુવા ઇચ્છતું નથી. વિવેકરૂપી અશેષજલને શોષી જાય તેવો શરીરસમુદ્રના વડવાનલરૂપ કોપ જેને પ્રજાલતો નથી તેને મૃત્યુ હણુવા ઇચ્છતું નથી. ઘાણી જેમ તલના કઠિન રાશિને પીલીને લોચો કરી નાખેછે તેમ જેને અનંગ પીડતો નથી તેને મૃત્યુ હણુવા ઇચ્છતું નથી.†

યોગવાસિષ્ઠ.

---

* निषेधनं प्रपञ्चस्य रेचकाख्यः समीरणः ।
ब्रह्मैवास्मीति या वृत्तिः पूरको वायुरीरितः ॥
ततस्तद्वृत्तिनैश्चल्यं कुम्भकः प्राणसंयमः ।
अयं चापि प्रबुद्धानामज्ञानां घ्राणपीडनम् ॥

अपरोक्षानुभूतिः.

† दोषमुक्ताफलप्रोता वासनातन्तुसन्ततिः ।
हृदि न ग्रथिता यस्य मृत्युस्तं न जिघांसति ॥
पीताशेषविवेकाम्बुः शरीराम्भोधिवाडवः ।
न निर्दहति यं कोपस्तं मृत्युर्न जिघांसति ॥
यन्त्रे तिलानां कठिनं राशिमुग्रमिवाकुलम् ।
यं पीडयति नानङ्गस्तं मृत्युर्न जिघांसति ॥

योगवासिष्ठम्.

૪૬૭.

લય થાય તો ચિત્તનો પ્રબોધ કરવો, વિક્ષેપ થાય તો પુનઃ શમન કરવું, કષાય સહિત જણાયતો જ્ઞાન આપવું, જ્યારે સમતામાં આવે ત્યારે છેડવું નહિ.*

ગોડપાદાચાર્ય.

૪૬૮.

સર્વ આશાતૃણનો પાવક જે તત્ત્વાવબોધ તેજ હે ભગવન્! સમાધિ શબ્દથી કહેલોછે, મૌન બેશી રહેવું તે નહિ.†

યોગવાસિષ્ઠ.

૪૬૯.

વૃત્તિ નિર્વિકાર થાય; પછી બ્રહ્માકાર થઈ ત્યાંથી પણ પાછું સારી રીતે તેનુ વિસ્મરણ થવું, એનુંજ નામ જ્ઞાનસમાધિ.‡

અપરોક્ષાનુભૂતિ.

---

* लये सम्बोधयेच्चित्तं विक्षिप्तं न शमयेत् पुनः ।
सकषायं विजानीयात् समप्राप्तं न चालयेत् ॥

गौडपादाचार्याः.

† तत्त्वावबोधो भगवन् सर्वाशातृणपावकः ।
प्रोक्तः समाधिशब्देन न तु तूष्णीमवस्थितिः ॥

योगवासिष्ठम्.

‡ निर्विकारतया वृत्त्या ब्रह्माकारतया पुनः ।
वृत्तिविस्मरणं सम्यक् समाधिर्ज्ञानसंज्ञकः ॥

अपरोक्षानुभूतिः.

૪૭૦.

સર્વથા જે જે કર્મ થાયછે તે પ્રકૃતિનાંજ ક્રિયમાણ છે એમ જે જાણેછે તે આત્માને અકર્તા પણ જાણેછે.*

ભગવદ્ગીતા.

૪૭૧.

ચૈત્ય અંશથી રહિત થઈ ચિત્ જ્યારે આત્માને વિષે પ્રવિલાપન પામે, અને અતિ વિશુદ્ધ થઈ અસત્વત્ થઈ રહે, ત્યારે સત્તાસામાન્યતા થઈ જાણવી.†

યોગવાસિષ્ઠ.

૪૭૨—૪૭૩.

જે અંતઃ સુખ, અંતરારામ, અંતર્જ્યોતિ, છે તે બ્રહ્મભૂત યોગી, બ્રહ્મનિર્વાણને પ્રાપ્ત થાયછે. કલ્મષમાત્ર જેમનાં ક્ષીણ થયાં છે એવા, દ્વૈતમાત્રથી મુક્ત, યતાત્મ, અને સર્વભૂતહિતરત, ઋષિયો બ્રહ્મનિર્વાણ પામેછે.‡

ભગવદ્ગીતા.

---

* प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥

भगवद्गीता.

† नूनं चेत्यांशरहिता चिद्यदात्मनि लीयते ।
असद्रूपवदस्वच्छा सत्तासामान्यता तदा ॥

योगवासिष्ठम्.

‡ योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥
लभन्ते ब्रह्म निर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥

भगवद्गीता.

૪૭૪.

અભાવની અત્યન્ત ભાવનાથી જ્યારે ચિત્ત પૂર્ણ રીતે ક્ષીણ થઈ જાય, ત્યારેજ ચિત્સામાન્યસ્વરૂપની સત્તાસામાન્યતા જાણવી.*

યોગવાસિષ્ઠ.

૪૭૫.

હે પાર્થ! મનોગત એવા કામમાત્રને સારી રીતે ત્યજેછે, અને આત્માથી આત્માને વિષે તુષ્ટ રહેછે, ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાયછે.†

ભગવદ્ગીતા.

૪૭૬.

રાગાદિક હોય તો ભલે રહ્યા, તેમના હોવામાત્રથી કાંઈ અપરાધ નથી; દાંત પાડી નાખેલા નાગ જેવી અવિદ્યા શું કરનારી છે!‡

જીવન્મુક્તિવિવેકમાં.

---

* यदा सङ्क्षीयते चित्तमभावात्यन्तभावनात् ।
चित्सामान्यस्वरूपस्य सत्तासामान्यता तदा ॥

योगवासिष्ठम्.

† प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥

भगवद्गीता.

‡ रागादयः सन्तु कामं न तद्भावोऽपराध्यति ।
उत्खातदंष्ट्रोरगवदविद्या किं करिष्यति ॥

जीवन्मुक्तिविवेकः.

૪૭૭.

પરિજ્ઞાન સાથે ઉપભોગ કરેલો ભોગ તુષ્ટિ ઉપજાવે છે; ઓળખીને સેવેલો ચોર મૈત્રી કરેછે, ચોરી કરતો નથી.*

યોગવાસિષ્ઠ.

૪૭૮.

વિષયાનંદ અને બ્રહ્માનંદને ભોગવતો તત્ત્વજ્ઞ, બે ભાષા જાણનારની પેઠે લૌકિક અને વૈદિક ઉભયને જાણે છે.†

પંચદશી.

૪૭૯.

આ વિશ્વપરિસ્પન્દ હું કરું છું એમ વાસનારહિત જે કાર્યને વિષે પ્રવૃત્ત થાયછે તે મુક્ત છે એમ હું માનું છું.‡

યોગવાસિષ્ઠ.

---

* परिज्ञायोपभुक्तो हि भोगो भवति तुष्टये ।
विज्ञाय सेवितश्चौरो मैत्रीमेति न चौरताम् ॥

योगवासिष्ठम्.

† भुञ्जानो विषयानन्दं ब्रह्मानन्दं च तत्त्ववित् ।
द्विभाषाभिज्ञवद्विद्यादुभौ लौकिकवैदिकौ ॥

पञ्चदशी.

‡ इमं विश्वपरिस्पन्दं करोमीत्यस्तवासनम् ।
प्रवर्तते यः कार्येषु स मुक्त इति मे मतिः ॥

योगवासिष्ठम्.

૪૮૦—૪૮૧.

આસન, પાત્રલોભ, સંગ્રહ, શિષ્યસંગ્રહ, દિવસે નિદ્રા, વૃથા આલાપ એ છ યતિને બંધનકારક છે. એ ભિક્ષુનો ક્ષણુવારમાં પાત થાયછે કે જે બુદ્ધિપૂર્વક વીર્યત્યાગ કરેછે, અને દ્રવ્યસંગ્રહ કરે છે.*

સ્મૃતિ.

૪૮૨—૪૮૩.

પરવ્યસનવાળી નારી, ગૃહકર્મમાં વ્યગ્ર સતે પણ, અંતરમાં પરસંગનું તેનું તે રસાયન ચાખ્યાં જાયછે—એમજ પર, શુદ્ધ તત્ત્વને વિષે વિશ્રાન્તિ પામેલો ધીર, બહાર વ્યવહાર કરતો સતો પણ, તેને ને તેનેજ અંતરમાં આસ્વાદે છે.†

પંચદશી.

૪૮૪.

ભવિષ્યનું અનુસંધાન કરતો નથી, અતીતની ચિંતા કરતો નથી, વર્તમાન ક્ષણુને હસતો હસતો અનુવર્તે છે.‡

યોગાવાસિષ્ઠ.

---

* आसनं पात्रलोभश्च संचयः शिष्यसंग्रहः ।
दिवा स्वापो वृथालापो यतेर्बन्धकराणि षट् ॥

मेधातिथिः.

पतत्यसौ ध्रुवं भिक्षुर्यस्य भिक्षोर्द्वयं भवेत् ।
धीपूर्वं रेतउत्सर्गो द्रव्यसंग्रह एव च ॥

स्मृतिः.

† परव्यसनिनी नारी व्यग्रापि गृहकर्मणि ।
तदेवास्वादयत्यन्तः परसङ्गरसायनम् ॥
एवं तत्त्वे परे शुद्धे धीरो विश्रान्तिमागतः ।
तदेवास्वादयत्यन्तर्बहिर्व्यवहरन्नपि ॥

पञ्चदशी.

‡ भविष्यन्नानुसन्धत्ते नातीतं चिन्तयत्यसौ ।
वर्तमाननिमेषन्तु हसन्नेवानुवर्तते ॥

योगवासिष्ठम्.

૪૮૫.

જેમ સારી રીતે પ્રજ્વલિત અગ્નિ ઈંધનમાત્રને ભસ્મ કરેછે, તેમ હે અર્જુન! જ્ઞાનાગ્નિ સર્વકર્મને ભસ્મ કરેછે.*

ભગવદ્ગીતા.

૪૮૬.

'અહં' એવી જે આત્મબુદ્ધિ અને 'મમ' એવી જે આત્મીય-બુદ્ધિ તે જ્યારે, જેને અર્થશૂન્ય થાય ત્યારે તે આત્મજ્ઞ થયો કહેવાય.†

ઉપદેશસાહસ્રી.

૪૮૭.

એમ આત્મારૂપી અરણિનું ધ્યાનથી સર્વદા મથન કરતાં જ્ઞાનરૂપી જ્વાલાનો ઉદય થાયછે, જે અજ્ઞાનરૂપી સર્વ ઈંધનને બાળી નાખેછે.‡

આત્મબોધ.

---

* यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

भगवद्गीता.

† अहमित्यात्मधीर्या च ममेत्यात्मीयधीरपि ।
अर्थशून्ये यदा यस्य स आत्मज्ञो भवेत्तदा ॥

उपदेशसाहस्री.

‡ एवमात्मारणौ ध्यानमथने सततं कृते ।
उदितावगतिर्ज्वाला सर्वाज्ञानेन्धनं दहेत् ॥

आत्मबोधः.

૪૮૮.

સ્વાનુભવના રસના આવેશમાં દૃશ્ય અને શબ્દની* ઉપેક્ષા કરનારને નિવાતસ્થ દીપ જેવી નિર્વિકલ્પસમાધિ સિદ્ધ થાયછે.†

દૃગ્દૃશ્યવિવેક.

૪૮૯.

જે સર્વ શાસ્ત્રનો સિદ્ધાન્ત છે, જે સર્વ હૃદયાનુગમ છે, જે સર્વ છે, સર્વત્ર છે, સમગ્ર છે, તે સત્ એ છે.‡

યોગવાસિષ્ઠ.

૪૯૦.

દેહાત્મજ્ઞાનનું બાધક જ્ઞાન, આત્માને વિષેજ, જેને દેહાત્મજ્ઞાનની પેઠે દૃઢ થાય, તે ન ઇચ્છતો સતો પણ મુક્ત થાય.§

ઉપદેશસાહસ્રી.

---

* એટલે દૃશ્યાનુવિદ્ધ અને શબ્દાનુવિદ્ધ સમાધિ.

† स्वानुभूतिरसावेशाद्दृश्यशब्दानुपेक्षितुः ।
निर्विकल्पः समाधिः स्यान्निवातस्थितदीपवत् ॥

दृग्दृश्यविवेकः.

‡ यत्सर्वशास्त्रसिद्धान्तो यत्सर्वहृदयानुगम् ।
यत्सर्वं सर्वगं सार्वं यत्तत्तत्सरसो स्थितः ॥

योगवासिष्ठम्.

§ देहात्मज्ञानवज्ज्ञानं देहात्मज्ञानबाधकम् ।
आत्मन्येव भवेद्यस्य स नेच्छन्नपि मुच्यते ॥

उपदेशसाहस्री.

૪૯૧.

હે મુનિ! સારાસારનો પરિચ્છેદ કરતું, બોધથી વિશ્રાન્તિ પામેલું, ચંપલતાથી મુકત, શાન્ત, સ્થિર, એવું મારું મન થયુંછે.*

યોગવાસિષ્ઠ.

૪૯૨.

અવિદ્યાનું અર્ધ પરસ્પર કથાલાપ કરતાં નિવૃત્ત થાયછે, મા ભાગ શાસ્ત્રવિચારથી નિવૃત્ત થાયછે, ને શેષ ભાગ આત્મપ્રત્યયથી નિવૃત્ત થાયછે.†

યોગવાસિષ્ઠ.

૪૯૩.

અવિદ્યાકૃત આવરણ અને અવિદ્યા સાથેનો તાદાત્મ્યાધ્યાસ તે બે તો વિદ્યાથી નાશ પામેછે, પણ અવિદ્યાકૃત જે વિક્ષેપ તે પ્રારબ્ધક્ષયની અપેક્ષા કરેછે.‡

પંચદશી.

---

* सारासारपरिच्छेदि बोधाद्विश्रान्तिमागतम् ।
निरस्तचापलं शान्तं सुस्थिरं मे मुने मनः ॥

योगवासिष्ठम्.

† अर्धं मिथः सङ्कथया भागः शास्त्रविचारणैः ।
आत्मप्रत्ययतः शिष्टमविद्याया निवर्तते ॥

योगवासिष्ठम्.

‡ अविद्यावृतितादात्म्ये विद्ययैव विनश्यतः ।
विक्षेपस्य स्वरूपं तु प्रारब्धक्षयमीक्षते ॥

पञ्चदशी.

૫.—મોક્ષ.

૪૯૪–૪૯૬.

ચિત્ અને ચૈત્ય, દ્રષ્ટા અને દૃશ્ય, એ આદિ નામમાત્રથી વર્જિત, અનાદિ સ્વપ્રકાશ, એવા આ મને નમોનમઃ; અહંકારમેઘ જ્યાંથી ઉડી ગયોછે, આશાનો દાવાનલ જ્યાંથી શાન્ત થઈ ગયોછે, એવા પરમવિશ્રાન્ત આ મજરૂપી આનંદશૈલને નમોનમઃ; વૃત્તિમયવર્તિ એવા અસ્નેહ સ્નેહદીપ, સ્વભાવાધાર, બુદ્ધિપ્રેરક, ચિદ્દીપને નમોનમઃ.*

યોગવાસિષ્ઠ.

૪૯૭.

જ્યારે ભૂતના પૃથગ્‌ભાવને એકસ્થ અનુભવેછે ત્યારેજ વિસ્તાર પ્રાપ્ત કરી બ્રહ્મ થાયછે.†

ભગવદ્ગીતા.

૪૯૮.

માતા, મેય, પ્રમાણ, દેશ, કાલ, દિક્, ભાવ, અભાવ, વિવર્ત, ઇત્યાદિ સર્વ શિવપંકમય છે.‡

યોગવાસિષ્ઠ.

---

* चिच्चैत्यद्रष्टृदृश्यादिनामभिर्वर्जितात्मने ।
स्वयं प्रकद्धिभाताय मह्यमस्मै नमोनमः ॥
गताहङ्कारमेघाय शान्ताशादाववन्हये ।
मह्यमानन्दशैलाय विश्रान्ताय नमोनमः ॥
अस्नेहस्नेहदीपाय वृत्तिनिष्क्रान्तवर्तिने ।
स्वभावाधारधीराय चिद्दीपाय नमोनमः ॥

योगवासिष्ठम्.

† यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म सम्पद्यते तदा ॥

भगवद्गीता.

‡ मातृमेयप्रमाणादि देशकालौ दिगादि च ।
भावाभावविवर्तादि शिवपङ्कमयात्मकम् ॥

योगवासिष्ठम्.

૪૯૯—૫૦૦.

લઘુત્વ, આરોગ્ય, અલોલુપતા, વર્ણ, પ્રસાદ, સ્વરસૌષ્ઠવ, શુભગંધ, મૂત્ર અને પુરીષની અલ્પતા, એ યોગની પ્રથમ પ્રવૃત્તિનાં ચિન્હ છે. માટીથી લીપાયલું (સુવર્ણ)બિંબ ધોઈ નાખવાથી તેજોમય વિલસે છે, તેમજ આત્મતત્ત્વને પામી દેહી, એક, કૃતાર્થ, શોકમુક્ત, થાયછે.*

શ્વેતાશ્વતરોપનિષત્.

૫૦૧.

જાણે કોશમાંથી તાણીનેજ કાઢી હોય તેવી તરવાર સ્વપ્નમાં કાર્યકારણસંબંધ વિનાજ જણાયછે, એજ પ્રકારે બોદ્ધા સ્વયંપ્રકાશ છે.†

ઉપદેશસાહસ્રી.

૫૦૨.

શૂન્ય અને આકાશનો ભેદ જેવો તેં જાણ્યોછે તેવોજ બ્રહ્મ અને સર્ગનો ભેદ પણ નિરાત્મક જાણ.‡

યોગવાસિષ્ઠ.

---

* लघुत्वमारोग्यमलोलुपत्वं वर्णः प्रसादः स्वरसौष्ठवं च ।
गन्धः शुभो मूत्रपुरीषमल्पं योगप्रवृत्तिं प्रथमां वदन्ति ॥
यथैव बिम्बं मृदयोपलिप्तं तेजोमयं भ्राजते तत् सुधातम् ।
तद्वदात्मतत्त्वं प्रसमीक्ष्य देही एकः कृतार्थो भवते वीतशोकः ॥

श्वेताश्वतरोपनिषत्.

† कोशादिव विनिष्कृष्टः कार्यकारणवर्जितः ।
यथासिर्दृश्यते स्वप्ने तद्वद्बोद्धा स्वयंप्रभः ॥

उपदेशसाहस्री.

‡ शून्यत्वाकाशयोर्भेदो यादृशोऽवगतस्त्वया ।
भेदं निरात्मकं विद्धि तादृशं ब्रह्मसर्गयोः ॥

योगवासिष्ठम्.

૫૦૩.

અજ એવા સામ્યમાં જે કોઈ સુનિશ્ચિત હશે તે લોકને વિષે મહાજ્ઞાની છે, તેવા સામ્યને લોકતો સમજતા પણ નથી.*

ગૌડપાદાચાર્ય.

૫૦૪.

હૃદયગ્રંથિ ભેદાયછે, સર્વસંશય છેદાયછે, તેના કર્મમાત્ર ક્ષીણ થાયછે, જે તે પરાવરનું દર્શન કરેછે.†

મુંડકોપનિષત્.

૫૦૫.

અત્યન્ત કામીની વૃત્તિ પણ માતા આગળ અટકેછે, એમજ બુદ્ધિવાનની બુદ્ધિ પૂર્ણાનંદ અને જ્ઞાન એવા બ્રહ્મ આગળ અટકેછે.‡

વિવેકચૂડામણિ.

---

* अजे साम्ये तु ये केचिद्भविष्यन्ति सुनिश्चिताः ।
ते हि लोके महाज्ञानास्तच्च लोको न गाहते ॥

गौडपादाचार्याः.

† भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥

मुण्डकोपनिषत्.

‡ अत्यन्तकामुकस्यापि वृत्तिः कुण्ठति मातरि ।
तथैव ब्रह्मणि ज्ञाने पूर्णानन्दे मनीषिणः ॥

विवेकचूडामणिः.

૫૦૬.

માટે બ્રહ્મને જાણનારે પાંડિત્યનો નિર્વેદ આણી બાલ્યમાં* રહેવું, બાલ્ય અને પાંડિત્યનો નિર્વેદ આણી મુનિ થવું, મૌનનો પણ નિર્વેદ આણી બ્રાહ્મણ થવું; બ્રાહ્મણ શાથી થાય? જેનાથી થાય તેનાથી આવોજ થાય; એથી અન્ય મિથ્યા છે.†

બૃહદારણ્યકોપનિષત્.

૫૦૭.

અજ્ઞાનથી કલુષિત જીવને જ્ઞાન, અભ્યાસથી નિર્મલ કરીને પોતે પણ નાશ પામેછે; કતકનો ભૂકો મેલને લેઇને જલને તલીએ બેસેછે.‡

આત્મબોધ.

૫૦૮—૫૦૯.

જે સર્વભૂતને આત્માને વિષે અનુભવેછે, અને સર્વભૂતમાં આત્માને અનુભવે છે, તેને જુગુપ્સા ઉપજતી નથી; જ્યાં જાણનારને ભૂતમાત્ર આત્માજ થયાં ત્યાં એકત્વ અનુભવનારને મોહ શો? શોક શો?§

ઇશોપનિષત્.

---

* બાલ્ય એટલે બલનો ભાવ, नायमात्माबलहीनेन लभ्यः ત્યાં જે બલ અર્થાત્ આત્મબલ કહ્યુંછે તે એમ ભાષ્યકાર.

† तस्माद् ब्राह्मणः पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेद्बाल्यञ्च पाण्डित्यञ्च निर्विद्याथ मुनिरमौनञ्च मौनञ्च निर्विद्याथ ब्राह्मणः स ब्राह्मणः केन स्याद्येन स्यात्तेनेदृश एवातोऽन्यदार्तम् ।

बृहदारण्यकोपनिषत्.

‡ अज्ञानकलुषं जीवं ज्ञानाभ्यासाद्धि निर्मलम् ।
कृत्वाज्ञानं स्वयं नश्येज्जलं कतकरेणुवत् ॥

आत्मबोधः.

§ यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥
यस्मिन्सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥

ईशोपनिषत्.

૫૧૦.

દૃશ્યજ નથી એવા બોધે કરીને મનમાંથી દૃશ્યજ ઉરાડી દેવાયું તો નિર્વાણની પરમ નિર્વૃતિ પ્રાપ્ત થઈ.*

પંચદશી.

૫૧૧.

બોધે કરીને જેમાં રસની વાસના રહેલી નથી એવી જે જાગ્રતને વિષે સુષુપ્તિ તેને જ્ઞાનીઓ સ્વભાવ કહેછે, તેનો પરિપાક તેજ મુક્તિ છે.†

યોગવાસિષ્ઠ.

૫૧૨.

યાજ્ઞવલ્કયે કહ્યું:—આ આત્મા નથી, આ આત્મા નથી; તે અગૃહ્ય ગૃહાતો નથી, અશીર્ય શીર્ણ થતો નથી, અસંગ સસંગ થતો નથી, અવ્યથિત વ્યથિત થતો નથી, વિનાશ પામતો નથી;—હે જનક! તું અભયને પ્રાપ્ત થયોછે.‡

બૃહદારણ્યકોપનિષત્.

---

* दृश्यं नास्तीति बोधेन मनसो दृश्यमार्जनम् ।
संपन्नं चेत्तदुत्पन्ना परा निर्वाणनिर्वृतिः ॥

पञ्चदशी.

† यज्जाग्रति सुषुप्तत्वं बोधादरसवासनम् ।
तं स्वभावं विदुस्तज्ज्ञा मुक्तिस्तत्परिणामिता ॥

योगवासिष्ठम्.

‡ स एष नेतिनेत्यात्मागृह्यो न हि गृह्यतेऽशीर्यो न हि शीर्यतेऽसङ्गो न हि सज्जतेऽसितो न व्यथते न रिष्यत्यभयं वै जनक प्राप्तोऽसीति होवाच याज्ञवल्क्यः ॥

बृहदारण्यकोपनिषत्.

૫૧૩.

સર્વભૂતની જે નિશા તેને વિષે સંયમી જાગેછે, જેને વિષે ભૂતમાત્ર જાગેછે તે દેખતા એવા મુનિની નિશા છે.*

ભગવદ્ગીતા.

૫૧૪.

પ્રાપ્ત થયા વિનાજ જ્યાંથી વાણી, મનસમેત, પાછી ફરેછે તેવા બ્રહ્માનંદને જાણનાર કહીંથી પણ બીહીતો નથી.†

તૈત્તિરીયોપનિષત્.

૫૧૫.

ચાલે, ઉભો રહે, બેસે, સુવે, કે અન્યથા ગમે તે કરે, વિદ્વાન્ અને આત્મારામ મુનિ યથેચ્છ રહે.‡

વિવેકચૂડામણિ.

---

* या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

भगवद्गीता.

† यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।
आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कुतश्चन ॥

तैत्तिरीयोपनिषत्.

‡ गच्छंस्तिष्ठन्नुपविशञ्छयानो वान्यथापि वा ।
यथेच्छया वसेद्विद्वानात्मारामः सदा मुनिः ॥

विवेकचूडामणिः.

૫૧૬.

અચક્ષુ હોવાથી મારે દૃષ્ટિ નથી, અશ્રોત્રને શ્રુતિ શાની? અવાક્ હોવાથી વચન નથી, મન ન હોવાથી મનન ક્યાં?*

ઉપદેશસાહસ્રી.

૫૧૭.

અત્રં મારાથી અન્ય આત્મવિત્ નથી, તેમ મારાથી કોઈ અજ્ઞાની પણ નથી, એવું જે ન જાણતાં જાણેછે તે ઉત્તમ બ્રહ્મવિત્ છે.†

નૈષ્કર્મ્યસિધ્ધિ.

૫૧૮.

નહિ વેદ્ય કે અવેદ્ય, ન ગદ્ય કે અગદ્ય, કોઈ પ્રકારે પણ વૃત્તિમાં ઠરાવવો અશક્ય, ન હેય કે ઉપાદેય, ક્ષણ પણ ધ્યાનમાં આણવો અશક્ય, સુખઘન, સ્વાનુભવના રસની વૃત્તિરૂપે અતિ મનોહર, એવો આ મારો આત્મા સ્ફુરિત થતાંજ અકસ્માત્ સમગ્ર વિશ્વને તિરોધાન પમાડી દેછે.‡

સ્વરાજ્યસિધ્ધિ.

---

* अचक्षुष्ट्वान्न दृष्टिर्मे तथाश्रोत्रस्य का श्रुतिः ।
अवाक्त्वान्न तु वक्तिः स्यादमनस्त्वान्मतिः कुतः ॥

उपदेशसाहस्री.

† नेहास्माविन्मदन्योऽस्ति न मत्तोऽज्ञोऽस्ति कश्चन ।
इत्यजानन् विजानाति यः स ब्रह्मविदुत्तमः ॥

नैष्कर्म्यसिद्धिः.

‡ न वेद्यो नावेद्यः स्वरसमतिहृद्यः सुखघनो
न गद्यो नापोद्यो न पुनरुपरोध्यः कथमपि ।
न हेयो नादेयो न पुनरपिधेयः क्षणमहो
स्फुरन्नात्मास्माकं जगदिदमकस्मात्तिरयति ॥

स्वराज्यसिद्धिः.

૫૧૯.

ભેદ, અભેદ, એક, નાના, જ્ઞેય, જ્ઞાતા, ગતિ, ગંતા, ઈત્યાદિ વિકલ્પો એક એવા મારે વિષે ક્યાંથી હોય?*

ઉપદેશસાહસ્રી.

૫૨૦.

દેહાભિમાન ગળી ગયો, પરમાત્મા સુવિજ્ઞાત થયો, એટલે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિ છે.†

દૃગ્દૃશ્યવિવેક.

૫૨૧.

યોગસેવાથી નિરુધ્ધ ચિત્ત જ્યાં ઉપરામ પામેછે, અને જ્યાં આત્માએ આત્માને જોતું આત્માને વિષે તોષ પામેછે, (તે યોગ જાણવો.)‡

ભગવદ્ગીતા.

---

* भेदोऽभेदस्तथा चैको नाना चेति विकल्पितम् ।
ज्ञेयं ज्ञाता गतिर्गन्ता मय्येकस्मिन्कुतो भवेत् ॥

उपदेशसाहस्री.

† देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥

दृग्दृश्यविवेकः.

‡ यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥

भगवद्गीता.

૫૨૨.

દ્રષ્ટાનું સ્વરૂપ આકાશ જેવું પરમ, અનાદ્યનંત પ્રકાશમય, અજ, એક, અક્ષર, અલિપ્ત, સર્વગત, અદ્વય, છે;–તેજ નિત્ય વિમુક્ત ઓંકાર હું છું.*

ઉપદેશસાહસ્રી.

૫૨૩.

આત્માને સર્વભૂતસ્થ અને સર્વભૂતને આત્મસ્થ, એમ સર્વત્ર સમદર્શન યોગયુક્તાત્મા દેખે છે.†

ભગવદ્ગીતા.

૫૨૪.

તેણે સર્વતીર્થમાં સ્નાન કર્યું, સમગ્રપૃથ્વીનું દાન આપ્યું, સહસ્ર યજ્ઞો કર્યા, દેવતામાત્રને સારી રીતે પૂજ્યા, પોતાના પિતૃને સંસારથી ઉધ્ધાર્યા; તેજ ત્રિલોકને પૂજ્ય થયો;–કે જેનું મન, બ્રહ્મવિચારમાં ક્ષણ વાર પણ સ્થિરતાને પામ્યું.‡

પ્રાસ્તાવિક.

---

* दृशिस्वरूपं गगनोपमं परं सकृद्विभातं त्वजमेकमक्षरम् ।
अलेपकं सर्वगतं यदद्वयं तदेव चाहं सततं विमुक्तऊँ ॥

उपदेशसाहस्री.

† सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

भगवद्गीता.

‡ स्नातं तेन समस्ततीर्थसलिले दत्तापि सर्वावनि-
र्यज्ञानां च कृतं सहस्रमखिला देवाश्च संपूजिताः ।
संसाराच्च समुद्धृताः स्वपितरस्त्रैलोक्यपूज्योऽप्यसौ
यस्य ब्रह्मविचारणे क्षणमपि स्थैर्यं मनः प्राप्नुयात् ॥

प्रास्ताविकः.

પર૫–પ૨૭.

ન દ્વેષ કે રાગ, ન લોભ કે મોહ, નહિ મદ, નહિ માત્સર્યભાન, ન ધર્મ, ન અર્થ, ન કામ કે ન મોક્ષ, હું કાંઈ નથી, હું ચિદાનંદરૂપ શિવ છું, શિવ છું. પુણ્ય, પાપ, સુખ, દુઃખ, મંત્ર, તીર્થ, વેદ, યજ્ઞ, ભોજન, ભોજ્ય, ભોક્તા, કાંઈ હું નથી, હું ચિદાનંદરૂપ શિવ છું, શિવ છું. મને મૃત્યુશંકા નથી, મારે જાતિભેદ નથી, પિતા, માતા, કે જન્મ મારે નથી, બંધુ, મિત્ર, ગુરુ, શિષ્ય, કાંઈ નથી, હું ચિદાનંદરૂપ શિવ છું, શિવ છું.*

શંકરાચાર્ય.

પ૨૮.

હું બ્રહ્મજ છું, સંસારી નથી; હું બ્રહ્મથી ભિન્ન નથી; હું દેહ નથી, મારે દેહ નથી; હું નિત્ય કેવલ છું.†

શંકરાચાર્ય.

---

* न मे द्वेषरागौ न मे लोभमोहौ
मदो नैव मे नैव मात्सर्यभानम् ।
न धर्मो न चार्थो न कामो न मोक्ष-
श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥
न पुण्यं न पापं न सौख्यं न दुःखं
न मन्त्रो न तीर्थं न वेदा न यज्ञाः ।
अहं भोजनं नैव भोज्यं न भोक्ता
चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥
न मे मृत्युशङ्का न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्म ।
न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्य-
श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥

आत्मषट्कम्.

† ब्रह्मैवाहं न संसारी न चाहं ब्रह्मणः पृथक् ।
नाहं देहो न मे देहः केवलोऽहं सरातनः ॥

आत्मचिन्तनम्.

૫૨૯.

મદિરાના મદમાં અંધ થયેલો શરીરેથી વસ્ત્ર નીકળી પડે કે ઉપર રહે તેની અપેક્ષા કરતો નથી તેમ નશ્વર એવો દેહ જે દૈવવશે આવેછેકે જાય છે, તે અવસ્થિત રહે કે ઉઠી જાય, તેની સિધ્ધ કાંઈ અપેક્ષા કરતો નથી કેમકે-સ્વરૂપને તે પામ્યો છે.*

ભાગવત.

૫૩૦.

જે અદ્વૈતમય હોઈ જાગ્રત્ સતે પણ સુષુપ્તિમાં હોય તેમ દ્વૈતને દેખતો નથી, કરતો છતો પણ અક્રિય છે, તે આત્મવિત્ છે, અન્ય નહિ, એવો અત્ર નિશ્ચય છે.†

ઉપદેશસાહસ્રી.

૫૩૧.

જ્યારે ઈંદ્રિયોના અર્થને વિષે તેમ કર્મને વિષે આસક્તિ ધરતો નથી, સર્વ સંકલ્પનો સંન્યાસ કરેછે, ત્યારે યોગારૂઢ કહેવાયછે.‡

ભગવદ્ગીતા.

---

* देहं च नश्वरमवस्थितमुत्थितं वा
सिद्धो न पश्यति यतोऽध्यगमत्स्वरूपम् ।
दैवादुपेतमथ दैववशादपेतं
वासो यथा परिकृतं मदिरामदान्धः ॥

महाभारतम्.

† सुषुप्तवज्जाग्रति यो न पश्यति द्वयं तु पश्यन्नपि चाद्वयत्वतः ।
तथा च कुर्वन्नपि निष्क्रियश्च यः स आत्मविन्नान्य इतीह निश्चयः ॥

उपदेशसाहस्री.

‡ यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसङ्कल्पसन्न्यासी योगारूढस्तदोच्यते ॥

भगवद्गीता.

૫૩૨-૫૩૩.

રસિક સતે અત્યંત વિરસ, કઠોર છતે બંધુવત્સલ, નિર્દય સતે અત્યંતકરુણાવાળો, તૃષ્ણારહિત સતે તૃષ્ણાલુ; બહારથી સર્વસમાન આચારવાળો પણ અંતરમાં સર્વથા શીતલ હોઈ, તે, અનાવિષ્ટ સતે આવિષ્ટ હોય એવો રહેછે.*

યોગવાસિષ્ઠ.

૫૩૪.

જ્ઞાનામૃતથી તૃપ્ત અને કૃતકૃત્ય એવા યોગીને કાંઈ પણ કર્તવ્ય છે નહિ, હોય તો તે તત્ત્વવિત્ થયો નથી.†

જીવન્મુક્તિવિવેકમાં.

૫૩૫.

પરને સંતાપ કર્યા વિના, ખલમંદિરે ગયા વિના, આત્માને ક્લેશ આપ્યા વિના, જે અલ્પ તે પણ બહુ છે.‡

મહાભારત.

---

* रसिकोत्यन्तविरसो निर्घृणो बन्धुवत्सलः ।
निर्दयोऽत्यन्तकरुणो वितृष्णस्तृष्णयान्वितः ॥
बहिः सर्वसमाचारमन्तः सर्वार्थशीतलम् ।
नित्यमन्तरनाविष्ट आविष्ट इव तिष्ठति ॥

योगवासिष्ठम्.

† ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः ।
नैवास्ति किञ्चित्कर्तव्यमस्ति चेन्न स तत्त्ववित् ॥

जीवन्मुक्तिविवेकः.

‡ अकृत्वा परसन्तापमगत्वा खलमन्दिरम् ।
अक्लेशयित्वा चात्मानं यदल्पमपि तद्बहु ॥

महाभारतम्.

૫૩૬.

કલિયુગ પ્રાપ્ત થતાં સર્વે બ્રહ્મ વદશે; હે મૈત્રેય! કોઈ તે પ્રમાણે કરશે નહિ, માત્ર શિશ્ન અને ઉદર પરાયણ રહેશે.*

જીવન્મુક્તિવિવેકમાં.

૫૩૭.

હું બ્રહ્મ છું, કર્તા છું, ભોક્તા છું, એમ જે જાણેછે તે જ્ઞાન અને કર્મ ઉભથી ભ્રષ્ટ થયેલા નાસ્તિક છે એમાં સંશય નથી.†

ઉપદેશસાહસ્રી.

૫૩૮.

હે ગાર્ગિ! જે આ અક્ષરને જાણ્યા વિના આ લોકને વિષે યજ્ઞ કરેછે, યજન કરેછે કે તપ કરેછે, બહુ વર્ષ તપ તપે છે, તેનુ તે બધું અંતવાળુંજ થાયછે; હે ગાર્ગિ! જે કોઈ આ અક્ષરને જાણ્યા વિના આ લોકમાંથી જાયછે તે કૃપણ છે, જે જાણીને જાયછે તે બ્રાહ્મણ છે.‡

બ્રહદારણ્યકોપનિષત્.

---

* सर्वे ब्रह्म वदिष्यन्ति संप्राप्ते तु कलौ युगे ।
नानुतिष्ठन्ति मैत्रेय शिश्नोदरपरायणाः ॥

जीवन्मुक्तिविवेकः.

† अहं ब्रह्मास्मि कर्ता च भोक्ता चास्मीति ये विदुः।
ते नष्टा ज्ञानकर्मभ्यां नास्तिकाः स्युर्न संशयः ॥

उपदेशसाहस्री.

‡ यो वा एतदक्षरं गार्ग्यविदित्वास्मिँल्लोके जुहोति यजते तपस्तप्यते बहूनि वर्षसहस्राण्यन्तवदेवास्य तद्भवति यो वा एतदक्षरं गार्ग्यविदित्वास्माल्लोकात्प्रैति स कृपणोऽथ य एतदक्षरं गार्गि विदित्वास्माल्लोकात्प्रैति स ब्राह्मणः ॥

बृहदारण्यकोपनिषत्.

૫૩૯.

વેદાન્તમાં નિષ્ણાત થયા છતાં દુર્જન સાધુતાને પામતો નથી; સમુદ્રમાં ચિરકાલથી નિમગ્ન સતે મૈનાક મૃદુ થયો નથી.*

જગન્નાથ.

૫૪૦.

બ્રહ્મવાર્તાને વિષે કુશલ પણ વૃત્તિહીન અને સારી રીતે રાગવાળા, તે પણ અજ્ઞાનીઓના શિરોમણિ છે, પુનઃપુનઃ આવેછે ને જાયછે. †

અપરોક્ષાનુભૂતિ.

૫૪૧.

જે નથી જાણતો તે જાણે છે, જે જાણેછે તે નથી જાણતો; જાણનાર નથી જાણતો, ન જાણનાર જાણેછે.‡

કેનોપનિષત્.

---

* निष्णातोऽपि हि वेदान्ते साधुत्वं नैति दुर्जनः ।
चिरं जलनिधौ मग्नो मैनाक इव मार्दवम् ॥

जगन्नाथः.

† कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेप्यज्ञानतमा नूनं पुनरायान्ति यान्ति च ॥

अपरोक्षानुभूतिः.

‡ यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः ।
अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ॥

केनोपनिषत्.

૫૪૨.

ચારે વેદનું અધ્યયન કરી, અનેક ધર્મશાસ્ત્રને જાણી, બ્રહ્મતત્ત્વને જાણતો નથી; કડછી પાકના રસને જાણતી નથી.*

ઉત્તરગીતા.

૫૪૩–૫૪૪.

કર્મેન્દ્રિયોને વશ રાખી, મનથી તો ઇંદ્રિયોના વિષયોનું સ્મરણ કરતો જે બેસેછે, તે મૂઢાત્મા મિથ્યાચારી કહેવાયછે. જે ઇંદ્રિયોને મનથીજ વશ રાખી, હે અર્જુન! કર્મેન્દ્રિયોથી કર્મયોગ આરંભે છે તે આસક્તિરહિત હોઈ ઉત્તમ છે.†

ભગવદ્ગીતા.

૫૪૫.

ચિત્તને જે જે અનુભવ થાય તે તે અનુભવના સ્થાન ઉપરરાગ ધરવો એજ અજ્ઞાનનું લક્ષણ છે; જે વૃક્ષના થડીઆના પોલમાં દેવતા હોય તે વૃક્ષ લીલું ક્યાંથી દેખાય?‡

નૈષ્કર્મ્યસિદ્ધિ.

---

* अधीत्य चतुरो वेदान्धर्मशास्त्राण्यनेकशः ।
ब्रह्मतत्त्वं न जानाति दर्वी पाकरसं यथा ॥

उत्तरगीता.

† कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥
यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥

भगवद्गीता.

‡ रागो लिङ्गमबोधस्य चित्तव्यायामभूमिषु ।
कुतः शाद्वलता तस्य यस्याग्निः कोटरे तरोः ॥

नैष्कर्म्यसिद्धिः.

૫૪૬-૫૪૮.

તારો નદીને પેલે પાર બીજાને તારીને પોતે વમળમાં પડેછે ને કોઈથી તેને બહાર કાઢી શકાતો નથી, સામે પાર ઉતરેલા જે કોઈ તેનો ઉપકાર જાણેછે તે ત્યાં રહ્યે રહ્યે તેને માટે શોચ કરેછે, બીજા રુચિ અનુસાર ચાલ્યા જાયછે. એજ રીતે શબ્દાદિના વમળમાં ગુંચવાયલા વિદ્વાન્ ઉપર, પાર ઉતાર્યાનો તેનો ઉપકાર જાણનાર દયા લાવેછે.*

આત્મપુરાણ.

૫૪૯.

આત્મજ્ઞાનીને પણ હેય અને ઉપાદેય રહ્યું તો તે મોક્ષને યોગ્ય નથી, બ્રહ્મે તેને ઓકરી કાઢેલોછે.†

ઉપદેશસાહસ્રી.

૫૫૦.

ઉત્તરીય કે વસ્ત્ર વિનાનો, પથારી વિના સુનારો, હાથનુંજ ઉશીકુ કરનારો, તેને દેવો બ્રાહ્મણ જાણે છે.‡

વ્યાસ.

---

* तारयित्वा परं पारं नद्या यद्वद्धि तारकः ।
आवर्ते पतितो नैवमुद्धर्तुमिह शक्यते ॥
परतीरे गता ये स्युरुपकारस्य बोधकाः ।
शोचन्ति तत्र तं त्वन्ये गच्छन्ति च यथासुखम् ॥
शब्दाद्यावर्तपतितो विद्वानपि तथैव सः ।
शोच्यतेऽत्रोपकारज्ञैः परपारमुपागतैः ॥

आत्मपुराणम्.

† आत्मज्ञस्यापि यस्य स्याद्धानोपादानता यदि ।
न मोक्षार्हः स विज्ञेयो वान्तोऽसौ ब्रह्मणा ध्रुवम् ॥

उपदेशसाहस्री.

‡ अनुत्तरीयवसनमनुपस्तीर्णशायिनम् ।
बाहूपधायिनं शान्तं तं देवा ब्राह्मणं विदुः ॥

व्यासः.

૫૫૧.

પશુ, મ્લેચ્છ, આદિ પણ, જે કોઈ આ જ્ઞાનદશાને પામે તે સદેહ કે વિદેહ હોય તો પણ મુક્ત છે એમાં કશો સંશય નથી.*

યોગવાસિષ્ઠ.

૫૫૨.

અસ્વસ્થ એવાં શરીરમાત્રમાં અવસ્થિત જે અશરીર, મહાન્, વિભુ, આત્મા, તેનું મનન કરી ધીર શોક કરતો નથી.†

કઠોપનિષત્.

૫૫૩-૫૫૫.

જેમ ભાવનું ભાવત્વ છે, શૂન્યનું શૂન્યત્વ છે, આકારવાળાનો જેમ આકાર છે, તેમ ચિદાકાશનું જગત્ છે; નિદ્રા નિવૃત્ત થતાં જેમાંથી વિશ્વ પ્રવર્તે છે, ને નિદ્રાની શાન્તિને સમયે જેમાં લીન થાયછે, તે ચિદાકાશ કહેવાય છે.

---

* प्राप्ता ज्ञानदशामेतां पशुम्लेच्छादयोऽपि ये ।
सदेहा वाप्यदेहा वा ते मुक्ता नात्र संशयः ॥

योगवासिष्ठम्.

† अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥

कठोपनिषत्.

નિદ્રાને આરંભે ને જાગ્રતને અંતે જે ભાવ ઉપજે છે તે ભાવને ધારણ કરતો યોગી દુઃખથી અભિભવ પામતો નથી.*

યોગવાસિષ્ઠ.

૫૫૬.

જે મનસ્વી છે તેના ઉપભોગ માટે આટલી બ્રહ્માંડમંડલી કાંઈજ નથી; શફરીના ફડફડાટથી જલનિધિમાં થોડોજ ક્ષોભ થાયછે.†

વૈરાગ્યશતક.

૫૫૭.

જે આત્મરતિ, આત્મતૃપ્ત, માનવ છે, આત્માને વિષેજ સંતુષ્ટ છે, તેને કાંઈ કર્તવ્ય નથી.‡

ભગવદ્ગીતા.

---

* यथा भावस्य भावत्वं यथा शून्यस्य शून्यता ।
आकारिणो यथाकारस्तथा चिन्नभसो जगत् ॥
निद्रायां विनिवृत्तायां यतो विश्वं प्रवर्तते ।
निवर्तते च यच्छान्तौ तच्चिदम्बर उच्यते ॥
निद्रादौ जागरस्यान्ते यो भाव उपजायते ।
तं भावं धारयन् योगी न दुःखैरभिभूयते ॥

योगवासिष्ठम्.

† ब्रह्माण्डमण्डलीमात्रं किं भोगाय मनस्विनः ।
शफरीस्फुरितेनाब्धेः क्षुब्धता जातु जायते ॥

भर्तृहरिः.

‡ यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥

भगवद्गीता.

૫૫૮.

યથાપ્રાપ્ત વ્યવહારને લોકની પેઠે આચરતો સતો પણ તે, ચર અચર એવાં ભૂતમાત્રની ઉપર ને ઉપર રહેછે.*

યોગવાસિષ્ઠ.

૫૫૯.

પુરુષ જો આત્માને જાણે કે 'આ હું છું' તો શું ઇચ્છતો સતો, શાની કામનાને માટે, શરીરને પ્રજાળે?†

બૃહદારણ્યકોપનિષત્.

૫૬૦.

મારામાં ચિત્ત રાખી, પ્રાણ મારામાં અર્પી, પરસ્પરને બોધ કરતા, મારીજ નિત્ય કથા કરતા, તે મોદ પામેછે ને રમેછે.‡

ભગવદ્ગીતા.

---

* व्यवहारं यथाप्राप्तं लोकसामान्यमाचरन् ।
चराचरणां भूतानामुपर्येवावतिष्ठते ॥

योगवासिष्ठम्.

† आत्मानं चोद्विजानीयादहमस्मीति पूरुषः ।
किमिच्छन् कस्य कामाय शरीरमनुसञ्ज्वरेत् ॥

बृहदारण्यकोपनिषत्.

‡ मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥

भगवद्गीता.

૫૬૧.

તેનુંજ ચિન્તન, તેનુંજ કથન, અન્યોન્યને તેનોજ બોધ, એવું જે એકપરત્વ તેને બુધ જનો બ્રહ્માભ્યાસ જાણેછે.*

પંચદશી.

૫૬૨.

હે જગદ્ગુરુ! અત્ર તત્ર સર્વત્ર અમને વિપત્તિ હો, કે આપનું દર્શન થાય અને પુનર્ભવદર્શન મટે.†

ભાગવત.

૫૬૩.

અવિવેકીને વિષયોને વિષે કદાપિ ટળે નહિ એવી જે પ્રીતિ છે તેવીજ પ્રીતિ તમારું સ્મરણ કરતાં મારા હૃદયમાંથી જશો નહિ.‡

પંચદશી.

---

* तच्चिन्तनं तत्कथनमन्योन्यं तत्प्रबोधनम् ।
एतदेकपरत्वं हि ब्रह्माभ्यासं विदुर्बुधाः ॥

पञ्चदशी.

† विपदः सन्तु नः शश्वद्यत्र तत्र जगद्गुरो ।
भवतां दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ॥

भागवतम्.

‡ या प्रीतिरविवेकानां विषयेष्वनपायिनी ।
त्वामनुस्मरतः सा मे हृदयान्मापसर्पतु ॥

पञ्चदशी.

૫૬૪.

આત્મારામ સતે, ગ્રંથિ તૂટયા સતે, પણ મુનિઓ મહાવિક્રમવાળા વિભુની નિર્હેતુક ભક્તિ રાખેછે, હરિ પ્રેમભક્તિરૂપજ છે.*

ભાગવત.

૫૬૫.

આત્મારામ, પરમઉદયને અનુભવનારા, પ્રબુદ્ધ, મહાત્માઓ બહારથી પિચ્છાગ્ર જેવા તરલ સતે અંતરથી મેરુ જેવા અચલ હોયછે.†

યોગવાસિષ્ઠ.

૫૬૬.

સાનંદ કે નિરાનંદ, ચલ અચલ કે સ્થિર, સત્ કે અસત્, કે એવા કોઇ પણ દ્વંદ્વ કે ત્રિકનું મધ્ય એવું જ્ઞાનિમન નથી.‡

યોગવાસિષ્ઠ.

---

* आत्मारामापि मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ॥

भागवतम्.

† आत्मारामा महात्मानः प्रबुद्धाः परमोदयाः ।
बहिः पिच्छाग्रतरला अन्तर्मेरुरिवाचलाः ॥

योगवासिष्ठम्.

‡ नानन्दं न निरानन्दं न चलं नाचलं स्थिरम् ।
न सन्नासन्न चैतेषां मध्यं ज्ञानिमनो विदुः ॥

योगवासिष्ठम्.

૫૬૭.

ચિત્રમાં આલેખેલા યુદ્ધમાં સૈન્યની જેવી અક્ષુબ્ધતા છે તેવીજ સમતા, વ્યવહાર કરતા એવા જ્ઞાનીની રહેછે.*

યોગવાસિષ્ઠ.

૫૬૮.

વેદ, સ્મૃતિ, પુરાણુપઠન, મહાવિસ્તારવાળાં શાસ્ત્ર, તે સર્વથી શું? સ્વર્ગ-ગ્રામની એક કુટીમાં નિવાસ આપનાર એવા કર્મક્રિયાદિ વિભ્રમથી શું? ભવબંધરૂપી દુઃખરચનાનો વિધ્વંસ કરનાર જે કાલાનલ—સ્વાત્માનંદ-પદપ્રવેશનો અનુભવ—તે વિનાની બધી વાતો વણિગ્વૃત્તિમાત્ર છે.†

વૈરાગ્યશતક.

૫૬૯.

કર્મકલ્પનાએ કરીને સંવિત્ કર્મફલ બાંધેછે, કર્મકલ્પનાથી વિમુક્ત સંવિત કર્મફલ બાંધતી નથી.‡

યોગવાસિષ્ઠ.

---

* चित्रसंगरयुद्धस्य सैन्यस्याक्षुब्धता यथा ।
तथैव समता ज्ञस्य व्यवहारवतोऽपि च ॥

योगवासिष्ठम्.

† किं वेदैः स्मृतिभिः पुराणपठनैः शास्त्रैर्महाविस्तरैः
स्वर्गग्रामकुटीनिवासफलदैः कर्मक्रियाविभ्रमैः ।
मुक्त्वैकं भवबन्धदुःखरचनाविध्वंसकालानलं
स्वात्मानन्दपदप्रवेशकलनं शेषा वणिग्वृत्तयः ॥

भर्तृहरिः.

‡ कर्मकल्पनया संविस्स्वकर्मफलभागिनी ।
कर्मकल्पनयोन्मुक्ता न कर्मफलभागिनी ॥

योगवासिष्ठम्.

૫૭૦.

પૂર્ણનું આવાહન ક્યાં? સર્વાધારનું આસન ક્યાં? સ્વચ્છને પાદ્ય કે અર્ઘ્ય શું? શુદ્ધને આચમન શાનું?*

પરાપૂજા.

૫૭૧.

મારે વિક્ષેપ નથી એટલે સમાધિ પણ નથી, વિક્ષેપ કે સમાધિ તે તો વિકારવાળું જે મન હોય તેને હોઈ શકે.†

ઉપદેશસાહસ્રી.

૫૭૨–૫૭૩.

ચિત્ જે પ્રકારે ભાન પામી જે જે રૂપ પ્રથમથી, સ્વતઃ, 'હું અમુક રૂપે છું' એમ કલ્પેછે, તેજ રૂપે તેમની તેમ તે અદ્યાપિ છે; તે કરતાં બલવાન્ એવો અન્ય યત્ન કરીને ચિત્ પુનઃ અન્યથા થઈ શકે છે, વળી તેથી સબલ થતે તે કરતાં અન્યથા થઈ શકે છે.‡

યોગવાસિષ્ઠ.

---

* पूर्णस्यावाहनं कुत्र सर्वाधारस्य चासनम् ।
स्वच्छस्य पाद्यमर्घ्यं च शुद्धस्याचमनं कुतः ॥

परापूजा.

† विक्षेपो नास्ति यस्मान्मे न समाधिस्ततो मम ।
विक्षेपो वा समाधिर्वा मनसः स्याद्विकारिणः ॥

उपदेशसाहस्री.

‡ यद्यद्भानात्मकं रूपं प्रथमं चिन्तितं चिता ।
स्वतोऽहमेव चित्येव तदद्यापि तथास्थितम् ॥
पुनरन्येन यत्नेन तदुत्कृष्टेन सैव चित् ।
शक्ता तदन्यथा कर्तुं यत्नेन महता पुनः ॥

योगवासिष्ठम्.

૫૭૪.

શાસન કરનાર કે શાસ્ત્ર, શિષ્ય કે શિક્ષા, તું હું કે આ પ્રપંચ, એમાંનું હું કશું નથી; સ્વરૂપાવબોધ, વિકલ્પને સહન પણ ન કરનાર, એ સર્વનો નિષેધ કરતાં જે અવશેષ, તે એક, શિવ અને કેવલ હું છું.*

નિર્વાણ દશક.

૫૭૫.

જેને 'હું કરું છું' એવી અહંકૃતિ નથી, 'મેં કર્યું' એવો બુદ્ધિનો લેપ નથી, તે આ લોકમાત્રને હણ્યે સતે પણ હણતો એ નથી ને બંધન પામતો એ નથી.†

ભગવદ્ગીતા.

૫૭૬.

ધીર એવા બ્રાહ્મણે તેનેજ જાણી બુદ્ધિને તેમાંજ સ્થિર કરવી, બહુ શબ્દો ઉપર ધ્યાન લગાડવું નહિ, એ તો વાણીનો એટલો વ્યર્થ વ્યય કરવા જેવું છે.‡

બૃહદારણ્યકોપનિષત્.

---

* न शास्ता न शास्त्रं न शिष्यो न शिक्षा
न च त्वं न चाहं न चायं प्रपञ्चः ।
स्वरूपावबोधो विकल्पासहिष्णु-
स्तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥

निर्वाणदशकम्.

† यस्य नाहङ्कृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबद्ध्यते ॥

भगवद्गीता.

‡ तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः ।
नानुध्यायाद्बहूञ्छब्दान्वाचो विग्लापनं हि तत् ॥

बृहदारण्यकोपनिषत्.

૫૭૭.

ગ્રંથનો અભ્યાસ કરી જ્ઞાન અને વિજ્ઞાનમાં તત્પર એવા બુદ્ધિમાને, ધાન્યને ઇચ્છનાર જેમ પરાળને ત્યજે છે, તેમ ગ્રંથને અશેષ ત્યજવો.*

પંચદશી.

૫૭૮.

સત્ય આજ છેઃ મારે વિક્રિયા નથી, અદ્વયતાને લીધે વિકારહેતુજ નથી, પુણ્ય નથી, પાપ નથી, મોક્ષ નથી, બંધન નથી, શરીર ન હોવાને લીધે, વર્ણાશ્રમ પણ નથી.†

ઉપદેશસાહસ્રી.

૫૭૯.

સાંખ્ય, શૈવ, પાંચરાત્ર, જૈન, મીમાંસક, આદિ કોઈ મતમાં હું નથી, વિશિષ્ટાનુભવરૂપ,* વિશુદ્ધ, આત્મમય, સર્વનો નિષેધ કરતાં અવશેષ, કેવલ શિવ, હું છું.‡

નિર્વાણદશક.

---

* ग्रन्थमभ्यस्य मेधावी ज्ञानविज्ञानतत्परः ।
पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः ॥

पञ्चदशी.

† इदं तु सत्यं मम नास्ति विक्रिया विकारहेतुर्न हि मेऽद्वयत्वतः ।
न पुण्यपापे न च मोक्षबन्धने न चास्ति वर्णाश्रमताशरीरतः ॥

उपदेशसाहस्री.

‡ न सांख्यं न शैवं न तत्पाञ्चरात्रम्
न जैनं न मीमांसकादेर्मतं वा ।
विशिष्टानुभूत्या विशुद्धात्मकत्वात्
तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥

निर्वाणदशकम्.

૫૮૦.

કોઈ વર્ણાશ્રમના આચારમાં નિષ્ઠા રાખેછે, કોઇ મૂઢ જેવા રહેછે, કોઇ બાલચેષ્ટામાં રમે છે, કોઈ ઉન્મત્ત જણાયછે, રાગી, ભોગી, યોગી, એમ કોઈ વિહરે છે—જ્ઞાનીની ગતિ એકરૂપવાળી જણાતી નથી.*

સ્વારાજ્યસિદ્ધિ.

૫૮૧.

ક્વચિત્ મૂઢ, ક્વચિત્ વિદ્વાન્, ક્વચિત્ મહારાજવિભવવાળો, ક્વચિત્ ભ્રાંત, ક્વચિત્ શાંત, ક્વચિત્ અજગરવૃત્તિવાળો, ક્વચિત્ સુપાત્ર, ક્વચિત્ અપમાન પામતો, ક્વચિત્ અજ્ઞાન,—જ્ઞાની સર્વદા પરમાનંદમાં સુખ લેતો એમ વિચરેછે.†

સ્વારાજ્યસિદ્ધિ.

૫૮૨.

યોગીએ સત્પુરુષોના ધર્મને તજ્યા વિના એવી રીતે વિચરવું કે જનો જેથી અવગણના કરી, સંગત કરે નહિ.‡

સ્મૃતિ.

---

* केऽपि वर्णाश्रमाचारनिष्ठा मुग्धबालप्रमत्तोपमाश्चापरे ।
रागिणो भोगिनो योगिनश्चेतरे ज्ञानिनां लक्ष्यते नैकरूपा स्थितिः ॥

स्वाराज्यसिद्धिः.

† क्वचिन्मूढो विद्वान् क्वचिदपि महाराजविभवः
क्वचिद्भ्रान्तः सौम्यः क्वचिदजगराचारकलितः ।
क्वचित्पात्रीभूतः क्वचिदवमतः क्वाप्यविदित-
श्चरत्येवं प्राज्ञः सततपरमानन्दसुखितः ॥

विवेकचूडामणिः.

‡ तथाचरेत वै योगी सतां धर्ममदूषयन् ।
जना यथावमन्येरन् गच्छेयुर्नैव सङ्गतिम् ॥

स्मृतिः.

૫૮૩.

મૂઢજનો વારંવાર અર્થસમૂહરૂપ જગત્ ઉપજાવેછે, હું તેનો અપલાપ કરું છું. કોઇ મારું વિશ્વાસ્ય નથી, મને યમદંડનું પણ ભય નથી, ગુણદ્વેષી, સ્વાર્થપ્રિય, એવું જગત્‌માત્રને વંચન કરનારું મારું વિચિત્ર ચરિત્ર કોઈ સ્થાને કોઈ પણ કળી શકતું નથી.*

સ્વારાજ્યસિદ્ધિ.

૫૮૪.

નિત્યાનુભવરૂપ એવા મારે પૃથક્ અનુભવ કેવો? કૃત્યમાત્ર કર્યું, પ્રાપ્તવ્ય પ્રાપ્ત થયું, એજ નિશ્ચય છે.†

પંચદશી.

૫૮૫.

હું કર્તા નથી કે કરાવનાર નથી, ભોક્તા નથી કે ભોગવાવનાર નથી, દ્રષ્ટા નથી કે દેખાડનાર નથી, કશા જેવો નહિ એવો સ્વયંજ્યોતિ આત્મા તે હું છું.‡

વિવેકચુડામણિ.

---

* मुहुर्मूढैर्न्यस्तं भृशमपलपाम्यर्थनिचयं
न कश्चिद्विश्वास्यो न मम यमदण्डादपि भयम् ।
गुणद्वेषी स्वार्थप्रिय इति जगद्वञ्चनपरं
चरित्रं मे चित्रं क्वचिदपि न कश्चित्कलयति ॥

स्वाराज्यसिद्धिः.

† नित्यानुभवरूपस्य को मे वानुभवः पृथक् ।
कृतं कृत्यं प्रापणीयं प्राप्तमित्येव निश्चयः ॥

पञ्चदशी.

‡ कर्त्तापि वा कारयितापि नाहं
भोक्तापि वा भोजयितापि नाहम् ।
द्रष्टापि वा दर्शयितापि नाहं
सोऽहं स्वयंज्योतिरनीदृगात्मा ॥

विवेकचूडामणिः.

૫૮૬–૫૮૭.

જ્ઞાની અને અજ્ઞાની ઉભયને પ્રારબ્ધકર્મ તો સમાન છે, જ્ઞાનીને ધૈર્યને લીધે ક્લેશ થતો નથી, ધૈર્યરહિત બુદ્ધિ વાળો મૂઢ ક્લેશ કરેછે. માર્ગે જતાં બે માણુસ થાકી જાય, જવાનો માર્ગ પણ સરખો હોય, તથાપિ જે જાણતો હોય તે ધૈર્ય રાખી ઉતાવળો ચાલે છે, ન જાણનારો દીનબુદ્ધિ કરીને ક્લેશ પામેછે.*

પંચદશી.

૫૮૮–૫૮૯.

લોકમાં જે અત્યંત મૂઢ છે કે જે બુદ્ધિની પરાકાષ્ઠાને પામ્યો છે તે બેજ સુખ ભોગવેછે, વચમાં રહેનારને ક્લેશ થાયછે. મૂઢબુદ્ધિ અને જ્ઞાની તેની વચ્ચે એકજ વિશેષ છે કે જ્ઞાનીનું ચિત્ત સર્વત્ર આસ્તાનો પરિત્યાગ કરી નીરાગ અને અમલ થયું હોયછે.†

ભાગવત; યોગવાસિષ્ઠ.

૫૯૦.

જ્ઞાની અને અજ્ઞાની એમનાં ભાવરૂપ કે અભાવરૂપ એવાં કર્મમાત્રમાં નિર્વાસનત્વ વિના બીજો કશો અંતર નથી.‡

યોગવાસિષ્ઠ.

---

* ज्ञानिनोऽज्ञानिनश्चात्र समे प्रारब्धकर्मणी ।
न क्लेशो ज्ञानिनो धैर्यान्मूढः क्लिश्यत्यधैर्यतः ॥
मार्गे गन्त्रोर्द्वयोः श्रान्तौ समायामप्यदूरताम् ।
जानन्धैर्याद्द्रुतं गच्छेदन्यस्तिष्ठति दीनधीः ॥

पञ्चदशी.

† यश्च मूढतमो लोके यश्च बुद्धेः परं गतः ।
तावुभौ सुखमेधेते क्लिष्यत्यन्तारितो जनः ॥

भागवतम्.

एक एव विशेषोऽस्य न समो मूढबुद्धिभिः ।
सर्वत्रास्थापरित्यागान्नीरागममलं मनः ॥

योगवासिष्ठम्.

‡ तज्ज्ञाज्ञयोरशेषेषु भावाभावेषु कर्मसु ।
ऋते निर्वासनत्वात्तु न विशेषोऽस्ति कश्चन ॥

योगवासिष्ठम्.

૫૮૧.

સર્પ કે હાર, બલવાન્ રિપુ કે મિત્ર, મણિ કે માટી, કુસુમશય્યા કે પાષાણ, તૃણ કે સ્ત્રીસમાજ, સર્વત્ર સમદૃષ્ટિવાળો એવો હું તે કોઈ પવિત્ર અરણ્યમાં શિવ, શિવ, શિવ એમ કરતો સુખે દિવસ ગાળું છું.*

વૈરાગ્યશતક.

૫૮૨.

મારે પ્રવૃત્તિ નથી કે નિવૃત્તિ નથી, હું સદા એકરૂપ અને અંશરહિત છું; જે એકાત્મરૂપ, નિરંતર, નિવિડ, આકાશવત્ પૂર્ણ, છે તેને શા પ્રકારે ચેષ્ટા ઘટે?†

વિવેકચૂડામણિ.

૫૮૩.

વારંવાર પ્રિય પ્રાપ્ત કર્યા છતાં એ હરખાતો નથી, મહાવિપત્તિમાં પણ મેરુસમાન નિશ્ચલ રહેછે, આત્માની આત્માથી ભાવના સર્વત્ર કરવામાં આનંદ લેતો તે દેવની પેઠે પૃથ્વી ઉપર વિચરે છે.‡

સ્વારાજ્યસિદ્ધિ.

---

* अहौ वा हारे वा बलवति रिपौ वा सुहृदि वा
मणौ वा लोष्ठे वा कुसुमशयने वा दृषदि वा ।
तृणे वा स्त्रैणे वा मम समदृशो यान्ति दिवसाः
क्वचित्पुण्येऽरण्ये शिव शिव शिवेति प्रतनुतः ॥

भर्तृहरिः.

† न मे प्रवृत्तिर्न च मे निवृत्तिः
सदैकरूपस्य निरंशकस्य ।
एकात्मको यो निबिडो निरन्तरो
व्योमेव पूर्णः स कथं नु चेष्टते ॥

विवेकचूडामणिः.

‡ न प्रहृष्यत्यसौ प्राप्य भूयः प्रियं
मेरुवन्निश्चलो भूरिकृच्छ्रेष्वपि ।
भावयन्नात्मनात्मानमानन्दितो
देववत्संचरत्येव विश्वम्भराम् ॥

स्वाराज्यसिद्धिः.

૫૯૪.

આ ચાંડાલ છે, દ્વિજાતિ છે, કે શૂદ્ર છે, કે તાપસ છે, કે તત્ત્વાનુસંધાનથી શુદ્ધ બુદ્ધિ થયેલી એવો કોઈ યોગીશ્વર છે! એમ અનેક વિકલ્પની વિતંડાથી વૈખરી કરતા જનોનાં ભાષણ સાંભળતા યોગિજનો ક્રોધ કે તોષ પામ્યા વિના પોતે પોતામાં વિહરતા વિહરતા માર્ગે ચાલ્યા જાય છે.*

ભર્તૃહરી.

૫૯૫.

સતત બોધરૂપ, કેવલ આનંદરૂપ, અનુપમ, કાલાદિથી મુક્ત, નિત્ય સ્વતંત્ર, નિરીહ, અસીમ આકાશવત્, કલારહિત, વિકલ્પરહિત, એવા અવર્ણ્ય બ્રહ્મનું કલન વિદ્વાન્ હૃદયસ્થાને સમાધિને વિષે કરેછે.†

વિવેકચૂડામણિ.

૫૯૬–૫૯૭.

ગંગાજલને વિષે પ્રતિબિંબિત કે ચાંડાલની વાટીના જલપૂરમાં પ્રતિબિંબિત, અંબરમણિને વિષે શો અંતર પડેછે! કાંચનઘટમાં કે મૃત્તિકાના ઘટમાં રહેલા આકાશમાં શો અંતર પડેછે! તરંગરહિત એવી સહજાનંદબોધાબ્ધિરૂપ પ્રત્યગ્વસ્તુને વિષે આ બ્રાહ્મણ અને આ ચાંડાલ એવો મહાભેદ-

---

* चाण्डालः किमयं द्विजातिरथवा शूद्रोऽथ किं तापसः
किं वा तत्त्वनिवेशपेशलमतिर्योगीश्वरः कोऽपि किम् ।
इत्युत्पन्नविकल्पजल्पमुखरैः सम्भाष्यमाणा जनै-
र्न क्रुद्धाः पथि नैव तुष्टमनसो यान्ति स्वयं योगिनः ॥

भर्तृहरिः.

† किमपि सततबोधं केवलानन्दरूपं
निरुपममतिवेलं नित्यमुक्तं निरीहम् ।
निरवधिगगनाभं निष्कलं निर्विकल्पं
हृदि कलयति विद्वान् ब्रह्म पूर्णं समाधौ ॥

विवेकचूडामणिः.

ભ્રમ શો! જાગ્રત્ સ્વપ્ન સુષુપ્તિ ત્રણેને વિષે સ્પષ્ટ રીતે જે સંવિત્ વિલસે છે, જે સંવિત્ બ્રહ્માથી પિપીલિકા પર્યંત તનુમાત્રમાં સૂત્રવત્ પરોવાઈ જગત્-સાક્ષી છે, તેજ હું છું, હું કોઈ દૃશ્ય વસ્તુ નથી, એવી જેને દૃઢબુદ્ધિ થઈ છે તે ચાંડાલ-હો કે દ્વિજ હો, તો પણ તેજ ગુરુ છે એમ મારી બુદ્ધિ કહેછે.*

શંકરાચાર્ય.

૫૯૮.

અસ્ત થઈ ગયું! ધ્વંસ પામ્યું! ચૂર્ણ થઈ ગયું! ઓગળી ગયું! વેરાઈ ગયું! ગળાઈ ગયું! અથવા એકાએક જીર્ણ થઈ ગયું! અમન્દ અને સ્વચ્છન્દ એવા નિરુપમ નિજાનંદસાગરરૂપ મારા પોતાના શાન્ત ગહનમાં આ અશેષ જગત્ ક્યાં ગયું તે સમજાતું નથી.†

સ્વારાજ્યસિદ્ધિ.

---

* किं गङ्गाम्बुनि बिम्बितेऽम्बरमणौ चाण्डालवाटीपयः-
पूरे वान्तरमस्ति काञ्चनघटीमृत्कुम्भयोर्वाम्बरे ।
प्रत्यग्वस्तुनि निस्तरङ्गसहजानन्दावबोधाम्बुधौ
विप्रोऽयं श्वपचोऽयमित्यपि महान् कोऽयं विभेदभ्रमः ॥
जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतरा या संविदुज्जृम्भते
या ब्रह्मादिपिपीलिकान्ततनुषु प्रोता जगत्साक्षिणी ।
सैवाहं न च दृश्यवस्त्विति दृढप्रज्ञापि यस्यास्ति चे-
च्चाण्डालोऽस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम ॥

मनीषापञ्चकम.

† किमस्तं किं ध्वस्तं किमु विलुलितं किन्नु गलितं
विशीर्णं वा गीर्णं ननु सपदि जीर्णं किमथ वा ।
अमन्दे स्वच्छन्दे निरुपमनिजानन्दजलधौ
मयि स्वान्ते शान्ते जगदिदमशेषं न कलये ॥

स्वाराज्यसिद्धिः.

૫૯૯.

ઉજ્જડ થયેલું, અસત્ આભાસરૂપ, ગંધર્વનગર જેવું, વર્ષાથી ભુસાઈ ગયેલા ચિત્ર જેવું; વાસનારહિત જ્ઞાની જગત્‌ને દેખે છે.*

યોગવાસિષ્ટ.

૬૦૦.

અર્પણ બ્રહ્મ, હવિ બ્રહ્મ, બ્રહ્મ અગ્નિને વિષે, બ્રહ્મે હોમ્યું; બ્રહ્મકર્મસમાધિએ કરી તે બ્રહ્મને પામેછે.†

ભગવદ્ગીતા.

૧–જીવન્મુક્તિ.

૬૦૧–૬૦૫.

યથાસ્થિત એવું આ જગત્ વ્યવહારવાળા એવા પણ જેને કેવલ અસ્ત થઇ ગયું છે ને વ્યોમવત્ સામાન્યતા રહી છે તે જીવન્મુક્ત કહેવાયછે. સુખથી કે દુઃખથી જેની મુખપ્રભાનો ઉદય કે અસ્ત થતો નથી, યથાપ્રાપ્તને વિષેજ જેની સ્થિતિ રહેછે તે જીવન્મુક્ત કહેવાય છે. રાગદ્વેષ ભયાદિને અનુરૂપ આચરણ કરતે સતે અંતરથી જે આકાશની પેઠે અતિ સ્વચ્છ છે તે જીવન્મુક્ત કહે-

---

* उद्ध्वस्तमसदाभासमुत्पन्ननगरोपमम् ।
वर्षप्रोन्मृष्टचित्राभं जगत्पश्यत्यवासनः ॥

योगवासिष्ठम्.

† ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥

भगवद्गीता.

વાય છે. જેનાથી લોક ઉદ્વેગ પામતા નથી અને જે લોકથી ઉદ્વેગ પામતો નથી અને હર્ષ ઈર્ષ્યા કે ભયથી મુક્ત રહે છે તે જીવન્મુક્ત કહેવાય છે. સંસારકલ્પનામાત્ર જેને શાન્ત થઈ ગઈ છે, કલાવાન્ છતાં જે નિષ્કલ છે, સચિત્ત છતાં જે નિશ્ચિત્ત છે, તે જીવન્મુક્ત કહેવાય છે.*

યોગવાસિષ્ઠ.

૬૦૬–૬૦૮.

રજ્જુજ્ઞાન થયે સતે પણ કંપાદિક તો ધીમે ધીમે શમે છે, અને મંદ અંધકારમાં નાખતાં તેનું તે રજ્જુ પુનઃ સર્પ થાય છે. એમ પ્રારબ્ધભોગ પણ ધીમે ધીમે શમે છે, હઠ કરવાથી શમતો નથી, અને ભોગકાલે કવચિત્ 'હું મર્ત્ય છું" એવો પણ ભાસ થઈ આવે છે. એટલાજ અપરાધથી તત્ત્વજ્ઞાન જતુ રહ્યું ગણાતું નથી કેમ કે જીવન્મુક્તિ એ નામનું કોઈ વ્રત નથી, પણ એ તો વસ્તુસ્થિતિ છે.†

પંચદશી.

---

* यथास्थितमिदं यस्य व्यवहारवतोऽपि च ।
अस्तं गतं स्थितं व्योम स जीवन्मुक्त उच्यते ॥
नोदेति नास्तमायाति सुखदुःखैर्मुखप्रभा ।
यथाप्राप्ते स्थितिर्यस्य स जीवन्मुक्त उच्यते ॥
रागद्वेषभयादीनामनुरूपं चरन्नपि ।
योऽन्तर्व्योमवदत्यच्छः स जीवन्मुक्त उच्यते ॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोन्मुक्तः स जीवन्मुक्त उच्यते ॥
शान्तसंसारकलनः कलावानपि निष्कलः ।
यः सचित्तोऽपि निश्चित्तः स जीवन्मुक्त उच्यते ॥

योगवासिष्ठम्.

† रज्जुज्ञानेऽपि कम्पादिः शनैरेवोपशाम्यति ।
पुनर्मन्दान्धकारे सा रज्जुः क्षिप्तोरगी भवेत् ॥
एवमारब्धभोगोऽपि शनैः शाम्यति नो हठात् ।
भोगकाले कदाचित्तु मर्त्योऽहमिति भासते ॥
नैतावतापराधेन तत्त्वज्ञानं विनश्यति ।
जीवन्मुक्तिव्रतं नेदं किन्तु वस्तुस्थितिः खलु ॥

पञ्चदशी.

૬૦૯–૬૧૦.

સુખદુઃખ જેને સમાન છે, માટી અને કાંચન જેને સમાન છે, પ્રિય અપ્રિયને જે તુલ્ય લેખે છે, ધીરજ રાખેછે, નિંદા કે સ્તુતિને સરખી ગણે છે, માન અપમાનમાં સમાન રહે છે, મિત્ર કે શત્રુ એ બે પક્ષને સરખા લેખે છે, આરંભમાત્રનો ત્યાગ કરે છે, તે ગુણાતીત કહેવાય છે.*

ભગવદ્‌ગીતા.

૬૧૧–૬૧૨.

એના હૃદયાશ્રિત કામમાત્ર જ્યારે પ્રમુક્ત થાય ત્યારે મર્ત્ય અમૃત થાય, એમજ બ્રહ્મને સારે પ્રકારે કરીને અનુભવે; જેમ સર્પની કાંચળી રાફડા ઉપર નાખ્યા પછી મુવેલી પડી રહેછે એમજ આ શરીર પડયું રહે છે, અને જે એવો અશરીર, તે અત્રજ, અમૃત, પ્રાણ, બ્રહ્મ, તેજ થઈ રહેછે.†

બૃહદારણ્યકોપનિષત્.

૬૧૩.

વિદ્યાવિનયસમ્પન્ન બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન, કે શ્વપાક સર્વ પ્રતિ પંડિતો સમદર્શી હોય છે.‡

ભગવદ્ગીતા.

---

* समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥

भगवद्गीता.

† यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः ।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुत इति ॥

तद्यथाहिनिर्ल्वयनी वल्मीके मृताप्रत्यस्ता शयीतैवमेवेदं शरीरं शेते अथायमशरीरोऽमृतः प्राणो ब्रह्मैव तेज एव ।

बृहदारण्यकोपनिषत्.

‡ विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥

भगवद्गीता.

૬૧૪.

(તત્ત્વમસ્યાદિ) વાક્યથી કે યોગથી નિરવધિ સુખભૂમા એવા અનંત સંવિત્પરાત્મા અનુભવાધિરૂઢ થયે સતે તે પુરુષ દૃઢ સમાધિ કરે કે લોકાનુગ્રહાર્થે વ્યવહાર કરે કે વિષયમાત્રને ભોગવે, પણ પુનરપિ બંધનમાં પડતો નથી.*

સ્વારાજ્યસિદ્ધિ.

૬૧૫.

સ્વારંભક એવું કર્મ જ્યાં સુધી છે ત્યાં સુધી સજીવ એવો દેહ જે દૈવવશ છે તે પ્રતીક્ષા કરે છે; સમાધિયોગારૂઢ પુરુષ પ્રપંચસમેત તે દેહને ગણતો નથી, વસ્તુને વિષે જાગેલો સ્વપ્નની વાતનો પુનઃ આશ્રય કરતો નથી.†

ભાગવત.

૬૧૬.

દૈવવશાત્ જે લાભ થાય તેથી સંતુષ્ટ, દ્વન્દ્વાતીત, મત્સરરહિત, સિદ્ધિ અને અસિદ્ધિને વિષે સમ, એવો જે તે કરતો સતો બંધાતો નથી.‡

ભગવદ્ગીતા.

---

* निरवधिसुखभूमानन्तसंवित्परात्म-
न्यनुभवमधिरूढे वाक्यतो योगतो वा ।
भवतु दृढसमाधिर्लोकसंग्राहको वा
भजतु विषयजातं नैति भूयोऽपि बन्धम् ॥

स्वाराज्यसिद्धिः.

† देहोऽपि दैववशगः खलु कर्म यावत्
स्वारम्भकं प्रतिसमीक्षत एव सासुः ।
तं सप्रपञ्चमधिरूढसमाधियोगः
स्वाप्नं पुनर्न भजते प्रतिबुद्धवस्तुः ॥

भागवतम्.

‡ यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥

भगवद्गीता.

૬૧૭.

દિગમ્બર કે સામ્બર, ત્વગંબર કે ચિદમ્બરસ્થ, પણ એ ઉન્મત્તની પેઠે કે બાલકની પેઠે, કે પિશાચની પેઠે, પૃથ્વી ઉપર વિચરેછે.*

વિવેકચૂડામણિ.

૬૧૮.

અંતરમાં અનુભવ હોવા વિના અન્યના પરમાર્થચમત્કારને અન્ય જાણી ન શકે; મદ્યના સ્વાદને દ્વિજ જાણે નહિ.†

યોગવાસિષ્ટ.

૬૧૯-૬૨૦.

યુક્ત એવા તત્ત્વજ્ઞે 'હું કાંઈજ કરતો નથી' એમ માનવું; જોતાં, સાંભળતાં, સ્પર્શતાં, સુંઘતાં, ખાતાં, જતાં, ઉંઘતાં, શ્વાસ લેતાં, પ્રલપતાં, આપતાં, લેતાં, નિમિષોન્મેષ કરતાં, સર્વદા ઇંદ્રિયો ઇંદ્રિયોના અર્થને વિષે વર્તેછે એમ ધારવું.‡

ભગવદ્ગીતા.

---

* दिगम्बरो वापि च साम्बरो वा
त्वगम्बरो वापि चिदम्बरस्थः ।
उन्मत्तवद् वापि च बालवद् वा
पिशाचवद् वापि चरत्यवन्याम् ॥

विवेकचूडामणिः.

† परमार्थचमत्कारमन्तस्थानुभवं विना ।
अन्यस्यान्यं न जानाति सीधु स्वादुमिव द्विजः ॥

योगवासिष्ठम्.

‡ नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ॥
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥

भगवद्गीता.

૬૨૧.

સ્રોતના વેગે કરીને લાકડુ ઉંચાં નીચાં સ્થાનોમાં તણાઈ જાયછે, તેમ દેહને દૈવ યથાકાલે જે જે યુક્ત ઉપભોગ છે તે પ્રતિ લેઈ જાયછે.*

વિવેકચૂડામણિ.

૬૨૨.

જવાના સ્થાન ઉપર એકનિષ્ઠાવાળા પાન્થના પગ ચાલેછે તે કાંઈ પણ સંકલ્પ વિનાજ ચાલેછે; એજ રીતે કર્મને વિષે પ્રવૃત્ત થા.†

યોગવાસિષ્ઠ.

૬૨૩.

ચોરનું નિવારણ થયા છતાં પણ તજ્જન્ય ભીતિ રહેછે, વસ્ત્ર બળ્યા છતાં ભસ્મ વસ્ત્રાકૃતિજ રહેછે, તેમજ જ્ઞાનીને, સ્વતઃજ બાધિત સતે પણ વિશ્વ, પ્રારબ્ધભોગના નિર્વાહને અર્થે, દેહપાત થતા સુધી વિદ્યમાન છે.‡

સ્વરાજ્યસિદ્ધિ.

---

* स्रोतसा नीयते दारु यथा निम्नोन्नतस्थलम् ।
दैवेन नीयते देहो यथाकालोपभुक्तिषु ॥

विवेकचूडामणिः.

† गम्यदेशैकनिष्ठस्य यथा पान्थस्य पादयोः ।
स्पन्दो विगतसङ्कल्पस्तथास्पन्दस्व कर्मसु ॥

योगवासिष्ठम्.

‡ चोरबाधेऽपि तज्जन्यभीत्यादिव-
चेलदाहेऽपि भस्मेव चेलाकृति ।
ज्ञानिनां विश्वमादेहपातं स्वतो
बाधितत्वेऽपि चारब्धभोगक्षमम् ॥

स्वाराज्यसिद्धिः.

૬૨૪.

હે ભાઈ! દેહ છે ત્યાં સુધી જ્ઞાનીએ આચારાનુસાર દશામાં કર્મેન્દ્રિયોને પ્રયોજી રહેવું, પણ જ્ઞાનેન્દ્રિયોને તેમાં કદાપિ ભળવા ન દેવી.*

યોગવાસિષ્ઠ.

૬૨૫.

આકાશની પેઠે મુનિને ઉપાધિમાં સતે તેના ધર્મ લેપ ઉપજાવતા નથી, સર્વજ્ઞ સતે મૂઢની પેઠે તે રહે, કે વાયુની પેઠે અસક્ત રહી સર્વત્ર વિચરે.†

આત્મબોધ.

૬૨૬.

ભરતાદિ મહાત્માઓ આહારાદિનો ત્યાગ કરીને કદાપિ કાષ્ઠપાષાણની પેઠે રહ્યા નથી, સંગની ભીતિથી ઉદાસીન રહ્યા છે.‡

પંચદશી.

૬૨૭.

મને કર્મનો લેપ થતો નથી, કર્મફલની મને સ્પૃહા નથી, એમ જે મને સારી રીતે સમજે તે કર્મથી બંધાતો નથી.¶

ભગવદ્‌ગીતા.

---

* यावद्देहं यथाचारं दशास्वङ्ग विजानता ।
कर्मेन्द्रियैर्हि स्थातव्यं न तु बुद्धीन्द्रियैः क्वचित् ॥

योगवासिष्ठम्.

† उपाधिस्थोऽपि तद्धर्मैर्न लिप्तो व्योमवन्मुनिः ।
सर्वविन्मूढवत्तिष्ठेदसक्तो वायुवच्चरेत् ॥

आत्मबोधः.

‡ न ह्याहारादि संत्यज्य भरताद्याः स्थिताः क्वचित् ।
काष्ठपाषाणवत्किन्तु संगभीता उदासते ॥

पञ्चदशी.

¶ न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बद्धयते ॥

भगवद्गीता.

૬૨૮-૬૩૦.

પારાવારને જાણનારા જનો જગત્‌ના વ્યવહારને ત્યજતાએ નથી તેમ ઇચ્છતાએ નથી, સર્વને અનુવર્તે છે. સર્વસ્થ સતે હું અકર્તા છું એવી દૃઢભાવનાએ કરી પ્રવાહપતિત કાર્યને કરતો કોઇ રીતે લેપાતો નથી. ઉભો સતે તે ઉભો નથી, જતો સતે તે જતો નથી, શાન્ત સતે વ્યવહારસ્થ છે, કરતે સતે અકર્તા છે.*

યોગવાસિષ્ઠ.

૬૩૧.

શ્રેષ્ઠ જે આચરે છે તેનેજ ઇતરજનો અનુસરે છે, શ્રેષ્ઠ જે જે પ્રમાણ કરેછે તેનેજ લોક અનુવર્તે છે.†

ભગવદ્ગીતા.

૬૩૨.

જીવન્મુક્તોમી આવી જે વાસના તે વાસના નથી, એ તો શુદ્ધસત્વ એ નામનું સત્તાસામાન્ય છે.‡

યોગવાસિષ્ઠ.

---

* न त्यजन्ति न वाञ्छन्ति व्यवहारं जगद्गतम् ।
सर्वमेवानुवर्तन्ते पारावारविदो जनाः ॥
सर्वस्थोऽहमकर्तेति दृढभावनयानया ।
प्रवाहपतितं कार्यं कुर्वन्नपि न लिप्यते ॥
तिष्ठन्नपि हि नासीनो गच्छन्नपि न गच्छति ।
शान्तोऽपि व्यवहारस्थः कुर्वन्नपि न लिप्यते ॥

योगवासिष्ठम्.

† यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

भगवद्गीता.

‡ येयं तु जीवन्मुक्तानां वासना सा न वासना ।
शुद्धसत्त्वाभिधानं तत् सत्तासामान्यमुच्यते ॥

योगवासिष्ठम्.

૬૩૩–૬૩૪.

કર્મને વિષે આસક્ત એવા અવિદ્વાનો જે પ્રકારે કરેછે તેજ પ્રકારે, હે ભારત! વિદ્વાને અસક્ત રહી સર્વ કર્મ કરવાં; તેણે એ પ્રકારે લોકસંગ્રહ સાધવો. કર્મમાં આસક્ત એવા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભેદ ઉપજાવવો નહિ, વિદ્વાને યુક્ત રહી સારી રીતે આચરણ બતાવી સર્વ કર્મ ઉપર પ્રીતિ જણાવવી.*

ભગવદ્ગીતા.

૬૩૫–૬૩૬.

માટે એ પ્રકારે એને જાણી અદ્વૈતમાં સ્મૃતિને યોજવી; અદ્વૈતને સારી રીતે પ્રાપ્ત કરી, લોકવ્યવહાર જડવત્ ચલાવવો. સ્તુતિરહિત, નમસ્કારરહિત, સ્વધાકારરહિત, એવો કોઈ ચલ કે અચલ સ્થાન સેવતો યતિ તેણે કેવલ યદૃચ્છાને આધીન થઈ જવું.†

ગૌડપાદાચાર્ય.

૬૩૭.

કર્મફલનો આસંગ સજી, નિત્યતૃપ્ત, નિરાશ્રય, એવો તે કર્મને વિષે અત્યંત પ્રવૃત્ત સતે પણ કાંઈ કરતો નથી.‡

ભગવદ્ગીતા.

---

* सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसङ्ग्रहम् ॥
न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥

भगवद्गीता.

† तस्मादेवं विदित्वैनमद्वैते योजयेत् स्मृतिम् ।
अद्वैतं समनुप्राप्य जडवल्लोकमाचरेत् ॥
निस्तुतिर्निर्नमस्कारो निःस्वधाकार एव च ।
चलाचलनिकेतश्च यतिर्यादृच्छिको भवेत् ॥

गौडपादाचार्याः.

‡ त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित्करोति सः ॥

भगवद्गीता.

૨-વિદેહમુક્તિ.

૬૩૮-૬૪૦.

પંચદશ કલા સ્વપ્રતિષ્ઠાને પામી; દેવતામાત્ર પોતપોતાના પ્રતિદેવતામાં સમાયા; કર્મ, વિજ્ઞાનમય આત્મા, સર્વે પર અવ્યયને વિષે એક થાયછે. નદીઓ વહેતી વહેતી સમુદ્રને વિષે અસ્ત પામી નામરૂપ ત્યજે છે, એમજ નામરૂપથી વિમુકત વિદ્વાન્ પરાત્પર દિવ્ય પુરુષને પામે છે. જે આ પ્રકારે બ્રહ્મ જાણે છે તે બ્રહ્મ થાય છે, એના કુલમાં કોઈ અબ્રહ્મજ્ઞ થતું નથી. તે શોકને તરી જાય છે, પાપને તરી જાય છે, અને (હૃદય-)ગુહાગ્રન્થિમાત્ર ભેદાતાં અમૃત થાય છે.*

મુંડકોપનિષત્.

૬૪૧.

તીર્થમાં કે શ્વપચના ગૃહમાં, સ્મૃતિહીન થઇને પણ, દેહ ત્યજે છે તે શોકમાત્રથી વિમુકત હોઈ, જ્ઞાન થવાના કાલને વિષેજ મુકત થઈ રહેલો કૈવલ્યને પામે છે.†

વાર્તીક.

---

* गताः कलाः पञ्चदश प्रतिष्ठा
देवाश्च सर्वे प्रतिदेवतासु ।
कर्माणि विज्ञानमयश्च आत्मा
परेऽव्यये सर्व एकीभवन्ति ॥
यथा नद्यः स्यन्दमानाः समुद्रे-
ऽस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान्नामरूपाद्विमुक्तः
परात्परं पुरुषमुपैति दिव्यम् ॥
स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति नास्याब्रह्मवित्कुले भवति
तरति शोकं तरति पाप्मानं गुहाग्रन्थिभ्यो विमुक्तोऽमृतो भवति ॥

मुण्डकोपनिषत्.

† तीर्थे श्वपचगृहे वा नष्टस्मृतिरपि परित्यजन्देहम् ।
ज्ञानसमकालमुक्तः कैवल्यं याति हतशोकः ॥

वार्तिकम्.

૬૪૨-૬૪૩.

શાન્ત જલ હોય કે તરંગ હોય પણ સમુદ્રને તો જે જલ તે જલજ છે; એમજ જે બોધરૂપ મુક્ત તેમના સદેહ કે અદેહ હોવામાં શો ભેદ છે? તરંગમાં જે જલ હતું તેનું તેજ શાન્ત જલમાં પણ છે.*

યોગવાસિષ્ઠ.

૬૪૪.

હે અર્જુન! બ્રહ્મભુવન પર્યંતના લોક પુનરાવર્તન પામે છે; કૌન્તેય! મને પ્રાપ્ત કર્યા પછી પુનર્જન્મ નથી.†

ભગવદ્ગીતા.

૬૪૫.

જે અકામ, નિષ્કામ, આપ્તકામ, આત્મકામ, છે તેના પ્રાણ ઉત્ક્રમણ પામતા નથી, તે બ્રહ્મ હોઈ બ્રહ્મ થાય છે.‡

બૃહદારણ્યકોપનિષત્.

---

* सौम्याम्बुत्वे तरङ्गत्वे सलिलस्याम्बुता यथा ।
समैवाब्धौ तथादेहसदेहमुनिमुक्तता ॥
सदेहादेहमुक्तानां भेदः को बोधरूपिणाम् ।
यदेवाम्बु तरङ्गत्वे सौम्यत्वेऽपि तदेव तत् ॥

योगवासिष्ठम्.

† आ ब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥

भगवद्गीता.

‡ योऽकामो निष्काम आप्तकाम आत्मकामो ।
न तस्य प्राणा उत्क्रामन्ति ब्रह्मैव सन् ब्रह्माप्येति ॥

बृहदारण्यकोपनिषत्.

૬૪૬.

મારે માયા નથી, શેષની શય્યા નથી, ચક્ર નથી, દશાવતાર નથી, પ્રપંચનું પરિમાલન કરવાનું નથી, તથાપિ પણ સર્વના પ્રભુ એવા વિષ્ણુ હું છું.*

સ્વારાજ્યસિદ્ધિ.

૬૪૭–૬૫૧.

વિદેહમુક્તો ઉદય પામતા નથી, અસ્ત થતા નથી, કે શાન્ત પડતા નથી; સત્ કે અસત્ કે દૂરસ્થ નથી, હું નથી, અન્ય નથી. સૂર્ય થઈ પ્રતપે છે, વિષ્ણુ થઈ ત્રણે જગતનું રક્ષણ કરેછે, રુદ્ર થઈ સર્વનો સંહાર કરે છે, પદ્મ-યોનિ થઈ સર્ગને સર્જે છે; જે કાંઇ ભાસે છે, ભાસ્યું, કે ભાસશે, ત્રિકાલમાં જે કાંઈ દૃશ્ય છે, તે અને સર્વ એ છે. વિદેહમુક્તો ત્રૈલોક્ય થાય છે ત્યારે, હે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ! તે સર્ગમાંજ આવ્યા એમ મનાય; જો ત્રિભુવન હોય તો તે ભલે તે રૂપ થાય, એમનામાં ત્રૈલોક્ય શબ્દાર્થજ સંભવતો નથી.†

યોગવાસિષ્ઠ.

---

* अहं न मायी न च भोगिशायी
न चक्रधारी न दशावतारी ।
न मे प्रपञ्चः परिपालनीय-
स्तथापि विष्णुः प्रभविष्णुरस्मि ॥

स्वाराज्यसिद्धिः.

† विदेहमुक्तो नोदेति नास्तमेति न शाम्यति ।
न सन्नासन्न दूरस्थो न चाहं नापि चेतरः ॥
सूर्यो भूत्वा प्रतपति विष्णुः पाति जगत्त्रयम् ।
रुद्रः सर्वान्संहरति सर्गान्सृजति पद्मजः ॥
यत्किञ्चिदिदमाभाति भातं भानमुपैष्यति ।
कालत्रयगतं दृश्यं तदसौ सर्वमेव च ॥
विदेहमुक्तास्त्रैलोक्यं संपद्यन्ते यदा तदा ।
मन्ये ते सर्गतामेव गता वेद्यविदां वर ॥
विद्यते चेत्त्रिभुवनं तत्तत्तां सम्प्रयान्तु ते ।
यत्र त्रैलोक्यशब्दार्थो न सम्भवति कश्चन ॥

योगवासिष्ठम्.

૬૫૨.

સ્વરૂપના સહજાનંદમાં સદા વિહરતા, સ્વચ્છ લીલા ભોગવતા એવા યોગીઓની, નિ:સંગ, નિરર્ગલ, જગત્માત્રને કલ્યાણકારી, એવી દુર્લક્ષ્ય માર્ગ ઉપર જે બહુવિધ અને વિચિત્ર ગતિ તે, જલમાં મત્સ્યની ગતિની પેઠે, આકાશમાં પક્ષીની ગતિની પેઠે કે દિશાઓને વિષે વાયુની ગતિની પેઠે, અતિ ગૂઢ છે.*

સ્વારાજ્યસિદ્ધિ.

૬૫૩-૬૫૪.

જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ને અધર્મનું અભ્યુત્થાન થાય છે ત્યારે, સાધુના પરિત્રાણને અર્થે, દુષ્કૃત કરનારના વિનાશને અર્થે, ધર્મની સંસ્થાપનાને અર્થે, આત્માને હું સૃજું છું.†

ભગવદ્ગીતા.

---

* स्वानन्दे सहजे सदा विहरतां स्वच्छन्दलीलाजुषां
निस्सङ्गा च निरर्गला च जगतां कल्याणसन्दोहिनी ।
मत्स्यानां सलिलेऽम्बरे च वयसां वायोरिवाशामुखे
दुर्लक्ष्ये पथि योगिनां बहुविधा गूढा विचित्रा गतिः ॥

स्वाराज्यसिद्धिः.

† यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

भगवद्गीता.

૬.–ઉપસંહાર.

૬૫૫.

પ્રશ્ન, પરિહાર, સર્વે દ્વૈતભાષાથી કરો, અદ્વૈતભાષામાં તો પ્રશ્ન નથી ને ઉત્તરે નથી.*

પંચદશી.

૬૫૬.

નિરોધ નથી, ઉત્પત્તિ નથી, બદ્ધ નથી, સાધક નથી, મુમુક્ષુ નથી, મુકત નથી;–એજ પરમાર્થતા.†

ગૌડપાદાચાર્ય.

૬૫૭.

સર્વ સત્ત્વને સુખકર, હિતરૂપ, વિવાદરહિત, અવિરુદ્ધ, એવો આ અસ્પર્શયોગ જેણે કહ્યો તેને નમસ્કાર કરું છું.‡

ગૌડપાદાચાર્ય.

---

* चोद्यं वा परिहारो वा क्रियतां द्वैतभाषया ।
अद्वैतभाषया चोद्यं नास्ति नापि तदुत्तरम् ॥

पञ्चदशी.

† न निरोधो नचोत्पत्तिर्न बद्धो न च साधकः ।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥

गौड़पादाचार्याः.

‡ अस्पर्शयोगो वै नाम सर्वसत्त्वसुखो हितः ।
अविवादोऽविरुद्धश्च देशितस्तं नमाम्यहम् ॥

गौड़पादाचार्याः.

૬૫૮.

અહો આ શાસ્ત્ર! અહો ગુરુ! અહો ગુરુ! અહો જ્ઞાનં! અહો જ્ઞાન! અહો સુખ! અહો સુખ!*

પંચદશી.

---

* अहो शास्त्रमहो शास्त्रमहो गुरुरहो गुरुः ।
अहो ज्ञानमहो ज्ञानमहो सुखमहो सुखम् ॥

पञ्चदशी.



અનુપૂર્તિ–૧.

જેમાંથી ઉતારા લીધાછે તે ગ્રંથો.

अपरोक्षानुभूतिः	अप०	निर्वाणदशकम्	नि० द०
आत्मचिन्तनम्	आ० चिं०	नैष्कर्म्यसिद्धिः	नै० सि०
आत्मपुराणम्	आ० पु०	पञ्चतन्त्रम्	पंच०
आत्मबोधः	आ० बो०	पञ्चदशी	प०
आत्मषट्कम्	आ० ष०	परापूजा	प० पू०
आनन्दलहरिः	आ० ल०	प्रश्नोपनिषत्	प्र० उ०
ईशोपनिषत्	ई० उ०	प्रास्ताविकः	प्रा०
उत्तरगीता	उ० गी०	बृहदारण्यकोपनिषत्	बृ० उ०
उपदेशसाहस्री	उ० सा०	भगवद्गीता	भ० गी०
ऐतरेयोपनिषत्	ऐ० उ०	भागवतम्	भा०
कठोपनिषत्	क० उ०	भामिनीविलासः	भा० वि०
काशीपञ्चकम्	का० प०	मनीषापञ्चकम्	म० प०
केनोपनिषत्	के० उ०	मनुस्मृतिः	म०
गौडपादकारिका	गौ०	महाभारतम्	म० भा०
चर्पटपञ्जरिका	च० प०	महिम्नःस्तोत्रम्	महि०
छान्दोग्योपनिषत्	छा० उ०	माण्डुक्योपनिषत्	मा० उ०
जीवन्मुक्तिविवेकः	जी० वि०	मुण्डकोपनिषत्	मु० उ०
ज्ञानाङ्कुशम्	ज्ञा०	मेधातिथिः	मे०
तैत्तिरीयोपनिषत्	तै० उ०	योगवासिष्ठम्	यो० वा०
दृग्दृश्यविवेकः	दृ० वि०	योगसूत्रम्	यो० सू०

24

અનુપૂર્તિ—૨:

ઉતારાનો વર્ણાનુક્રમ કોશ.

અંકસંખ્યા સર્વત્ર ઉતારાના અંકની જાણવી.

ततोनजायतेकिञ्चि॰ आ॰ पु॰ ९–१२

અનુપૂર્તિ—૩.

(અદ્વૈતપરિભાષા.)

આ કર્તાનાં રચેલાં બીજાં પુસ્તકો.

અંગરેજી.

રાજયોગ—(ત્રીજી આવૃત્તિ; થાયછે) ... ૨ ० ०
મોનિઝમ ઓર અદ્વૈતિઝમ? ૨ ० ०
ઇમિટેશન ઓફ્ શંકર. ૩ ० ०
તર્કકૌમુદી—(મુંબાઈ કેળવણી ખાતાને હક છે).
યોગસૂત્ર—(પ્રથમાવૃત્તિ–૧૦૦૦—નો હક મુંબાઈ થીઓસોફીકલ પબ્લીકેશન ફંડમાં છે).
માંડુકયોપનિષત્— " " "
જીવન્મુકિતવિવેક–(થાયછે)" " "
સ્યાદ્વાદમંજરિ (થાયછે) (મુંબાઈ સરકારી કેળવણી ખાતાને હક છે.)
સમાધિશતક—(પ્રથમાવૃત્તિ–૫૦૦–નો હક રા. રા. ગિરધરલાલ હિરાભાઈ, અમદાવાદ, એમને છે).
સ્ટ્રેથોટ્સ (થાયછે) એમાં:—

હિન્દુઇઝમ, પુરાણ, જૈન અને બ્રાહ્મણ ધર્મ, શંકરનો અદ્વૈત, મૂર્તિ–સંસ્કાર–ગરુડપુરાણ–યાજ્ઞવલ્કયયોગસંહિતા–શ્રુતિસાર–સમુદ્ધરણ–ઇત્યાદિ, સજેશ્ચન્સ, પુનર્વિવાહ વિષે પત્રો, નેસેસીટી ઓફ સ્પીરીચ્યુઅલ કલ્ચર, થીઓસોફિસ્ટમાં આપેલા વિષય શંકરનો માયાવાદ, ઇત્યાદિ નિબંધ અને ભાષાન્તરોનો સંગ્રહ છે.

ગૂજરાતી.

શિક્ષાશતક ... ... નથી.
માલતીમાધવ (ભાષાન્તર). નથી.
ઉત્તરરામચરિત (") ... નથી.
કાન્તા (નાટક) ૦-૮-૦
પૂર્વદર્શન (ઇતિહાસ) ... નથી.
નારીપ્રતિષ્ઠા (નિબંધ) ... નથી.
પ્રેમજીવન (કાવ્ય) ... નથી.
સિદ્ધાન્તસાર (તત્ત્વવિચાર). ૩-૦-૦
પ્રાણવિનિમય (મેસ્મેરિઝમ). ૩-૦-૦
સંક્ષિપ્તસુવાકય (ભાષાન્તર) (હક દેસાઈજી હરિદાસ ભાઈના કુટુંબને છે.)
સુદર્શન (માસિક) વર્ષના ... ૨-૦-૦
બાલવિલાસ (નિબંધ) ... ૧-૦-૦
પરમાર્ગદર્શન (નિબંધ) ... મફત.
ચારિત્ર (નિબંધ) ... ૧-૦-૦
આત્મનિમજ્જન (કાવ્ય-સંગ્રહ) ૧-૦-૦
અભેદોર્મિ (") ... મફત.
ભગવદ્ગીતા (ટીકા સાથે). ૫-૦-૦
કાવ્યમયૂખ (સાહિત્ય) ... થાયછે.
ગુલાબસિંહ (વાર્તા) ... છપાયછે.
ગૂજરાતના બ્રાહ્મણો (નિબંધ) ... ... મફત.
અવલોકન (નિબંધ) રા. વિશ્વનાથ પ્રભુરામ, મુંબઈ, એમની પાસે ... ...
ન્યાય (વ્યાપ્તિખંડ) ... થાયછે.

નીચેના ગ્રંથો શ્રીમંત સરકાર મહારાજા ગાયકવાડ એમના તરફથી કરેલા છે ને તેમનો હક તેમના કેળવણી ખાતાને છે.

(સંસ્કૃતમાંથી ભાષાન્તરો.)

દ્વયાશ્રય; ભોજપ્રબંધ; ચતુર્વિંશતિપ્રબંધ; વિક્રમચરિત; સમાધિશતક; અનુભવપ્રદીપિકા; શ્રુતિસારસમુદ્ધરણ; બુદ્ધિસાગર; તર્કપરિભાષા; ગોરક્ષશતક; ષટ્દર્શનસમુચ્ચય; સારસંગ્રહ-ભા૦ ૧; સારસંગ્રહ-ભા૦ ૨; પાટણભંડારનીફેરિસ્ત; વસ્તુપાલચરિત; કુમારપાલચરિત; સમરાદિત્યચરિત (અપૂર્ણ); **યોગબિન્દુ, અનેકાન્તવાદપ્રવેશ.**

(પ્રાચીન ગૂજરાતી.)

પંચોપાખ્યાન ભાષાન્તર.

(મૂલ સંસ્કૃતમાત્ર શોધેલું.)

તર્કપરિભાષા; અલંકારચૂડામણિ (અપૂર્ણ); **જ્યોતિષ્કરંડ** (અપૂર્ણ); **વૃત્તરત્નાકરવૃત્તિ; રુદ્રકૃતશૃંગારતિલક** (અપૂર્ણ); **રસમંજરીટીકા; છંદાનુશાસન** (અપૂર્ણ) **નૈષધટીકા** (અપૂર્ણ); **ષડ્દર્શનસમુચ્ચય; સ્યાદ્વાદરત્નાકરાવતારિકા** (અપૂર્ણ); **અનેકાન્તવાદપ્રવેશ; આભાનંદકાવ્ય** (અપૂર્ણ).

(અંગરેજીઉપરથી.)

(જ્ઞાનમંજૂષા.)

ચેતનશાસ્ત્ર; સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ (થાય છે).

(કાયદા કમીટી.)

વિવાદતાંડવ (મૂલ અને ભાષાન્તર થાય છે.)

નીચેના ગ્રંથો શ્રીમહારાજાધિરાજશ્રી કચ્છાધીશ મહારાઓ સાહેબ તરફથી રચેલા; હક તેમના તરફ છે.

(અંગરેજીઉપરથી.)

વાક્પાટવ; શિક્ષણ અને સ્વશિક્ષણ.

નીચેનો ગ્રંથ અમદાવાદ વર્નાક્યુલર સોસાઈટી માટે થાય છે.

ન્યાય (પરામર્શખંડ.)

ઈડરના શ્રીમન્મહારાજા સાહેબ તરફથી થાયછે.

હનુમન્નાટક (ભાષાન્તર.)